# આત્મ વિજ્ઞાન

## ભાગ—પહેલો

લેખક અને પ્રકાશક


ખુબચંદ કેશવલાલ પારેખ

વાવ (બનાસકાંઠા—ઉ. ગુ.)

# આત્મ વિજ્ઞાન

## ભાગ-પહેલો

લેખક અને પ્રકાશક



પારેખ ખુબચંદ કેશવલાલ-વાવ

દ્વિતિયાવૃત્તિ    પ્રત : ૧૦૦૦    વિ.સં. ૨૦૩૬

: દ્રવ્ય સહાયક :

તરફથી ભેટ

ભેટ મંગાવનારે પચીસ નવા પૈસા,
પોસ્ટ ખરચના મોકલવા.

---

મુદ્રક : જયંતિલાલ મણિલાલ શાહ
ધી નવપ્રભાત પ્રિ. પ્રેસ, ઘીકાંટા રોડ-અમદાવાદ

## આ પુસ્તકના પ્રકાશન કાર્યમાં સહાનુભૂતિ દર્શિત અગાઉથી ગ્રાહક થયેલ સદ્દગૃહસ્થોની

# શુભ નામાવલી

| | નામ | ગામ | નકલો |
|---|---|---|---|
| ૧ | પૂજ્ય મુનીરાજશ્રી ચરણપ્રભ વિ.મ.ની પ્રેરણાથી ભવાનીપુર જૈન. શ્વે. મૂ. સંઘ હા. શેઠ મણીલાલ વનમાલીદાસ.... | કલકત્તા | ૫૦૦ |
| ૨ | પૂજ્ય આચાર્યદેવ શ્રી રાજેન્દ્રસૂરીજી મ. સા. ( ડહેલાવાળા )ની પ્રેરણાથી જૈ. શ્વે. મૂ. સંઘ | ઉંઝા | ૧૭૫ |
| ૩ | મહેતા ચીમનલાલ આતમચંદ........ | વાવ | ૧૫૦ |
| ૪ | સાધ્વીજી મહારાજશ્રી સુલોચનાશ્રીજીની પ્રેરણાથી જૈનઉપાશ્રયની શ્રાવિકા બેનો | સમી | ૫૦ |
| ૫ | ઉપરોક્ત સાધ્વીજી મહારાજ શ્રીજી-ની જ પ્રેરણાથી જૈન સોસાયટીની શ્રાવિકા બહેનો | અમદાવાદ | ૫૦ |
| ૬ | શેઠશ્રી ખીમજી ગંગર........... | મુંબઈ | ૫૦ |
| ૭ | શ્રી પ્રવિણભાઈ. જે. શાહ તથા શ્રી રસીકલાલ રતીલાલ શાહ | મુંબઈ | ૨૫ |

## પરમપૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય
# ૐકાર સૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં

વાવ (બનાસકાંઠા) નગરેથી શ્રી શંખેશ્વરજી મહાતીર્થના છ'રી પાળતા સંઘનો **ચિરસ્મરણીય શાસનપ્રભાવક પ્રસંગ.**

વાવ (બનાસકાંઠા) નિવાસી મહેતા ચીમનલાલ ઓતમચંદે અમુક વરસ પહેલાં, આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય શાંતિચંદ્ર સૂરીશ્વરજી મહારાજ સાહેબના સદુપદેશથી પ્રેરાઈ વાવથી શંખેશ્વરજી મહાતીર્થ સુધીનો છ'રી પાળતો સંઘ કાઢવાની ભાવના ભાવેલ, અને પૂ. આ. મ. સા. શાંતિચંદ્ર સૂરીશ્વરજીના સ્વર્ગવાસ બાદ, પૂ. પં. શ્રી રાજેન્દ્ર વિજયજી મહારાજે આ ભાવનાને જલ્દી અમલી બનાવવા અભિગ્રહ આપેલ, જેથી શ્રી ચીમનલાલભાઈ મહેતા અને તેમનાં ધર્મપત્ની વિજયાબેનનું દિલ, આ કાર્યને જલ્દી પૂર્ણ કરવા ઉત્સુક બન્યું.

તેમના સુપુત્રો શ્રી કીર્તિલાલભાઈ, ચંદુલાલભાઈ, નટવરલાલભાઈ, તથા પ્રવિણચંદ્રભાઈ પણ પોતાના માતાપિતાની આ અભિલાષાને જલ્દી અને સારાપાયા ઉપર પાર પાડવા ઉત્કંઠિત બન્યા.

આ મહાન પ્રસંગના આયોજન તથા વ્યવસ્થા વિગેરેની જવાબદારી સોંપવા માટે વાવના શ્રી જૈ. શ્વે. મૂ. સંઘને એકત્ર કરી, તેમની આ ઈચ્છા સમગ્ર સંઘ સમક્ષ તેઓએ પ્રદર્શિત કરવા પૂર્વક સંઘની દરેક વ્યક્તિને આ કામ સંભાળી લેવા વિનંતી કરી. શ્રી અજીતનાથ ભગવાનના જયનાદપૂર્વક વાવસંઘે તેમનું આ કાર્ય, સહર્ષ સ્વીકારી લીધું.

વાવ સંઘના અગ્રગણ્ય સદ્‌ગૃહસ્થોને સાથે લઈ શ્રી કીર્તિલાલભાઈ, વડગામ (બનાસકાંઠા) મુકામે આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય

ૐકાર સૂરીજી મહારાજ સાહેબ પાસે તીર્થયાત્રા સંઘ પ્રયાણનું શુભ મુહૂર્ત કઢાવવા ગયા. અને શ્રી આચાર્ય ભગવંત આદિને તથા સાધ્વી મહારાજાઓને સંઘમાં પધારવા વિનંતી કરી. પૂજ્યશ્રીએ તે વિનંતીનો સ્વીકાર કરી સંઘ પ્રયાણનું મુહૂર્ત સં. ૨૦૩૬ ના મહા વદી પાંચમ, બુધવાર, તા. ૬–૨–૮૦ નું આપ્યું.

ત્યારબાદ વાવ સંઘના અગ્રેસરો તથા નવયુવકોના સંપૂર્ણ સહકારથી, તીર્થયાત્રાના સંઘ પ્રયાણની સર્વ તૈયારીઓ ઉલ્લાસભેર થવા લાગી. પૂજ્ય આચાર્ય ભગવંત, મુનિશ્રી જયાનંદ વિજયજી, મુ. શ્રી યશોવિજયજી–મુ. શ્રી મહાયશ વિજયજી, મુ. શ્રી–સુમતિભૂષણ વિ. મહારાજ મહાસુદ ૧૩ ની સવારે વાવ પધાર્યા. ઈલેકટ્રીક, તંબુ, હાથી, બેન્ડ, નગારખાનું, ગવૈયા, પુરવઠો વિગેરે વિવિધ કાર્યો માટેની કાર્યવાહક કમિટિઓ તથા તમામ વ્યવસ્થાનું સુંદર આયોજન નક્કી થયું.

મહાવદી–પાંચમની મંગલમય પ્રભાતે પૂજ્ય આચાર્ય ભગવંતના મુખેથી મંગલીક સાંભળી તેઓશ્રીના શુભાશિર્વાદ પૂર્વક, પાંચસો યાત્રિકો સાથે સંઘ પ્રયાણ થયું ત્યારે વાવ સંઘના અગ્રગણ્ય *કાર્યવાહક વયોવૃદ્ધ શ્રેષ્ઠીવર્ય શેઠ શ્રી કાળીદાસભાઈ કકલચંદે* સંઘવીશ્રીને તથા તેમનાં ધર્મપત્નીને બહુમાન પૂર્વક હારતોરા પહેરાવી ભાવભીની વિદાયગીરી આપી હતી. વિવિધ વાજીંત્રોના સુમધુર ધ્વનીથી, યાચકોની બિરૂદાવલિઓથી, અને શ્રી અજીતનાથ ભગવાનના–શ્રી ગોડીપાર્શ્વનાથ ભગવાનના–શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના–જૈનશાસનના–જૈનશાસનદેવોના અને શ્રી આચાર્યભગવંતના જયનાદોના બુલંદ અવાજોથી વાતાવરણ ખૂબ જ હર્ષિત બની રહ્યું હતું. વાવનગર માટે આવા ઉલ્લાસભર સંઘપ્રયાણનો પ્રસંગ પહેલવહેલો જ હોઈ, વિશાળ સંખ્યાપ્રમાણ જૈન અને જૈનેતરો, સંઘવીને ભાવભીની વિદાયગીરી આપી રહ્યા હતા. કુશળક્ષેમે જજો, શાસનશોભા

વધારજો, વિગેરે શુભાશિર્વાદો આપવા પૂર્વક લોકો, આવા સત-કાર્યની ભૂરી ભૂરી અનુમોદના કરી રહ્યા હતા.

ગામેગામ સંઘ પહોંચતાં તે તે ગામના સંઘ તરફથી કરાતા સામૈયાપૂર્વક દરેક સ્થળે સંઘનો ગામ પ્રવેશ બહુ જ ઠાઠથી થતો હતો. સામૈયામાં જૈનેતરો પણ વિશાળ સંખ્યામાં હાજર રહી, જૈનોની તપશ્ચર્યા–ત્યાગ–ભક્તિ અને ઉદારતાની ખૂબ જ અનુમોદના કરતા હતા.

દરેક સ્થળે સંઘનો પડાવ, ગામની બહાર વિશાળ મેદાનમાં ઉભા કરાતા તંબુઓમાં રહેતો હતો. જેથી જાણે એક નગર ખડું થયું હોય, તેવો દેખાવ રહેતો. અને તે દેખાવ, રાત્રીના ટાઈમે ઈલે-ક્ટ્રીક લાઈટોથી ઝગહળી ઉઠતો હતો.

શ્રી આદિશ્વર ભગવાનની આકર્ષક મૂર્તિવાળું જિનમંદિર પણ સંઘમાં સાથે જ હોઈ, હંમેશાં સ્નાત્રપૂજા બહુ જ ઠાઠથી યાત્રિકો ભણાવતા હતા. રાત્રે ભાવનામાં પણ ગવૈયાઓ ભક્તિરસની ખૂબ જ જમાવટ કરાવતા હતા. આરતી મંગળ દીવાની ઉછામણીનું ઘી, દરરોજ, સો, સો, મણ જેટલું થતું. બપોરે પૂજ્ય આચાર્ય ભગ-વંતનું, સંઘયાત્રિકોનું કર્તવ્ય–છ'હરી પાળતા સંઘની મહત્તા વિગેરે વિવિધ વિષયો ઉપર મનનીય પ્રવચન થતું હતું. પૂજ્ય આચાર્ય ભગવંતના માર્ગદર્શન પૂર્વક દિન ભર થતી પ્રતિક્રમણ–પૂજા–ભાવનાદિ આરાધનાના વિવિધ કાર્યક્રમનું આયોજન એટલું બધું સુંદર હતું કે યાત્રિકો તેમાં લયલીન બની રહી ભૂખ અને થાકને તો ભૂલી જ જતા હતા. નાનાં નાનાં બાળક–બાળીકાઓ પણ ચાલવામાં, વ્રત કરવામાં, ભોંય સંથારામાં જરા પણ ગ્લાનિ નહિં અનુભવતાં હર્ષ-વિભોર બની રહેતાં.

વાવથી શંખેશ્વર મહાતીર્થ સુધી, વચ્ચેનાં દશ ગામોમાં સ્થિરતા કરવા પૂર્વક તે તે ગામોના જિનમંદિરોની યાત્રા કરી, મહાવદી ૦)) શનીવાર તા. ૧૭–૨–૮૦ ના રોજ, નિર્વિઘ્ને શાસનદેવની સહાયથી સંઘ શ્રી શંખેશ્વર પહોંચ્યો હતો. દરેક સ્થાને યાત્રિકસમૂહ તરફથી તથા સંઘવી તરફથી તે તે સ્થાનના ઉપયોગી શુભ ખાતામાં વિવિધ રકમની મદદ અપાઈ હતી. તથા અમુક અમુક સદ્‌ગૃહસ્થોએ સંઘ જમણ અને સંઘપૂજાનો લાભ લીધો હતો. જેની વિસ્તૃત હકીકત નીચે મુજબ જાણવી.

મહાવદી ચોથની સાંજે સંઘવી તરફથી વાવ–જૈ. શ્વે. મૂ. સંઘને સાહામ્મી વાત્સલ્ય જમણ અપાયું હતું. અને મહાવદી પાંચમની સવારે તીર્થયાત્રા સંઘના પ્રયાણ સમયે સંઘવી તરફથી ૭ હજારને એક, વાવ આયંબિલશાળાને ભેટ અપાયા હતા. સંઘવી તરફથી પાંચ વરસ પહેલાં પણ આયંબિલશાળાના નવામકાનના બાંધકામમાં રૂપીયા એકવીશ હજાર અપાયા હતા. હાલે પણ રસોડા માટેના ખર્ચ અંગે જરૂરીયાત હોઈ, સંઘવીએ આ પ્રસંગને ઉચિત ૭ હજારને એક રૂપીયા આપ્યા હતા.

તા. ૬–૨–૮૦ મહાવદી પાંચમની સવારે વાવથી પ્રયાણ કરી સંઘ સવારે નવ વાગે માડકા મુકામે પહોંચ્યો હતો. ત્યાં માડકા જૈનસંઘ તરફથી સવારે, અને મહેતા મગનલાલ પીતાંબરદાસ (સંઘવીના કુટુંબીભાઈ–વાવ નિવાસી) તરફથી સાંજે, માડકા સંઘસહિત યાત્રિક સંઘનું સાહમ્મિ વાત્સલ્ય જમણ થયું હતું. વાવનિવાસી શાહ શાંતિલાલ પરખચંદ તરફથી સંઘપૂજા થયેલ. તથા સંઘવી તરફથી રૂપીયા એક હજારને એક, અને યાત્રિક સંઘ સમૂહ તરફથી પણ રૂપીયા પાંચસોને એક, માડકા જૈનસંઘના સાધારણ ખાતામાં અપાયા હતા.

તા. ૭–૨–૮૦ મહાવદી છઠ્ઠની સવારે સંઘ, માડકાથી રવાના

થઈ, પાંચ કીલોમીટર દૂર તીથગામ મુકામે શ્રી જિનેશ્વર ભગવાનનાં દર્શન કરવા રોકાયેલ, ત્યાં તીથગામ જૈનસંઘે સંઘપૂજન કરેલ. અને સંઘવી તરફથી રૂપીયા પાંચસોને એક તથા યાત્રિક સંઘ તરફથી પણ રૂપીયા પાંચસોને એક, તીથગામ જૈનસંઘના સાધારણ ખાતામાં આપ્યા હતા. ત્યાં એક કલાક રોકાઈ, નવ વાગે સંઘ, વાસરડા ગામે પહોંચ્યો હતો. ત્યાં વાસરડા નિવાસી સંઘવી સરૂપચંદ મગનલાલ તરફથી સવારે અને ભોરલ–રામપુરાવાળા કોરડીયા ખેમચંદ ઓતમચંદ તરફથી સાંજે, વાસરડા સંઘ સહિત યાત્રિક સંઘનું સાહામ્મિ વાત્સલ્ય જમણ થયું હતું. વાવનિવાસી શાહ પરસોતમ નથુભાઈ તરફથી સંઘપૂજન થયેલ. સંઘવી તરફથી રૂપીયા પાંચસોને એક તથા યાત્રિક સંઘ સમૂહ તરફથી પણ રૂપીયા પાંચસોને એક, વાસરડા જૈનસંઘના સાધારણ ખાતામાં, અને રૂપીયા ૬૨ાા સંઘવી તરફથી તથા રૂપીયા ૬૨ાા યાત્રિક સંઘ સમૂહ તરફથી જીવડાંને દાણા ખાતે અપાયા હતા.

તા. ૮–૨–૮૦ મહાવદી સાતમની સવારે યાત્રિકસંઘ એટા–રામપુરા પહોંચેલ. ત્યાં એટા–રામપુરા સંઘ તરફથી સવારે અને અસારાનિવાસી વોરા ટીલચંદ જસરાજ તરફથી સાંજે, સ્થાનિક સંઘસહિત યાત્રિકસંઘને સાહામ્મિવાત્સલ્ય જમણ અપાયું હતું. અહિં વાવનિવાસી વોરા કેશવલાલ ઉગરચંદ, દોસી મફતલાલ કાળીદાસ પાનાચંદ, ઢીમાનિવાસી સંઘવી ભૂદરદાસ ભૂખણદાસ, અસારાનિવાસી વોરા ટીલચંદ જસરાજ, તથા વોરા રૂપસી સરૂપચંદ, એમ પાંચ સદ્‌ગૃહસ્થો તરફથી સંઘપૂજન થયાં હતાં. રૂપીયા બસોને એકાવન સંઘવી તરફથી તથા રૂપીયા બસોને એકાવન, યાત્રિકસંઘસમૂહ તરફથી અહિંની ગામ વસ્તીને જીવડાંના દાણા ખાતે આપ્યા હતાં. ગામવાસી જૈનેતરોએ સંઘવીશ્રીનું ઉચિત સન્માન કર્યું હતું. સંઘવી તરફથી જૈન–જૈનેતર તમામને ઘર દીઠ શેર શેર લાડુની લ્હાણી કરાઈ હતી.

તા. ૯-૨-૮૦ મહાવદી આઠમની સવારે યાત્રિક સંઘ, ભાભેર પહોંચેલ. ત્યાં ભાભર સંઘ તરફથી સવારે યાત્રિક સંઘને અને સંઘવી તરફથી સાંજે ભાભર સ્થાનિક સંઘ સહિત યાત્રિક સંઘને સાહામ્મી વાત્સલ્ય જમણ અપાયું હતું. ભાભર નિવાસી જીવતલાલ અમૃતલાલ તરફથી સંઘ પૂજન કરેલ. અહિં સંઘવી તરફથી ભાભર પાઠશાળાને રૂપિયા ૨૫૧, ભાભર સાધારણ ખાતામાં રૂપિયા ૫૦૧, ભાભર પાંજરાપોળ ખાતે રૂપીયા ૨૫૧, ભાભર બોર્ડિંગમાં રૂપિયા ૨૫૧, અપાયા હતા તથા યાત્રિક સંઘ સમૂહ તરફથી સાધારણ ખાતે રૂપિયા ૨૫૧, અને બોડીંગ ખાતે રૂપીયા ૨૫૧, અપાયા હતા.

ભાભરથી પ્રયાણ કરી સંઘ, મહાવદી-૯ તા. ૧૦-૨-૮૦ ની સવારે, ગોસણ ગામે પહોંચ્યો. ત્યાં મહેતા મણીલાલ ઓતમચંદ (સંઘવીના સ્વ. જયેષ્ઠ બંધુ) તરફથી સવારે, અને મહેતા અંબાવીદાસ ઓતમચંદ (તે પણ સંઘવીના સ્વ. જયેષ્ઠ બંધુ) તરફથી સાંજે, યાત્રિક સંઘને સાહામ્મિવાત્સલ્ય જમણ અપાયું હતું. દીમાવાળા સંઘવી ચીમનલાલ અંબાવીદાસ તરફથી સંઘ પૂજા થયેલ. અહિં જૈનોની વસ્તી નહિં હોવા છતાં ગામના સરપંચે સંઘના પડાવ માટે પોતાનું ખેતર ખુલ્લું મૂકી પાણી સહિત સગવડ, ખૂબ જ ઉલ્લાસ-પૂર્વક સંઘને આપી હતી. અહિં મહેતા શાંતીલાલ ચુનીલાલ-વાવવાળા તરફથી અને સંઘવી હરખચંદ કુંવરજીભાઈ ભોરલવાળા તરફથી પણ સંઘ પૂજન થયેલ.

મહાવદી-૧૦ તા. ૧૧-૨-૮૦ ની સવારે સંઘ, બંધવડ ગામે *પહોંચેલ. અહીં દોસી ચીમનલાલ કકલચંદ માડકાવાળા તરફથી સવારે,* અને સંઘવી તરફથી સાંજે સાહમ્મિવાત્સલ્ય જમણ થયું હતું. અહિં જીવડાંને દાણાખાતે રૂપીયા એકસોનેએક, તથા છાત્રાલય ખાતે રૂપીયા બસોને એક મળી કુલ રૂપીયા ત્રણસોને બે, અને એજ રીતે રૂપીયા ૩૦૨, યાત્રિક સંઘ સમૂહ તરફથી મદદમાં અપાયા હતા.

મહાવદી–૧૧ તા. ૧૨–૨–૮૦ ની સવારે સંઘ રાધનપુર પહોંચેલ. વિશાળ પચીસ જિનમંદિરોથી સુશોભિત આ શહેરના શ્રી જૈનસંઘે ભાવભીનું સ્વાગત કર્યું હતું. અહિં મહેતા લક્ષ્મીચંદ કાળીદાસ તરફથી સવારે અને સંઘવી તરફથી સાંજે, યાત્રિક સંઘને સાહામ્મિ-વાત્સલ્ય જમણ અપાયું હતું. અહિં રાધનપુર સંઘ તરફથી, મહેતા લક્ષ્મીચંદ કાળીદાસ તરફથી, દોશી ચીમનલાલ કકલચંદ માડકાવાળા તરફથી સંઘ પૂજન થયેલ અને બપોરે વ્યાખ્યાન સમયે વડેચા કુટુંબ તરફથી પૂ. આચાર્ય ભગવંત તથા સાધ્વીજી મહારાજ સાહેબને કામળી વહોરાવ્યા બાદ સંઘવી તથા સંઘવીનાં ધર્મપત્નીને પણ હાર-તોરા પહેરાવ્યા પૂર્વક ગરમ શાલની પહેરામણી કરાઈ હતી. અને સંઘ પૂજન પણ થયું હતું.

અહિં સંઘવી તરફથી રૂા. ૨૦૧, રાધનપુર પાંજરાપોળને, રૂા. ૨૦૧, શ્રી ભદ્રસૂરી જૈન સંસ્કૃત પાઠશાળા, રૂા. ૨૦૧, રાધનપુર જૈન પાઠશાળા, રૂા. ૨૦૧, વિજયગચ્છપેઢી અને રૂા. ૨૦૧, સાગરગચ્છ પેઢી ખાતે અપાયા હતા. યાત્રિક સંઘ સમૂહ તરફથી પણ એ રીતે જ રકમ, ઉપરોક્ત પાંચે સંસ્થાઓ ખાતે અપાઈ હતી. વધુમાં સંઘવી તરફથી રૂપિયા ૩૦૧, કે. બી. વકીલ હાઈસ્કુલને અપાયા હતા.

મહા વદી ૧૨ તા. ૧૩–૨–૮૦ ની સવારે સંઘ બાસપાગામે પહોંચેલ. ત્યાં દોસી નાગરલાલ માણેકચંદ હા. ચીમનલાલ નાગરદાસ પરિવાર માડકાવાળા તરફથી સવારે અને સંઘવી તરફથી સાંજે યાત્રિક સંઘને જમણ અપાયું હતું. અહિં વોરા ચુનીલાલ મુળચંદ–ગોલગામ વાળા તરફથી તથા પારેખ ઈશ્વરલાલ ત્રીભોવનદાસ વાવવાળા તરફથી અને દોસી રીખવચંદ ત્રીભોવનદાસ વાવવાળા તરફથી સંઘ પૂજન થયેલ. સંઘવી તરફથી રૂપીયા ૧૦૧] ગાંધી આશ્રમ વિદ્યાર્થી ફંડને તથા રૂપીયા ૫૧] શંકર બ્રાહ્મણ કુટુંબને અપાયા હતા. અને એ રીતે બન્ને સ્થાને યાત્રિક સંઘ સમૂહ તરફથી પણ રકમ અપાઈ હતી.

અહિંયાં સમીથી અગર રાધનપુરથી વિહાર કરીને પધારતાં સાધુ-સાધ્વી મહારાજાઓને ઉતરવા માટે એક ઉપાશ્રય છે. અહિં જૈનોની વસ્તી બિલકુલ નથી. જેથી ઉપરોક્ત બ્રાહ્મણ કુટુંબ જ આવનાર સાધુ-સાધ્વી મહારાજાઓની ખબર-વૈયાવચ્ચ રાખતા હોઈ, તે વૈયાવચ્ચ ખાતે રૂા. ૫૧) સંઘવી તરફથી અને રૂા. ૫૧) યાત્રિક સંઘ તરફથી અપાયા હતા.

બાસપાથી તા. ૧૪-૨-૮૦ મહા વદી ૧૩ ની સવારે નીકળી, સંઘ, સમી ગામે પહોંચ્યો હતો. અહિં સંઘનો પડાવ, શેઠ શ્રી આદમભાઈના જીનમાં રહ્યો હતો. શેઠ શ્રી આદમભાઈ પોતે મુસલમાન હોવા છતાં ખૂબ જ ભક્તિ અને આદરપૂર્વક પોતાના જીનમાં સંઘના પડાવ માટે આમંત્રણ આપી, પાણી-મકાન વિગેરેની ખૂબ જ અનુકુળતા કરી આપી હતી. અહિં સંઘવીના કાકા, મહેતા ભોગીલાલ મેયાચંદ તરફથી સવારે અને સંઘવી તરફથી સાંજે, યાત્રિક સંઘને જમણ અપાયું હતું. સંઘવી તરફથી રૂા. ૨૫૧) સમી પાંજરાપોળ ખાતે અને રૂપીયા ૧૨૫, સમી દેરાસરમાં કેસર સુખડ ખાતે આપ્યા હતા. અને તે મુજબ જ રૂપીયા, પાંજરાપોળ અને કેસર સુખડ ખાતે યાત્રિક સંઘ સમૂહ તરફથી પણ આપ્યા હતા.

મહા વદી ૧૪ તા. ૧૫-૨-૮૦ ના રોજ સંઘનું મુકામ, મોટી ચંદુર ગામે ત્યાંની હાઈસ્કૂલમાં રહ્યું હતું. અહિં જૈનોનાં એકાદ બે ઘર હશે. ખાસ પરિચય થયો ન હતો. પરંતુ દેરાસરમાં બિરાજેલ ભગવાન શ્રી ચંદ્રપ્રભુજીની આલ્હાદક પ્રતિમા તે સાક્ષાત્ જાણે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાને જ હુબહુ મળતી આવતી હોઈ, દર્શન કરી સંઘે ખૂબ જ આનંદ અનુભવ્યો હતો. આ ગામ સાધુ-સાધ્વીજી મહારાજાઓને વિહારનું હોઈ આચાર્યદેવ શ્રી ૐકારસૂરીજી મહારાજ સાહેબના સદુપદેશથી પ્રાપ્ત દ્રવ્યસહાયથી

એક નાનકડો સુંદર ઉપાશ્રય બંધાય છે. અહિં મહેતા લક્ષ્મીચંદ પીતાંબરદાસ ( સંઘવીના કુટુંબી કાકા ) તરફથી સવારે અને સંઘવી તરફથી સાંજે, યાત્રિકને જમણ અપાયું હતું. વળી સંઘવી તરફથી, ઉપવાસથી પ્રારંભી બેઆસણા સુધીના તમામ તપસ્વીઓને સ્ટીલના ગ્લાસની લ્હાણી અપાઈ હતી. તદુપરાંત સંઘવી તરફથી રૂપીયા ૫૦૧) ઉપાશ્રય ખાતે, રૂા. ૧૨૫) સમરતબાઈ હાઈસ્કુલ ખાતે અપાયા હતા. અને તે મુજબ જ રકમ, બન્ને ખાતામાં યાત્રિક સંઘસમૂહ તરફથી પણ અપાઈ હતી.

મહેતા તારાચંદ રતનસીભાઈ–ગરાંબડીવાળા તરફથી સંઘ-પૂજન થયેલ.

તા, ૧૬–૨–૮૦ મહા વદી ૦)) ની વહેલી સવારે યાત્રિક સંઘ, શંખેશ્વર પહોંચી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથદાદાને ખૂબ જ ઉમળકાભેર ભેટી આનંદવિભોર બની રહ્યો હતો. દાદાના દર્શનની ઉત્કંઠાપૂર્વકની દશ દિવસની મુસાફરીના અંતે ઈચ્છિત ભાવનાસિદ્ધિનો આજે અપૂર્વ આનંદ હતો. આ દિવસે સૂર્યગ્રહણ હોઈ પેઢી તરફથી પૂજા સેવાના કાર્યક્રમને પૂર્ણ કરવાનો સમય, બપોરના એક વાગ્યા સુધીનો જ હોઈ, યાત્રિકો હોંસે હોંસે પૂજાસેવાના કાર્યમાં જ લાગી ગયા હતા. અહિંની સ્થિરતા દરમ્યાન યાત્રિક સંઘનું સાંહમ્મિવાત્સલ્ય જમણ, અન્ય કોઈ તરફથી નહિં સ્વીકારતાં સંઘવીના પોતાના તરફથી જ રખાયું હતું. ફાગણ સુદિ ૧ તા. ૧૭–૨–૮૦ ની સવારે પૂ. આચાર્ય ભગવંત શ્રી ૐકારસૂરીશ્વરજી મહારાજ સાહેબે, માળા પરિધાનની વિધિ કરાવ્યા બાદ માળની ઉછામણી બોલી સંઘવીશ્રીજીને તેઓના સુપુત્રોએ અને તેમનાં ધર્મપત્ની વિજયાબેનને વિજયાબેનના ભાઈ કોરડીયા મફતલાલ ખેમચંદે માળા પહેરાવી હતી. આ પ્રસંગે પૂ. પં. શ્રી અભયસાગરજી મહારાજ સાહેબ પણ પધાર્યા હતા. ઘણા ભાઈઓએ વિવિધ નિયમો અંગીકાર કર્યા હતા.

અહિં સંઘવી તરફથી દાદાને આંગી રચાઈ હતી. અને રૂ. ૨૦૦૧) ભાતી ખાતે, રૂ. ૧૦૦૧) સાધારણ ખાતે, રૂ. ૭૦૨) ભોજનશાળા ખાતે–રૂ. ૧૦૦૧) ભીલડીયાજી મુકામે આચાર્ય દેવ શ્રી ભદ્રસૂરીશ્વરજી ચેરીટેબલ ટ્રસ્ટ ખાતે સંઘવી તરફથી અપાયા હતા. કારખાનાના સ્ટાફને ઉચિત બક્ષીસ આપી હતી. યાત્રિક સંઘસમૂહ તરફથી ૫૦૧) ભોજન શાળા ખાતે, રૂ. ૨૨૫) પોષીદશમે અઠ્ઠમના પારણા નિમિત્તે, રૂ. ૨૨૫) સાધુ–સાધ્વી મહારાજાઓની વૈયાવચ્ચ ખાતે, રૂ. ૫૦૧, ભાતી ખાતે અને રૂ. ૭૧૧) આગમ મંદિરમાં આંગી ખાતે અપાયા હતા.

પ્રથમ જણાવ્યા મુજબ સંઘપૂજન ઉપરાંત નીચે જણાવ્યા મુજબ તપસ્વીઓની ભક્તિ વિશેષ થઈ હતી.

મહેતા મગનલાલ પીતાંબરદાસ તરફથી એટા મુકામે તથા બંધબડ મુકામે તથા ચંદુર મુકામે અને શંખેશ્વર મુકામે તપસ્વીઓને એક એક રૂપીયાની પ્રભાવના થઈ હતી.

કેટલાક ભાઈ બહેનોએ અઠ્ઠમની તપશ્ચર્યા કરી હતી. સંઘમાં મજુર તરીકે કામ કરવા રોકાયેલ મજુર ધનજી વેલજીએ પણ અઠ્ઠમ કર્યો હતો.

**સંઘવીનું સન્માન :—**

મહા વદી ૦)) તા. ૧૬–૨–૮૦ ના રોજ યાત્રિક સંઘ તરફથી ચીમનલાલભાઈને તથા તેમનાં ધર્મપત્ની વિજ્યાબેનને માનપત્ર અર્પણ કરવા પૂર્વક ચાંદીના ગ્લાસ બે તથા ગરમ સાલોની પહેરામણી પૂર્વક, અને સંઘવીના સુપુત્રો શ્રી કીર્ત્તિલાલભાઈ, ચંદુલાલભાઈ, નટવરલાલભાઈ અને પ્રવીણકુમારને ગરમ સાલોની પહેરામણીપૂર્વક સન્માન કરાયું હતું. શાહ કાન્તીલાલ પ્રાણજીવનદાસ મુંબઈવાળા ( ગોડીજીના ટ્રસ્ટી )

એ પણ આ પ્રસંગે પધારી સોનાના ગીલેટવાળું ચાંદીનું શ્રીફલ અને ગરમસાલ સમર્પણ કરવાપૂર્વક સંઘવીશ્રીનું બહુમાન કર્યું હતું. વળી કલકત્તાવાળા શાહ જમનાદાસ ત્રીભોવનદાસની પેઢીના માલીક શ્રી પ્રભુદાસભાઈ ત્રીભોવનદાસભાઈ (ચાહના વહેપારી). તથા નવીનચંદ્રભાઈ અમથાલાલ સુરતવાળાએ પણ પોતાના પરિવાર સાથે આ પ્રસંગે શંખેશ્વર પધારી સંઘવીશ્રીનું ઉચિત સન્માન કર્યું હતું. તદુપરાંત આ પ્રસંગે સંઘવીશ્રીના સ્નેહીજનો, વ્યાપારના આડતીઆઓ, કુટુંબી સંબંધીઓ વીગેરે પણ પાંચસો ભાઈ–બહેનોએ શંખેશ્વર પધારી સંઘવીશ્રીનું ઉચિત સન્માન કર્યું હતું. આ રીતે આનંદ આનંદ છવાઈ રહ્યો હતો.

ફાગણ સુદિ એકમના દિવસે બપોર પછી જમ્યા બાદ સંઘવી તરફથી કરી રાખેલ વ્યવસ્થા મુજબ એસ. ટી. બસો દ્વારા, યાત્રિક સંઘ વાવ મુકામે આવી જતાં વાવ શ્રી જૈ. શ્વે. મૂ. સંઘ તરફથી ઉત્સાહપૂર્ણ સામૈયું કરી, દેરાસરના વિશાળ ચોકમાં સંઘવીશ્રીને દોસી કાન્તીલાલ રીખવચંદભાઈના હસ્તે માનપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.

યાત્રા પ્રવાસ દરમ્યાન વાવ જૈ. શ્વે. મૂ. સંઘના અગ્રગણ્ય વયોવૃદ્ધ શેઠ શ્રી કાળીદાસ કકલચંદભાઈએ પોતાની નાદુરસ્ત તબીયત હોવા છતાં પણ પ્રારંભના બે ત્રણ મુકામે પધારી, સંઘ વ્યવસ્થાની ઉચિત સલાહ સૂચન આપ્યાં હતાં.

વળી દોસી કાન્તીલાલ રીખવચંદભાઈએ તો, વાવથી સંઘનું પ્રયાણ થયું ત્યારથી પ્રારંભી, સંઘ, વાવ આવી પહોંચ્યો ત્યાંસુધી સંઘમાં સાથે જ રહી, વ્યવસ્થીત કાર્યવાહીમાં પૂર્ણ સહાયક બની

રહી, યાત્રિક સંઘની સર્વ પ્રકારની અનુકુળતા સર્જનમાં ખૂબ જ કાળજી રાખી હતી.

દોસી મફતલાલ ચીમનલાલ (માડકાવાળા)ને તો ભૂલી જ કેમ શકાય ? સંઘના પ્રયાણની એક મહીના પહેલેથી બધાય કામકાજમાં અપૂર્વ સેવા આપી હતી. સંઘમાં ઠેઠ સુધી સાથે રહી, ભૂખ–તરસ અને ઉંઘની પરવા કર્યા વિના ખૂબ જ જહેમત ઉઠાવી બધી વ્યવસ્થાની મુખ્ય જવાબદારી તો તેમણે જ ઉપાડી લીધી હતી. શીયાળાની ઠંડીમાં પણ કોઈ વખત સૂવા–પાથરવા–ઓઢવાની પ્રતિકુળતા સહન કરીને પણ મજુરોએ કરેલ અગ્નિના તાપમાં તાપવા પૂર્વક રાત્રિનો કેટલોક સમય વીતાવી બે કે ત્રણ કલાક સુધી ત્યાંને ત્યાં જ મલ્યું તે બિછાવી લઈ, પ્રફુલ્લિત બની રહેતા હતા. અને યાત્રિક સંઘની અનુકુળતા સર્વ રીતે કેમ સચવાય, તેના જ માત્ર લક્ષ્યવાળા બની રહી. આ પ્રસંગને ખૂબ જ દીપાવ્યો હતો.

મહેતા મોહનલાલ ભોગીલાલ, રમણીકલાલ ભોગીલાલ, કીર્તિલાલ વલમચંદ, બાબુલાલ વલમચંદ, વાડીલાલ અંબાવીદાસ, ધીરજલાલ ચુનીલાલ, શાંતિલાલ ચીમનલાલ, મહાસુખલાલ ડાહ્યાલાલ, ચીમનલાલ નાગરદાસ તથા રમણલાલ નાગરદાસ, જયંતીલાલ કાળીદાસ, અમૃતલાલ રામચંદ્ર શાંતીલાલ હંસરાજ એ વિગેરે સંઘવીના કુટુંબીભાઈઓ, તથા નવનીતભાઈ કાન્તીલાલ મીઠાવાળા, સંઘવી ગગલદાસ સરૂપચંદ, સંઘવી ભુદરમલ ભુખણદાસ, શાંતીલાલ પરસોત્તમ શાહ, વિગેરે સંઘવીનો સ્નેહીવર્ગ, સંઘમાં સાથે રહી ઉત્સાહ પ્રેરિત બન્યો હતો.

વિવિધ કાર્યવાહક જે કમિટિઓએ પોતાની સંપૂર્ણ ફરજને અદા કરવા પૂર્વક સંઘ સેવા બજાવી હતી, તે કમિટિઓમાં નીચે મુજબ સેવાભાવી યુવાનો હતા.

**પુરવઠા ખાતું :** (૧) દોશી મોહનલાલ નાગરદાસ (૨) મહેતા કીર્તિલાલ શાંતીલાલ (૩) વોરા કીર્તિલાલ ગગલદાસ.

**રસોડા ખાતું :** કોરડીયા ચીમનલાલ વીરચંદ તથા દોશી કેશવલાલ ભોગીલાલ.

**નાણાં ખાતું :** (૧) વોરા કેશવલાલ ઉગરચંદ (૨) પારેખ ડાહ્યાલાલ મંજીભાઈ (૩) મહેતા છોટાલાલ મણીલાલ (૪) વોરા છોટાલાલ મોહનલાલ.

**વાહન-વ્યવહાર ખાતું :** (આમંત્રિત મહેમાનોને લઈ જવા લાવવા માટે તથા પુરવઠો-દુધ વિગેરે લાવવા-મૂકવા માટે) શેઠ બાબુલાલ મણીલાલ તથા દોશી અમૃતલાલ હરખચંદ.

**પથારી વ્યવસ્થા ખાતું :** (આમંત્રિત મહેમાનો માટે)- સંઘવી હરખચંદ કુંવરજી.

**યાત્રિકોના બિસ્તરા તથા સામાનની આપ-લે વ્યવસ્થા ખાતું :** (૧) પારેખ બાબુલાલ ઈશ્વરલાલ (૨) વોરા ભીખાલાલ ભુદરમલ (૩) કોરડીયા અમૃતલાલ મફતલાલ.

**તંબુના બાંધકામની વ્યવસ્થા-દેખરેખ માટે :** શાહ જયંતીલાલ ટીલચંદ અને સંઘવી વિનોદકુમાર ભુદરમલ.

**વાસણ વ્યવસ્થા ખાતું :** શાહ મુક્તિલાલ ટીલચંદ તથા સંઘવી કીર્તિલાલ ચમનલાલ.

**પીરસવાની વ્યવસ્થાપક ખાતું :** (૧) મહેતા પ્રભુલાલ ચુનીલાલ (૨) કુબડીયા અંબાલાલ અમીચંદ (૩) મહેતા શાંતીલાલ ચમનલાલ (૪) મહેતા ચંદુલાલ ચમનલાલ.

**પીરસનાર સેવાભાવી ભાઇઓ :** (૧) દોશી લખમીચંદ ચમનલાલ (૨) સંઘવી નટવરલાલ છોટાલાલ (૩) શાહ વાઘજીભાઈ શાંતીલાલ (૪) મહેતા વિનોદચંદ્ર બાબુલાલ (૫) વોરા રજનીકાન્ત કીરતીલાલ (૬) કોરડીયા વિનોદચંદ્ર શાંતીલાલ (૭) મહેતા વાડીલાલ અંબાવીદાસ (૮) મહેતા અશોકકુમાર વાડીલાલ (૯) મહેતા જયંતીલાલ રમણીકલાલ (૧૦) નવનીતભાઈ કાન્તીલાલ મીઠાવાળા (૧૧) અરવિંદ-કુમાર ઇશ્વિરલાલ. ઇત્યાદિ યુવકોએ વ્યવસ્થિત ફરજ બજાવી હતી.

આ રીતે આ સંઘનો પ્રસંગ ચિરસ્મરણીય બની રહ્યો હતો. અને આ બધું જોઈને ઘણા ભાઈઓ તેની અનુમોદના કરવા પૂર્વક, પોતાને પણ આવો લાભ ક્યારે મળે, તેની ભાવના ભાવતા હતા.

卐

જેમનાં સુપુત્રો અમને પુસ્તક પ્રકાશનના કાર્યમાં અવારનવાર દ્રવ્યસહાયક બની રહી ઉત્સાહપ્રેરિત થયા છે, અને થશે.



મહેતા ચીમનલાલ ઓત્તમચંદ



મહેતા ચીમનલાલ ઓત્તમચંદનાં
ધર્મપત્નિ વિજયાબહેન

# પ્રાક્કથન

અવિવેકી મનુષ્યને પાંચ ઈન્દ્રિયો પંચાગ્નિ જેવી છે. તે ઈન્દ્રિયોથી સ્વયં તેનો નાશ થાય છે. વિવેકની ઈન્દ્રિયો પાંચ રત્નો જેવી છે. જ્ઞાન શૂન્ય બનીને વિષય ભોગવનાર ભોગી તે ભોગી નથી. પરંતુ તે તો ભવરોગી છે. અને વિવેક સહિત ભોગવનાર ભોગી તે યોગી છે.

કર્મ અજ્ઞાનીને સ્પર્શે છે. જ્ઞાનીને સ્પર્શ કરવાનું સાહસ તે કર્મોમાં હોઈ શકતું નથી. તે જ્ઞાન ક્યાં છે? આત્મા પોતે જ જ્ઞાનસ્વરૂપ છે. શરીરરૂપે નથી. આ પ્રકારનો વિચાર વિવેકી મનુષ્યના માનસિક અનુભવની વસ્તુ છે. આ હકીકત આત્મવિજ્ઞાનથી અનભિજ્ઞ મનુષ્યોને સમજી શકાતી નથી. અરે! ખ્યાલમાં પણ આવતી નથી.

વિજ્ઞાન બે પ્રકારનું છે. એક બાહ્યવિજ્ઞાન અને બીજું અંતરંગવિજ્ઞાન. બાહ્ય વિષયને જાણવાવાળું બાહ્યવિજ્ઞાન છે. અને પોતાના આત્માને જાણવો તે અંતરંગવિજ્ઞાન છે.

જગતમાં રત્નની પરીક્ષા કરવાનો પ્રયત્ન કરવો, હાથી ઘોડા આદિની પરીક્ષા કરવાનું શીખવું તે પણ એક કળા છે. પરંતુ એ બાહ્યકળા છે. આ આત્મા સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ રત્નત્રય સ્વરૂપ છે. તે રત્નોની પરીક્ષા કરી ઓળખવાં તે ઘણું કઠીન કાર્ય છે. એને અંતરગવિજ્ઞાન કહે છે. તેનાથી જ કલ્યાણ થાય છે.

કામ, આયુર્વેદ, મંત્ર, તંત્ર, ગણિત, સંગીત તથા જ્યોતિષ એ બધાં શાસ્ત્રો તે બાહ્યવિજ્ઞાન છે. કેમકે તે શાસ્ત્રોના જ્ઞાનથી મનુષ્યને શરીર પોષણનો જ ઉપાય જ્ઞાત થાય છે. પરંતુ આત્મા નિર્મળ સ્વરૂપ

છે. તેમાં અને તેના નિર્મળ ગુણોમાં કોઈ ભિન્નતા નથી, એમ સમજીને તેનો વિચાર કરવો એ અંતરંગ વિજ્ઞાન છે. એ ગ્રાહ્ય છે.

છંદ, અલંકાર અને નાટ્યનાં શાસ્ત્ર આદિ બાહ્ય જ્ઞાનનાં સાધક છે. કેમકે તેનાથી અલ્પકાળ મનોરંજન થાય છે. જેથી આ બધા વિકલ્પોને છોડી આત્મ તત્ત્વનો જ વિચાર કરવો એ અંતરંગ વિજ્ઞાન છે.

વેદ પુરાણ, તર્ક ઈત્યાદિ આસ્તિક શાસ્ત્રોને માત્ર જાણવાં જ તે તો બાહ્યકળા છે. પરંતુ તે શાસ્ત્રો દ્વારા આત્મા અને શરીરને ભિન્ન સમજી, અસલી આત્મસ્વરૂપનું ચિંતવન કરવું એ અંતરંગ વિજ્ઞાન છે.

આ રીતે લોકમાં બીજી જેટલી કળાઓ છે, કે જે આત્મ પોષણમાં સહકારી ન થતાં શરીરપોષણમાં નિમિત્ત થાય અને ભૌતિક ઉન્નત્તિની સાધક થાય તેને બાહ્યવિજ્ઞાન કહેવું જોઈએ. જે જ્ઞાન આત્મહિતનું સાધક છે, જેનાથી લોકોમાં આત્મોન્નત્તિનો આદર્શ સ્થાપાય છે, તેને અંતરંગ જ્ઞાન કહેવાય છે.

કલ્પવૃક્ષ, કામધેનું તથા ચિંતામણી રત્ન પણ જેની બરોબરી કરી શકતું નથી એવું આ અંતરંગ વિજ્ઞાન છે. આ જીવે અનેક ભવોમાં બાહ્યવિજ્ઞાન તો અનેકવાર પ્રાપ્ત કર્યું અને ખોયું, પણ અંતરંગ વિજ્ઞાનની પ્રાપ્તિ નહિં થવાથી જ જીવને દુઃખી દુઃખી થઈ રહેવું પડયું છે.

લોકમાં કોઈ પણ વસ્તુ આત્મવિજ્ઞાન સમાન છે જ નહિં. દરેક સદ્‌ગુણોની પ્રાપ્તિ આત્મવિજ્ઞાનમાં જ છે.

આત્મવિજ્ઞાની, સંપત્તિથી મદોન્મત 'નહિં' થાય. ઘમંડીઓને આધિન નહિં થાય. ગંભીરતા વગરની વાતો નહિ કરે. તેઓ મેરૂ પર્વતની જેમ અકંપિત ધૈર્યવાન રહેશે. તેઓ ઇંદ્રિય સુખમાં આશક્ત નહિં બને. દેવેન્દ્રની સંપત્તિ પણ તેની નજરમાં તુચ્છ રહેશે. ઈન્દ્રિય

સુખનો અનુભવ કરતાં થકાં પણ તેઓ યોગીન્દ્ર વૃત્તિની અધિક ઈચ્છા કરતા રહેશે. અને સાંસારિક અનેક દુઃખોની મધ્યે રહેવા છતાં આત્માનુભવરૂપી અમૃતના આસ્વાદથી પોતાને અત્યંત સુખી માનશે. માટે જ શાસ્ત્રકારો આપણને આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે સદા જાગૃત રહેવા પ્રેરે છે. માટે એ આત્મજ્ઞાનનું મહત્ત્વ આપણા ચિત્તમાં વસવું જોઈએ. આત્મજ્ઞાન વિના સંસારનો–કર્મનો નાશ શક્ય નથી. શ્રી હેમચંદ્રસૂરીજી મહારાજે યોગશાસ્ત્રમાં કહ્યું છે કે–

**आत्माज्ञान भवं दुःख, मात्मज्ञानेन हन्यते ।**
**तपसाप्यात्मविज्ञान, हीनैश्छेत्तुं न शक्यते ॥**

અર્થ–આત્માના અજ્ઞાનપણાથી જન્મેલું દુઃખ, આત્મજ્ઞાન વડે નાશ પામે છે. તે વિના–અર્થાત્ આત્મજ્ઞાન વિનાના જીવો, તપશ્ચર્યા વડે પણ તે દુઃખને છેદી શકતા નથી.

જ્ઞાન તે બે પ્રકારનાં છે. (૧) ભૌતિક જ્ઞાન અને (૨) આધ્યાત્મિક જ્ઞાન. દુન્યવી ,પદાર્થો અંગેનું, દુન્યવી સુખ દુઃખ અંગેનું જે જ્ઞાન તે ભૌતિક જ્ઞાન છે. અને આધ્યાત્મિક જ્ઞાન અર્થાત્ આત્મા સંબંધી જે જ્ઞાન તે આધ્યાત્મિક જ્ઞાન છે.

અહિં સમજવું જરૂરી છે કે ભૌતિક સામગ્રીથી મનુષ્ય ભલે આનંદથી જીવી શકે, ભૂતલમાં કે ગગનમાં વિચરવાનો આનંદ મ્હાલી શકે, પરંતુ આધ્યાત્મિક અને નૈતિક સામર્થ્ય વિના કેવલ ભૌતિક સાધનોના ઢગલાથી વાસ્તવિક શાંતિનો અનુભવ કે ભૌતિક આવિષ્કારોની પૂર્ણ સત્યતા કદાપી પ્રાપ્ત થવાની નથી. માટે સુખ પ્રાપ્તિના ઈચ્છુક મનુષ્યોએ આત્મ વિજ્ઞાન મેળવવાને ઉત્સુક બની રહેવું જોઈએ. આત્મ સ્વરૂપને દર્શાવતો દાર્શનિક અભ્યાસ, અને દુનિયાના પ્રપંચોથી દૂર રહી આત્મધ્યાનમાં મગ્ન બની રહેનાર સંતપુરૂષોના સમાગમથી જ આત્મજ્ઞાન થઈ શકે છે.

મન–બુદ્ધિની દલીલો, ભિન્ન ભિન્ન પ્રકારના તર્કો અને યુક્તિઓ વગેરેમાં જ કંઇ આત્મજ્ઞાન પ્રાપ્ત થતું નથી. સાચા જ્ઞાનનો ઉદય તો આત્માની અનુભૂતિની સાથે જ શરૂ થાય છે. સંપૂર્ણ પવિત્ર જીવન વિના, આ શક્ય નથી.

જેને લોકો જ્ઞાન કહે છે, એ તો માત્ર “ માહિતી ” ગણાય. જે વ્યક્તિને આત્મતત્ત્વનો અનુભવ અથવા સાક્ષાત્કાર થયેલો નથી તેને કદી “જ્ઞાની” ગણી શકાય જ નહિં. માત્ર પુસ્તક વાંચીને કોઈ જ્ઞાની બનવાનો દાવો કરી શકે જ નહિં. પુસ્તકીઓ કે પોપટીયો જ્ઞાની મુશ્કેલીમાં ડગી જાય છે. જ્યારે અનુભુતી પામેલો જ્ઞાની વિકટ પરિસ્થિતિમાં “અચલ” રહે છે. માટે જ મહર્ષિઓએ જ્ઞાનના ત્રણ પ્રકાર કહ્યા છે. (૧) વિષયપ્રતિભાસ (૨) આત્મપરિણતિમત્ અને (૩) તત્ત્વ સંવેદન.

(૧) હેયોપાદેય અર્થાત્ ત્યાજ્ય અને ગ્રાહ્ય આદિના તાત્ત્વિક વિવેક વિના બાળકની જેમ માત્ર વિષયના પ્રતિભાસ પુરતું જ જ્ઞાન તે વિષય પ્રતિભાસ કહેવાય છે. જે જ્ઞાનથી જ્ઞાતવસ્તુ તે તાત્ત્વિક દૃષ્ટિએ ત્યાજ્ય યા ગ્રાહ્ય છે, યા ઉપેક્ષણીય છે, એવો નિર્ણય ન થાય, અથવા વિપરીત નિર્ણય થાય, ત્યાજ્ય તે ગ્રાહ્ય લાગે અને ગ્રાહ્ય તે ત્યાજ્ય લાગે તે જ્ઞાન, વિષય પ્રતિભાસ છે. બાળક કોઈ અનર્થકારક વસ્તુ જોઇને યા કોઈ વસ્તુ માત્ર છે, એટલું જ જાણે, પણ તે ઉપયોગી છે કે અનુપયોગી છે, ત્યાજ્ય છે કે ગ્રાહ્ય છે. એ જાણતો નહિં હોવાથી વસ્તુ અંગેનું તેનું જ્ઞાન નિરર્થક છે. તેમ વિષય પ્રતિભાસજ્ઞાન અંગે પણ સમજવું. આ જ્ઞાન મિથ્યાદૃષ્ટિને હોય છે.

(૨) ત્યાજ્ય અને ગ્રાહ્ય આદિના તાત્વિક વિવેકપૂર્વકનું જ્ઞાન હોવા છતાં, ગ્રાહ્યમાં પ્રવૃત્તિ અને ત્યાજ્યમાં નિવૃત્તિવિનાનું જ્ઞાન તે આત્મપરિણમત્ કહેવાય.

આવા જ્ઞાનવાળાને, અશુભ પ્રવૃત્તિથી થતા કર્મબંધનું, દુર્ગતિ આદિ દોષોનું અને શુભપ્રવૃત્તિથી થતા સુગતિ આદિ ગુણોના સ્વરૂપનું યથાર્થ ચોક્કસ જ્ઞાન હોવા છતાં ચારિત્રમોહનીયકર્મનો ક્ષયોપશમ નહિં થયો હોવાના કારણે, છોડવા મથતો હોવા છતાં, અશુભ પ્રવૃત્તિથી છૂટી શકતો નથી. અને શુભ પ્રવૃત્તિ નહિં કરી શકવાથી વેદના અનુભવે છે. આ જ્ઞાનનું ફળ, વૈરાગ્ય–ભવનિર્વેદ છે. અને તે પરંપરાએ મોક્ષ આપનારૂં છે. આ જ્ઞાન અવિરત સમ્યગ્દષ્ટિને હોય છે.

(૩) ત્યાજ્ય અને ગ્રાહ્ય આદિના તાત્ત્વિક વિવેકપૂર્વક સમ્યગ્-દર્શનાદિરૂપ મોક્ષમાર્ગમાં નિરતિચાર પ્રવૃત્તિ અને મિથ્યાદર્શનાદિરૂપ સંસારમાર્ગથી નિવૃત્તિ જ્યાં થાય ત્યાં તત્ત્વસંવેદન જ્ઞાન સમજવું આ જ્ઞાનનું અનંતરફળ વિરતિ અને પરંપરફળ મોક્ષ છે. વિશુદ્ધ ચારિત્રવંત સાધુને આ જ્ઞાન હોય છે. દેશવિરતિ શ્રાવકને બહુધા આત્મપરિણતિમત્ અને ગૌણપણે તત્ત્વસંવેદન જ્ઞાન પણ હોઈ શકે છે. આત્મિક ઉત્કર્ષ સાધવા ઈચ્છનારે માત્ર વિષયપ્રતિભાસ જ્ઞાનમાં ઈતિકર્તવ્યતા નહિં માની બેસતાં આત્મપરિણતિવત્ જ્ઞાનવાળા બની રહેવાપૂર્વક તત્ત્વસંવેદન જ્ઞાનમાં સતતપણે આદર કરવાના ઉત્સાહી બનવું એ જ આત્મજ્ઞાન પ્રાપ્તિનો ઉદ્દેશ છે. એમાં જ આત્માની અનુભુતી થાય છે. તે આત્મસાક્ષાત્કાર વાણીથી વાચ્ય નથી. પરંતુ સ્વયં અનુભવનો વિષય છે.

માત્ર આત્મા આત્મા કરવાથી કંઈ આત્મવિજ્ઞાન મેળવી શકાતું નથી. આત્માની અસલશક્તિ અને અસલસ્વરૂપ, તથા તેવા સ્વરૂપને આચ્છાદિત બનાવી રાખનાર વસ્તુ, તે આચ્છાદનને હટાવવાનો માર્ગ આ બધી હકીકતો સમજ્યા વિના આત્મવિજ્ઞાન થઈ શકે નહિ. વળી નય–નિક્ષેપ–સ્યાદ્વાદપૂર્વક આત્મસ્વરૂપ સમજ્યા વિના આત્મજ્ઞાન અધુરૂં અને કયારેક વિપરીત આગ્રહી સ્વરૂપે પણ બની જાય છે.

પરંતુ તે બધું સમજ્યા પહેલાં આત્મા, પુનર્જન્મ, પુન્ય, પાપ આદિના અસ્તિત્ત્વ અંગે શ્રદ્ધાવંત બની તે વિષયોને વિવિધ દર્શન-કારો અને વર્ત્તમાન વિજ્ઞાનની કેટલીક હકીકતદ્વારા દ્રઢ બનાવવા પૂરતા જ વિષયસ્વરૂપે આ "આત્મવિજ્ઞાન" પુસ્તકનો પહેલો ભાગ પ્રકાશિત કરીએ છીએ.

આ આત્મજ્ઞાનનો વિષય એટલો બધો ગહન છે કે તે લખવા માટે મારી શક્તિ કે લાયકાત પણ નથી. પરંતુ **शुभे यथा शक्ति यतनीयं** એ મહાપુરૂષના કથન અનુસાર આ વિષયને લખવાની મેં ઉત્કંઠા કરી. છેલ્લાં પાંચેક વર્ષ સુધી તે લખાણની લેખમાળા "શાન્તિ સૌરભ" માસિકમાં લખતા રહેવા બાદ કેટલાક જ્ઞાનપિપાસુ મિત્રોની પ્રેરણાથી તે લખાણમાં કેટલોક સુધારો વધારો કરીને આજે તેને આ પુસ્તકરૂપે રજુ કરીએ છીએ.

કોઈ પણ વસ્તુનું વિવેચન કરતાં છદ્મસ્થને ભૂલ આવવાનો સંભવ છે, કેમકે સર્વગુણી તો વીતરાગ છે. છદ્મસ્થ જીવો વીતરાગ-પ્રભુની વાણીના અનુસારે સ્વપરના કલ્યાણ માટે ગ્રંથો લખે છે—તેમાં પોતાના કરતાં વિશેષ જ્ઞાનવાળાને તેમાં શાસ્ત્ર થકી કંઈ ઉલટું લખેલું માલૂમ પડે, વા કોઈ ઠેકાણે સુધારવાનું માલુમ પડે—એમ બની શકે છે; તે પ્રમાણે આ ગ્રંથમાં ભૂલચૂક થઈ હોય તો વિદ્વાનો સુધારશે અને શુભ અધ્યવસાયથી લખેલા આ પુસ્તકમાંથી હંસચંચુની પેઠે સાર ભાગ ગ્રહણ કરશે એવી આશા રાખવામાં આવે છે.

આ પુસ્તકની પ્રથમાવૃત્તિની નકલો ખલાસ થઈ જવા બાદ, તે માટે હજુ પણ ઘણા સ્થળોએથી માગણી ચાલુ રહેવાથી આ દ્વિતિયા-વૃત્તિ છપાવવી પડી છે. આ પ્રકાશનમાં દ્રવ્ય સહાયકો ખરેખર ધન્ય વાદને પાત્ર છે.

લી.

વૈશાખ સુદી પૂર્ણિમા
વિ. સં. ૨૦૩૬

**પારેખ ખુબચંદ કેશવલાલ**
**વાવ** (બનાસકાંઠા)

# આભાર અને ક્ષમાપના

પ. પૂ. મુ. શ્રી ચરણપ્રભવિજયજી મહારાજ સાહેબની
પ્રેરણાથી ભવાનીપુર જૈ. શ્વે. મૂ. સંઘ–કલકત્તા
તરફથી હ. શેઠ મણીલાલ વનમાળીદાસે
પાંચસો નકલોનો ખર્ચ, પહેલેથી જ
આપી અમને ઉત્સાહપ્રેરક બનવાથી
જ, અમો આ પુસ્તકની દ્વીતિયા-
વૃત્તિ, જલ્દી છપાવી શક્યા
છીએ. પ્રુફનું સંશોધન બહુ
જ બારીકાઈથી કરવા છતાં
દ્રષ્ટિદોષ યા પ્રેસ દોષના
કારણે કંઈપણ અશુદ્ધિ
રહી જવા પામી હોય
તો વાંચક મહા-
શયો પ્રત્યે અમારી
ક્ષમા યાચના
છે.

લી.

ખુબચંદ કેશવલાલ પારેખ

# અનુક્રમણિકા


| વિષય | પૃષ્ઠ |
| --- | --- |
| આત્મશક્તિનું આચ્છાદક તત્ત્વ.... | ૧ થી ૫ |
| આત્માનું અસ્તિત્વ | ૬ થી ૧૮ |
| પુનર્જન્મ.... | ૧૯ થી ૩૩ |
| જન્માંતરીય સંસ્કારોથી પુનર્જન્મની.... | ૩૪ થી ૪૯ |
| સાબિતી.... | |
| ઇડિપસ અને જેકાષ્ટા.... | ૫૦ થી ૬૦ |
| પુનર્જન્મની સાબિતી સિદ્ધ કરતા પ્રસંગો.... | ૬૧ થી ૯૬ |
| સંખ્યાની વિવિધ સમજપૂર્વક સર્વ.... | ૯૭ થી ૧૦૩ |
| જીવોનું સંખ્યાપ્રમાણ ... | |
| આત્મપ્રદેશની સંખ્યા અને વર્ત્તમાન.... | ૧૦૪ થી ૧૧૧ |
| આત્મસ્થિતિ.... | |
| વિવિધ શરીરધારક આત્મા.... | ૧૧૨ થી ૧૨૩ |
| જીવની વિવિધદશાસર્જક તત્ત્વ.... | ૧૨૪ થી ૧૩૫ |
| પુન્ય-પાપની ચતુર્ભંગી... | ૧૩૬ થી ૧૫૦ |
| ભગવદ્ ગીતાની પરિભાષામાં પુન્ય.... | ૧૫૧ થી ૧૫૬ |
| કર્મની શુભાશુભતા.... | |
| એક અજૈન વિચારકની વિચારકદ્રષ્ટિ.... | ૧૫૭ થી ૧૬૫ |
| સુખપ્રાપ્તિની સાચી સમજ.... | ૧૬૬ થી ૧૮૧ |
| વિવિધ દાર્શનિકોની માન્યતાનો.... | ૧૮૨ થી ૧૮૮ |
| સમન્વય.... | |
| આત્મશુદ્ધિનો પરમ માર્ગ ... | ૧૮૯ થી ૨૦૦ |

# આત્મ વિજ્ઞાન

## ભાગ પહેલો

## આત્મશક્તિનું આચ્છાદક તત્ત્વ

આ વિશ્વની વ્યવસ્થામાં જીવ, અને અજીવ (જડ-પુદ્ગલ) એ બે તત્ત્વનો મુખ્ય હિસ્સો છે. પુદ્ગલ સિવાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાળ, એ ચાર જડ દ્રવ્યોનું પણ જૈનદર્શનની માન્યતાનુસાર વિશ્વમાં અસ્તિત્વ હોવા છતાં દૃશ્ય જગતની વિવિધતાનું સર્જન તો જીવ અને પુદ્ગલ દ્વારા જ થાય છે. દુનિયામાં પુદ્ગલનું અસ્તિત્વ નહી હોતાં એક માત્ર આત્મા-જીવ યા ચેતનનું જ અગર જીવ નહિં હોતાં એક માત્ર પુદ્ગલનું જ અસ્તિત્વ હોત તો આ દૃસ્ય જગત જ હોત નહિં. જીવના પ્રયત્નવડે જ પુદ્ગલમાંથી વિવિધ અવસ્થાવંત દૃશ્ય જગત સર્જાય છે. દૃષ્ય જગતમાં પુદ્ગલની ઉપયોગિતા પણ વિવિધ રીતે જોવામાં આવે છે.

"પુદ્ગલ" શબ્દ એ જૈનદર્શનનો પારિભાષિક શબ્દ છે. આધુનિક વિજ્ઞાનમાં જેને જડપદાર્થ (મેટર) કહે છે, તેને જ જૈનદર્શનમાં પુદ્ગલ સંજ્ઞાથી ઓળખાવેલ છે. આ પુદ્ગલ શબ્દની વ્યુત્પત્તિ એ છે કેઃ-"पूरणान्न पुत गलय-

लीति गलः" અર્થાત્ પૂર્ણ સ્વભાવથી "પુત", અને ગલન સ્વભાવથી "गल" એમ બે અવયવોના મેળથી આ પુદ્‌-ગલ શબ્દ બન્યો છે.

પુદ્‌ગલદ્રવ્ય તે વર્ણ–ગંધ –રસ અને સ્પર્શયુક્ત હોવાથી ઇંદ્રિયગમ્ય છે. વિવિધ અવસ્થાઓ પૈકી અમુક અવસ્થાવસ્થિત પુદ્‌ગલો તે વર્ણાદિસહિત છતાં પણ તે વર્ણાદિની સૂક્ષ્મતાના કારણે, છદ્મસ્થ (અસર્વજ્ઞ) જીવોને ઇંદ્રિયગમ્ય થઇ શકતાં નથી. તોપણ તેવા પુદ્‌ગલોથી થતી સામૂહિક ક્રિયાઓ દ્વારા તે પદાર્થો દૃષ્ટિગોચર સ્વરૂપને પામી શકતા હોવાથી તેઓનું અસ્તિત્વ સિદ્ધ થાય છે. આ પૌદ્‌-ગલિક પદાર્થો આ વિશ્વમાં અગણિત છે. અને તે સંસારી જીવોને અમુક અમુક પ્રવૃત્તિ કરવામાં ઉપયોગી બને છે.

જીવને આરામ અને શાંતિ આપે એવી અવસ્થાવંત પુદ્‌ગલો પણ હોય છે. અને અશાંતિકારક અવસ્થાવંત પુદ્‌ગલો પણ હોય છે. અવસ્થાઓની ભિન્નતાના હિસાબે દરેક અવસ્થાવંત પુદ્‌ગલોને વિવિધ સંજ્ઞાથી જગત ઓળખે છે. પૌષ્ટિક એવા ખાદ્ય પદાર્થો અને પીણાં તે પુદ્‌ગલ જ છે. વિષ અને શરાબ તે પણ પુદ્‌ગલ જ છે. મોટર, ટ્રેન, એરોપ્લેન એ પણ પુદ્‌ગલ જ છે. વસ્ત્ર–પાત્ર એ પણ પુદ્‌ગલ જ છે. એટમબોમ્બ હાઇડ્રોજનબોમ્બ તથા અન્ય પ્રાણઘાતક શસ્ત્રો એ પણ પુદ્‌ગલ જ છે. અરે! પ્રાણિઓનું શરીર, શબ્દ, વિચાર અને ઉશ્વાસ એ પણ પુદ્‌ગલ જ છે. અવસ્થાની દૃષ્ટિએ પુદ્‌ગલમાં જેમ વિવિધતા છે, તેમ પ્રાણિયોને ગુણ અને

દોષકારક દૃષ્ટિએ પણ તેમાં વિવિધતા છે. આ રીતે જગતમાં વિવિધ સ્વરૂપોને પ્રગટ કરવારૂપ પુદ્ગલ દ્રવ્યનાં અનેક કાર્યો છે.

વળી એ પુદ્ગલમાં એવી પણ એક ખાસ વિશેષતા છે કે જેણે કરીને એ જીવમાં ( જીવ, પરિણમાવે ત્યારે જ ) પણ પ્રવેશ કરી શકે છે. અને એમાં બહુ સ્પષ્ટ વિકાર કરી શકે છે. જેમ ઔષધની ગોળી, માણસના શરીરની અંદર જઈને મહત્ત્વનું કાર્ય કરે છે, તેમ પુદ્ગલ પણ જીવમાં પ્રવેશીને એના ઉપર અનેક પ્રકારની અસર કરે છે. જીવની સર્વજ્ઞતા અને સર્વ શક્તિમત્તાને એ પુદ્ગલ ઢાંકી દે છે. અને તેથી એનામાં (જીવમાં) માત્ર પરિમિત જ્ઞાન અને પરિમિત શક્તિ રહે છે. એ એને દુઃખ આપે છે. અને તેથી કરીને એના સ્વાભાવિક સ્વાસ્થ્યનો નાશ થાય છે. જીવના ઊપર એ અસ્થિર શરીરો વીંટાલે છે. એને જીંદગી અને મોહ આપે છે અને એવું પ્રારબ્ધ બંધાવે છે કે પછી અમુક સમય સુધી એ જીવે, માણસ, તિર્યંચ, સ્વર્ગવાસી કે નરકવાસી એ ચારમાંની કોઈપણ યોનિમાં અવતરવું પડે છે. આ રીતે પુદ્ગલ દ્વારા, એ બધા પ્રાણિના જન્મ અને જીંદગી માટે ભારતના બધા તત્ત્વદર્શીએ સ્વીકારેલું એવું એક ગૂઢ તત્ત્વ–કર્મ તૈયાર થાય છે. એટલે જીવ સાથે મિશ્ર બની રહેલું પુદ્ગલ, તે કર્મ કહેવાય છે.

અન્ય અન્ય અવસ્થાવંત પૌદ્ગલિક સામગ્રી દ્વારા અનુકૂળતા અને પ્રતિકૂળતાની પ્રાપ્તિનો આધાર તો જીવને

આ કર્મસ્વરૂપે પરિણામ પામેલ પુદ્ગલ દ્વારા જ હોઇ, કર્મથી સંબંધિત બની રહેલ પ્રાણિયોનું સુખતો પરાધીન જ છે. જેમ બેડીથી જકડાએલ કેદી પરાધીન છે, તેમ કર્મસહિત જીવની સર્વ અવસ્થા પરાધીન છે. અનંતશક્તિના માલિક જીવની સ્વતંત્રતા, આ કર્મરૂપે પરિણામ પામેલ પુદ્ગલથી આચ્છાદિત બની રહે છે.

તેમ છતાં ભાગ્યવાન આત્માઓની અજ્ઞાનતાનો સદ્ગુરૂ દ્વારા ધ્વંસ કરાતાં જીવને પોતાની અસીમ શક્તિનો અને કર્મથી બની રહેલ પરાધીનતાનો ખ્યાલ આવી જવાથી પોતાના સ્વાધીનસુખની પ્રાપ્તિ માટેનો ઉત્સાહ પ્રગટે છે.

જડ પદાર્થના અણુમાં જે શકિત છે, તેના કરતાં પણ ચેતનના એક એક અણુમાં અનંતાનંતગણી શકિત છે. ચેતનના અણુ એટલા બધા શકિતધારક છે કે જડના ગમે તેવા અણુને પણ ક્ષણમાત્રમાં શકિતહીન બનાવી શકે છે. પરંતુ પુદ્ગલ સાથે (કર્મસાથે) ક્ષીર નીરવત્ સંબંધિત બની રહેલા જીવોની શકિત, તે કર્મઅણુ સમૂહોથી અવરાઈ ગયેલી હોઈ, તેના સ્વાભાવિક ગુણો ઝળહળી શકતા નથી. એ કારણથી પોતાના સ્વાભાવિક અને શાશ્વત સુખથી જીવ વંચિત બની રહે છે. અને પુદ્ગલના સંગથી વર્તતી નશ્વર અને પરાધીન સામગ્રીના આધાને જ તેનું (જીવનું) જીવનચક્ર ચાલ્યા કરે છે. એટલું જ નહિં, પણ તેવા પરાધીન સુખને જ સાચું સુખ સમજી લઈ તેની જ આકાંક્ષાના સ્વપ્નોમાં મ્હાલતો જીવ, વધુને વધુ રીતે પુદ્ગલની જાળમાં ફસાતો રહે છે.

તેના આત્મ પ્રદેશો પર પુદ્‌ગલના થરોની જમાવટ વધતી જ રહે છે. જેથી જીવને પોતાના સ્વાભાવિકસ્વરૂપ અને સુખનો ખ્યાલ પણ વિસરાઇ જાય છે. અરે ! એટલું જ નહિં, પણ કેટલાક જીવો તો પોતે પોતાને જ ભૂલી જાય છે. અને શરીર તથા ઇંદ્રિયોને જ આત્મા માની લઇ, આત્માને પુદ્‌ગલથી અન્ય અને સ્વતંત્ર પદાર્થ તરીકે પણ માનવા તૈયાર થતા નથી.

એ રીતે અનાદિકાળથી જીવને દુઃખી બની રહેવાનું કોઇ મુખ્ય કારણ હોય તો તે આત્મસ્વરૂપની અજ્ઞાનતા જ છે. માટે શાશ્વત સુખની પ્રાપ્તિ માટે આત્મદ્રવ્યને સમજવું જરૂરી છે.

# આત્માનું અસ્તિત્વ

**આત્માને સમજવાની આવશ્યકતા :**

શાશ્વત સુખના ઇચ્છક મનુષ્યે ધર્મને સમજતાં પહેલાં આત્માને ઓળખવાની–સમજવાની જરૂર છે. કહ્યું છે કે– "જ્યાં લગી આત્મતત્ત્વ જાણ્યું નહિં, ત્યાં લગી સાધના સર્વ જૂઠી." કારણ કે આત્મસ્વરૂપ સમજાશે તો પરભવ સમજાશે. પરભવ સમજાશે તો કર્મસ્વરૂપ સમજાશે. અને કર્મસ્વરૂપ સમજાશે તો ધર્મ સમજાશે.

**આત્મસ્વરૂપની અજ્ઞાનતા :**

કેટલાક લોકોની માન્યતામાં તો આત્મા જેવી કોઈ વસ્તુનું અસ્તિત્વ છે જ નહિં. જગતમાં મૂળ તત્ત્વો તરીકે તેઓ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ, એ પાંચ ભૂતો જ માને છે. તેઓની માન્યતા એવી છે કે આ પંચ-ભૂતોથી ઉપરાંત એકપણ એકાન્ત સત્પદાર્થ આ જગતમાં છે જ નહિં, માટે જગતના બધા પદાર્થો એ પંચભૂતના સંમિશ્રણાદિથી જ ઉત્પન્ન થાય છે. જેમ મદિરામાંથી મદશક્તિ પ્રગટે છે, તેમ પંચભૂતોના સમૂહમાંથી પ્રાણીઓમાં પ્રાણ યા ચૈતન્ય શક્તિ પ્રગટ થાય છે. મનુષ્યાદિ જીવો ચેતન છે, એ વાતની તેઓ, ના, પાડી શકતા નથી. પરંતુ ચૈતન્ય છે,

માટે આત્મા જેવું કંઈક હોવું જોઇએ, અને આત્માને એક સત્–શાશ્વત પદાર્થ તરીકે સ્વીકારવો જોઈએ, એ વાત તેમના ગળે ઉતરતી નથી. તેઓ કહે છે કે ધાન્ય અને ગોળ જેવી વસ્તુઓ સડતી સડતી દારૂના રૂપમાં પરિણામ પામે છે, તેમ મસ્તકમાંથી ચૈતન્ય ઉત્પન્ન થાય છે. માટે જડપદાર્થથી જુદો એવો આત્મા નામનો સ્વતંત્ર પદાર્થ હોવાનું માનવું તે જરૂરી નથી.

## અજ્ઞાનતાનું સ્પષ્ટીકરણ :

આ બધાની સામે જવાબ આપવા માંગીએ તો એમ કહી શકીએ કે ચૈતન્ય એ જો પંચભૂતના બનેલા જડ શરીરમાંથી જ પરિણમતું હોય, એટલે કે ચૈતન્યનું ઉપાદાન કારણ જો જડ શરીર જ હોય, તો પ્રાણી, મરી ગયા પછી એ ચૈતન્ય કેમ જણાતું નથી ? મૃત્યુ પછી શરીર તો જેમનું તેમજ રહી જાય છે. એનો કોઈ અંશ ઓછો થઈ જતો નથી.

વળી શરીર એ જ જો ચૈતન્યનું ઉપાદાન કારણ હોય તો શરીરમાં જ્યારે વિકાર થાય છે, ત્યારે ચૈતન્યમાં પણ એવો જ વિકાર થવો જોઇએ; પણ અનુભવમાં એવું કંઈ જણાતું નથી. વળી આનંદ, શોક, મૂર્ચ્છા, નિંદ્રા ભય જેવા વિકારો ચૈતન્યમાં થાય છે, ત્યારે તેને અનુરૂપ વિકારો શરીરમાં પણ દેખાવા જોઇએ, પરંતુ એવું કંઇ દેખાતું નથી.

વળી એક બીજો પણ વાંધો એ નડશે કે પ્રાણિ જેમ જાડું તેમ તેની બુદ્ધિ પણ વધારે રહેતી હોવી જોઇએ.

પરંતુ મોટે ભાગે તો એથી ઉલટું જ જોવામાં આવે છે. ચૈતન્યના ઉપાદાન કારણરૂપ જો શરીર હોય તો એમ બને જ કેમ? ન્હાના અને પાતળા શરીરવાળા પ્રાણિઓ બહુ બુદ્ધિશાળી હોય એવું પણ બને છે. વળી ચક્ષુથી જોનારો, નાસિકાથી સુંઘનારો, કાનથી સાંભળનારો, જીભથી ચાખનારો અને ચામડીથી સ્પર્શ કરનારો કહે છે કે હું ચક્ષુથી દેખું છું. હું નસિકાથી સુઘું છું, હું કાનથી સાંભળું છું. હું જીભથી ચાખું છું, હું ચામડીથી સ્પર્શ જાણું છું.

શરીર ઉપર કોઇ અંગારો ચાંપે ત્યારે "હું" બળું છું, એમ બોલાય છે. આમ બળવાની વેદનાને સમજે છે. "હું છું" એમ સૌ બોલે છે. એ "હું" તે કોણ? "હું" કોઇક ખરૂં કે નહિ? એટલે કે "હું છું" એવું જ્ઞાન હંમેશાં રહ્યા કરે છે.

આ જ્ઞાન શરીરમાંથી ઉત્પન્ન થતું હોય તો "મારૂં શરીર" એવો પ્રયોગ કઇ રીતે સંભવે? માટે "હું" જેને કહીયે છીએ. તે શરીરથી ભિન્ન એવા આત્માની સિદ્ધિ સ્પષ્ટ થાય છે.

## શરીર અને ઈંદ્રિયોથી આત્માનું ભિન્ન અસ્તિત્વ :

આપણે શરીરને તો પ્રત્યક્ષ જોઇએ છીએ. એ શરીરમાં ચેતના છે. એ ચેતના તે બીજું કંઇ નથી, પરંતુ તે જ આત્મા છે. ચક્ષુ વડે દેખાતું અને રસરક્તાદિ ધાતુઓથી ભરેલું જે શરીર, એ જ કંઈ આત્મા નથી. પરંતુ

શરીર એ તો એક એન્જીન રૂપ છે. શરીરરૂપી એન્જીનને ડ્રાઈવર જેમ ચલાવે તેમ ચાલે છે. ડ્રાઈવર જો શરીરરૂપી એન્જીનનો હાથ ઉંચો કરાવવા માંગે તો એ ઉંચો થાય છે. એ હાથ કે પગને ડ્રાઈવર જો સીધો, આડો, વાંકો, ઉંચો, નીચો, ગમે તેમ કરાવવા ઈચ્છે તો તે રીતની ક્રિયા તે હાથવડે થાય છે. શરીરમાં સ્વયં એવી કોઈ શક્તિ નથી કે જેથી તે પોતાની મેળે જ લાંબુ-ટુંકું થાય. મરણ પછીના શરીરની શક્તિ એ તેના પ્રત્યક્ષ પૂરાવારૂપ છે. શબરૂપે બની રહેલું શરીર ચાલતું નથી. એ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે જીવના શરીરમાં શરીર યંત્રનો સંચાલક તે આત્મારૂપ ડ્રાઈવર જ છે. જે રીતની હલન-ચલન આદિ ક્રિયાઓ સચેતન શરીરમાં પ્રત્યક્ષ જોવાય છે. તેવી ક્રિયાઓનો શબમાં તો બિલ્કુલ અભાવ જ દેખાય છે.

આનું કારણ સ્પષ્ટ રીતે એ જ સમજાય છે કે શરીર-રૂપી સાધનદ્વારા ક્રિયા કરનારો શરીરમાંથી ચાલ્યો ગયા પછી નિર્જીવ જડ શરીરમાં ઉપરોક્ત કોઈ પણ પ્રકારની ક્રિયા સંભવી શકતી નથી. આથી અવશ્ય માલુમ પડે છે કે આ શરીરરૂપી એન્જીનમાં તેનું સંચાલન કરનાર કોઈ અવશ્ય છે. અને એવી જે ચીજ છે, તેનું નામ જ આત્મા છે. એ આત્મા તે અરૂપી હોવાથી ચર્મચક્ષુ વડે દૃષ્ટિગોચર થઈ શકતો નથી.

पाषाणे यथा हेम, दुग्धमध्ये यथा घृत ।
तिलमध्ये यथा तैलं, देहमध्ये तथा जीवः ॥

ભાવાર્થ—જેમ પથ્થરને વિષે સુવર્ણ, દુધને વિષે ઘી, અને તલમાં તેલ, સતાગત રહેલાં છે, તેવી જ રીતે આ શરીરને વિષે જીવ રહેલો છે.

काष्टमध्ये यथा वन्हि, शक्तिरुपेण तिष्ठति ।
अयमात्मा शरीरेषु, यो जानाति स पंडितः ॥

ભાવાર્થ—જેમ કાષ્ટને વિષે અગ્નિ, તે શક્તિ રૂપે રહેલી છે, તેમ આ આત્મા શરીરને વિષે રહેલો છે, એમ જે જાણે છે, તે જ ખરો પંડિત છે.

## નાસ્તિકોના દુરાગ્રહની નિષ્ફલતા—

આ રીતે આત્મઅસ્તિત્વનો ખ્યાલ થઈ શકતો હોવા છતાં પણ જેઓ ખરેખર શંકાશીલ છે, તેમને તો એટલાથીયે પણ સંતોષ થતો નથી. આ શંકાશીલો તો કહે છે કે જે વસ્તુ, વસ્તુરૂપે છે, તે અરૂપી હોઈ શકે જ નહિં; અને જે અરૂપી હોય તે વસ્તુ હોતી જ નથી. અર્થાત્ અરૂપી આત્મા જેવા પદાર્થનું હોવાપણું છે જ નહિં; કારણ કે જે વસ્તુ દૃષ્ટિગોચર ન થાય, તેનું અસ્તિત્વ કઈ રીતે માની શકાય ?

આના પ્રત્યુત્તરમાં કહેવાનું કે શરીરે સ્પર્શતો શીત કે ઉષ્ણવાયુ દૃષ્ટિગોચર નહિં થતો હોવા છતાં પણ તેનું અસ્તિત્વ આપણે માન્ય રાખીએ છીએ. વળી ચૂલા ઉપર ઉકળતા પાણીની વરાળ અમુક ઉંચાઈએ ગયા બાદ વાયુ સાથે ભળી જાય છે, ત્યારે દેખી શકાતી નથી, તો પણ તે વખતે વરાળ નથી એમ કહીને વરાળના અસ્તિત્વનો

અસ્વીકાર કરી શકાતો નથી. વસ્તુનું કદાચ રૂપાંતર થાય પણ મૂળ દ્રવ્યનો કદાપી નાશ થતો જ નથી.

આપણી પ્રાચિન આર્યવિદ્યા પ્રમાણે એક વાત માન્ય રાખવી પડે છે કે આ જગતમાં જે કાંઈ છે, તેનો નાશ નથી જ. તે જ રીતે વરાળનો પણ કોઈ રીતે નાશ થતો જ નથી. એટલે વરાળ છે, એમ તો વરાળની અદ્રશ્યતા દરમિયાન પણ માન્ય રાખવું જ પડે છે. હવે સાધારણ બુદ્ધિથી વિચાર કરીએ તો કહેવું જ પડશે કે વરાળ જેવો પદાર્થ કે જે પૌદ્ગલિક છે, જેના પરમાણુઓ છે, જે દ્રશ્યમાન છે, જે સ્થૂલ છે, એવો પદાર્થ પણ હોવા છતાં તે દેખી શકાતો નથી એવું બને છે. તો પછી આત્મા જેવો અમૂર્ત્ત પદાર્થ પણ હોવા છતાં દેખી ન શકાય તેમાં શું આશ્ચર્ય ?

જે શ્રદ્ધાળુ છે, તેઓ તો આ દ્રષ્ટાંત ઉપરથી આત્મા છે, એવું માન્ય રાખવામાં વાંધો લેશે નહિં. પરંતુ અર્ધદગ્ધ છે, તેઓ હજુ પણ આત્માને માન્ય રાખવામાં આનાકાની જ કરશે. અને જેથી તેઓ એવી દલીલ કરે કે વરાળ તે સ્થૂલ પદાર્થ હોવાથી તેનું હોવાપણું તો તેની ગેરહાજરીમાં પણ માની શકાય છે. પરંતુ આત્મા તો અરૂપી ચીજ છે, તો પછી રૂપી ચીજનું ઉદાહરણ અરૂપી ચીજને કેવી રીતે લાગુ પડી શકે ? અરૂપી ચીજ જો દ્રશ્યમાન હોય તો જ તેના અસ્તિત્વની સાબિતી થાય.

શંકાવાદીઓની આવી દલીલ ખરેખર વિચિત્ર પ્રકારની

ગણાય. આંધળો એમ કહે કે–હું તો સૂર્યને જો નજરે જોઇ શકીશ તો જ એમ માની શકીશ કે સૂર્ય છે. નહિતર સૂર્યના અસ્તિત્વને હું માનવાનો નથી. તો એવા જડભરતને આપણે કેવી રીતે સંતોષી શકવાના હતા? આંધળો માણસ સ્થૂલ વસ્તુને દેખી નથી શકતો એટલે તે સ્થૂલ વસ્તુના સ્વરૂપને જોવાને લાયક નથી. છતાં પણ બીજી રીતે તેને વસ્તુનું જ્ઞાન કરાવી શકાય.

આંધળાને સોનું અને ચાંદી બન્નેના ટુકડા હાથમાં આપીએ અને પછી તેનું માપ અને વજન તેને કહી બતાવીએ તો તે ઉપરથી અમુક પદાર્થ સોનું છે, અમુક પદાર્થ રૂપું છે, એમ તે જાણી શકે.

એક હાથમાં ફુલ હોય અને બીજા હાથમાં ઘાસલેટ હોય તો તે સુંઘવાથી તેને પારખી શકીએ કે આ ફુલ છે, અને આ ઘાસલેટ છે. પાણી ઠંડુ અને ગરમ હોય તો સ્પર્શ દ્વારા તેને સમજાવી શકીએ કે, આ ઠંડું પાણી છે, અને આ ગરમ પાણી છે. અર્થાત્ આંધળાને આપણે સ્પર્શાદિદ્વારા જગતની સ્થૂલ વસ્તુઓનું જ્ઞાન આપી શકીએ છીએ. પરંતુ તેના સ્વરૂપને આપણે દેખાડી શકતા નથી. આનો અર્થ એ થાય છે કે આંધળો માણસ પદાર્થના સ્વરૂપને દેખવાને લાયક નથી. જો કોઈ વ્યક્તિ એમ કહે કે હું નજરે જોઇ શકું તોજ આત્માને માની શકું તો તેનો જવાબ એજ છે કે જેમ આંધળો માણસ સ્પર્શાદિને માટે લાયક છે, પરંતુ સ્વરૂપને દેખવા માટે લાયક નથી. તેજ

પ્રમાણે આ જગતના મનુષ્યો પણ પૌદ્ગલિક વસ્તુઓને જ જાણવામાં સમર્થ છે. કેવળજ્ઞાની સવાય આ જગત તો અરૂપી પદાર્થો દેખવાના સંબંધમાં અસમર્થ છે. અર્થાત્ અરૂપી પદાર્થો જોઈ શકવાની શકિત, કેવળજ્ઞાની સિવાય વિશ્વના કોઈપણ અન્ય પ્રાણિમાં હોઈ શકે જ નહિં.

અરૂપી પદાર્થો જોવાની શક્તિ કોઇનામાં પણ હોય તો તે એક માત્ર સર્વજ્ઞ પરમાત્મામાં જ હોય છે. સર્વજ્ઞ ભગવંતો આ સંસારના રૂપી અને અરૂપી એ સઘળાય પદાર્થો અને તેના ગુણધર્મો જાણી શકે છે. તે સિવાય અરૂપી પદાર્થને જાણવાની તાકાત બીજા કોઇમાં પણ હોઈ શકતી નથી.

માણસ દરેક વસ્તુને ઇન્દ્રિયોથી જુએ છે. પરંતુ ઈંદ્રિયો તો કેટલું અલ્પ જોઈ શકે છે, તે વિચારો તો સમજાશે કે પાણીના ગ્લાસમાં આંખ વડે જોવાથી એકે જીવ (ત્રસજીવ) ન દેખાય. પણ મેગ્નિફાઇંગ ગ્લાસથી જોશો તો હજારો જીવ જોઇ શકાશે. માટે સમજવું જરૂરી છે કે કેટલાક પદાર્થો એવા પણ હોય છે કે જે એકલી આંખથી જોઇ શકાય નહિં. તે કોઇ સાધન વડે જ આંખથી દેખી શકાય. અને સાધનથી પણ જે ન દેખી શકાય તે સર્વજ્ઞને સર્વજ્ઞતાથી દેખાય.

સર્વજ્ઞતા તો જીવ માત્રમાં છે. પરંતુ સંસારી જીવોની તે સર્વજ્ઞતા કર્માવરણથી આચ્છાદિત બનેલી છે. દરેક જીવ પોતાનામાં રહેલી સર્વજ્ઞતા પ્રગટ કરીને તે સર્વજ્ઞતા વડે

વિશ્વના રૂપી-અરૂપી સર્વ પદાર્થને અને તેના ત્રણે કાળના ગુણધર્મને જાણી શકે છે.

મેગ્નિફાઇંગ ગ્લાસના ઉપયોગ વડે પાણીના ગ્લાસમાં હજારો જીવ જોઇ શકતો અનુભવી, મેગ્નિફાઇંગ ગ્લાસની સમજણ વિનાના ગામડીઆ ગમારને તે ગ્લાસના પાણીમાં હજારો જીવ હોવાનું કહે તો, તે ગમાર કદાપિ માનવા તૈયાર થાય નહિં.

તેવી રીતે સર્વજ્ઞતાની સમજ વિનાનો જીવ, સર્વજ્ઞોએ સર્વજ્ઞતા વડે આવિષ્કારિત પદાર્થ વિજ્ઞાનને સમજી ન શકે તે સ્વાભાવિક છે.

સર્વજ્ઞતા એ શું છે? તે કેવી રીતે પ્રગટ થાય છે? પ્રગટ થતાં પહેલાં તેની પ્રગટતાનું અવરોધક તત્ત્વ શું છે? તે અવરોધક તત્ત્વ ક્યાંથી આવ્યું? કેવી રીતે આવ્યું? તેને કેવી રીતે હટાવી શકાય? કોણે હટાવ્યું? તે હટાવીને સર્વજ્ઞ બનનાર આત્માની સર્વજ્ઞતા દ્વારા આવિષ્કારિક પદાર્થ-વિજ્ઞાન, વર્તમાન વૈજ્ઞાનિક ક્ષેત્રમાં યંત્રાદિ સામગ્રી દ્વારા આવિષ્કારિત વિજ્ઞાનવડે કેવી રીતે સત્ય પૂરવાર થયું? આ બધી સમજણ જૈનદર્શનના દ્રવ્યાનુયોગવિષયી ગ્રંથોના અધ્યયનથી જ જાણી-સમજી શકાય છે.

## પ્રત્યક્ષ અને પરોક્ષ પ્રમાણથી વસ્તુની સિદ્ધિઃ—

જગતની પ્રત્યેક વસ્તુનું અસ્તિત્વ, પ્રત્યક્ષ પ્રમાણથી જ માનવાનો આગ્રહ કરવો તે તો માત્ર હઠવાદ કે કદાગ્રહ જ

છે. પદાર્થો જાણવાને માટે પ્રમાણના બે ભેદ છે. (૧) પ્રત્યક્ષ પ્રમાણ અને (૨) પરોક્ષ પ્રમાણ. જે જીવ પોતાના ઉપયોગથી દ્રવ્યને જાણે તે પ્રત્યક્ષપ્રમાણ કહેવાય છે. જેમ કેવળી ભગવાન છએ દ્રવ્યને પ્રત્યક્ષ પ્રમાણથી જાણે તથા દેખે પણ છે.

પરોક્ષ પ્રમાણમાં વસ્તુને પ્રત્યક્ષ રીતે ન જાણી શકે. પરંતુ (૧) અનુમાન (૨) આગમ અને (૩) ઉપમાન, એ ત્રણ પ્રકારમાંથી કોઈ પણ એક યા અધિક પ્રકારથી જાણી શકાય.

વ્યાપ્ય દેખીને અનુમાનથી વ્યાપકનું જ્ઞાન થાય. જેમકે ધુમાડો દેખીને અગ્નિનું અનુમાન થાય. એ રીતે જે જ્ઞાન થાય તે અનુમાન પરોક્ષ જ્ઞાન કહેવાય.

શાસ્ત્રની શાખથી જે વાત જાણીયે, જેમકે દેવલોક તથા નરક અને નિગોદ વગેરેનો વિચાર, શાસ્ત્રથી જાણીયે છીએ, તે " આગમ પ્રમાણ " પરોક્ષ જ્ઞાન છે.

કોઈક વસ્તુને સમાન દ્રષ્ટાંત આપીને ઓળખાવવી તે ઉપમાન–પ્રમાણ પરોક્ષજ્ઞાન કહેવાય. દુધમાં ઘીની જેમ દ્રષ્ટાંતો દ્વારા શરીરમાં રહેલ આત્માનું અસ્તિત્વ સમજવું તે ઉપમાન પરોક્ષ જ્ઞાન કહેવાય.

એવી રીતે આત્માને પ્રત્યક્ષ કેવળજ્ઞાની ( સર્વજ્ઞ )જ જોઇ શકે. છદ્મસ્થ ( અસર્વજ્ઞ ) જીવોએ તો ઉપરોકત ત્રણ

પ્રકારના પરોક્ષ પ્રમાણુથી જ આત્મા અને પુનર્જન્મનું અસ્તિત્વ માનવું જોઇએ.

અલ્પજ્ઞ આત્મા, પોતાના અલ્પ જ્ઞાનનો જ્યારે આગ્રહી બને છે, ત્યારે સાક્ષાત્ ભગવાન પણ તેના સંશયોને ટાળવા માટે અસમર્થ બને છે. સરળ હૃદયી માર્ગાનુસારી આત્માઓ પણ આ હકીકતને સારી રીતે સમજી શકે તેમ છે. એવા એમાંના એકે કહ્યું છે કેઃ—

अज्ञः सुखमाराध्यः सुखतरमाराध्यो विशेषज्ञ ।
ज्ञान लव दुर्विंग्धः, ब्रह्माऽपि तं नरं न रंजयति ॥

આથી સિદ્ધ થાય છે કે કહેનાર સર્વજ્ઞ હોય તો પણ, શ્રવણ કરનાર જો સ્વમતનો આગ્રહી અને અલ્પજ્ઞ હોય તો તે સર્વજ્ઞ વચન ઉપર પણ શ્રદ્ધા કરી શકતો નથી. સર્વજ્ઞ વચન સત્ય છે, એવું હૃદયથી તો તે સ્વીકારી શકતો જ નથી. યાવત્ નિઃશંસય બની શકતો નથી. એટલું જ નહિં પણ તે પોતાના મનથી વિરૂદ્ધ જતી સર્વજ્ઞ ભગવાનની વાતોને ખોટી હોવાનું જાહેર કરે છે. પરંતુ જગતમાં જે વસ્તુ જેવા સ્વરૂપે છે, તેવા સ્વરૂપે તે વસ્તુને કદાગ્રહના વશે કોઈ ન માને તેથી કરીને તે વસ્તુ તે તે સ્વરૂપથી કદાપી નષ્ટ થઇ શકતી નથી.

જૈનદર્શન, ચારવેદ, બૌદ્ધદર્શન, સાંખ્યદર્શન, યોગ દર્શન નૈયાયિકદર્શન, એ દરેક દર્શનશાસ્ત્રો પરથી સ્પષ્ટ સમજાય છે કે શરીરથી ભિન્ન એવા આત્માનું અસ્તિત્વ, એક સત્ પદાર્થ તરીકે અવશ્ય છે. છતાં પણઃ—

**अनंत ब्रह्मणोरुपं, निज देहे व्यवस्थितम् ।**
**ज्ञानाहीना न पश्यंति, जात्यंधा इव भास्करं ॥**

ભાવાર્થ–જેમ જન્મથી અંધ પ્રાણિ, સૂર્યને દેખતો નથી, તેવી રીતે જ્ઞાનચક્ષુથી રહિત પ્રાણિ, સ્વશરીરને વિષે વ્યાપક છતાં અનંત બ્રહ્મજ્ઞાન સ્વરૂપી આત્માને દેખતો નથી.

**વૈજ્ઞાનિક વિદ્વાનોની વિચારધારા :—**

વર્તમાનકાળમાં જે લોકો વસ્તુતત્વનો ખુલાસો કરવામાં તે અંગે કેવળ વૈજ્ઞાનિક વિદ્વાનોની વિચારધારા ઉપર જ આધાર રાખે છે, તેવા લોકો, વૈજ્ઞાનિકક્ષેત્રમાં મશહુર ધુરંધર વૈજ્ઞાનિક "સર ઓલિવર લોજ" અને "લોર્ડ કેલબિન" ની માન્યતા વિચારે તો દેહથી ભિન્ન એવા આત્માના અસ્તિત્વ અંગેની તેમની શંકા આપોઆપ દૂર થઈ જાય છે.

આ બન્ને ચૈતન્યવાદિઓની વિચારધારા અમુક વર્ષો પહેલાં "વસન્ત" નામે પત્ર (છાપા)માં પ્રકાશિત થઈ હતી. આ બન્ને પાશ્ચાત્ય જ્ઞાનવિશારદ વૈજ્ઞાનિકોએ પોતાની સમગ્ર જીંદગીને ભૌતિક ખોજમાં વીતાવી હતી. પરંતુ તેમની દ્રષ્ટિ, ભૂતોથી પર એવા આત્મતત્ત્વ તરફ પણ પહોંચી હતી. તેમનું મન્તવ્ય હતું કે:–

"ચેતનના સ્વતંત્ર અસ્તિત્વ વિના જીવોના શરીરની વિલક્ષણ રચના કોઇ પણ રીતે બની શકતી નથી. જ્ઞાનની

જડ આ મસ્તિષ્ક નથી, પણ આત્મા છે. મસ્તિષ્ક તો જ્ઞાનના આવિર્ભાવોનું સાધન માત્ર છે."

આ રીતે તેઓએ ચેતન તત્ત્વને જડથી જુદું માની ઘણી જ સાવધાનીવાળી વિચારશ્રેણીથી જડવાદીઓની યુક્તિઓનું ખંડન કર્યું છે.

આત્માના અસ્તિત્વ અંગે "હું છું" એ રીતે રહેતા જ્ઞાનની હકીકત ઉપરથી સ્પષ્ટ રીતે સમજી શકાય છે કે "હું" એટલે કાંઈક છું, તે વાત સિદ્ધ છે. એ "હું" એજ આત્મા. આ રીતે શરીરથી ભિન્ન એવા આત્મદ્રવ્યની સિદ્ધિ તો સ્પષ્ટ છે.

# પુનર્જન્મ

કેટલાક લોકો પાંચ ભૂતો સાથે છઠ્ઠો પદાર્થ "જીવ" માને છે, પરંતુ તેની ઉત્પત્તિ તથા નાશ, પાંચ ભૂતોની સાથે જ માને છે. તેમનું માનવું એવું છે કે—"પાણી તે વરાળરૂપે થાય છે. તે જ વરાળ પાછી પાણી રૂપે થાય છે. વરાળ વસ્તુ દેખાય છે જુદી, પરંતુ તે પાણી જ છે. અગ્નિ તથા પાણીના સંયોગથી વરાળ ઉદ્ભવી છે. તેમ આત્મા પણ છે તો ખરો, હલન-ચલન-બોલવું વગેરે કામ જીવનું ખરૂં, પરંતુ તે જીવ કે આત્મા જે કહો તે ચીજ, પાંચ ભૂતોથી જ ઉત્પન્ન થયેલી છે. પાણીથી ઉત્પન્ન થયેલ વરાળ, જેમ પાછી પાણીરૂપે થઈ જાય છે, તેમ પાંચ ભૂતોમાંથી ઉત્પન્ન થયેલ ચેતના-જીવ જે કહો તે પાછો પંચભૂતો રૂપે થઇ જાય છે. માટે જીવને ભવાંતર જેવું કંઈ રહેતું નથી."

આવા મતવાળાએ આત્માને માન્યો ખરો, પણ વાસ્તવિક રીતે નહિ માનતાં ઉત્પત્તિ તથા નાશ અહીં જ રાખ્યાં. આ રીતે ભવાંતર (પુનર્જન્મ)ને તેઓએ માન્યું નહિં.

ભવાંતર માનનારને પુણ્ય-પાપની વાત પણ માનવી પડે. અને પુણ્ય-પાપની વાત સ્વીકારનારને સ્વચ્છંદી (અધ્યાત્મ માર્ગથી વિપરીત) જીવન પર પણ પ્રતિબંધ મૂકવો પડે. એટલે પુનર્જન્મની વાતને જ ઉડાવી દેવાથી ભૌતિકવાદની

મહત્તા સચવાઇ શકે. એ રીતે શરીરથી ભિન્ન એવા આત્મ-દ્રવ્યનો સ્વીકાર કરવા છતાં પણ, પુનર્જન્મને માન્ય નહિં રાખનારાઓ નાસ્તિક જ કહેવાય. કારણ કે જૈનદર્શન અને અન્ય દર્શનોમાં પણ નાસ્તિકતાનું લક્ષણ બતાવતાં કહ્યું છે કે–" **नास्ति परलोकादिरिति मतिर्यस्य सः नास्तिकः**" અર્થાત્–જેની માન્યતામાં પરલોક વિગેરે નથી તે નાસ્તિક છે.

જીવની જવાબદારી આ ભવ પૂરતી જ માની ભવાંતર માટેની જવાબદારીથી છૂટી જવા, નાસ્તિકવાદીઓ કહે છે કે આત્મા નથી એમ કોણ કહે છે? છે! છે! પણ જેમ પરપોટો તે પાણીમાં પ્રગટે છે, અને પાછો પાણીમાં જ લીન થાય છે, તેવી રીતે આત્મા પણ પાંચ ભૂતોમાં ઉત્પન્ન થાય છે, અને તેમાં (પાંચ ભૂતોમાં) જ તે નાશ પામે છે. આવી માન્યતા ધરાવનાર માટે પાપનો માર્ગ ખુલ્લો જ રહે છે. વર્તમાનયુગના કેટલાક જડવાદીઓ કેટલેક અંશે એ જ સિદ્ધાન્તનો પડઘો પાડી રહ્યા છે.

## પુનર્જન્મને નહિં માનવાથી થતું નુકસાન–

પુનર્જન્મને નહિં માનવાથી કર્મબંધ, મોક્ષ, તેમજ આત્માની નિત્યતા સિદ્ધ થતી નથી. ધર્મ અને અધર્મની પણ સિદ્ધિ થતી નથી. અન્યના ઉપર ઉપકાર કરવાની નીતિ પણ કોટિ ઉપાયે સિદ્ધ થતી નથી. કેમકે જ્યાં પુન–ર્જન્મની માન્યતા નથી, ત્યાં એ બધું શા માટે? આનાથી આપણું કલ્યાણ શું?

વળી પુનર્જન્મની માન્યતાના અભાવે જગતમાં "મત્સ્ય ગલાગલ જેવી હાલત થાય છે." બળીયાના બે ભાગ જેવું બને છે. લુંટફાટ, ખૂન, ભ્રષ્ટાચાર, એટમ આદિ બોમ્બોની વૃષ્ટિ દ્વારા કરોડો અબજો માનવનો સંહાર, પ્રજાના અનેક–વિધ પ્રયત્નો છતાં અણુબોમ્બના અખતરા બંધ નહિં કરવાનો આગ્રહ, આ બધું શાથી ? એ ખૂબ ઊંડા ઉતરીને વિચારીશું તો આપણને સમજાશે કે જીવના અસ્તિત્વની કેવળ આ ભવ પૂરતી જ માન્યતાના હિસાબે આ બધી મત્સ્યગલાગલ જેવી સ્થિતિ વિસ્તાર પામી છે.

આધુનિક વૈજ્ઞાનિકોએ ગમે તેટલા આવિષ્કારો કરી જગત સમક્ષ અનેક ભૌતિક અનુકૂલતાનાં સાધન ઉપસ્થીત કર્યાં. પરંતુ જગતમાં શાંતિ ક્યાં છે ?

પુનર્જન્મને માનનારાઓએ જગતનું જે ભલું કર્યું છે, તેવું ભલું અદ્યાપિ પર્યંત જડવાદીઓએ નથી કર્યું. પુનર્જન્મને માનનાર રાષ્ટ્રોએ જગતમાં જેવી શાંતિ ફેલાવી છે, તેવી શાંતિ કોઇ જડવાદી રાષ્ટ્રોએ ફેલાવી નથી. પુનર્જન્મને માનનારાઓએ જેવી રાજ્યભક્તિ અને રાજાની ભક્તિ કરી છે, તેવી જડવાદીઓએ કદાપિ કરી નથી.

પુનર્જન્મને માનનારાઓ જ ઇશ્વર અને ગુરૂની ભકિત કરે છે. સર્વ જીવોની દયા કરે છે. પોતાના આત્મસમાન અન્ય આત્માઓને માની કોઇને દુઃખ આપતા નથી. લડાઇટંટા વિગેરે પાપકર્મથી દૂર રહે છે. સર્વ જીવોનું ભલું ચાહે છે. નીતિધર્મમાં ચુસ્ત રહે છે. હૃદયમાં પુનર્જન્મની પડેલી ઉંડી છાપ,

દુર્ગુણોનો નાશ કરે છે. પુનર્જન્મને માનનારા રાષ્ટ્રોમાં જ સહાનુભૂતિ, પ્રેમ, પરોપકાર, દયા, નીતિ, લાંચરૂશ્વતોનો અભાવ, એ વગેરે દિનપ્રતિદિન વૃદ્ધિ પામે છે. આધુનિક શિક્ષણ પ્રાપ્તિમાં ભવાંતરના ધ્યેયની ગંધ સરખી પણ નથી. વર્તમાન જીવનની સુખપ્રાપ્તિના સંયોગોમાં ભવાંતરનું લક્ષ્ય રાખવામાં આધુનિક શિક્ષિતો પાગલપણું ગણે છે. વર્તમાન કેળવણી પામેલાંઓની જાહેર સભાઓમાં, મેળાવડામાં, પાર્ટીઓમાં અગરતો કોઇપણ પ્રકારના ઉત્સવોમાં, વર્તમાન જીંદગીની ભૌતિક સામગ્રીની અનુકુળતાને અનુસરતાં વક્તવ્યો કે વાર્તાલાપો કરનારા જ વિદ્વાન વક્તાઓ કહેવાય છે. પશ્ચિમની આ સંસ્કૃતિનાં મૂળ, અધ્યાત્મપ્રધાન એવા ભારતની પ્રજામાં પણ હવે ખૂબ ઉંડાં ઉતરતાં જાય છે.

ભવાંતરના આત્મીય હિતને અનુલક્ષીને પૂર્વના ધર્માચાર્યોએ નિયંત્રિત ધાર્મિક ક્રિયાકાંડો કે મહોત્સવોની આધુનિક શિક્ષિતો દ્વારા ઠેકડી ઉડાવાય છે. આ બધી સ્થિતિ, પુનર્જન્મ પ્રત્યેના અવિશ્વાસ કે ઉપેક્ષાવૃત્તિના સંસ્કારથી જ ઉત્પન્ન થયેલી છે. પરંતુ આ રીતે વહેતી જીવનધારા દ્વારા જગતમાં ગમે તેટલી શાંતિની ઉદ્‌ઘોષણાઓ કરીએ, માનવસેવાની ટેલ ફેરવીએ, દેશોન્નતિની ભાવનાનો પ્રચાર કરીએ, તો પણ તે બધાનો સ્વીકાર કેવા હૃદયવાળા માનવીઓ કરે, તે વિચારવું ખાસ જરૂરી છે.

કેવળ આ ભવ પૂરતી જ આત્માના અસ્તિત્વની માન્યતાનો ધારક મનુષ્ય, કયા હિસાબે પોતાને પ્રાપ્ત ભોગ–ઉપભોગની સામગ્રીનો બીજાના માટે ત્યાગ કરશે ? અગર

બીજાઓને સુખી કરવા માટે સ્વયં દુઃખી થવાનું કયા સિદ્ધાન્તના આધારે સ્વીકારશે? માટે સ્વાર્થ કરતાં પરાર્થની શ્રેષ્ઠતા નિશ્ચિત કરાવવા માટે પુનર્જન્મનો સ્વીકાર અવશ્ય કરવો જ પડશે. પુનર્જન્મ ન હોત તો—

**निन्दतु नीतिनिपुणा यदि वा स्तुवन्तु,**
**लक्ष्मीः समाविशतु, गच्छतु वा यथेष्टम्।**
**अद्यैव वा मरण मस्तु, युगान्तरे वा,**
**न्यायात्पथः प्रविचलन्ति, पदं न धीराः**

બહુજન સ્તુતિ કરે યા નિન્દા કરે લક્ષ્મી આવે યા જાય, સર્વ પદાર્થોથી પ્રિય એવા પ્રાણોનો વિયોગ કરાવનાર મરણ આજે આવે યા યુગાન્તરે આવે, તો પણ બુદ્ધિમાન પુરૂષો ન્યાયના માર્ગેથી એક ડગલું પણ પાછા હટતા નથી. વગેરે પદો કેવળ સાહિત્યની શોભા માટે જ રહેવા પામત.

ઉપરના શ્લોકથી, જીંદગીના ભોગે પણ નીતિના પરિપાલનની મક્કમતા સૂચવવા વડે પુનર્જન્મની આપોઆપ સિદ્ધિ થાય છે. કારણ કે આ જીંદગી પૂર્ણ થયા બાદ, આત્માનું અસ્તિત્વ ન રહેતું હોત તો નીતિના પાલનમાં મરણને પણ હર્ષભર સ્વીકારી લેવાનો શું હેતુ? માટે જ્યાં પુનર્જન્મની શ્રદ્ધા નથી ત્યાં લક્ષ્મી અને પ્રાણ કરતાં પણ નીતિની કિંમત કદાપિ અધિક બની રહે જ નહિં.

એક જીવના જન્મ સમયે તે આત્મ દ્રવ્યની ઉત્પત્તિ, કે મરણ સમયે તે આત્મ દ્રવ્યનો જગતમાંથી સર્વથા નાશ

થવાની માન્યતા તદ્દન ખોટી છે. કેમકે શરીરધારી તરીકે જન્મ પામ્યા પહેલાં તે જીવનું અન્ય કોઇ સ્થાને અસ્તિત્વ હતું જ નહિં. અગર તે શરીરમાંથી છૂટી ગયા બાદ પુનઃ દેહધારી તરીકે તે આત્માનું અસ્તિત્વ હશે જ નહિં, એવી માન્યતા ધરાવનાર ખોટા જ છે.

અનેક દાર્શનિકશાસ્ત્ર પ્રમાણો, અનુમાનો, સંસ્કારો, વિજ્ઞાનકારો તથા પ્રત્યક્ષ પુરાવાઓથી પણ પુનર્જન્મ સિદ્ધ છે. તેમાં પ્રથમ દાર્શનિક શાસ્ત્રપ્રમાણથી પુનર્જન્મનું અસ્તિત્વ સિદ્ધ કર્યા બાદ અન્ય પ્રમાણોથી પણ તેના અસ્તિત્વ અંગે વિચારીશું.

**જૈન દર્શનકારનું કથન—**

**इह खलु अणाइ जीवे, अणाइ जीवस्स, भवे, अणाइकम्म संजोग निव्वत्तिए, दुःखरूवे, दुःखफले, दुःखानुवन्धे**

ભાવાર્થ—આ સંસારમાં નિશ્ચયથી જીવ અનાદિ છે. જીવનો સંસાર અનાદિ છે. એ સંસાર, અનાદિ કર્મ સંયોગથી થયેલો છે. તથા દુઃખરૂપ છે. દુઃખના ફળવાળો છે. અને દુઃખનો જ અનુબન્ધ કરાવનાર છે.

ઉપરોક્ત કથનમાં જીવનું અનાદિપણું હોવાના અંગે નવું શરીર ધારણ કરવા ટાઇમે (જન્મ પામવા ટાઇમે) આત્માનો પુનર્જન્મ સિદ્ધ થાય છે.

**एवं अणोरपारे, संसारे सायरंमि भीमंमिः**
**पत्तो अणंतखुतो, जीवेहिं अपत्त धम्मेहिं ॥**

ભાવાર્થ—એ પ્રમાણે અપાર અને ભયંકર એવા સંસાર સમુદ્રને વિષે, ધર્મ નહિં પામેલા જીવોએ અનંતીવાર મરણ પ્રાપ્ત કર્યાં છે.

અહિંઆં અનંતીવાર મરણનું કથન, અનંતીવાર જન્મ પણ સિદ્ધ કરે છે. કારણ કે જન્મ હોય ત્યાં જ મરણ છે. આથી પણ પુનર્જન્મ સિદ્ધ થાય છે.

વળી પણ કહ્યું છે કેઃ—

**कोटिशो विषयाः प्राप्तः, संपदश्च सहस्रशः**
**राज्यंतु शतशः प्राप्तं, न तु धर्म कदाचना ॥**

ભાવાર્થ—આ જીવને ઈંદ્રિયોના વિષયો કરોડોવાર પ્રાપ્ત થયા. હજારોવાર લક્ષ્મી પ્રાપ્ત થઈ. સેંકડોવાર રાજ્ય પ્રાપ્ત થયું. પરંતુ ક્યારે ય પણ ધર્મ હજુ પ્રાપ્ત થયો નથી.

ઉપરોક્ત સામગ્રીઓની અનેકશઃ પ્રાપ્તિસૂચક દ્વારા પણ પુનર્જન્મ નક્કી છે. વળી—

**काले अणाइ निहणे, जोणि गहणंमि भीषणे इत्थः ॥**
**भमिया भमिहिंति, चिरं, जीवाजिण वयण मलहंता ॥**

ભાવાર્થ—અનાદિ અનંતકાળને વિષે, શ્રી જિન વચનને નહિં પામેલા જીવો યોનિવડે દુઃખ દેનાર, ભયંકર, આ સંસારને વિષે ઘણા કાળ સુધી ભમ્યા છે, અને ભમશે.

આ રીતે ધર્મ પ્રાપ્તિના અભાવે સંસારમાં જીવોનું દીર્ઘકાળ પર્યંત વિવિધ જન્મરૂપે થતું ભ્રમણ તે અનેક વખત થતી પુનર્જન્મની સત્યતા દર્શાવે છે.

જૈનેતર દર્શનકારોનું લક્ષણ:—

न साम्परायः प्रतिभातिबालं, प्रमाद्यन्तं वित्तमोहेन मूढम् ॥
अयं लोको नास्ति पर इतिमानी, पुनः पुनर्वशमा पद्यते ॥
(कठोपनिषद्)

ભાવાર્થ—ધનના મોહથી અંધ બનેલ અને પ્રમાદ કરવાવાળા તે મૂર્ખને પરલોકનું સાધન સૂઝતું નથી. આ લોક છે, પરલોક નથી. એમ વારંવાર માનવાવાળા પુરૂષો, વારંવાર મારા વશ (મૃત્યુ)ને પ્રાપ્ત કરે છે.

न जायते म्रियते वा विपश्चि, न्नायंकुतश्चिन्न बभूव कश्चित् ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे ॥
(कठोपनिषद्)

ભાવાર્થ—આ આત્મા નથી ઉત્પન્ન થતો, નથી મરતો, આ આત્મા ન કોઈ બીજા કારણથી ઉત્પન્ન થયો છે, કે ન સ્વતઃ કોઈ બન્યો છે. આ આત્મા, અજન્મા-નિત્ય-શાશ્વત અને પુરાતન છે. તથા શરીર હણાતે છતે પણ તે આત્મા હણાતો નથી.

तद् य इह रमणीय चरणा अभ्याशो हयत् रमणीयां योनिं आपद्येरन् ब्राह्मणयोनिं वा क्षत्रीययोनिं वा वैश्ययोनिं वा । अथ य इह कपूय चरणा अभ्याशो हयत् ते कपूयांयोनिं आपद्येरन् श्वयोनिं वा शूकरयोनिं वा चाण्डालयोनिं वा ॥
(छान्दोग्य ५-१०-७)

ભાવાર્થ—સુકૃત આચરણ કરવાવાળાનો જન્મ, શુભ યોનિમાં થાય છે. એટલે કે બ્રાહ્મણ, ક્ષત્રિય, અથવા વૈશ્ય યોનિમાં. દુષ્કૃત આચરણ કરવાવાળાનો જન્મ, અશુભ યોનિમાં એટલે કે કુતરા, સુઅર અથવા ચંડાળમાં થાય છે.

પારસીઓના ધર્મશાસ્ત્ર "देसात्तिर" ગ્રંથમાં લખ્યું છે કે, મનુષ્યને આ જીવનમાં દુઃખ અને શોકનો જે અનુભવ થાય છે, તેનું કારણ પહેલા ભવમાં પોતે કરેલું કર્મ છે.

**બૌદ્ધદર્શનમાં જન્માન્તરવાદનો ઉપદેશ:—**

કહેવાય છે કે બુદ્ધદેવે બોધિવૃક્ષની નીચે સંબોધિને પ્રાપ્ત કરવા ટાઈમે નીચે મુજબ શ્લોક કહ્યો હતો.

अनेकजाति संसारं, संधाविस्सं अनिब्बिसं ।
गहकारकं गवेसंतो, दुक्खा जाति पुनप्पुनं ॥
गहकारक ! दिट्ठोसि, पुन गेहं न काहसि ।
सब्बा ते फासुका भग्गा, गहकूटं विसंखितं ॥
विसंखारं गतंचित्तं, तण्हा न खय मज्झगा ॥

ભાવાર્થ—દેહરૂપ ઘરને બનાવનારને ઢુંઢતાં ઢુંઢતાં તે નહિં પામવાથી કેટલીયે વાર જન્મ લીધો છે. કેટલીયે વાર સંસારમાં ભટકી ચૂક્યો છું. વારંવાર જન્મ લેવો બહુ જ દુઃખકારક છે! હે ઘર બનાવવાવાળા? આ વખતે તને જોઈ લીધો છે. હવે તને ઘર નહિં બનાવવા દઉં. તારા બધા ફંદો ત્રુટી ગયા છે. ગ્રહકૂટ નાશ થઈ ગયું છે. મારા નિર્વાણગત ચિત્તમાં તૃષ્ણા હવે નામ લેવાને પણ નથી.

વળી બૌદ્ધોના પ્રધાન ધર્મગ્રંથ "ધમ્મપદ"નો "तण्हावग्ग" નામે ૨૪ મા અધ્યયનના પહેલા શ્લોકમાં કહ્યું છે કેઃ-

मनुजस्स वमत्त चारिनो, तण्हा वड्ढति मालुवा विय ।
सोप्लुवती हुराहुरं, फलमिच्छं व वनस्मिं वानरो ॥१॥

ભાવાર્થ—જેનું ચિત્ત પ્રમત્ત છે, તે મનુષ્યની તૃષ્ણા, માળવાની લતાની જેમ વૃદ્ધિ પામે છે. વનમાં ફળને ઢુંઢવાવાળા વાંદરા જેમ હંમેશાં એક વૃક્ષથી બીજા વૃક્ષપર કુદતા જ રહે છે, તેવી રીતે ઉપરોક્ત વ્યક્તિનો પણ વારંવાર જન્મ થાય છે.

મુસલમાનોમાં એક ધ્યાની સાધક સંપ્રદાય "સુફી" છે. તે વેદાંતી મુસલમાન છે. આ પંથમાં તો જન્માંતરના વિષયમાં સુસ્પષ્ટ ઉપદેશ પ્રચલતિ છે. આ પંથમાં એક પ્રધાન આચાર્ય જલાલુદ્દીનરૂમી થઇ ગયા છે. તેમણે પોતાના "મસનવી" ગ્રંથમાં જીવના વિવર્તનનું વર્ણન ઘણી જ સુંદરતાથી કર્યું છે. તે કહે છે કે જીવ, પહેલાં સ્થાવર થઈ જન્મ લે છે. ત્યાંથી વિવર્તન ગતિના અનુસાર ઊપ્લિજ થાય છે. કંઈ યુગો સુધી ઉપ્લિજની દેહમાં રહીને તે પશુયોનિમાં પ્રવેશ કરે છે. ત્યાંથી વિવર્તન ગતિ દ્વારા તે મનુષ્ય થાય છે. અને ધીરે ધીરે ઉન્નત બનીને દેવતા બને છે. પરંતુ મનુષ્યની ચરમ સીમા કંઈ દેવત્વજ નથી. અંતમાં તે ભગવાનની સાથે જઈ મળે છે. તે સમયે તેની જે મહિમા પ્રતિષ્ઠિત થાય છે, તેની કલ્પના પણ કહી શકાતી નથી.

જન્માંતરના સમર્થનમાં સાંખ્યદર્શનકારોમાં ઈશ્વરકૃષ્ણે ૪૦ વી કારિકામાં કહ્યું છે કેઃ—कृतं दृश्यमानेन षाट्कौशिकेनशरीरेण इत्यत आह संसरति इति । उपात्तम उपातं षट्कौशिकं शरीरं जहातिहायं हायमुपादत्ते ।

અર્થાત્—લીંગશરીર વારંવાર સ્થૂલશરીરને ધારણ કરે છે. અને તે ગૃહિત શરીરોને છોડતા રહે છે. તેનું નામ સંસરણ છે. વળી ૪૨ વીં કારિકામાં ઈશ્વરકૃષ્ણ કહે છે કે–नटवत् व्यवतिष्ठते लिङ्गम् । વાચસ્પતિ મિશ્ર આનું ભાષ્ય કરે છે કે :—यथाहिनटः तां तां भूमिकां विधाय, परशुरामो वा अजातशत्रुर्वा वत्सराजो वा भवति. एवं तत् तत् स्थूलशरीर ग्रहणात् देवो वा मनुष्यो वा पशु र्वा वनस्पति र्वा भवति सूक्ष्म शरीरं. અર્થાત્ નટ જેવી રીતે રંગભૂમિકા ગ્રહણ કરીને ક્યારેક પરશુરામ, ક્યારેક અજાતશત્રુ અને ક્યારેક વત્સરાજનારૂપમાં દર્શકોને દેખાય છે. તેવી રીતે લિંગ, યા, સૂક્ષ્મશરીર, ભિન્ન ભિન્ન સ્થૂલ શરીર ગ્રહણ કરીને દેવતા, મનુષ્ય, પશુ યા વનસ્પતિના રૂપમાં પ્રતિભાસ થાય છે.

હવે ન્યાયદર્શનને માન્ય જન્માંતરની સિદ્ધિ વિચારીએ. ન્યાય દર્શનમાં જન્માંતરનું નામ પ્રેત્યભાવ છે.

पुनरुत्पत्तिः प्रेत्यभावः १–१–१९ सूत्र.

प्रेत्य भूत्वा भावो जननं प्रेत्यभावः । तत्र पुनरुत्पत्तिस्त्यिर्नेनाभ्यास कथनात् प्राग् उत्पतिः ततो मरणं तत उत्पत्ति इति प्रेत्य भावोऽयम् अनादि रपवर्गान्तः–(वात्स्यायन भाष्य)

आत्म नित्यत्वे प्रेत्य भावसिधिः—४-१-१० સૂત્ર.

नित्योयमात्मा प्रैति पूर्वशरीरं जहाति म्रियते इति । प्रेत्य च पूर्व शरीरं हित्वा भवति जायते शरीरांतर मुपादत्ते इति सोऽयं जन्म मरण प्रबंधाभ्यासो अनादिरपवर्गांतः प्रेत्य-भावो वेदितव्य ईतिवात्स्यान ।

અર્થાત્—મરણ પછી જે બીજા જન્મ થાય છે, તેને પ્રેત્યભાવ કહે છે. જન્મ-મૃત્યુના એ વારંવાર પ્રવાહ અનાદિ છે. મુક્તિ સિવાય એ પ્રવાહ બંધ થવાનો નથી.

પાશ્ચાત્ય પંડિતોનું મંતવ્ય—

(૧) ઓગણીસમી શતાબ્દીમાં થઈ ગયેલા ઈંગ્લાંડના સર્વ શ્રેષ્ઠ વૈજ્ઞાનિક "હકસલે" વિવર્તવાદ અને ધર્મનીતિ (Evolutionand Ethies) નામે ગ્રંથમાં લખ્યું છે કે—તરલ મતિવાલો સિવાય અન્ય કોઇએ જન્માંતરવાદને એકદમ અસંભવ બતાવી ઉડાવી નહિં દેવો. વિવર્ત્તનવાદની માફક જન્માંતરવાદ પણ સત્ય ભૂમિ પર પ્રતિષ્ઠિત છે. અને ઉપમાન (Anaiogy) પ્રમાણની રૂઢ યુક્તિ દ્વારા તેનું પણ સમર્થન કરી શકાય છે.

(૨) પોલિશ વિશ્વવિદ્યાલયના પ્રસિદ્ધ અધ્યાપક "લુટોલસ્કી"નું કહેવું છે કે જન્માંતરની સત્યતાના સંબંધમાં અમને જરાપણ સંદેહ નથી. (Absoinfeert ainty of this Pre-exisfenee and reinearnation) આ વિષયમાં અમને નિશ્ચય થયો છે કે આ વખતે પૃથ્વીમાં જન્મ થયા

પહેલાં પણ અમારા જન્મ થયા હતા. અને મરણ બાદ વળી પણ જન્મ થવાના.

(૩) ઓગણીસમી સદીમાં થઈ ગયેલ પાશ્ચાત્ય દેશોના સર્વ પ્રધાન સાહિત્યરથી, વૈજ્ઞાનિક, દાર્શનીક અને કવિસામ્રાટ "ગેટે" એકવાર કહ્યું હતું કે મારો દ્રઢ વિશ્વાસ છે કે હું જેવો આ ટાઈમે વર્તમાનમાં છું, તેવો જ હજારોવાર હતો. વળી પણ હજારોવાર પૃથ્વી પર આવીશ.

(૪) વશીકરણ વિદ્યાથી જીવાત્માના પૂર્વજન્મની અને પુનર્જન્મની સિદ્ધિ કરનાર પરદેશના પ્રયોગવીર એલેકઝાં-ડરકેનોને "ધી પાવર વીધીન" નામે અંગ્રેજી પુસ્તકમાં લખ્યું છે કે—

"એક સમય એવો હતો કે જ્યારે ઘણા વર્ષો સુધી પુનર્જન્મનો સિદ્ધાન્ત મારા માટે એક ભયાનક બની રહ્યો હતો. તે વખતે હું આ સિદ્ધાન્તને તોડી પાડવા માટે સતત પ્રયત્નશીલ રહેતો. હું તો વશીકરણ વિદ્યાનો નિષ્ણાત હતો, એટલે ઘણીવાર અનેક વ્યક્તિઓ ઉપર વશીકરણ વિદ્યાના પ્રયોગ કરતો રહેતો અને તેમને ઘણી ઘણી વાતો પૂછતો પણ હતો. પરંતુ જ્યારે પણ કોઈ વ્યક્તિ મને તેના પૂર્વજન્મની વાત કરતો, ત્યારે હું તેમની વાતોને સખ્ત રીતે વખોડી નાખતો. પણ અફસોસ ! જ્યારે મારા ઘણા બધા પ્રયોગોમાં એ જ વાત પુનઃ પુનઃ આવવા લાગી ત્યારે તો મારે પણ માનવું જ પડયું કે જરૂર પુનર્જન્મ જેવી કોઈ વસ્તુ અસ્તિત્વ ધરાવે છે.

આગળ જતાં શ્રી એલેકઝાંડરકેનોને પોતાના તેજ પુસ્તકમાં બહુ સ્પષ્ટ શબ્દોમાં વાત કહી છે કે–"વર્તમાન કાળનું જીવન જીવતો કોઈપણ માણુસ પોતાના વર્તમાન જીવનમાં જે કાંઈ સુખ કે દુઃખની લાગણીઓ અનુભવે છે, તેનાં કારણો, હકીકતમાં તો પૂર્વજન્મોમાં જ પડેલાં હોય છે. એ કારણો અને તે માણુસના વર્તમાન જીવનમાં જોવા મળતા આઘાતો અને તે પ્રત્યાઘાતોના કાર્યો વચ્ચે કોઈ સેતુ જરૂર છે. જેને પૂર્વ દેશના લોકો "કર્મ"ના નામે ઓળખાવે છે, ઘણા માણુસો પોતાના વર્તમાન જીવનમાં વારંવાર ત્રાટકતી આપત્તિઓનાં કારણોને સમજી શકતા નથી. પરન્તુ પુર્વ જન્મનો સિદ્ધાન્ત એ કારણો શોધી આપે છે. શું સુખ કે શું દુઃખ, એ બન્ને કાર્યોનાં કારણો તો અવશ્ય છે. પછી તે કારણો જીવાત્માના વર્તમાન જીવનમાં જોવા ન મળે તો જન્માંતરનાં તો હોય જ."

આ "એલેકઝાંડર કેનોન" જેવા વશીકરણ વિદ્યાના નિષ્ણાતો સેંકડો પ્રયોગોના અનુભવ પછી એવું સચોટ માને છે કે છઠ્ઠા નંબરના અત્યંત ઉંડા વશીકરણ પ્રયોગથી પૂર્વ જન્મની વાત સિદ્ધ થઈ જાય છે. અને તેથી તો વર્તમાન કાળના ગૂંચવણભર્યા અનેક પ્રશ્નોનો ઉકેલ લાવી શકાય છે. આ વિદ્યાના નિષ્ણાતો દ્વારા જેમની ઉપર ઉંડા વશીકરણના પ્રયોગ કરવામાં આવ્યા છે, એમાંના ઘણાને આત્માની સત્યતા અને નિત્યતા માટે પ્રશ્નો કરવામાં આવ્યા હતા. ત્યારે તે બધાએ બહુ સાફ શબ્દોમાં જે હકીકત કહી હતી,

તે દર્શાવતાં "એલેકઝાંડર કેનોન" પોતાના તે "ધી પાવર વીધીન" નામે પુસ્તકના પેઈજ ૧૭૪ ઉપર લખે છે કે "અમે જીવાત્મા મરતા નથી. અમે તો શાશ્વત કાળ સુધી રહીએ છીએ. તમારી મોટી દુનિયાને આ શબ્દોથી અમે ઘણી મહાન સત્ય વાત કહેવા માગીએ છીએ કે આત્મા અમર છે.

આજનો બુદ્ધિવાદી માનવ માને કે ન માને પણ આ સિદ્ધાન્ત ઉપરથી તો લોકોએ અનેક માનવીઓની માનસિક યાતનાઓ સાવ ઘટાડી દીધી છે.

ઉપરોક્ત સર્વ હકીકતોથી સ્પષ્ટ સમજી શકાશે કે, વર્તમાન વૈજ્ઞાનિકોમાં પણ જન્માંતર અંગેની માન્યતા હવે દ્રઢ બનવા લાગી છે. જે લોકો પાશ્ચાત્ય મતને જ સબ કુછ માની લેવાનો આગ્રહ કરે છે, તેઓએ ઉપર જણાવેલ પાશ્ચાત્ય વૈજ્ઞાનિકોના કહેવા ઉપર લક્ષ આપી, જન્માંતરવાદને અસંભવ અને અવૈજ્ઞાનિક કહેવાપૂર્વક ઉડાવી નહીં દેતાં સ્થિરભાવથી ધ્યાન લગાવીને તેની આલોચના કરવી જોઈએ. આટલી હકીકત સમજીને હવે પુનર્જન્મની સાબિતીને અનુમાન પ્રમાણદ્વારા વિચારીશું.

## જન્માંતરીય સંસ્કારોથી પુનર્જન્મની સાબિતી

જૈન દર્શન કહે છે કે–

**सामान्येन तु सर्वेषां, स्तनवृत्यादिहितम् ।**
**अभ्यासातिशयात्स्वप्न,वृत्तितुल्यं व्यवस्थितम् ॥**

સામાન્ય રીતે બધા જીવને ભવાંતર (જન્માંતર–પૂર્વભવ) નું ભાન થવામાં બાધ નથી. જન્મ પામતાંના સમયથી જ બાળકની સ્તનપાનની પ્રવૃત્તિ, એ જ એનું લિંગ છે. તેમાં કારણ અતિશયિત અભ્યાસ છે. બાળક જન્મતાં જ દુગ્ધપાનાર્થે માતાના સ્તનમાં મુખ પ્રવેશાદિરૂપ ક્રિયા કરે છે. વળી તેને મનોહર દડા આદિના દેખાવથી કુતુહલ થાય છે. એથી જ એ જુદી જુદી ચેષ્ટાઓ કરે છે. ઇષ્ટ સાધનતાના જ્ઞાન વિના પ્રવૃત્તિ થાય જ નહિં. તે જ્ઞાનસ્વરૂપે તેને વર્તમાનમાં નથી, છતાં પૂર્વભવોનો પુનઃ પુનઃ તેનો અતિશયિત અભ્યાસ હોવાથી જ તેને સંસ્કાર પ્રગટ થાય છે. અને એથી જ એ પ્રવૃત્તિ કરે છે.

જેમ વિશિષ્ટ અભ્યાસના યોગે સ્વપ્નમાં દિવસાનુભૂત વનવિહાર યા દેવાલયવિહાર આદિ વિષયોનું સ્મરણ થાય છે, તેમ સ્તન્યપાનાદિ વ્યવહાર પણ પૂર્વાનુભૂત જ છે. પૂર્વભવ સંબંધી સંસ્કારથી જ છે.

## ન્યાયદર્શનની જન્માંતર યુક્તિ—

ન્યાયદર્શનના તૃતિય આહ્નિકમાં મહર્ષિ ગૌતમે જન્માંતરને અંગે સાધક યુક્તિઓ આપી છે. તે સર્વયુક્તિના સારસંગ્રહને બે રૂપે વિભક્ત કરી શકાય છે. (૧) સહજાત સંસ્કાર (૨) જન્મસિદ્ધ રાગ-દ્વેષ.

વિજ્ઞાનની ભાષામાં જેને Instinet કહે છે, અને જે જન્મ પામેલ બચ્ચાઓમાં સ્પષ્ટરૂપથી દેખવામાં આવે છે. તે Instinet યા સહજાત સંસ્કારનું નિદાન એ જ છે કે, તુરતમાં જન્મ પામેલ બતકનું બચ્ચું પાણીમાં તરી શકે છે. વાંદરાનું બચ્ચું ઝાડની ડાળ પકડીને સ્વરક્ષા કરે છે. જન્મતાં વેંત જ એણે તે કળા ક્યાંથી શીખી ? એ પ્રશ્નનો પ્રત્યુત્તર એ જ છે કે તેનામાં Instinet ના સ્વભાવે જ તેને એ, કળા શીખવવાની આવશ્યક્તા જ હોતી નથી. તે તો તેનામાં સાંસિદ્ધિક અથવા સ્વયંસિદ્ધ હોય છે.

જો એ સાચું છે, તો તે સહજાત સંસ્કાર ક્યાંથી આવે છે? ત્યાં ન્યાયદર્શનનું કહેવું એ છે કે આગલા જન્મના અનુભૂત વિષયના અભ્યાસથી ઉત્પન્ન દ્રઢબદ્ધ એ સસ્કાર છે. ઉદાહરણને માટે ન્યાયદર્શનકારે તુરતમાં જન્મેલા બચ્ચાની દૂધ પીવાની ઇચ્છાનો ઉલ્લેખ કરતાં કહ્યું છે કે प्रेताभ्यास कृतात् स्तन्याभिलाषात् । ન્યાયસૂત્ર ૩-૧-૨૧. આ સૂત્રનું વાત્સ્યાયન ભાષ્ય નીચે મુજબ છે:

जातमात्रस्यवत्सस्य प्रवृत्तिलिङ्गःस्तन्याभिलाषो गृह्यते । स च नान्तरेण आहारभ्यासम् न च पूर्वशरीर मन्तरेण असौ

जातमात्रस्य उपपद्यते । तेन अनुमीयते भूत पूर्वंशरीरं यत्रानेन आहारोभ्यस्त इति.

અર્થાત્-તુરતમાં જન્મેલા વાછરડામાં દૂધ પીવાની પ્રવૃત્તિ દેખાય છે. અભિલાષા વિના દૂધ પીવાની પ્રવૃત્તિ થતી નથી. આથી જ સમજાય છે કે જન્મ થતાં જ વાછરડાને દુધ પીવાની ઈચ્છા રહે છે. જેણે વારંવાર દૂધ પીધું ન હોય તેને એવી ઇચ્છા હોઇ શકતી નથી. તુરતમાં જન્મેલ બાળકે આ જન્મમાં આથી પહેલાં દૂધ પીધું નથી. એટલે સમજાય છે કે આગલા જન્મમાં તેણે દૂધ પીધુ હતું. તે જુના શરીરમાં દૂધ પીવાનો જે અભ્યાસ હતો, અને જે સંસ્કાર રૂપમાં સંચિત હતો, તે આ જન્મમાં તુરતના જન્મેલા બચ્ચામાં પ્રવૃત્તિરૂપે પ્રકાશિત થાય છે.

ન્યાયદર્શનમાં બતાવેલી જન્માંતરની સાધક બીજી શ્રેણિની યુક્તિ આ પ્રમાણે છે. ન્યાયદર્શનનું કહેવું એ છે કે દરેક જીવમાં થોડા ઘણા જન્મ સિદ્ધ રાગ-દ્વેષ દેખાય જ છે. આ રાગદ્વેષનું મૂળ કારણ સદાના માટે અને સર્વ સ્થાને આ જન્મના જ કોઈ કાર્યથી ઉત્પન્ન થાય છે, એવું એકાંત નથી. વર્ત્તમાન જન્મના કોઈ કાર્યના નિમિત્ત વિના પણ રાગ-દ્વેષની વૃત્તિઓ પ્રગટરૂપે વર્ત્તતી હોવાનું ઘણા સ્થળે જોવામાં આવે છે. ત્યાં માનવું પડશે કે જ્યાં રાગ-દ્વેષ, આ જન્મના કોઈ કાર્યથી ઉત્પન્ન થયા ન હોય ત્યાં વર્તતા તે રાગ-દ્વેષ, જરૂર પૂર્વજન્મના સંસ્કારનું જ ફળ છે. આ જન્મગત રાગ-દ્વેષના સંબંધમાં ન્યાયદર્શનના તૃત્તિય

આહ્નિકના પ્રથમ અધ્યાયમાં લખ્યું છે કે—वीतराग जन्मादर्शनात्— ३-१-२५ આની ઉપર વાત્સ્યાયન ભાષ્ય છે. सरागो जायते अयं जायमानो, रागानुबद्धो जायते । रागस्य पूर्वानुभूत विषयानुचिन्तनं योनिः । पूर्वानुभवश्च विषयानां अन्यस्मिन् जन्मनि शरीरम् अन्तरेणनो पपद्यते । सोऽयं आत्मो पूर्वशरीरानुभूतान् विषयान् अनुस्मरन् तेषु तेषु रज्यते.

અર્થાત્—જીવ, રાગ યુક્ત જ જન્મ લે છે. જીવમાં જન્મતાં જ રાગાનુબંધ દેખાય છે. રાગ યા આશક્તિનીયોનિ પૂર્વાનુભૂત વિષયનું અનુચિંતન છે. આ વિષયનો પહેલેથી જ (જન્મથી જ) અનુભવ હોવો તે જન્માંતરમાં ગ્રહણ કરેલ શરીર સિવાય ઉત્પન્ન ન હોઈ શકે. આથી જ સમજવું જોઈએ કે સગાનુબુદ્ધિ આત્મા, પૂર્વે જે શરીરમાં વિષયોનો અનુભવ કરી ચૂકયો છે, તેના અનુસ્મરણથી જ તે આત્મા, રાગયુક્ત બની રહે છે. પતંજલી કહે છે કે :—

तासाम् वासनानां आशिमोनित्यत्वादनादित्वम् ये यमात्माशीः मा न भूवं भूयासमिति सर्वस्य द्रश्यते सा न स्वाभाविकी, कस्मात्, जातमात्रस्य जन्तोरननुभूत मरण धर्मकस्य द्वेष दुःखानुस्मृति निमित्तो मरण त्रासः कथं भवेत्, न च स्वाभाविकं वस्तु निमित्त मुपादत्ते.

અર્થાત્—સર્વ જીવોના જ્યારે એ નિત્ય આશીર્વાદ છે કે- અમારૂં મૃત્યુ ન હો, ત્યારે સમજવું જોઈએ કે એ સંસ્કાર અનાદિ છે. પણ એ સ્વાભાવિક નહીં, નિમિત્ત-

જન્ય છે. જન્મ થતાં જ જીવમાં એ મરણ ભય દેખાય છે. જો તેણે પૂર્વજન્મમાં મરણના દુઃખનો અનુભવ કર્યો ન હોત, અને જો તે દુઃખના સંસ્કાર સ્મૃતિરૂપમાં આ જન્મમાં બન્યા ન હોત તો તેને મરણનો ભય જન્મથી જ ક્યારે ય પણ ન હોત. આ રીતે પતંજલીએ યોગદર્શનમાં જન્માંતરની સાધક યુક્તિ આપી છે.

**હીપ્નોટીઝન દ્વારા થતી પુર્વજન્મની સ્મૃતિઓ :–**

એવા અનેક માનવો છે કે જેઓ જાતજાતના ભયથી સદા પીડાતા હોય છે. આવા માણસો, એ ભય વગેરેની ગ્રન્થિની પીડાનાં કારણો ઉકેલી શકતા નથી. કેમકે તેમના વર્તમાન જીવનમાં તેનાં કારણો તેમને મળતાં નથી.

વિદેશી પ્રયોગવીર "એલેક્ઝાંડર કેનોને" પોતાના "ધી પાવર વીધીન" નામે અંગ્રેજી પુસ્તકમાં આ અંગેના રજુ કરેલ પ્રયોગો પૈકીના બે પ્રયોગો તરફ દ્રષ્ટિપાત કરતાં સમજાય છે કે–વશીકરણ વિદ્યાનો આશ્રય લેવા દ્વારા છઠ્ઠા નંબરના વશીકરણ પ્રયોગમાં સફલતા પ્રાપ્ત થાય તો તેમના પૂર્વજન્મોની સ્મૃતિઓ ખડી થઈ જવાથી તેમાંથી વર્તમાન-કાળની ભય-ગ્રન્થિઓનાં કારણો પકડી શકાય. "ધી પાવર વીધીન" નામે અંગ્રેજી પુસ્તકમાં એક પ્રયોગ એવો દર્શાવેલો છે કે :—

એક માણસ હતો. તે કોઈ દિવસ લિફ્ટમાં ઉતરતો નહિં. કેમકે તેને લિફ્ટ પડી જવાનો ખૂબ જ ભય હતો. એક વખત તે એક હિપ્નોટિસ્ટની પાસે ગયો. પોતાની

સઘળી વાત તેણે તેને જણાવી. હિપ્નોટિસ્ટે બધી પૂછપરછ કરી, પરંતુ તેના વર્તમાન જીવનમાં તો તે ભયનું કારણ કોઈ તેને જોવા મળ્યું નહિં. પછી તેને સુવડાવી દેવામાં આવ્યો. અને ઉંડું વશીકરણ કરવામાં આવ્યું. તેથી તેની પૂર્વજન્મની સ્મૃતિઓ જાગૃત થઈ. તેમાં એકવાર તેણે પોતાને "ચાઈનીઝ જનરલ" તરીકેનું જીવન જીવતો કહ્યો. એણે કહ્યું કે હું ખૂબ ઊંચા મકાન ઉપરથી અકસ્માત પડી ગયો. અને મારી ખોપરી ફાટી ગઈ. તત્કાળ મારૂં મૃત્યુ થઈ ગયું.

આટલું સાંભળીને હિપ્નોટિસ્ટે તેને ઊઠાડી મૂક્યો. અને તેને કહ્યું કે ચાઈનીઝ જનરલ તરીકેના તમારા જીવનમાં ઉપરથી નીચે પડી જવાની જે ઘટના બની છે, તેના દૃઢ સંસ્કારો તમારામાં પડી ગયા છે. એ જ સંસ્કારો તમને આજે લિફ્ટ સાથે નીચે પડી જવાની બીક જાગૃત કર્યા કરે છે.

બીજા પ્રયોગમાં એક બાઈનો કિસ્સો છે. તે બાઈ પાણીથી ખૂબ ગભરાતી હતી. કોઈ નદી, સમુદ્ર, તળાવ કે કૂવા પાસે જતી પણ ન હતી. તે પણ એક હિપ્નોટિસ્ટને મળી. તેને પણ તેણે સુવડાવીને પૂર્વજન્મની સ્મૃતિઓ ખડી કરવાનું ચાલુ કર્યું. એમાં એનો એક એવો પૂર્વજન્મ પકડાયો કે જેમાં તે સ્ત્રીનો જીવાત્મા, રોમ દેશમાં પુરૂષ ગુલામ તરીકેનું જીવન જીવતો હતો. ત્યાં કોઈ અપરાધના કારણે તેના પગે સાંકળો નાંખીને તેને ઊંડા પાણીમાં

ઉતારવામાં આવ્યો. તે માણસ પાણીમાં ગુંગળાઇને મરી ગયો. આ ઘટના ઉપરથી હિપ્નોટિસ્ટે તે બાઇને નક્કી કરી આપ્યું કે પાણી પાસે જતાં તેને જે ભય લાગે છે, તે ભયના સંસ્કાર તેના પૂર્વજન્મમાં બદ્ધમૂલ થઇ ગયા હતા. આ સિવાય ગભરાટનું બીજું કોઈ કારણ નથી.

**જન્માંતરીય સંસ્કાર:—**

જેમ બાલ્યાવસ્થામાં આરોપિત સંસ્કારો મોટી ઉંમરે સુદ્રઢ બની વ્યક્ત થાય છે, તેવી રીતે કેટલાક મનુષ્યોમાં તે તે ભવમાં જે જે સંસ્કારો પ્રાપ્ત કરવામાં કોઇપણ અવસ્થાએ કોઇપણ સંયોગો ઉપસ્થિત થયા જ, ન હોય તેવા સંસ્કારો પણ અકસ્માત યોગે પ્રગટ થતા જોવામાં આવે છે.

માનવીમાં એ સંસ્કારો ક્યાંથી આવ્યા? તે અંગે ઊંડું અવગાહન કરીએ તો સ્પષ્ટપણે સમજી શકાય છે કે મનુષ્યોની એવી વિલક્ષણ શક્તિ, એ જન્માંતરીય (પૂર્વ ભવના) સંસ્કારનું જ ફળ છે. પૂર્વભવમાં જીવે જે અભિજ્ઞતા પ્રાપ્ત કરેલી હોય છે, તે નાશ પામતી નથી. તેના સંસ્કાર આત્માની સાથે સંચિત બને છે. અન્ય ભવમાં સમર્થ કારણ ઉપસ્થિત થવાથી તે સર્વ સંસ્કાર વ્યક્ત થાય છે. પ્રખ્યાત કવિ કાલીદાસે કહ્યું છે કે—

"प्रपेदिरे प्राक्तन जन्मविद्याः"

જેવી રીતે શરદકાળ ઉપસ્થિત થયેથી હંસોની શ્રેણી સ્વયં ગંગાજળમાં ઉતરી આવે છે, જેવી રીતે રાત્રિના સમયે ઔષધિ સ્વયં ચમકવા લાગે છે, તેવી રીતે સમય

ઉપસ્થિત થવાથી પ્રાક્તન જન્મવિદ્યા અર્થાત્ પૂર્વ જન્મની શક્તિ–સંસ્કાર, જીવમાં પ્રગટ થાય છે. આપણા આર્યાવર્ત્ત દેશમાં બનેલાં અને બનતાં આવાં અનેક દ્રષ્ટાંતો છે. તેમ છતાં પણ આજની પાશ્ચાત્ય સંસ્કૃતિમાં રંગાયેલ આત્મા-ઓને અન્ય દેશમાં બનેલ દ્રષ્ટાંતોથી આ વિષય વધુ વિશ્વાસુ બને તે માટે પ્રથમ અન્ય દેશનાં કેટલાંક દૃષ્ટાંતો અહિં રજુ કરીએ છીએ.

(૧) ઇસ્વીસન ૧૯૨૦ ના જાન્યુઆરી મહિનામાં દક્ષિણ બ્રહ્મદેશના મિંગ્સ ગ્રામમાં એક બાળક જન્મેલ. તેનું નામ "મોંગટૂન" હતું. આ બાળક સાડાચાર વર્ષનો થયો ત્યારે "દેહી અને દેહ", ચેતન અને જડ, તમઃ અને જ્યોતિ, વગેરે ઉચ્ચ દાર્શનિક વિષયો ઉપર ભાષણ દેવા લાગ્યો. આ બાળકની અદ્‌ભુત વક્તૃત્વની ચર્ચા આખા બ્રહ્મદેશમાં જલ્દીથી ફેલાઇ ગઇ. અનેક પંડિત લોકો તેનું વક્તૃત્વ સાંભળવા માટે આવ્યા. છેવટમાં ત્યાંના પ્રસિદ્ધ "ઉજાંગ" મઠના અધ્યક્ષ સ્થવીર ભિક્ષુ, તે બાળકના યશઃ સૌરભથી આકૃષ્ટ બની "મિંગ્સ" ગામમાં આવ્યા. અને તે બચ્ચાની શક્તિ દેખીને દીંગ બની ગયા હતા. ત્યારપછી બ્રહ્મદેશના જુદા જુદા કેન્દ્રોમાં આ બાળકે ફરીફરીને અનેક વ્યાખ્યાનો આપ્યાં હતાં.

(૨) વોશિંગટન પ્રદેશમાં સન ૧૯૨૦ માં જન્મ પામેલ એક બાળકની હકીકત પણ એક સમાચાર પત્રમાં એક

વખત પ્રકાશિત થઇ હતી. "લુઇડિંગ ગ્રિન" નામે આ બાળક ત્રણ વર્ષની ઉંમરે તો ચોપાન વગેરે કઠિન ગતે સારી રીતે વગાડવા લાગ્યો હતો. તે વખતના વિખ્યાત સંગીતાચાર્ય "પદેરેસ્કિ" એ, તે બાળકની શક્તિ દેખી આશ્ચર્યચકિત બની તે બાળકને અશોક ચિત્ર ભેટમાં આપ્યું હતું. અને તે ઉપર લખ્યું હતું કે "અદ્ભૂત બાળક લુઇડિંગ ગ્રિનકે લિયે ઉપહાર."

(૩) આવી ઘટના, રોમના એક સેનાપતિ "જૂલિયસ-સીજર"ની પણ કેટલાક સમય પહેલાં છાપામાં પ્રગટ થઈ હતી. નેપોલીયન જેવા રણપંડિતે પણ જેને "જગતના સર્વ શ્રેષ્ઠ યુદ્ધવીર" હોવાની જાહેરાત કરી હતી. તે "જૂલિય-સસીજરે" ચાલીસ વર્ષની ઉંમર સુધીમાં તો કદાપી એક દિવસ પણ તલવાર ચલાવી ન હતી જ્યારે રોમરાજ્યમાં એક વખત ઝઘડો ઉપસ્થિત થયો હતો તે વખતે "સીજરે" લાચાર બની પહેલ વહેલાં શસ્ત્ર ધારણ કર્યા. અને એકદમ એક હોશિયાર સેનાપતીના રૂપમાં સૈન્ય સંચાલન કરવા લાગ્યો. ગણ્યા વરસની અંદર તો તે રોમરાજ્યની બાગડોર તેના હાથમાં આવી ગઈ.

(૪) અકસ્માત રીતે એક સંગીતજ્ઞ બની ગયાનો દાખલો સ્કોટલેંડના એક કૃષક યુવક કવિ "બર્ન્સ"નો પણ થોડા વર્ષો પહેલાં બન્યો હતો.

આ કવિ "બર્ન્સ" જ્યારે દરિદ્રતાના કારણે સ્કોટ-લેંડના એક સાધારણ ગામમાં હળથી ખેતી કરતો હતો. ત્યારે આ અર્ધશિક્ષિત યુવકમાં સંગીતની જાણકારીનો

અંશાપણ કદાપી ન હતો. અકસ્માત વસંત ઉદય થવાથી જેવી રીતે જંગલમાં પપૈયા બોલવા લાગે છે, તેવી રીતે એક દિવસ બર્ન્સના કંઠમાંથી અકસ્માત સંગીતધ્વની સુંદર રીતે નીકળવા લાગી. અને તેથી ત્યાંના માણસો વિસ્મય પામ્યા.

(૫) પ્રકાશનાં ખોજ કરનાર ડૉ. યંગ, બે વર્ષની ઉંમરમાં પુસ્તકને બહુ જ સરસ રીતે વાંચી શકતા હતા. ચાર વરસની ઉંમરમાં તેમણે બે વખત બાઈબલ વાંચી લીધું અને તેર વરસની ઉંમરમાં લેટિન, ગ્રીક. હિબ્રુ, ફ્રેન્ચ, ઇટાલિયન, આદિ ભાષાઓ શીખી લીધી હતી.

(૬) સર વિલિયમ શેવન હેમિલ્ટે ત્રણ વરસની ઉંમ-રમાં હિબ્રુ ભાષા શીખવાનો આરંભ કર્યો હતો. અને સાત વરસની ઉંમરમાં તે ભાષામાં તેણે એટલી બધી નિપુણતા પ્રાપ્ત કરી લીધી હતી કે ડબ્લીનની ટ્રોનિટો કોલેજના એક ફેલોને સ્વીકારવું પડયું હતું કે કોલેજના ફેલોના પદના પ્રાર્થિયોમાં પણ તેની બરાબર જ્ઞાન નથી. તેર વરસની ઉંમરમાં તો તેણે ઓછામાં ઓછી તેર ભાષાપર અધિકાર જમાવી લીધો હતો.

(૭) ઈ સ. ૧૮૯૨ માં જન્મેલી એક છોકરી ઈ.સ. ૧૯૦૨ માં દશ વર્ષની અવસ્થાએ એક નાટક મંડલીમાં સંમિલિત થઈ હતી. તેણીએ એ ઉંમરમાં કેટલાંક નાટકો લખ્યાં હતાં. તેની માતાના કહેવા મુજબ તો પાંચ વરસની ઉંમરે તે કેટલીક નાની મોટી કવિતાઓ બનાવી લેતી. તેની

લખેલી કેટલી કવિતાઓ મહારાણી વિકટોરીઆની પાસે હતી. તે વખતે આ બાલિકાનું અંગ્રેજી જ્ઞાન પણ આશ્ચર્યજનક હતું.

(૮) જર્મનીના લ્યુબેકમાં ઇ. સ ૧૭૨૧ માં જન્મેલ ક્રીશ્ચિયન હેનકરે પોતાની પાંચ વરસ જેટલી ટૂંકી જિંદગીમાં બીજું કોઇ બાળક કે માણસ ન મેળવી શકે એટલી સિદ્ધિ મેળવી હતી. અઢી વરસની નાની વયે તો એ વિદ્વાનોના ગ્રંથો વાંચી શકતો હતો. ઇતિહાસના કોઇપણ પ્રશ્નોના સંતોષકારક ઉત્તર તે આપી શકતો. ભૂગોળના સવાલો પણ ઉકેલી શકતો. અને બાઇબલનો ગમે તે ફકરો ટાંકી શકતો. એટલું જ નહિં પણ લેટિન તથા ફ્રેન્ચ અને ગ્રીક ભાષા બહુ જ સરલતાથી બોલી શકતો. જો એ બાળક લાંબું જીવ્યો હોત તો કદાચ એક ભારે બુદ્ધિશાલી તરીકે દુનિયા-ભરમ એની ખ્યાતિ ફેલાઇ ચૂકી હોત. એની એવી શક્તિની ખાત્રી કરવા એ બાળકને એના ચોથા જન્મદિન પછી થોડા જ દિવસે સ્વિડીશ કોર્ટમાં બોલાવવામાં આવ્યો હતો. ત્યારે તેણે પોતાની અસાધારણ બુદ્ધિશક્તિનો પરિચય કરાવીને દરબારીઓને દીંગ કરી નાખ્યા હતા. કમનશીબે તેની તબીયત સારી રહેતી ન હતી. એ બાળવયમાં જ મૃત્યુ પામ્યો હતો.

પૂર્વજન્મમાં પ્રાપ્ત કરેલી શક્તિ બીજા ભવમાં ઘણી વખત આપોઆપ પ્રગટ થાય છે, એ આ બધાં દ્રષ્ટાંતોથી સુદ્રઢ બને છે.

ઉપરોક્ત રીતે થોડા પણ વિલક્ષણ મનુષ્યો આપણા જોવામાં આવે જ છે. અનેક ઠેકાણે તે વિલક્ષણ મનુષ્યો શિશુ દેહધારી, અપરિણત બુદ્ધિ, અશિક્ષિત–સુકુમાર બાળક બાલિકાઓ હોય છે. શાસ્ત્રોમાં તો એવી ઘણીયે હકીકતનાં દ્રષ્ટાંતો થોક બંધ જાણવા મળે છે. પરંતુ તે દ્રષ્ટાંતોને માન્ય રાખવામાં ઉપેક્ષા વૃત્તિવાળાઓ માટે આજની પ્રત્યક્ષગોચર પ્રમાણિક ઘટનાઓ જ અહિં દર્શાવી છે.

સમજવું જરૂરી છે કે પાછલા જન્મની સર્વ હકીકતો આપણને ભલે યાદ નથી, પરંતુ તેના સંસ્કાર અનેક પ્રસંગોએ આ ભવમાં પણ આપણા મનમાં સ્પષ્ટ કામ કરે છે.

ઉપરના દ્રષ્ટાંતોમાં જે બાળકોની ઘટનાઓ જણાવી છે, તેમાં આ ઢંગના સંસ્કાર બિલ્કુલ સ્પષ્ટ હોવાનું સિદ્ધ થાય છે. એવાં પણ બચ્ચાંઓ હોય છે કે કોઈપણ જાતના શિક્ષણ લીધા વિના હોશિયાર, સંગીતજ્ઞ, ગણિતના પારદર્શી અને જન્મથી જ કવિ હોઈ શકવાનું તે દ્રષ્ટાંતોથી આપણને સમજી શકાય છે. જેઓએ આ જન્મમાં તે તે વિદ્યાઓનો સ્વપ્નેય પણ અભ્યાસ નહિં કરેલો હોવા છતાં તેઓમાં એ વિદ્યાઓ કયાંથી આવી ? ત્યાં કહેવું જ પડશે કે જન્માંતરના સંસ્કારોનું જ એ ફળ છે.

વળી કોઇ કોઇ વખત દેખાય છે કે બે મનુષ્યો વચ્ચે પહેલ વહેલી થતી મુલાકાતમાં જ પાકી મિત્રતા યા શત્રુતા થઈ જાય છે. અગાઉ કોઈ વખત જાણ પીછાણ પણ નહિં હોવા છતાં પહેલી વારની જ મુલાકાત યા દ્રષ્ટિગોચરથી

અકારણ વિના મતલબે પણ એવી શત્રુતા યા મિત્રતા થવામાં પાછલા જન્મના સંચિત સંસ્કારના ઉદ્બોધનનું જ ફળ છે.

જીવ એક શરીરનો ત્યાગ કરીને અર્થાત્ મૃત્યુ પામ્યા બાદ નવીન શરીર ધારણ કરે છે. એવી રીતે વારંવાર નવીન શરીર ધારણ કરવાના ક્રમને શાસ્ત્રીય પરિભાષામાં "ભવ" કહે છે. એ પ્રમાણે આ સંસારચક્રમાં જીવે અનેક ભવ કર્યા છે. એવા અનેકવાર થયેલા ભવોમાં પ્રત્યેકજીવે અન્ય અનેક જીવોની સાથે વિવિધ ભવોમાં વિવિધ સંબંધોથી સંબંધિત બની, રાગ-દ્વેષના સંસ્કારો પોતાના આત્મપ્રદેશોમાં વાસિત કરેલા હોય છે. તે તે જીવોની સાથે રાગ-દ્વેષના ગાઢ સંબંધથી બની રહેલા મિત્રતા યા શત્રુતાના સંસ્કારોની પરંપરા કેટલાય ભવો સુધી ચાલુ રહે છે.

એમ પરંપરાગત આત્મામાં વાસિત બની રહેલ ભલા-બુરા સંસ્કારોના કારણે અન્ય ભવોમાં એકબીજા પ્રત્યે મિત્રતા યા શત્રુતાની લાગણી પ્રગટ થવા દ્વારા એકબીજાનું ભલું-બુરૂં કરવાની પ્રેરણા સ્વયં પ્રાપ્ત થય છે.

એવા સંસ્કારોના ફળસ્વરૂપ જગતના કેટલાય જીવો પોતાના કૌટુંબિક મનુષ્ય દ્વારા-જેમકે સગી માતા દ્વારા પુત્રનો વધ થયાનાં, પુત્ર દ્વારા પિતાનો વધ, અથવા સ્ત્રી દ્વારા પોતાના પતિનો વધ થવાનાં અનેક ઉદાહરણો શાસ્ત્રોમાં જોવામાં આવે છે. તેવાં ઉદાહરણોમાં બનેલી દુશ્મનાઇના મૂળ કારણભૂત તરીકે જન્માંતરની શત્રુતાના સંસ્કારોની

પરંપરાનો સ્પષ્ટ ઉલ્લેખ પણ જ્ઞાનિઓએ જૈનશાસ્ત્રોમાં વર્ણવેલ છે. આ રીતનાં દૃષ્ટાંતો પૈકીનાં કેટલાંક દૃષ્ટાંતો જૈન સંઘમાં વધુ રીતે પ્રચલીત પામેલાં છે.

જેમકે મૃત્યુબાદ સિંહણીના ભવને પામેલ માતાએ ગત ભવના વૈરભાવના સંસ્કારો જાગૃત થવાથી, કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહેલા પોતાના પૂર્વભવના પુત્ર, મુનિ અમરકુમારનો વધ કર્યાનું દ્રષ્ટાંત, તથા રાજ્યના લોભી બનેલા પોતાના પુત્રે કારાગૃહમાં નાંખી અનેક પ્રકારે કષ્ટ દેવાવાળા તે પુત્રના હાથથી જ પોતાનું મૃત્યુ થવાની બીકથી સ્વયં આત્મહત્યા કરીને મૃત્યુ પામેલ શ્રેણિક રાજાનો વૃત્તાંત, વળી પોતાના જ પતિ, પરદેશી રાજાને ઝેર દઇ ગળામાં નખ દઈને મારી નાખનાર સુરિકાન્તા રાણીની હકીકત જૈનશાસ્ત્રમાં વિખ્યાત છે.

પાર્શ્વનાથ ભગવાન તથા કમઠના જીવની વચ્ચે દશ ભવ સુધી રહેલી વૈરપરંપરા, તથા ત્રિપૃષ્ઠવાસુદેવે કાનોમાં રેડાવેલ ગરમ કરેલ શીશાના રસથી બનેલી શત્રુતાના ફળસ્વરૂપ શય્યાપાલકના જીવે, ગોવાળના ભવમાં શ્રી મહાવીરદેવના કાનોમાં ખીલા માર્યાનાં, ઇત્યાદિ અનેક દ્રષ્ટાંતો જૈનશાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. જે દ્રષ્ટાંતો સર્વજીવોની સાથે વૈર-બંધનથી દૂર રહી, મૈત્રીભાવી બની રહેવાની આપણને પ્રેરણા આપે છે. આવાં દ્રષ્ટાંતોદ્વારા ભવાન્તરના સંસ્કારો પ્રમાણિત થાય છે.

જીવવિના સંસ્કાર કોનામાં રહે ? અને જીવની શાશ્વતા ન હોય તો આ જન્મમાં શત્રુતાનું કારણ કોઈપણ રીતે નહિં

હોવા છતાં ય સામેની વ્યક્તિને કષ્ટ દેવાના સંસ્કાર ક્યાંથી આવે ? આ હકીકત જ પુનર્જન્મને અનુમાન પ્રમાણથી સત્ય પૂરવાર કરે છે. ભારતવર્ષમાં ઉત્પન્ન થયેલ વ્યક્તિઓને પણ ભારતવર્ષના શાસ્ત્રોમાં આ રીતે વર્ણવિત દ્રષ્ટાંતોનો કેટલાકને ખ્યાલ પણ હોતો નથી, એ કમશોચનીય ન કહેવાય.

ફક્ત ભારતમાં જ નહિં, પરંતુ યુરોપ આદિ પાશ્ચાત્ય-દેશોમાં પણ બની ગયેલી કેટલીક અદ્‌ભૂત અને ચમત્કારી ઘટનાઓ નાસ્તિકોના દિલમાં ય પૂર્વભવના અસ્તિત્વની શ્રદ્ધા ઉત્પન્ન કરે છે. અને મૃત્યુબાદ પણ આત્મા અન્ય દેહધારી અવસ્થામાં અસ્તિત્વ ધરાવવાનું પ્રમાણ કરાવે છે. આવી ઘટનાઓનો ઉલ્લેખ "શાયન્સ એન્ડ શેડોલ" નામે પ્રકાશિત એક અંગ્રેજી પુસ્તકમાં મળે છે. તે ઘટનાનું મૂળ ઉત્પત્તિ કારણ, વર્ત્તમાન દેહધારી અવસ્થાના પૂર્વજન્મમાં બંધાયેલ સંસ્કારો અને લેણાદેણી સંબંધોના જ ફળસ્વરૂપ, હોઈ શકવાનું માનવું પડે છે.

પૂર્વભવોમાં બની રહેલા વૈરભાવના સંસ્કાર, જીવોમાં કેટલીક વખત એટલા બધા અવ્યક્ત હોય છે કે ખુદ પોતાને પણ તેનો ખ્યાલ આવી શકતો નથી. તે ગુપ્ત સંસ્કારોના ફળસ્વરૂપ અને નહિં ચિંતવેલા નિમિત્તના સંયોગે ભવિષ્યમાં પોતાના જ હાથે પોતાના સ્નેહીની હત્યા થવાનો ખ્યાલ જીવને હોઈ શકતો પણ નથી. કોઈ દિવ્ય દ્રષ્ટા જ્ઞાનીપુરૂષદ્વારા, યા કોઈ જ્યોતિષી અથવા નિમિત્તજ્ઞ દ્વારા પહેલેથી ચેતવણી

આપવામાં આવે તો પામર મનુષ્ય, ભવિષ્યમાં બનવાની ઘટનાને નહિં બનવા દેવાનો પ્રયત્ન આદરે છે. પરંતુ તેવા પ્રયત્નના પરિણામે તો ભવિષ્યમાં થવાવાળા વૈરભાવના પ્રગટીકરણને અનુકુળસંયોગ પોતે જ તૈયાર કરી રહ્યો છે, અને પોતે તે સંયોગોના સન્મુખ જઇ રહ્યો છે, તેનું તે પામર મનુષ્યને ભાન પણ હોતું નથી. જે કાર્ય બનવામાં કારણ–ભુત પોતે જ અકસ્માત યોગે બની જઈ, દિવ્યદ્રષ્ટા યા નિમિત્તજ્ઞોએ કહેલ, ભવિષ્યમાં થવાવાળી ઘટનાને, સમયની પરિપકવતાએ સત્ય કરી બતાવે છે.—

જ્ઞાનિપુરૂષો અગર નિમિત્તજ્ઞોદ્વારા નિર્દેશિત કાર્ય નિશ્ચયપણે તે જ વ્યક્તિદ્વારા બને છે, ત્યારે આમ કેમ બન્યું ? એ રીતે જગત આશ્ચર્યમુગ્ધ બની જાય છે. છેવટે એવી ઘટનાદ્વારા પૂર્વજન્મની પ્રમાણિકતા સ્વીકારવી પડે છે. આ હકીકત સમજવા માટે "ઇડિપસ" નામે ગ્રીક દેશના એક વ્યક્તિની હકીકત અહીં દર્શાવાય છે.

# ઈડિપસ અને જેકાષ્ટા

ઘણા વર્ષો પહેલાં પૂર્વ ગ્રીસ દેશમાં થિબ્સ નામે એક નગર હતું. તે નગરમાં "લાઈયિસ" નામે રાજા હતો. તે રાજાને "જેકાષ્ટા" નામની રાણી હતી. વિવિધ વૈભવશાલી અને સુખસામગ્રીવંત હોવા છતાં રાજા લાઈયિસને એક કમનસીબ પુત્રની પ્રાપ્તિ થઈ.

આ રાજપુત્રની ભવિષ્યવાણીમાં એવું બતાવવામાં આવ્યું હતું કે રાજા લાઈયિસનો વધ કરીને આ રાજપુત્ર, પોતાની માતા રાજ્યરાણી જેકાષ્ટાની સાથે જ લગ્ન કરશે. પોતાનો પુત્ર અતિ સુંદર અને હસમુખો હોવા છતાં પણ ઉપરોક્ત ભવિષ્ય વાણીના હિસાબે માતા પિતાને લેશમાત્ર આનંદ ન હતો. રાજા લાઈયસે નોકરોને આજ્ઞા કરી કે આ બાળકને સિંથરોન નામે પર્વત ઉપરથી પટકીને મારી નાંખો.

રાજાની આજ્ઞાનુસાર મારાઓ તે બાળકને પટકવા લઈ તો ગયા, પરંતુ પટકવા સમયે તેમના હૃદયમાં દયા સ્ફુરી. જેથી તે મારાઓએ પર્વત ઉપરથી પટકીને મારી નહિં નાખતાં તે બાળકને અહીં તહીં ફરતા મનુષ્યના એક કાફલાને ભેટ કરી દીધો. તે કાફલાએ તે બાળકને કોરિન્થના રાજા પોલીબસને સુપ્રત કર્યો.

રાજા લાઈયસ અને રાણી જેકાષ્ટા કે જેઓ આ

બાળકનાં જન્મદાતા માતા પિતા હતાં. તેઓને આ હકીકતનો પત્તો પણ ન હતો. તેઓ તો એમજ સમજતાં હતાં કે કમનસીબ બાળકને જાનવરો ચીરીને ખાઈ ગયાં જ હશે. ભવિષ્યવાણીને જૂઠી બનાવી દીધી, એમ માનીને રાજા-રાણી સુખચેનથી રહેવા લાગ્યાં.

આ બાજુ કોરિન્થના રાજા પોલિબસ અને સંતાન-વિહોણી તેની પત્ની મિરોપને અણધારી આવી બાળકની પ્રાપ્તિથી તેઓને તો તે બાળકપર બહુ જ પ્રેમ વર્તતો હતો. અનુક્રમે આ ઇડિપસ મોટો થવા લાગ્યો. છતાં કોરિન્થના ઘણા લોકો ઇડિપસનો ભૂતકાળ જાણતા હતા કે આ બાળકને આ રાજા-રાણીએ એક ભ્રમણ કરતા મનુષ્યના કાફલા પાસેથી જ મેળવેલો છે.

એક સમય ઇડિપસ એક સમારંભમાં ગયો. ત્યાં કોઇએ શરાબના નશામાં "ઇડિપસ અનાથ પુત્ર" છે, એમ કહીને તેની મશ્કરી કરી. આ વાત સાંભળીને ઇડિપસ નારાજ થઈને ઘેર ગયો. ઘેર જઇને તેની કહેવાતી માતા મિરાપને પૂછ્યું કે હું સત્ય રીતે કોનો પુત્ર છું? માતાએ ઇડિપસની વાતને ઉડાવી દીધી.જેથી હતાશ પામેલા ઇડિપસે પોલિબસને સત્ય હકીકત જણાવવાનું કહેતાં તેમના તરફથી સંદેહાત્મક જ પ્રત્યુત્તર મળ્યો. અને વધુ નહિં કહેવાનો તેણે આગ્રહ રાખ્યો. કારણ કે પોલિબસે વિચાર્યું કે આ બાળક પોતાના માબાપના વિષયમાં વિશેષ જાણકારી પ્રાપ્ત કરી લેશે તો તેનું પરિણામ અત્યંત ગંભીર આવશે.

પોતાના ભૂતકાળની સત્ય ઘટના કોઈએ નહિં કહેવાથી ઇડિપસે અંપાલાના પવિત્ર સ્થાને જઈ પોતાનું ભવિષ્ય જાણવાનો સંકલ્પ કર્યો.

તે કોરિન્થથી કોઈને કહ્યા વિના ભાગી છૂટયો. અને ચાલીને "ડેલ્ફી" આવ્યો. ત્યાં આવીને એક વિદ્વાનને પોતાનું ભવિષ્ય પૂછતાં પ્રત્યુત્તર મળ્યો કે હે ! અપશુકનીયાલ યુવક ! તારે તારા પિતાથી દૂર રહેવું. તું તારા પિતાને મળીશ તો તારા જ હાથે તારા પિતાનું અવશ્ય મૃત્યુ થશે. અને ત્યારબાદ તું તારી માતા સાથે જ લગ્ન કરીશ.

આવી ભવિષ્યવાણી સાંભળીને ઇડિપસ કંપી ઉઠયો. તેના હૃદયમાં એ વિશ્વાસ ઉત્પન્ન થયો કે મિરોપ અને પોલિબસ જ પોતાનાં વાસ્તવિક માતા પિતા છે. પરંતુ મારૂં ભવિષ્ય, ઉપરોક્ત રીતે હોવાનો તેમને ખ્યાલ હશે, તેથી જ તેઓએ મારી પૂછેલ હકીકતનો ખુલાસો નહિં કર્યો હોય.

અહિંયાં આ વિદ્વાને કહેલ ભવિષ્યવાણી પ્રમાણે ઘટના બનવા ન પામે એ હેતુને અનુલક્ષીને જ મારાં આ માતા પિતાએ મારા જન્મની વાતને છૂપાવી હશે. એ રીતે ઇડીપસે મનમાં માની લીધું. મિરોપ તથા પોલિબસ સિવાય અન્ય કોઈ, પોતાનાં માતા પિતા હોવાની શંકા તેના દિલમાંથી ખસી ગઈ.

આ પ્રમાણે દૃઢ વિચાર કરી તે ડેલ્ફીથી બીઓટિઆ તરફ આવ્યો. રસ્તામાં નાળાની પાસે એક વૃદ્ધ માણસ જેમાં

બેઠેલ હતો એવો એક રથ મળ્યો. રથની આગળ એક ઘોડેસ્વાર ચાલતો હતો. તે, સામે આવનાર કોઈ પણ વ્યક્તિને રસ્તા ઉપરથી ખસી જઈને રથને માર્ગ આપવાનો હુકમ કરતો હતો.

ઇડિપસને પણ તે ઘોડેસ્વારે રસ્તા પરથી ખસી જવાનો હુકમ કર્યો. પરંતુ ઇડિપસે રસ્તો નહિં છોડવાથી તે ઘોડેસ્વારની સાથે તેને યુદ્ધ થયું. અને ઘોડેસ્વારને તેણે મારી નાખ્યો. રથમાં બેઠેલા વૃદ્ધે તે જોઇને ઇડિપસ ઉપર આક્રમણ કર્યું. પરંતુ તે નિષ્ફળ ગયું. ઉલટું ઇડિપસ તેને પણ મારી નાખીને ચાલતો થયો. આ રીતે ઇડિપસના હાથે ઘોડેસ્વાર તથા વૃદ્ધ મહારથીનું ખૂન થયું.

ઇડિપસે જે વૃદ્ધમહારથીનું ખૂન કર્યું, તે અન્ય કોઈ વ્યક્તિ ન હતો. પરંતુ તેનો સાચો પિતા લાઇયસ જ હતો. ઇડિપસ તો એમ જ સમજતો હતો કે ભવિષ્યવાણી નિષ્ફળ બનાવવા માટે હું જેને છોડીને ચાલી નીકળ્યો છું, તે પોલિબસ જ મારા સાચા પિતા છે. તે તો એ મહારથી સાથે થયેલ પોતાના વિજયની ધૂનમાં જ આગળ ચાલ્યો.

વૃદ્ધ લાઇયસ અને ઇડિપસની લડાઈ ચાલી રહી હતી ત્યારે આ રથ હાંકનાર સારથી પોતાનો પ્રાણ બચાવવાને માટે લાઇયસ રાજાને લડતો જ છોડી ચાલ્યો ગયો હતો. પોતાની કાયરતા છૂપાવવા માટે તેણે રાજધાની થિબ્સમાં જઈ એવા સમાચાર કહ્યા કે બિઓટિઆના માર્ગમાં એક

રસ્તા ઉપર લુંટારાઓના મોટા સૈન્યે રાજા લાઈયસની હત્યા કરી નાંખી છે.

ત્યારબાદ એક શહેરથી બીજા શહેરમાં ફરતાં ફરતાં ઇડિપસ તે થિબ્સ નગરમાં જ આવી પહોંચ્યો. પોતાને ખબર ન હતી કે આ જ મારી જન્મભૂમિ છે. તેણે આખા શહેરને શોકાતુર દેખ્યું. નગરવાસીઓ દુઃખી હોવાનાં બે કારણો હતાં. એક તો રાજાનું મૃત્યુ અને બીજું કારણ એ હતું કે એક ભયાનક જાનવરના કારણે સર્વ નગરવાસીઓ ચિંતામગ્ન દેખાતાં હતા. આ જાનવરને બધા લોકો સ્ફિંક્સ નામથી ઓળખતા હતા. જો કોઈ આ જાનવરની પાસે જતું તો તે માણસને આ જાનવર નવીન સમસ્યામૂલક પ્રશ્ન કરતું. જો તેના પ્રશ્નોનો ઉત્તર નહિં મળતો તો તે જાનવર, તે તે માણસનું ભક્ષણ કરી જતું. જ્યાં સુધી તે જાનવરને પોતાના પ્રશ્નનો સાચો જવાબ નહિં મળતો ત્યાં સુધી રાત દિન ફરતું રહીને સર્વને પરાસ્ત કરતું હતું. થિબ્સની રાણી જેકાષ્ટાના ભાઈને પણ તે જાનવર ખાઈ ગયું હતું. તેથી કરીને જેકાષ્ટાના પિતા ક્રેરોએ પટહ વગડાવી જાહેર કર્યું કે જે માણુસ આ જનાવરને કોઈ પણ રીતે ભગાડી શકસે તો તે માણુસને થિબ્સનું રાજ્ય સુપ્રત કરી દઈ, વિધવારાણી જેકાષ્ટાનું તેની સાથે લગ્ન કરવામાં આવશે.

ઈડિપસ આ નગરમાં ફરી રહ્યો હતો. તેણે આ સમાચાર સાંભળીને વિચાર્યું કે આ બાબતનો હું પણ પ્રયત્ન કરૂં, કદાચ તે પ્રયત્નમાં હું નિષ્ફળ બનીશ અને તે

જાનવરથી મારૂં મૃત્યુ થશે તેથી તો હું મારા દુર્ભાગ્યથી મુક્ત બનીશ.

એવો વિચાર કરીને તે જાનવર જ્યાં રહેતું હતું ત્યાં જવા માંડયો. માર્ગમાં અનેક માનવીઓનાં હાડકાંના ઢગ પડયા હોવા છતાં તે જરા પણ ભયભીત ન થયો. કારણ કે તેને મરવાનો ભય તો હતો જ નહિં. તે તો મૃત્યુને જ ઇચ્છતો હતો. ચાલતાં ચાલતાં તેણે એક ઉંચા સ્થાન પર બેઠેલા વિચિત્ર જાનવરને જોયું. જેનું શરીર સિંહ જેવું, પાંખ ગારૂડ પક્ષી જેવી, અને મસ્તક નારીના મસ્તક જેવું હતું. આ વિચિત્ર શરીરધારી જાનવર જ સ્ફિં-ક્સ હતું. તેને જોવા છતાં પણ ઇડિપસ ભયભીત નહિં બનતાં તે જાનવરને પોકારીને તેણે કહ્યું કે તારે જે પ્રશ્ન પૂછવો હોય તે, મને પૂછ.

જાનવરે પૂછ્યું કે એવું કયું પ્રાણી છે કે જે પોતાના પગોની સંખ્યા બદલતું રહે છે. તે સવારે ચાર પગથી, બપોરે બે પગથી અને સાયંકાળે ત્રણ પગથી ચાલે છે. જ્યારે તેને બે પગ હોય છે, ત્યારે તે વધુ શક્તિશાલી હોય છે. આ પ્રમાણે કહીને તે ઇડિપસની સામે ક્રૂર અને ભયાનક દ્રષ્ટિએ જોવા લાગ્યું.

ઇડિપસે હસતાં હસતાં કહ્યું કે તારો પ્રશ્ન બિલકુલ સહેલો છે. તે પ્રાણિ અન્ય કોઇ નહિં પણ માણસ જ છે. કારણ કે તે બાલ્યાવસ્થામાં ચાર પગથી, યુવાવસ્થામાં બે

પગથી તથા વૃદ્ધાવસ્થામાં લાકડીના ટેકાથી અર્થાત્ ત્રણ પગથી ચાલે છે.

કઠિનમાં કઠિન પ્રશ્નનો સત્ય ઉત્તર મળી જવાથી તે જાનવર રોષે ભરાઇ ભાગી ગયું. ઇડિપસે જાનવરને ભગાડી મૂક્યાના સમાચાર બધે પ્રસરી જતાં નગરવાસીઓએ તેનું અપૂર્વ સ્વાગત કર્યું. ઇડિપસ તે થિબ્સનો રાજા બની ગયો. અને વિધવા રાણી જેકાષ્ટા તેની પત્ની બની ગઈ.

ઇડિપસ તો મનમાં એમ જ સમજતો હતો કે મારી સાચી માતા તો મિરોપ જ હતી. જેથી ભાગ્યમાં લખાયેલી વાત પલટી ગઇ. અને મારી કમનસીબીની વાત ઉડી ગઇ.

રાણી જેકાષ્ટાની સાથે વિષય સુખ ભોગવતાં કેટલાંય વર્ષ વ્યતીત થઈ ગયાં. જેકાષ્ટા પોતાનાથી બહુ જ વધુ ઉમરની હોવા છતાં પણ ઇડિપસ તેને ખૂબ જ ચાહતો હતો. જેકાષ્ટા પણ તેને સન્માન અને મમત્વથી જોતી હતી. ઇડિપસને પતિ તરીકે સ્વીકાર્યા બાદ તેને ચાર સંતાન થયાં. તેમાં ઇટીયાકલિસ અને પોલીનીસ નામે બે પુત્રો, તથા એન્ટીગોન અને ઇસમેન નામે બે પુત્રીઓ હતી. આ બાળકો જ્યારે મોટાં થયાં ત્યારે રાજ્ય ઉપર મહાન આફતનાં વાદળ ઉપસ્થીત થયાં. આ આફત ટાળવા માટે પ્રજાએ ઇડિપસ રાજાને પ્રાર્થના કરી. જેથી રાજાએ આફતનું કારણ જાણવા માટે ટેરિસિઆલ નામે એક સંતને પૂછાવ્યું.

ત્યાંથી પ્રત્યુત્તર મલ્યો કે રાજા લાઈયસના રક્તનો બદલો નહીં મળવાથી શિક્ષારૂપે આ આફત આ રાજ્ય

ઉપર આવી છે. આ સાંભળીને ઇડિપસે પહેલાં તે તે મૃત રાજાના મૃત્યુની તપાસ કરાવવાનો પ્રારંભ કરી મારી નાંખનારને કડકમાં કડક શિક્ષા કરવાની પ્રતિજ્ઞા કરી. એ પ્રમાણે પ્રતિજ્ઞા કરીને તે બાબતનો સત્ય ન્યાય કરવા માટે તેણે ટેરિસિયાલ સંતની અનુજ્ઞા માગી. આ ટેરિસિયાલ સંત યુવાવસ્થાથી જ અંધ બની ગએલ હતા. પરંતુ અથોન નામની દેવીની કૃપાથી તે ત્રિકાળજ્ઞાની બન્યા હતા. જેથી કરીને તે ભૂતકાળની ઘટનાઓ જાણી શકતા હતા.

ઇડિપસે તેમને પૂછયું કે રાજા લાઇયિસને મારી નાખનારનું નામ તમારા જ્ઞાનથી મને જણાવો. સંતે તેને ખુબ સમજાવી ઉત્તર દેવાની સ્પષ્ટ ના પાડી. ઇડિપસે બહુ જ પ્રાર્થના કર્યા છતાં પણ સંતે હત્યારાનું નામ કહેવાનો સ્પષ્ટ ઈન્કાર કર્યો. ત્યારે ઇડિપસે કહ્યું કે તમે વાત છૂપાવો છો, તેનું કારણ એજ છે કે તમે પોતે જ રાજાની હત્યા કરી લાગે છે. આ આરોપ સહન નહિં કરી શકવાથી તે સંતે કહ્યું કે જો તારે સાચી વાત જાણવી જ છે, તો હે રાજા તું સાંભળ. તેં પોતે જ રાજા લાઇયિસની બિઓટીયા જવાના માર્ગમાં હત્યા કરી છે. અને તારા કારણે જ આ રોગની આફત, શહેર ઉપર ઉતરી છે.

સંતે કહેલ આ હકીકતથી ઇડિપસને ભૂતકાળની ઘટના યાદ આવી. અને બિઓટિઆના માર્ગપર વૃદ્ધ મહારથીના પોતે કરેલ ખુનનું સંપૂર્ણ ચિત્ર તેના હૃદયમાં ખડું થયું. તે જલ્દી જેકાષ્ટાની પાસે પહોંચ્યો. અને રાજા લાઇયસની

હકીકત પૂછતાં જેકાષ્ટાએ પણ જે હકીકત બની હતી, તે તેને જણાવી. જેકાષ્ટાએ કહેલી તે હકીકતનું વર્ણન ઇડિપસે કરેલ હત્યાની સાથે બરાબર મળી ગયું. અને રાજા લાઇઅસની હત્યા મારા જ હાથે થયેલ હોઈ અપરાધી હું જ છું, એમ ઇડિપસે કહ્યા છતાં પણ જેકાષ્ટાએ ટેરિસિઆલ સંતની વાતને જૂઠી ઠેરાવીને કહ્યું કે "સંતો દ્વારા પણ કહેવાએલી વાત કેટલીક વખતે ગપગોળા હોય છે." કારણકે ભવિષ્યવાણી અનુસારે તો રાજા લાઈઅસનું મૃત્યુ અમારા પુત્રના હાથે જ થવાનું હતું. એ પુત્રને તો અમોએ મરાવી નાખ્યો હતો. આ પ્રમાણે જેકાષ્ટા કહી રહી હતી, ત્યારે બાજુમાં ઉભેલા એક વ્યક્તિએ કહ્યું કે તે બાળકને મારી નાખવા માટે મને જ સોંપેલ, પરંતુ અમને દયા આવવાથી તે બાળકને નહિં મારતાં એક મનુષ્યના કાફલાને જ અમોએ તે બાળક સુપ્રત કરી દીધો હતો. અને તે ખરી વાત અમોએ આપનાથી છૂપાવી રાખી હતી.

હવે તો સત્ય વાત મળી ગઈ. જેકાષ્ટાને પણ માલુમ પડી ગયું કે આ ઈડિપસ જ પોતાનો પુત્ર છે. તથા ઇડિપસને પણ વિશ્વાસ આવ્યો કે તેણે પોતાના પિતાની હત્યા કરીને પોતાની મા સાથે જ લગ્ન કર્યું છે. જેકાષ્ટા એકદમ બૂમ પાડી ભાગી ગઈ. શરમના લીધે તેના શરીરની નસેંનસો ત્રુટવા લાગી. પોતાના કમરામાં જઈ ફાંસી ખાઇને તે મરી ગઇ. ઇડિપસે પણ અત્યંત દુઃખી બની જઇ જેકાષ્ટાના શબ પાસે બેસીને ખૂબ રોયો. અને બોલ્યો કે દુઃખનો અંત તો

આવી ગયો, પરંતુ મારા માટે મૃત્યુ એ સામાન્ય શિક્ષા ગણાય. એમ કહીને તેણે જેકાષ્ટાની કમરમાંથી બકલ કાઢીને તેના વડે પોતાની બન્ને આંખો ફોડી નાખીને ચાલતો થયો.

આ સર્વ હકીકત લોકોમાં ફેલાઈ ગઈ. લોકો ઇડિપસ તરફ ઘૃણાદ્રષ્ટિથી જોવા લાગ્યા. તેના પુત્રો પણ તેનાથી અલગ થઈ ગયા. ફક્ત બે પુત્રીઓ જ તેની સાથે ચાલી. શહેરની બહાર નીકળ્યા પછી એક પુત્રી તો પાછી ફરીને શહેરમાં આવી ગઈ. પરંતુ બીજી પુત્રી એન્ટીગોન તે ઇડિપસની સાથે રહી.

એક આંધળા ભિક્ષુકના રૂપે એક શહેરથી બીજા શહેરમાં ઇડિપસ ફરવા લાગ્યો. તે શરમ અને દુઃખથી પીડાતો જ રહ્યો. છેવટ અથેન્સમાં આવી ત્યાના કોલોબસ નામના મંદિરમાં પિતા પુત્રી ઠહેરી ગયાં. તે આંધળો અને ગરીબ ઈડિપસ તથા પુત્રી એન્ટીગોન મરણ સુધી સાથે રહ્યાં.

વર્તમાન ભવમાં એક જીવદ્વારા અન્ય જીવને થતા ભલા–બુરા પ્રસંગોમાં તે તે જીવોના પૂર્વભવના મિત્રતા યા દુશ્મનાવટના સંસ્કારો જ કારણ રૂપે હોય છે. આ પૂર્વભવી સંસ્કારોનું ઉત્પાદન તે તે ભવોમાં તે તે જીવોને કયા કયા કારણોથી થયું તેનું સમાધાન તો દિવ્યદ્રષ્ટા જ્ઞાની પુરૂષો જ કરી શકે. ભલુ–બુરૂં કરનાર ખુદ પોતાને પણ તેનો ખ્યાલ આવી શકતો નથી.

ભવાંતરીય અન્યોન્ય દુશ્મનાવટના સંસ્કારી જીવો વર્ત્તમાન ભવમાં અન્યોન્ય દુશ્મનાઇવાળા સંયોગોમાં જ જન્મ પામે, કે ભવાંતરીય અન્યોન્ય મિત્રતાવંત સંસ્કારી જીવો વર્ત્તમાન ભવમાં અન્યોન્ય મિત્રતાઈવાળા સંયોગોમાં જ જન્મ પામે એવું એકાંત નથી. તે રીતે પણ હોય, અને વિપરીત સંયોગી પણ હોય. કારણ કે માતાના હાથે પુત્રનો કે પુત્રના હાથે માતાનો યા પિતાનો, સ્ત્રીના હાથે પતિનો કે પતિના હાથે સ્ત્રીનો વધ થવાના પ્રસંગોમાં પ્રથમ તો મિત્રતાઇવાળો સબંધ હોવા છતાં પણ કોઇ એવું બાહ્યનિમિત્ત ઉપસ્થીત થતાં ભવાંતરીય વૈમનસ્યવૃત્તિની જાગૃતિ થવા વડે સંબંધી-જનોના હાથે પણ પોતાનું મૃત્યુ થવા પામે છે. એ રીતે મૃત્યુ થવામાં બાહ્યરીતે તો તત્કાલીન સંયોગો જ નિમિત્ત રૂપે આપણને જણાય છે. પરંતુ વાસ્તવિક રીતે આંતરીક કારણરૂપે તો જન્માંતરીય વૈરભાવના સંસ્કારોના જ આવિષ્કારો છે.

ઉપરોક્ત ઇડિપસના પ્રસંગમાં આપણને વિચાર ઉત્પન્ન થાય કે આમ કેમ બન્યું ? ભવિષ્યવાણી મિથ્યા કરવાનો પ્રયત્ન કરવા છતાં પણ બનવાનું હતું તે જ કેમ બન્યું ? આના સમાધાનમાં તત્ત્વદ્રષ્ટિએ આપણે વિચાર કરીશું તો આપણને સ્પષ્ટ સમજાશે કે આમાં જન્માંતરીય વૈરવૃત્તિના સંસ્કારોએ જ ભાગ ભજવ્યો ગણાય.

## પુનર્જન્મની સાબિતી સિદ્ધ કરતા પ્રત્યક્ષ પ્રસંગો

દરેક પ્રાણિને તે જાણે કે ન જાણે પણ પૂર્વ કર્મનો વેગ ખેંચી જાય છે. પ્રકૃતિની એ અચૂક શક્તિ છે. અને તે પોતાનો હિસાબ પતાવીને જ જંપે છે.

મકરંદ દવેએ લખેલી "યોગી હરનાથના સાન્નિધ્યમાં" નામની નાની પુસ્તિકામાં રજુ થયેલા કેટલાક બનાવો મતિને મુંઝવી દે તેવા છે. તેમાં પુનર્જન્મની માન્યતા સાથે સંકળાયેલો એક બનાવ ઘણો રસિક છે.

એક દિવસ ગિરનારી યોગી શ્રી હરનાથ સાથે મકરન્દ દવે બેઠા હતા. ત્યાં એક ભાઈ આવ્યા. તે રેલ્વેમાં નોકરી કરતા હતા. મકરન્દ દવે તેમનાથી પરિચિત હતા. આ ભાઈના ચહેરાપર ઘેરો વિષાદ છવાયેલો હતો.

તેમના વિષાદનું કારણ તેમની વાત ઉપરથી જણાઈ આવ્યું. તેમની નાની છોકરી ભંડકીયામાં છાણાં લેવા ગઈ ત્યારે સાપ કરડયો. સાપે દાઢ એટલા જોરથી બેસાડી કે છોકરીએ હાથ ખેંચી લીધો છતાં સાપ છૂટયો નહિ. છોકરીની ચીસ સાંભળી ઘરનાં બધાં દોડી આવ્યાં. છોકરીને તત્કાળ દવાખાને પહોંચાડી. ત્યાં ખીલતી કુંપળ કરમાઈ ગઈ. છોકરીએ દેહ છોડયો. આ છોકરીને સાપ કરડયો તે પહેલાં

તેની વૃદ્ધ દાદી છાણાં સરખાં કરવા ગયાં હતાં, છતાં તેમણે સાપ જોયો ન હતો.

મૃત છોકરીના પિતાની વાત સાંભળી યોગી હરનાથે ન કોઈ આશ્વાસન આપ્યું કે ન કોઈ ઉપદેશ આપ્યો. પેલા ભાઈ તરફ એક અત્યંત કરૂણાભરી દ્રષ્ટિ નાખી તે ઉંડા ધ્યાનમાં સરકી ગયા. થોડીવાર શાંતિ છવાઈ ગઈ. યોગી હરનાથે નેત્રો ખોલ્યાં ત્યારે તેમાં જુદી જ ચમક હતી. થોડી ગહન વાતચીત કરી તેમણે છોકરીના પિતાને યોગદ્રષ્ટિનો પ્રત્યક્ષ અનુભવ કરાવ્યો. યોગી હરનાથે પેલા ભાઇને પૂછ્યું:—

"તમે આ પહેલાં, ગામના સ્ટેશન માસ્તર તરીકે કામ કરતા હતા? "જી, હા." પેલા ભાઇએ જવાબ આપ્યો. "ત્યારે તમારા કવાર્ટર્સની સામે એક લીમડો હતો, લીમડા નીચે પાણીની નાંદી હતી અને તમે ત્યાં બકરી બાંધતા?" "જી, હા." "અચ્છા! એ જગ્યાની પાસે એક બગીચા જેવું હતું ને ત્યાં તમારી દીકરી ઘણીવાર ફૂલો લેવા જતી" "જી, હા." પૂજાનાં ફૂલો અમે એ ફૂલવાડીમાંથી લાવતા અને મારી દીકરી ઘણીવાર ફૂલો લેવા જતી. "ત્યારે તમારી દીકરીને પગે ખરજવું થયું હતું?" "હા, બરાબર. ઘણા ઉપચારો કરેલા પણ મટતું નહોતું." તો એ સમયે પણ આ સર્પે તેને ફુલવાડીમાં દંશ દેવા પ્રયત્ન કર્યો હતો. પણ સમય પાકચો ન હોવાથી એ ફાવ્યો નહોતો. ત્યાંથી એ માલગાડીના વેગનમાં ચડચો. અહીં ઉતર્યો. યોગી હરનાથે તે ભાઈને જણાવ્યું.

પેલા ભાઈ તો આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. યોગી-હરનાથે જે સ્થળનું વર્ણન કર્યું ત્યાં તે યોગી કદી ગયા જ ન હતા. વળી આ છોકરીને પણ જોઈ નહોતી. યોગી હરનાથે આગળ કહ્યું.

"આટલી સ્થૂલ ભૂમિકાની વાત એટલા માટે કરી કે એની પાછળ રહેલી જે સ્મરણશક્તિ કાર્ય કરે છે, એની તમને પ્રતીતિ થાય."

યોગી હરનાથ જો આટલેથી અટકી ગયા હોત તો તેમની ભૂતકાળની દ્રષ્ટિ વિષેની શક્તિનો પરિચય મળ્યો ગણાત. પણ યોગદ્રષ્ટિ આગળ વધી. ભૂતકાળની આટલી વાત કરી ભવિષ્યનું સૂચન આપતાં યોગી હરનાથે પેલા ભાઇને કહ્યું.

તમારી દીકરીના મરણથી તમે એને સદાને માટે ખોઈ નથી. અફસોસ ન કરશો. તમારી સાથે એનો ૠણાનુબંધ હજુ છે. અને તમારે ત્યાં એ ફરીવાર દીકરી તરીકે જન્મ લેશે. તમારી પેલી છોકરીનો જ જીવાત્મા આવ્યો છે, એની નિશાની પણ તમને મળી જશે. એના પગે ખરજવા જેવો ડાઘ હશે.

મૃત્યુ પામેલી છોકરીના પિતાના ચહેરા પરથી ઉદાસી ચાલી ગઈ. તેના ચહેરા પર શ્રદ્ધાનો નવો ઝગારો હતો. આ ભાઇને ત્યાં પછી પુત્રીનો જન્મ થયો. અને તેના પગે ખરજવા જેવો ડાઘ પણ હતો.

બીજા અદ્ભુત કિસ્સામાં એવું બને છે કે યોગી

હરનાથ પાસે, બીજો એક, આડે રસ્તે ચડી ગયેલો યોગી આવીને વિનંતી કરે છે. આ પતિતયોગી હરનાથને જણાવે છે કે પોતાના પાપ ભરાઈ જવાથી તે થોડા સમયમાં મૃત્યુ પામવાનો છે. તે પછીના જન્મમાં શું થવાનો છે, ક્યાં જન્મવાનો છે, તેનો અણસાર આપે છે. તે હરનાથને જણાવે છે કે અમુક વર્ષો પછી હરનાથના ગુરૂ તેને આ બંધનોમાંથી મુક્ત કરી શકશે.

આશ્ચર્યકારક રીતે આ પતિતયોગી મરી જાય છે. અને તેણે ભાંખેલી ભવિષ્યવાણી પ્રમાણે તેની પછીના જન્મમાં ગતિ થાય છે. તેમજ હરનાથના ગુરૂ તેને મુક્તિ અપાવે છે. આખો પ્રસંગ ઘણો વિસ્મયકારક છે.

ઉપર દર્શાવેલા બન્ને બનાવોમાં પછીના જન્મ વિષેની આગાહી છે. તે આગાહી પ્રમાણે હકીકતો બનતી જોવામાં આવવાથી પુનર્જન્મના મત પ્રત્યે શ્રદ્ધા જન્મે છે.

આ રીતે આવા પ્રકારના સંસ્કારોથી પણ જન્માંતર (પૂર્વભવ) સિદ્ધ થાય છે. પરંતુ એવા પણ પ્રગાઢ જડવાદીઓ હોય છે કે તેમના અવિશ્વાસરૂપ દુર્ભેદ્ય કિલ્લાને યુક્તિઓ પણ તોડી શકતી નથી. જેઓ પ્રત્યક્ષ પ્રમાણ વિના અન્ય કોઈ વાત ઉપર વિશ્વાસ કરતા નથી, તેવાઓને કેટલાક પ્રત્યક્ષ પ્રમાણ પણ બતાવવાં જરૂરી છે. એટલે હવે જાતિસ્મરણ (પૂર્વભવનું સ્મરણ) ના કેટલાક પ્રત્યક્ષ પુરાવા બતાવતાં દ્રષ્ટાંતો વિચારીએ.

વિશ્વના દરેક પ્રાણિમાં ન્યૂનાધિકપણે જ્ઞાનશક્તિ તો રહેલી જ છે. લેશ માત્ર પણ જ્ઞાન રહિતને જીવ કહેવાય જ નહિં. આ જ્ઞાનશક્તિદ્વારા જ્ઞેયવસ્તુનું જ્ઞાન, ઇન્દ્રિયોથી જ જીવ અનુભવે. દરેક જીવોને વસ્તુના રૂપ-રંગ-રસ-ગંધ અને સ્પર્શરૂપ પદાર્થવિષયો, વિશેષે કરીને પોતાની ચક્ષુ-આદિ ઇન્દ્રિયોની પ્રત્યક્ષતામાં જ અનુભવાય. અર્થાત્ જ્ઞેય-પદાર્થનું જ્ઞાન તે ઇન્દ્રિય પ્રત્યક્ષતામાં જ થઈ શકે. પરંતુ કેટલાક દિવ્યદ્રષ્ટા પુરૂષોની એવી પણ જ્ઞાનશક્તિ હોય છે કે બહુ દૂર દૂર રહેલ ઇન્દ્રિયપરોક્ષ વસ્તુના સ્વરૂપને કોઈ જાતના સાધન વિના પણ જાણી શકે છે. આવી જ્ઞાનશક્તિને અતીન્દ્રિય જ્ઞાનશક્તિ કહેવાય છે.

ભારતના આધ્યાત્મિક શાસ્ત્રોમાં અધ્યાત્મિક મહાપુરૂષોના જીવનચરિત્રોદ્વારા અતીન્દ્રિય જ્ઞાનઅંગે સંખ્યાબંધ ઉલ્લેખો મળે છે. એટલું જ નહિં પણ આવી કેટલીક શક્તિઓ પ્રાપ્ત કરનારા વ્યક્તિઓ વર્તમાનમાં પણ હોવા છતાં તેઓ આવી શક્તિઓની ક્યાંય પણ જાહેરાત થવા દેતા નથી. તેમ છતાં તે દિવ્યદ્રષ્ટા મહાપુરૂષના નિકટવર્તી પરિચયકારકને કોઈ પ્રસંગે ઓચિંતો તેનો ખ્યાલ આવી જતાં જગતપ્રસિદ્ધ પણ થઈ જાય છે.

ભારતની માફક પશ્ચિમના દેશમાં પણ હવે તો આવી અતીન્દ્રિય જ્ઞાનશક્તિધારક મનુષ્યો હોવાના કેટલાય દાખલા, વર્તમાનપત્રોની જાહેરાત દ્વારા જાણવા મળી રહે છે. અતી-ન્દ્રિય જ્ઞાનની હકીકત અંગે પશ્ચિમ દેશોમાં પહેલાં તો

હાંસી થતી હોવાથી તે શક્તિની આકસ્મિક સ્ફુરણા પામનાર વ્યક્તિઓ પોતાનો તે અનુભવ લોકોને કહેતાં પણ અચકાતા હતા. પરંતુ હવે તો ત્યાં આવી હકીકતોનું વૈજ્ઞાનિક સ્તરે સંશોધન ચાલી રહ્યું છે. આજથી ચાલીસેક વર્ષ પૂર્વે, અમેરિકામાં ડયુક યુનિવર્સિટીના આશ્રયે ડયુક પેરાસાઈકોલોજી લેબોરેટરીમાં આ કામ હાથ ધરાયું છે. આ સંશોધનના પ્રમુખ સંચાલક શ્રી જે. બી. રહાઈન લખે છે કે માનવી અતીન્દ્રિય જ્ઞાનશક્તિ પણ ધરાવી શકે છે, એ હવે એક નિર્વિવાદ હકીકત બની ચૂકી છે.

આધુનિક પરામનોવિજ્ઞાને કોઈ પણ ઇન્દ્રિયની મદદ વિના થતી આવી અતીન્દ્રિય જ્ઞાનશક્તિનું નામ એક્સ્ટ્રા સેન્સરિ પર્સેપ્શન–ઈ. એસ. પી. આપ્યું છે. અંગ્રેજીમાં સામાન્ય રીતે આના માટે "કલેર વૉયન્સ" ટેલીપથિ અને "ઇન્ટયૂશન" શબ્દો પ્રચલિત છે.

મનુષ્યમાં રહેલી તે અતીન્દ્રિય શક્તિના આધારભૂત અને દેહથી સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતું કોઈ તત્ત્વ શરીરમાં વસેલું છે, એ સૂચવતા કેટલાક નિશ્ચિત પૂરવાઓ પણ હવે ત્યાં મળી ચૂક્યા છે. જે તત્ત્વને આપણે "આત્મા" તરીકે જાણીયે છીએ. વધુમાં પુનર્જન્મના વિષયમાં પણ આ પરા-મનોવિજ્ઞાન (પેરાસાઈકોલોજી) દ્વારા વ્યાપક સંશોધનો થઈ રહ્યાં છે.

આમ પશ્ચિમમાં પુનર્જન્મનો સિદ્ધાન્ત પણ વધુને

વધુ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી રહ્યો છે. અને ત્યાં પુનર્જન્મની હિમાયત કરતું વિપુલ સાહિત્ય બહાર પડી રહ્યું છે.

વર્ષોથી આ વિષયનો અભ્યાસ કરી રહેલ, મેલબોર્ન યુનિવર્સિટીના એક વૈજ્ઞાનિક ડૉ. રેયૂનોર જોન્સન "ધ ઈન્પ્ર-અન્ડ સ્પલેન્ડર" નામના પોતાના પુસ્તકમાં પરામનોવૈજ્ઞાનિક સંશોધનાની ચર્ચાનો ઉપસંહાર કરતાં, અંતે લખે છે કે "ટૂંકમાં, મૃત્યુ એ આપણા અસ્તિત્વનો અંત નથી આણી દેતું, એમ માનવાને આપણી પાસે પૂરતા વિશ્વસનીય પુરાવાઓ છે."

ત્યાં પશ્ચિમમાં ઘણા ઠેકાણે પૂર્વ જીવનની સ્મૃતિના પ્રસંગો બનવા પામ્યા છે. એ રીતે જાતિસ્મરણના જે કિસ્સાઓ ત્યાં બને છે, તેની તે સ્થળ ઉપર જઈને. કાયદાની કોર્ટમાં ચીવટથી પુરાવાઓની ચકાસણી જેવી થાય છે, એવી કડક ચકાસણી પૂર્વક, પુરાવાઓ તપાસ્યા પછી જ, કોઈ પણ કેસને પુર્નજન્મના કેસ તરીકે માન્યતા આપવામાં આવે છે.

ન્યુયોર્કના એક માનસચિકિત્સકે તો કહી પણ દીધું છે કે જન્મ પૂર્વેનું મનોવિશ્લેષણ આપણને જકડી રહેલ વિજ્ઞાનના ભૌતિકવાદની રહી સહી કડીઓના ભૂક્કા બોલાવી દેશે.

આ જીવનમાં થતી પૂર્વજીવનની સ્મૃતિસ્વરૂપ હકીકતોથી પુનર્જન્મની સાબિતી થવા ઉપરાંત પણ આપણી સ્મૃતિ, રસાયણિક ફેરફારો દ્વારા આપણા મગજના કોષોમાં

સંગ્રહાયેલ આપણી અનુભૂતિઓની નોંધના આધારે જ જાગે છે, એવી આધુનિક વિજ્ઞાનની માન્યતાને પણ પડકારી છે. જે શરીર નાશ પામ્યું–રાખ કે ધૂળમાં મળી ગયું–તે જીવનની સ્મૃતિઓ પણ ઉપરોક્ત રીતે જાગૃત કરી શકાઈ છે; એ જ સિદ્ધ કરે છે કે એ સ્મૃતિઓનો આધાર દેહ નહિં, પણ આગલો દેહ છોડીને કોઈ નવી કાયા ધારણ કરનારૂં કોઈ સ્વતંત્ર તત્ત્વ છે.

જાતિસ્મરણ :

સાધારણતઃ પાછલા જન્મની ઘટનાઓ આપણને યાદ નથી રહેતી, તો પણ એવા કેટલાક પ્રસંગો ઉપરથી પાછલા જન્મની ખાસખાસ ઘટનાઓ કોઈ કોઈ સમયે કોઈ કોઈને–ખાસ કરીને બચ્ચાંઓને યાદ આવે છે. અને એવી વ્યક્તિઓની હકીકત, વર્તમાનપત્રો દ્વારા આપણે સાંભળીયે છીએ. એ રીતે પાછલા જન્મની હકીકત યાદ આવવી તેને "જાતિસ્મરણ" કહેવાય છે. આવા જાતિસ્મરણ પામેલાઓનાં દૃષ્ટાંતો જૈનશાસ્ત્રોમાં તો કેટલાંય સાંભળવામાં આવે છે. પરંતુ તે ઘટનાઓ ઘણા પૂર્વકાળે બની ગયેલી હોવાથી કેટલાકો તેને સત્યપણે ન સ્વીકારે તેવા આગ્રહી જીવો માટે, આ બાબતની વર્તમાનકાલીન ઘટનાઓ કે જે વિવિધ છાપાંઓમાં પ્રસિદ્ધ થઈ સત્યરૂપે સાબિત થઈ ચૂકી છે, તેવી ઘટનાઓની હકીકત અહિં રજુ કરીએ છીએ. આ ઘટનાઓ આપણા ભારત દેશમાં બનેલી જ જણાવીયે છીએ.

(૧) હાલે વઢવાણ સીટી (સૌરાષ્ટ્ર)થી પ્રગટ થતું,

પરંતુ પહેલાં પાલીતાણા (સૌરાષ્ટ્ર)થી તંત્રી સોમચંદ ડી. શાહ દ્વારા પ્રગટ થતા "કલ્યાણ" માસિક (ગુજરાતી)માં પાટણ પાસે આવેલ ચાણસ્મા ગામે વાણીયાવાડમાં રહેતા નરેશકુમાર બાબુલાલની તથા તે જ ગામના સેવંતીલાલ માણેકલાલની જાતિસ્મરણની હકીકત પ્રસિદ્ધ થઈ હતી.

(૨) વળી તે જ માસિકના વર્ષ–૧૩ ના નવમા અંકમાં દિલ્હીની એક બાળાની નીચે મુજબ હકીકત આપેલી છે :

આ બાળાનું નામ છે, શાંતિ. તેનો જન્મ ઈ. સ. ૧૯૨૬ ડીસેંબરની ૧૧મી તારીખે થયેલો. નાની ઉંમરમાં તેને પોતાના પૂર્વજીવનની સ્મૃતિ થયેલી.

આ બાળાની ઉંમર ચાર વર્ષની હતી ત્યારે તે કહેતી મને બધું યાદ છે. ફરી કહેતી કે મારાં સગાંઓ મથુરામાં છે. મારે ત્યાં હંમેશાં હું મીઠાઈ ખાતી. મારૂં ઘર મથુરામાં છે. મારા પતિ કેદાર હતા.

એ આઠ વર્ષની થઈ ત્યારે પતિનું નામ અને મથુરાનું ઠેકાણું આપ્યું. પત્ર લખતાં જ કેદારે તરત જવાબ આપ્યો. પછી કેદાર પોતાની પહેલી પત્નીથી થયેલા દશેક વર્ષના પુત્ર સાથે દિલ્હી આવ્યા. શાંતિએ કહ્યું કે એ મારો જ પુત્ર છે. નવ વર્ષની શાંતિએ પહેલી જ ક્ષણે પૂર્વજન્મના પતિ અને પુત્રને ઓળખી લીધા. કેદારના પૂછવાથી શાંતિએ એની સાથેની પોતાના જીવનની દરેક હકીકત સ્પષ્ટ રીતે કહી હતી. મરણ કેવી રીતે પામી? તેનો

ખુલાસો કરતાં તેણે કહ્યું કે આપણા પહેલા બાળકને જન્મ દેતી વખતે તમે મને આગ્રાની હોસ્પિટલમાં દાખલ કરી હતી. જ્યાં એક ખાસ નર્સ તમે મારા માટે રોકી હતી. શું ! તમને એ યાદ નથી ? કેદારે હા પાડી.

એક પત્રના પ્રતિનિધિએ શાંતિદેવીને પૂછતાં તેણે કહ્યું કે મારી અનોખી દુનિયા છે. મને યોગ સાધનામાં જ રસ છે. ગયા જન્મમાં એક ગુરૂ પાસેથી પ્રાણાયામ વિદ્યાનું શિક્ષણ મેળવ્યું હતું. અને આ જન્મમાં મારે કોઈ ગુરૂની જરૂર નથી. જ્યાંથી અંત આવ્યો ત્યાંથી મેં મારૂં જીવન શરૂ કર્યું છે.

પત્રના પ્રતિનિધિએ પૂછયું કે તમારી ઇચ્છા કેવી જિંદગી જીવવાની છે ? મારા દેશના નૈતિક ધોરણને ઉંચે લઈ જવા માટે મારે જીવન ખર્ચવાની ઇચ્છા છે. આ હકીકત સન ૧૯૫૩ની છે. અત્યારે શાંતિદેવી હયાત છે તેમણે હજુ સુધી લગ્ન કર્યું નથી. અને તે પ્રભાકર, બી. એ. રત્નની ઉપાધિઓ ધરાવે છે. અને હિન્દી તત્ત્વજ્ઞાનનાં અધ્યાપક છે.

રાજસ્થાન યુનિવર્સિટીના માનસશાસ્ત્રો સાથે સંબંધ ધરાવતા વિષયો (પેરા સાયકોલોજી) ખાતાના સંચાલક પ્રોફેસર એચ. એન. બેનરજીએ એવો દાવો કર્યો છે કે તેમણે કરેલા સંશોધનથી એવો પુરાવો મળ્યો છે કે જેને લીધે પુનર્જન્મના સિદ્ધાન્તને વૈજ્ઞાનિક રીતે માની શકાય.

(૩) પ્રોફેસર બેનરજીએ અહીં જણાવ્યું હતું કે તેમણે તપાસેલા કિસ્સાઓમાં એક સાત વર્ષની ઈટાલિયન છોકરી "લીનામાકીની"નો કિસ્સો હતો. આ છોકરી હાલમાં કોપન હેગન ખાતે રહે છે. તે જ્યારે ત્રણ વર્ષની હતી ત્યારે તેણે તેના માતપિતાને કહ્યું હોવાનું કહેવાય છે કે "મારે ફિલિપાઈનમાંના ઘરે પાછા જવું છે. ફિલિપાઈનમાં મારા પિતાજી રહે છે, અને હું તેમની સાથે રહેતી હતી. ફિલિપાઈનમાં મારા પિતાજી હોટલના માલિક છે. મારું નામ "મારીઆ એસ્પીના" હતું. આ છોકરીએ એમ પણ કહ્યું હતું કે તેને "બોકીન" મીઠાઈ જે ખાસ ફિલિપાઈનમાં જ કોપરામાંથી બનાવાય છે, તે તેને ઘણી ભાવતી હતી. તે ફિલિપાઈનમાં બાર વર્ષની ઉંમરે મરણ પામી હતી. પ્રોફેસર બેનરજીએ આ કિસ્સાના સંબંધમાં ફિલિપાઈનની મુલાકાત લીધી હતી. અને તેમણે છોકરીના દાવાની તપાસ કરતાં તેણે આપેલી હકીકતો તેમને સાચી માલુમ પડી હતી.

પ્રોફેસર બેનરજીએ જણાવ્યું હતું કે આવા કિસ્સાઓનો અભ્યાસ કરવાની રીતને રાજસ્થાન યુનિવર્સિટી ખાતે ભારે સંશોધનને અંતે ધોરણસરની બનાવવામાં આવી છે.

પુનર્જન્મની વાત તે અત્યારે તો શ્રદ્ધાના આધારે જ ટકેલી છે. શ્રદ્ધાનો આ વિષય કેટલીક હકીકતોના સંદર્ભમાં જોઈએ તો તે વિજ્ઞાનનો વિષય બની જાય છે. અને પુનર્જન્મમાં અશ્રદ્ધા રાખનારને પણ કબૂલ કરવું પડે છે કે પુનર્જન્મની વાત સાચી તો લાગે જ છે. એ દ્રષ્ટિથી પ્રોફેસર

શ્રી બેનરજી આ વિષેના વધુ કિસ્સાઓ મેળવવા સંશોધન ચલાવી રહ્યા છે. તેઓએ કરેલ સંશોધનના પરિણામે તેમણે અનુભવેલા, સાક્ષાત જોયેલા તથા તપાસાએલા કિસ્સાઓની કેટલીક હકીકતો તો અમદાવાદથી પ્રગટ થતા સંદેશ દૈનિક ગુજરાતી પત્રમાં પ્રકાશિત થઈ હતી.

(૪) વળી પૂર્વભવની સાબિતિરૂપ અકબર બાદશાહના પૂર્વભવની હકીકત, નરહરિ મહાપાત્રકૃત છપ્પય, કવિ દયાલજી કૃત કવિત્ત અને " વિશાલ ભારત " નામે છાપાના સન ૧૯૪૬ ડીસેમ્બર તથા સન ૧૯૪૮ના એપ્રિલ માસના અંક ઉપરથી ઉદ્ધરિત નીચે પ્રમાણે છે.

પ્રયાગના બ્રહ્મચારી મુકુન્દે, બાદશાહતથી લોભાઈ, બીજા ભવમાં બાદશાહ થવાનું નિયાણું કરી સંવત ૧૫૯૮ માં જૂના પીપળાને સળગાવી તેમાં પોતાનું બલિદાન આપ્યું. અને બાદશાહ હુમાયુની પત્ની મરિમકાની અપરનામ હમીદા-બેગમની કુક્ષિથી સંવત ૧૫૯૯ના કારતક વદ છઠ્ઠું દિને બીધોગઢમાં જન્મ લીધો. તે જ બાદશાહ અકબર થયો. બ્રહ્મચારી મુકુંદનો મોટો ચેલો મરીને ફરી જન્મ લઈ કવિ નરહરિ તરીકે પ્રસિદ્ધ થયેલ છે. બ્ર. મુકુંદે પોતાનો હોમ કર્યો તે સ્થાનેથી બાદશાહ અકબરને તપાસ કરતાં એક તામ્રપત્ર મળ્યું હતું. તેમાં નીચે પ્રમાણે શ્લોક હતો :

वसुनिधि शर चंद्रे, तीर्थराज प्रयागे,<br>
तपसि बहुल पक्षे, द्वादशी पूर्वयामे ।

शिखिनि तनुजु होम्य, खण्ड भूम्पाधिपत्ये,
सकल दुरितहारी, ब्रह्मचारी मुकुन्द: ॥

બાદશાહ અકબરના પૂર્વભવની બાબતમાં મુનિ દીપવિજયજીકૃત સોહમ કુલરત્ન પટ્ટાવલી રાસમાં કહ્યું છે કે:

હવે દિલ્લીપતિ જાણીઈં, અકબર શાહ સુલતાન;
પૂરણ ભાગ્ય ભૂજાબલી, નૃપશેખર નૃપભાન.
એકદિન બ્રહ્મચારી કોઉ, દેખી અકબર બાદશાહ;
ઇહાપોહ કરતાં પ્રગટ, જાતિસ્મરન થાય.
દેખ્યો પૂરવભવ પ્રગટ, સુનિંઇ ચતુરસુજાણ;
સંસ્કૃત શ્લોક થકી કહું, છપ્પય કવિત્ત પ્રમાન.

અથ છપ્પય-તપસી બ્રહ્મચારી નામ, હે મુકુન્દ જ્યાકો,
તીરથ પ્રયાગ ઠામ, ધામ મન લ્યાયકે;
પન્નરસેંહે એકાસી, સંવતકો માન જાનો,
માઘ વદિ દ્વાદસી, પ્રથમ જાંમ જાય કે;
અગન કુંડમેં, મુકુંદે દેહ હોમ કીનો,
તપ જપ સાધનેં, પ્રથલ બળ પાય કે;
કહત કવિરાજ દીપ, અકબર બાદશાહ,
ભયોં હે ભાન જેંસો, દિલ્લી પર આયકે.

દુહા—ખબર કરાઈ પ્રાગવડ, મિલિયો સબ સંકેત,
પ્રગટ વાત અકબર કરે, બહુ પંડિત જન સેત;
અગ્નિ હોમ કરવત મરણુ, કરે માફ સુલતાન,
આજ લગે તેહ માફ છે, અકબર હુકમ પ્રમાણુ.

બાદશાહ અકબરે નિયાણાપૂર્વક અગ્નિસ્નાન કર્યાની સાલ વિશાલભારત નામે છાપામાં સંવત ૧૫૯૮ છે. અને અહિં મુનિ દીપવિજયજી કૃત પટ્ટાવલિ રાસમાં સંવત ૧૫૮૧ છે. આ ફેરફારમાં કઈ સાલ સત્ય છે, તે તો ઇતિહાસકારોજ નક્કી કરી શકશે. અહિં તો અકબરના પૂર્વભવની હકીકતમાં મુકુન્દ બ્રહ્મચારી અગ્નિસ્નાન કરી બાદશાહ અકબર થયાની બાબત દ્વારા પુનર્જન્મને સાબિત કરવાનો હેતુ છે. તે બાબત તો બન્નેમાં જણાવેલ હકીકત દ્વારા મળતી આવે છે. હવે પુનર્જન્મ અંગે જાતિસ્મરણ પામેલ બીજા કેટલાક મનુષ્યોની હકીકત વધુ વિચારીએ.

કેટલાક વર્ષો પહેલાં બરેલી (યુ. પી.)ના વકીલ શ્રી કૈકેયીનંદન સહાયે, જ્યાં જ્યાંથી જાતિસ્મરણ પામેલ વ્યક્તિઓની ખબર પડી ત્યાં ત્યાંની તપાસ કરીને પ્રામાણિક વાતો "પ્રયાગ"થી પ્રગટ થતા "લીડર" નામે પત્રમાં છપાવી હતી. જોકે તે પત્રમાં તેવી અનેક વ્યક્તિઓની ઘટનાઓની હકીકત પ્રકાશિત કરાઈ હતી. તેમાંની (તે લીડર પત્રમાંની) ત્રણ વ્યક્તિઓની હકીકત અહીં જણાવીયે છીએ.

"લીડર'ના ઑકટોબર સન ૧૯૨૬ ના અંકમાં બાંદાના પ્રોસિક્યુટિંગ ઈન્સ્પેકટર શ્રી પદ્મસિંહે પ્રકાશિત કરેલ સમાચાર નીચે મુજબ હતા.

(૧) મથુરા જિલ્લામાં પટિયાલી ગામના એક ડિપ્ટી-કલેકટરની સ્ત્રીનો દેહાંત થયો હતો. તેના દેહાંતથી થોડા

સમય બાદ પાસેના એક ગામમાં કોઇ બ્રાહ્મણને ત્યાં એક પુત્રીનો જન્મ થયો. તે બ્રાહ્મણ ભીક્ષા માંગીને પોતાનો નિર્વાહ કરતો હતો. તેને ત્યાં જન્મ પામેલી આ પુત્રી ચાર-પાંચ વર્ષની થઈ ત્યારે તેણીએ પોતાના પિતાને ભીખ માંગવાની મના કરી. અને કહ્યું કે મને પટિયાલીના ડિપ્ટી-સાહેબને ઘેર લઈ જાઓ. ત્યાં મારૂં ઘણું ધન સંગ્રહેલું છે. બ્રાહ્મણ તે પુત્રીને ડિપ્ટીસાહેબની પાસે લઇ ગયો. ડિપ્ટી-સાહેબને દેખતાં જ પુત્રીએ ઘુંઘટ કાઢ્યો. અને તેણે ડિપ્ટી-સાહેબને પોતાનો પરિચય કરાવ્યો. મહોલ્લાની સર્વ સ્ત્રીઓની પણ ઓળખાણ કહી. ડિપ્ટીસાહેબના પૂછવાથી તેણીએ કેટલીક વૈવાહિક રહસ્યમય વાતો પણ પ્રગટ કરી. ત્યાર બાદ જ્યાં તેણીએ ધન દાટયું હતું તે સ્થાન બતાવ્યું. ત્યાં ખોદવાથી હજારોની કિંમતના દાગીના જમીનમાં દાટેલા નીકળ્યા.

(૨) જીલ્લા સીતાપુર, તહસીલ સિદ્ધૌલીમાં હીરપુર ગામમાં પંડિત પુત્તૂલાલ નામે બ્રાહ્મણ રહેતો હતો. તેણે બાર વર્ષ સુધી કમાલપુરની ઇસ્પિતાલમાં કમ્પાઉન્ડરની નોકરી કર્યા બાદ તે પેન્શન પર હતો. તેને કેટલાક છોકરા હતા. એક વખત તેની સ્ત્રી, પોતાના એક છોકરાની સાથે અયોધ્યા ગઈ. ત્યાંથી પાછા ફર્યા બાદ તેને એક પુત્ર થયો તેનું નામ સુંદરલાલ રાખ્યું. તે છોકરો જ્યારે બોલવા માંડ્યો ત્યારે તેણે કહ્યું કે મારૂં નામ સુંદરલાલ નહિં પણ હન્નેલાલ છે. હું ફૈજાબાદમાં રહેવાવાળો છું મારે બે છોકરા અને સ્ત્રી પણ છે. તે બાળકને પૂછાયું કે તો તું અહિં કેવી રીતે

આવ્યો ? તેણે કહ્યું કે મારું મૃતશરીર સરયૂમાં ફેંકી દેવામાં આવ્યું હતું. ત્યારે મારી મા (વર્તમાન, મા) સ્નાન કરતી હતી. છોકરાની આ પ્રમાણે વાત સાંભળીને પુત્તૂલાલ અને તેની સ્ત્રીએ કેટલાક પૂજાપાઠ કરાવ્યા. અને મંત્ર–તંત્રોના સહારા લીધા. તો પણ સાત વરસની ઉંમર સુધી તો તે છોકરો પોતાના પૂર્વજન્મની વાત ભૂલ્યો નહિં. પાછળથી ધીરે ધીરે ભૂલી ગયો. ચૌદ વરસની ઉંમર થયા બાદ આ ઘટનાની ખબર રાજા સૂરજબખ્શસિંહને પડી. તેમણે આ હકીકતની તપાસ માટે પોતાના ખજાનચી પંડિત ભગવાનદીનને ફૈજાબાદ મોકલ્યા. ત્યા તપાસ કરતાં હન્નેલાલનું મકાન મળી ગયું. તેનાં છોકરાં અને સ્રીનો પણ પત્તો મળી ગયો. અને વિશેષ હકીકત મળી કે પંદર વર્ષ પહેલાં હન્નેલાલ પ્લેગથી મરી ગયા હતા. તેનું શબ સરયૂમાં વહેતું મૂકી દીધું હતું. શબને તરાવવા જનાર એક આદમીએ સર્વ હકીકત કહી. હન્નેલાલની ઉંમર મરણ સમયે ૪૫ વર્ષની હતી.

(૩) હલદ્રાની ગામના સ્ટેશન માસ્તર બાબુ શ્યામ સુંદરલાલે પોતાની પુત્રીની હકીકત છાપામાં નીચે મુજબ પ્રકાશિત કરી હતી :

મારે એક પુત્રી છે. સન ૧૯૧૯ના ઈસ્વીસનના અષાઢ માસમાં તેનો જન્મ બરેલીમાં થયો હતો. હું ૧૯૨૨ના શ્રાવણ માસમાં યાત્રાર્થે મથુરામાં ગયો. ત્યાંથી ગોકુલ પહોંચ્યો. એક ઘરની પાસે અમે પહોંચતાં મારી સ્ત્રીની કેડમાંથી છોકરી નીચે ઉતરી ગઈ. તે ઘરના બારણામાં એક

વૃદ્ધ સ્ત્રી બેઠી હતી તેને હટાવી તે છોકરી ઘરની અંદર ચાલી ગઈ. મારી સ્ત્રી પણ પુંઠે પુંઠે તે ઘરમાં પેઠી. છોકરીએ તે વૃદ્ધ સ્ત્રીંની પાસે કેટલીક ચીજો માંગી. અને ઘરની તમામ વસ્તુઓ બરાબર સંભાળી. વળી સાથે આવેલ પોતાની માતાને કહ્યું કે તમે પાન ખાઓ. અને આપને ઘેર ચાલ્યાં જાઓ. હું અહીં જ રહીશ. આ મારૂં ઘર છે. આ દશા જોઈને તે ઘરમાં રહેલ બુઢ્ઢી સ્ત્રી રોવા માંડી. ત્યાર બાદ તે સર્વ યમુનાના કિનારે ગયાં. ત્યાં છોકરીએ પોતાના પૂર્વ ભવમાં જ્યાં ડૂબી ગઈ હતી, તે જગ્યા બતાવી. જે જગ્યાને છોકરી બતાવી રહી હતી, તે જગ્યાએ મારો બાર વરસનો છોકરો ડૂબી જઈ મરી ગયો હતો, એમ તે વૃદ્ધ સ્ત્રીએ કહ્યું. તે ટાઈમે છોકરીની ઉંમર ત્રણ વરસ અને એક મહિનાની હતી. ગોકુલમાં પોતાના પૂર્વ જન્મનું ઘર દેખતાં જ તેને પૂર્વ જન્મની વાત યાદ આવી ગઈ હતી.

આ ઉપરથી હવે કહી શકાય કે જન્માંતરવાદની સત્યતાના સંબંધમાં ફક્ત આગમ (શાસ્ત્ર) અથવા આપ્તવાક્ય કે યુક્તિયાં અથવા તર્ક અનુમાનથી જ નહિં, પરંતુ પ્રત્યક્ષ પ્રમાણોથી પણ જન્માંતરની સિદ્ધિ સાબિત થાય છે. આ સંબંધમાં શાસ્ત્રોમાં તો ઘણાય દાખલા છે. પરંતુ આજના ભૌતિકવાદીઓ માનતા ન હતા અને પુરાવા માગતા હતા, તેમને આ પ્રત્યક્ષ બનાવોથી સ્પષ્ટ સમજાશે કે શરીરની પાછળ ચોવીસે કલાકની મહેનત ફોગટ છે. કારણ કે શરીર તે ભાડાનું ઘર છે. ટાઈમ થયે ખાલી કરવાનું છે. તેના

કરતાં જે અમર આત્મા છે, તેને લાભ થાય તેવો પ્રયત્ન કરવાની જરૂર છે. છતાં જેને જન્માંતર માનવું જ નથી, તેમના માટે બીજો કોઈ રસ્તો જ નથી.

જોકે ભારતની અપેક્ષાએ તો પુનર્જન્મની માન્યતા અનાદિકાલીન છે, અને રહેવાની જ. પરંતુ પશ્ચિમના દેશોની અપેક્ષાએ ત્યાંની જ કેટલીક વ્યક્તિઓ દ્વારા નિર્ણિત બની ચૂકેલી પુનર્જન્મની શોધ નવી જ ગણાય. આવી શોધોનો સ્વીકાર ત્યાં ઝટ થતો નથી. કારણ કે તે ચીલા ચાલુ માન્યતાઓ અને સિદ્ધાન્તોને આંચકો આપે છે. વર્તમાન વિજ્ઞાનની શક્તિ તો માત્ર ભૌતિક તત્ત્વના જ્ઞાન પૂરતી જ અને તે પણ અમુક મર્યાદા પ્રમાણ હોવાના કારણે, જીવની અતીન્દ્રિય જ્ઞાનશક્તિ, દેહથી ભિન્ન એવા જીવનું શાશ્વતપણું (અવિનાશપણું), પુનર્જન્મ, ઇત્યાદિ અતીન્દ્રિય જ્ઞાનવિષયક હકીકતોના સિદ્ધાન્ત સાથે ચૈતન્ય તત્ત્વના અસલી સ્વરૂપથી અજ્ઞાત એવા વિજ્ઞાનનો મેળ થઈ શકે જ નહિં. પરંતુ પુનર્જન્મની હકીકત અંગે પશ્ચિમના કેટલાક બુદ્ધિજીવી વ્યક્તિઓ દ્વારા વ્યાપક સંશોધનો થઈ રહ્યાં હોવાના કારણે, પુનર્જન્મને નહિં માનનાર પશ્ચિમને ખળભળાવી તો મૂક્યું જ છે.

**એક અમેરિકન વૈજ્ઞાનિકની માન્યતા:**

પુનર્જન્મનું સૂચન કરતા "વીસ કિસ્સા" નામે પુસ્તકના લેખક એક અમેરિકી વૈજ્ઞાનિકે તા. ૨૨ ઑક્ટોબર

સન ૧૯૭૨ના રોજ દિલ્હીમાં કહ્યું હતું કે પુનર્જન્મ અંગે વર્ષો સુધી કરેલા સંશોધનથી મને ખાતરી થઈ છે કે મૃત્યુ બાદ જીવન હોઈ શકે છે.

વર્જીનીયા યુનિવર્સિટી ખાતે મનોચિકિત્સા શાસ્ત્રના અધ્યાપક તરીકે કામ કરતા. ડૉ. ઈકાન સ્ટેવેન્સન, કે જેઓ સન ૧૯૬૧માં ભારતની મુલાકાતે આવેલ ત્યારથી પુનર્જન્મના સિદ્ધાન્તની ચકાસણીના પ્રયોગ કરી રહ્યા છે. અત્યાર સુધીમાં તેમણે પુનર્જન્મના ૧૨૦૦ જેટલા દાવાની તપાસ કરીને તેનું વૈજ્ઞાનિક અન્વેષણ કર્યું છે. આ પૈકીના ૧૭૦ કિસ્સા ભારતના હતા.

ડૉ. સ્ટેવેન્સન સન ૧૯૬૧થી સન ૧૯૭૨ સુધીમાં અનેકવાર ભારત આવી ચૂક્યા છે. દિલ્હીના "પ્રદેશ અણુવ્રત સમિતિ"ના પરિસંવાદમાં બોલતાં તેમણે કહ્યું હતું કે મેં તપાસ કરેલા પૈકીના બહુમતિ કિસ્સા, પુનર્જન્મનું સૂચન કરે છે.

ડૉ. સ્ટેવેન્સને તપાસ કરેલા પુનર્જન્મ અંગેના કિસ્સાઓમાં સહુથી વધુ કિસ્સા તે ભારત, સિલોન થાઈલેન્ડ, બર્મા, તુર્કી અને સિરિયા ખાતેથી મળ્યા હતા. તેમાં પોતાના પુનર્જન્મને યાદ કરનારા મોટા ભાગના તો બાળકો હતા. અને તેઓ પોતાનાં પૂર્વભવની માતા, પિતા, મિત્રો તેમજ જન્મ સ્થળનાં નામો કહી શકતાં હતાં. અને જે સ્થળે રહેતા હતા તેની માહિતી પણ આપી હતી.

ડૉ. સ્ટેવેન્સનને લાગે છે કે પુનર્જન્મ જેવું કંઈક હશે તો ખરું. નહિંતર પૂર્વજન્મની જે વાતો નાનું બાળક કહે તેના બાહ્ય સંજોગોની ખરેખરી હસ્તી કયાંથી હોય ?

કોઈ અન્ય વ્યક્તિના પ્રયત્ન વિના કે અન્ય કોઈ સાધનનો ઉપયોગ કર્યા વિના સ્વયંસ્ફુરણાએ અકસ્માત્‌યોગે પૂર્વજન્મ અંગે થતી સ્મૃતિની હકીકતના કેટલાક કિસ્સાઓ દ્વારા, પ્રત્યેક જીવ અનેકવાર વિવિધ શરીરોમાં જન્મ પામતો રહેતો હોવાનું સાબિત થાય છે.

**એજ-રીગ્રેશન દ્વારા પૂર્વજન્મોની સ્મૃતિ :**

પુનર્જન્મના વિષયમાં વ્યાપક સંશોધનનું કાર્ય કરતા "પરામનોવિજ્ઞાન (પૅરા સાઈકોલૉજી)" ઉપરાંત હિપ્નોટિસ્ટર "એજ-રીગ્રેશન" પદ્ધત્તિથી પણ પુનર્જન્મ વિષયક સંશોધનનો પ્રયોગ હવે અમેરિકામાં ચાલુ થયો છે. તેમાં હિપ્નોટિઝમ દ્વારા કોઈ વ્યક્તિને ગાઢ ટ્રાન્સ (ઊંઘ જેવી અવસ્થા)માં નાખી તેને ભૂતકાળની સ્મૃતિઓ જાગૃત કરાવાય છે.

દીર્ઘકાળ પૂર્વની હકીકતો કે જેની લેશમાત્ર સ્મૃતિ થતી ન હોય, તેવી હકીકતો ગાઢ ટ્રાન્સની સ્થિતિમાં તે જાણે અત્યારે જ બની રહી હોય એટલી સ્પષ્ટતાથી સ્મૃતિ પટ પર ઉપસી આવે છે. એ રીતે ઉપસ્થિત થતી સ્મૃતિમાં પૂર્વજન્મોઅંગેની હકીકત પણ સ્ફુરી શકે છે. હિપ્નોટિસ્ટની ઉંડી ટ્રાન્સમાં માત્ર નજીકના પૂર્વભવની જ નહિં, પણ અતિ દૂર સમયના પૂર્વભવોની સ્મૃતિ, તે તે સમયની

અવસ્થા અને પ્રસંગને અનુરૂપ અવાજ, હાવભાવ વગેરે સાથે પણ વ્યક્ત થાય છે. તેને માત્ર કલ્પનાનો જ તરંગ નહિં, પણ પૂર્વે અનુભવેલ પ્રસંગની પ્રતીતિને સબળ પૂરાવાપૂર્વક રજુ કરાય છે.

હિપ્નોટિક ટ્રાન્સમાં "એજ રીગ્રેશન" કરાવવાની રીત, એ દ્વારા સાંપડતી અદ્ભુત માહિતી, પૂર્વજન્મના સિદ્ધાન્તને મળતી સજ્જડ પુષ્ટિ, અને એ રીતના સંશોધનના પરિણામે પુનર્જન્મના સિદ્ધાન્તને મળતી વ્યાપક માન્યતા વગેરેનું વિસ્તૃત નિરૂપણ કરતું "એ સર્ચ ફોર બ્રાઈડે મર્ફી" નામે ઇંગ્લીશ ભાષાનું પુસ્તક પ્રસિદ્ધ થયું છે.

પરામનોવિજ્ઞાન (પેરા સાઈકોલોજી) દ્વારા તો અતીન્દ્રિય જ્ઞાનશક્તિ (ઈ. એસ. પી.) પ્રાપ્ત કરનાર મનુષ્યોએ નિર્દેશ કરેલી, અને સામાન્ય મનુષ્યોની દ્રષ્ટિમાં ચમત્કારી મનાતી હકીકતોની, વ્યાપક સંશોધનપૂર્વક તેની સંપૂર્ણ સત્યરૂપે સાબિતિ કરાય છે. જ્યારે હિપ્નોટિક "એજ રીગ્રેશન" દ્વારા તો સ્મૃતિઓની જાગૃતિ સ્વયં નહિ પામી શકનાર, સામેની વ્યક્તિને ટ્રાન્સમાં નાંખીને તે વ્યક્તિની ભૂતકાળની સ્મૃતિઓ તે વ્યક્તિ પાસે જ જાગૃત કરાવાય છે. આવી વ્યક્તિઓમાં ટ્રાન્સને પામ્યા સિવાય ભૂતકાળની સ્મૃતિઓ જાગૃત થઈ શકતી જ નથી. એટલે આ કાર્યમાં તેમને હિપ્નોટિકની જરૂર રહેજ છે. અને હિપ્નોટિક દ્વારા જ તે વ્યક્તિઓને ટ્રાન્સમાં નાંખી ભૂતકાળની સ્મૃતિઓ પમાડી શકાય છે.

હિપ્નોટિઝમ દ્વારા ભૂતકાળની સ્મૃતિઓને જાગૃત કરાવવાના પ્રયત્નમાં પ્રથમ લક્ષ્ય તો, વર્તમાન જન્મ (ભવ) ની ભૂલી જવાયેલી બાલ્યકાળ આદિની પરિસ્થિતિઓ અંગેનું જ હતું. કારણ કે તે લોકો પુનર્જન્મના સિદ્ધાન્તનો તો વિરોધ જ કરતા હતા. મૃત્યુબાદ શરીરના નાશ પછી પણ કંઈક કાયમ રહેતું હોવાની અને તે ફરીને નવું શરીર ધારણ કરતું હોવાની હકીકતને માન્ય રાખવા તેઓ હરગીઝ તૈયાર ન હતા. એટલું જ નહિ પણ પુનર્જન્મની સત્યતાને ખોટી પૂરવાર કરવા તેમનાથી બનતું બધુંય કરી ચૂકતા. પણ બન્યું એવું કે હિપ્નોનિક ટ્રાન્સમાં કરાવવામાં આવતા "એજ રીગ્રેશન" દ્વારા કોઈવાર, કોઈ કોઈ વ્યકિત, તેના આ જન્મમાં ન બની હોય તેવી વાતો અર્થાત્ પૂર્વભવની વાતો પણ કરવા લાગતા. એ સમયે આવી પરિસ્થિતિ બની જવા પામતી હોવા છતાં તેને મૂર્ખાઈ ભર્યો પ્રલાપ કરી રહ્યાનું કહી ધૂતકારી કાઢતા. પણ એમ થતાં થતાં તો ટ્રાન્સને પામેલ વિવિધ વ્યકિતઓ વધુ પ્રમાણમાં આ રીતે જ વાતો કહેવા લાગ્યા. ત્યારે તેનું તથ્ય જાણવા માટે હિપ્નોટિકોએ તપાસ આદરી. અને અંતે આ હકીકત અંગે આંતરાષ્ટ્રીય પ્રતિષ્ઠા પ્રાપ્ત ડૉ. એલેકઝાંડરકેનન જેવા વૈજ્ઞાનિકને પણ પુનર્જન્મની હકીકતમાં શ્રદ્ધાવાન બનવું પડ્યું. આ બાબતમાં કડક ચકાસણીના અન્તે મળતા પુરાવાના બળે તેને કહેવું પડ્યું કે પુનર્જન્મ એ હકીકત છે. અને ગમે તેવી કટ્ટર, દોષદર્શી, અને શંકાશીલ વ્યક્તિપણ, આ પુરાવાની ઉપેક્ષા કરી શકે તેમ નથી.

ટ્રાન્સમાં નંખાયેલ એક હજારથીયે વધુ કેસોમાંના એક એક કેસમાં, આ જીવનપૂર્વે સો વર્ષથી માંડીને ઈ. સ. પૂર્વે બે ત્રણ કે તેથી વધુ હજાર વર્ષ પહેલાં પણ આ પૃથ્વી ઉપર જન્મ પામેલ હોવાની હકીકત, કડક ચકાસણીના અંતે મળતા પુરાવાના બળે, ડૉ. એલેક્ઝાંડરકેનને જાણવા મળેલ.

હાલે તા. ૧૧–૧૦–૭૫ના રોજ આપણા ભારત દેશમાં જ સૌરાષ્ટ્રના મોરબી શહેરમાં મોરબી જેસીઝ તરફથી સંમોહન વિદ્યાના જાણકાર શ્રી સ્વામીરાવના માર્ગ-દર્શન હેઠળ પુનર્જન્મના સિદ્ધાન્તની પરા–મનોવૈજ્ઞાનિક મોજણી અંગેના પ્રયોગોવેળાએ, મોરબીના બે યુવાન વિદ્યાર્થીઓને તેમના પુનર્જન્મની સ્મૃતિઓ પ્રાપ્ત થવા પામી હતી. આમાંથી એક યુવાને પોતે પૂર્વજન્મમાં કાશ્મીર યુવાન હોવાનું જણાવેલ, તથા કાશ્મીરી ભાષામાં તેણે વિરહનું એક ગીત પણ ગાયું હતું.

આ ઉપરથી સમજવું જોઈએ કે પુનર્જન્મ એ કોઈ અપવાદ નથી; પરંતુ આ પૃથ્વી પરની માનવ વસતીમાંથી મોટી સંખ્યાએ પૂર્વે અહિં જન્મ ધારણ કરેલ છે, એવો નિર્દેશ "એ જ–રીગ્રેશન"ના પ્રયોગો પણ આપી જાય છે. જે અત્યંત નોંધપાત્ર અને ઉત્સાહ પ્રેરક છે.

પુનર્જન્મની આ રીતની હકીકત અંગે વૈજ્ઞાનિક ખુલાસો નહિં મળી શકતો હોવાના કારણ માત્રથી તેનો ઈન્કાર થઈ શકે છે જ નહિં. કારણ કે જ્યાંની ધાર્મિક માન્યતાએ પણ

પુનર્જન્મને સ્વીકૃતિ નથી આપી એવા એ પશ્ચિમના દેશોમાં પણ આ અંગેના સંશોધનોના નિશ્ચયાત્મક પરિણામોના કારણે હવે પુનર્જન્મનો સિદ્ધાન્ત ઝડપભેર માન્ય બની રહ્યો છે.

ખરેખર ! પુનર્જન્મ જેવું કંઈક છે તો ખરૂં, એવી હકીકતમાં વિચારમગ્ન બની રહેલા વિજ્ઞાનીઓ એમાં રસ લેતા તો થયા જ છે. પરંતુ પુનર્જન્મની સ્મૃતિમાં સ્મૃતિ પામતા વ્યક્તિ દ્વારા કહેવાતી હકીકત, સત્ય સ્વરૂપે સાબિત થતી હોવા છતાં તે અમુક જ ભવની અને તે પણ અમુક ટાઈમના જ સંજોગોની હોવાના કારણે તેઓ વૈજ્ઞાનિક ખુલાસો કરી શકયા નથી. પરંતુ અહિં સમજવું જરૂરી છે કે કોઈ વસ્તુ યા કિસ્સા અંગે અમુક પ્રમાણમાં પણ તેનું અસ્તિત્વ નક્કી થઈ શકતું હોય, પછી તે વસ્તુ અગર કિસ્સો નક્કી થયા છતાં વધુ પ્રમાણમાં પણ હોઇ શકવાનું વિચારશીલ માણસથી નકારી શકાય નહિં.

પુનર્જન્મની થોડી પણ હકીકતના સ્મૃતિકારકને પૂર્વકાળમાં થઈ ગયેલા દરેક જન્મોની દરેક હકીકત સંપૂર્ણપણે સ્મૃતિમાં નહિં આવવામાં કંઈક બાધક તત્ત્વ હોવું જોઈએ. જેમ અમુક માણસોને પોતાના પૂર્વજન્મો પૈકી અમુક જન્મની જ સ્મૃતિ થવા પામે છે, જ્યારે અન્ય માણસોને બિલકુલ સ્મૃતિ થતી જ નથી. તો પણ સ્મૃતિકારની હકીકત સત્યરૂપે સાબિત થતી હોવાના કારણે સ્મૃતિ નહિ પામી શકનારથી પુનર્જન્મનો ઈન્કાર થઇ શકતો નથી. તેવી રીતે સંપૂર્ણ

પુનર્જન્મોની હકીક્ત કોઇને સ્મૃતિમાં નહિં આવી શકવાના કારણે પુનર્જન્મના સિદ્ધાન્તને માન્ય રાખવામાં પૂર્વગ્રહ હોવો જોઈએ જ નહિં.

પૂર્વજન્મો પૈકી અમુક જ જન્મની અને તે પણ અમુક જ હકીક્ત સ્મૃતિમાં આવતી હોવાનું અગર પૂર્વજન્મોની બિલકુલ સ્મૃતિ નહિં થતી હોવાનું કારણ શું હશે? એ અંગે હવે પછી આગળ "જાતિસ્મરણ એટલે શું?" એ શીર્ષક હકીક્તમાં જણાવવામાં આવશે.

પૃથ્વી પરની સર્વ માનવ સંખ્યા પૈકી અમુક સંખ્યા પ્રમાણ જ મનુષ્યોને થતી પૂર્વજન્મની સ્મૃતિ દર્શાવતા કિસ્સાઓની પણ ઝીણવટભરી તપાસના અ તે તેટલી હકીકત પણ સંપૂર્ણ સત્યપણે પૂરવાર થતી હોઈ હવે નિર્વિવાદ હકીક્ત બની ચૂકી છે કે શરીરથી પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ધરાવનાર કોઇ જુદું તત્ત્વ, એ શરીરમાં છે જ. અને શરીરનો નાશ થતો હોવા છતાં તેની સાથે તે તત્ત્વનો નાશ કદાપી થતો જ નથી. એક શરીરમાં જન્મ પામેલ આત્મા, તે શરીરનો વિયોગ થતાં અન્ય શરીરને ધારણ કરે છે. અને એ રીતે એક શરીરથી છૂટકારો પામી અન્ય શરીરને પ્રાપ્ત કરવાની તે આત્માની પરંપરા અનાદિકાળથી ચાલુ છે.

આ વિશ્વમાં વિવિધતાદર્શક શરીરોમાં નિવાસ કરી રહેલા જન્તુઓ, પશુ અને પક્ષીઓ, મનુષ્યો આદિનો તો તે શરીરમાં નિવાસ કંઇ અનાદિ કાળનો નથી. તેમજ કાયમી

પણ બની રહેલો નથી. વળી વારંવાર શરીરને બદલતો રહેતો આત્મા પુનઃ પુનઃ ધારાબદ્ધ પૂર્વના શરીરને જ પ્રાપ્ત કરે એવો પણ એકાંત નિયમ નથી. છતાં દરેક જીવો માટે એવું તો અવશ્ય બન્યું છે કે વિવિધ પ્રકારે દૃશ્યમાન શરીરો પૈકી પ્રત્યેક જાતના શરીરોમાં દરેક જીવે, પૃથક્-પૃથક્ સમયે પણ અનતીવાર જન્મ-મરણ કર્યાં છે.

ખાણમાં થતાં ખનીજો, જળાશયાદિનાં જળો, વિવિધ જાતની અગ્નિઓ, પવનો, વનસ્પતિઓ, શરીર અને જીભ, એ બેઇન્દ્રિય ધારક અળસીઆં આદિ જન્તુઓ, શરીર-જીભ-નાસિકા એ ત્રણ ઇંદ્રિય ધરાવતા કાનખજુરા, માંકડ, જુ, કીડી, મંકોડી, ઉધઈ, ઈયળ, ઘીમેલ આદિ જીવો તથા શરીર-જીભ-નાસિકા-ચક્ષુ એ ચાર ઇન્દ્રિયવાળા વિંછુ, બગાઈ, ભમરા, ભમરી, તીડ, માખી, ડાંસ, મચ્છર, કંસારી, ખડ-માંકડી વિગેરે, અને શરીર-જીભ-નાસિકા, ચક્ષુ તથા કાન એ પંચેન્દ્રિયવાળા શરીરધારીમાં માછલાં વગેરે જળચરો, વિવિધ જાતનાં પશુઓ તથા પક્ષીઓ, મનુષ્યો, દેવો અને નારકો આદિના વિવિધ શરીરોમાં તે તે પ્રકારની સંજ્ઞાથી ઓળખાવવા સ્વરૂપે દરેક જીવે અનંતીવાર જન્મ-મરણ કર્યાં છે.

દરેક જીવને આ રીતના સર્વ પ્રકારના સંયોગ અને વિયોગની સ્મૃતિ નહિં હોવા માત્રથી તે હકીકતને કંઈ અસત્ય ઠરાવી શકાતી નથી. વર્તમાનકાલીન મનુષ્યદેહધારી જીવને પોતાની માતાના ઉદરમાં નવ નવ મહિના સુધી

ભોગવેલી તથા પ્રસૂતિ ટાઈમે વેઠેલી અસહ્ય વેદના, સ્મૃતિમાં નહિં હોવાથી, તે વેદના પોતે ભોગવી જ નથી એમ કોઈ સુજ્ઞ મનુષ્ય કહી શકશે જ નહિં. એ રીતે પ્રત્યેક પ્રકારના શરીરને આ જીવે પૃથક્-પૃથક્ સમયે પણ અનંતીવાર પ્રાપ્ત કર્યાનો ઈન્કાર થઈ શકે જ નહિં.

પશુ-પક્ષી-જન્તુ-દેવ-નારક-પુરૂષ-સ્ત્રી આદિ સંજ્ઞાઓથી દરેક જીવને આપણે ઓળખીએ છીએ, તે તેના તે તે ટાઈમના શરીરના હિસાબે જ વ્યવહારાય છે. જાનવરના શરીરમાંથી મુક્ત બની મનુષ્યને લાયક શરીરમાં જન્મ લે, તો તે આત્મા, જાનવરની સંજ્ઞાથી મુક્ત બની મનુષ્ય સંજ્ઞાનો ધારક બનશે. એ રીતે દરેક જીવઅંગે દરેક જાતની સંજ્ઞાબાબત સમજી લેવું. વળી પુરૂષ મરીને પુરૂષ જ થાય કે સ્ત્રી મરીને સ્ત્રી જ થાય તેવું પણ એકાંતે નથી. પુરૂષ કે સ્ત્રી સંજ્ઞા, તે શરીરની આકૃતિને જ આશ્રયી હોવાથી જેમ વિવિધ જાતના શરીરો આ જીવે અનેકવાર ધારણ કર્યા છે, તેમ-પુરુષ-સ્રી અને નપુંસકપણું પણ આ જીવે વિવિધ સમયે અનેકવાર પ્રાપ્ત કર્યું છે.

આ હકીકત ઉપરથી સમજી શકાય છે કે પ્રત્યેક જીવ, આ સંસાર ચક્રમાં ભ્રમણ કરતી આત્મ વણઝાર પૈકીનો એક જીવ છે. અનાદિ કાળથી ભ્રમણ કરતા આ જીવોને હજુ સુધી ક્યારેય પણ કોઇ સ્થળે કાયમી વસવાટનું ઠેકાણું પડ્યું નથી. એક ઠેકાણે જીવાતા જીવનને અનુકૂળ એવી

બાહ્ય સામગ્રીઓ મહામહેનતે સંપાદન થઈ હોય, અને સફલતાનો આનંદ અનુભવાતો હોય, ત્યાં તો ઓચિંતો તે જીવન (જિંદગી)ના દેહમાંથી છૂટી જઈ, ઇચ્છાએ કે અણ ઇચ્છાએ પણ અન્ય દેહધારી બનવું જ પડે. ત્યાં પૂર્વના દેહને અનુકૂળ એકત્ર કરી રખાએલી સામગ્રીઓનો સંબંધ ત્યકત દેહ સંબંધની સાથે જ છૂટી જાય, અને અન્ય દેહધારી બનવા ટાઇમે પુનઃ તેવું બધું ફરીને વસાવવું પડે. પૂર્વના ઉપર તેનો કંઈપણ હક્ક નહિં. આવું તો પ્રત્યેક જીવને અનંતકાળથી કરવું પડે છે. જ્યાં સુધી એક ઠેકાણે કાયમી માટે ઠરીને બેસવા જેવી સ્થિતિમાં જીવ નહિં મૂકાય ત્યાં સુધી વારંવાર આવી સ્થિતિએ જીવનું ચક્ર ચાલ્યા જ કરવાનું.

મૃત્યુ એ આપણા અસ્તિત્વનો અંત નથી આણી દેતું, એમ માનવાને પૂરતા વિશ્વસનીય પુરાવાઓ મૌજુદ હોઈ, સ્વીકારી લેવું જરૂરી છે કે દૈહિક સંયોગની ફેરબદલી તેજ જીવોનું મૃત્યુ અને જન્મ છે. અમુક અવધિ પૂર્ણ થતાં ઇચ્છાએ કે અણઇચ્છાએ પણ જીવનો દેહપલટો થતો જ રહે છે. એ પદ્ધતિ તો સંસારમાં દરેક પ્રાણિને માટે અનાદિકાળથી ચાલુ છે

એક દેહમાંથી મુક્ત બની અન્ય દેહ ધારણ કરવાને પ્રસ્થાન કરતાં, જીવના તે તે દૈહિક સંબંધ ધરાવતાં તે કુટુંબ પરિવાર આદિ સંબંધીઓના તથા ભોગ–ઉપભોગની સામગ્રીઓના સંયોગોનો પણ દેહત્યાગની સાથે સાથે ત્યાગ

બની જ રહે છે. અને ત્યારબાદ નવા શરીરને અનુકૂળ દૈહિક આદિ સંયોગોનું નિર્માણ થાય છે. આ દેહપલટામાં પૂર્વના દેહથી મુક્ત થવું તેને મરણ અને નવા દેહને ધારણ કરવો તેને જન્મ કહેવાય છે. એટલે મરણ અને જન્મ તે તો એક દેહના સંબંધથી મુક્ત થવા પૂર્વક અન્ય દેહને ધારણ કરવા રૂપ જ છે. આમાં અદલાબદલી દેહની છે. નહિં કે આત્માની. આત્મા તો અમર છે. આ રીતે અમર આત્માને વારંવાર દેહપલ્ટો કરવો જ પડે છે. દેહપલ્ટાની સાથે સાથે દૈહિક અન્ય સંબંધો પણ છૂટી જાય તે સ્વાભાવિક છે.

આ રીતે થતા વારંવાર દેહપલ્ટામાં કયું તત્ત્વ ભાગ ભજવી રહ્યું છે? કેવી રીતે કયા નિયમના ધોરણે જીવને નવીન સંયોગોની પ્રાપ્તિમાં અનુકૂળતા અને પ્રતિકૂળતાનું સર્જક તે તત્ત્વ બની રહે છે, અને આ બધા સંયોગ–વિયોગમાં કારણભૂત બની રહેતા તે તત્ત્વની ઉપસ્થિતિ સ્વયં છે કે અન્ય કોઈના પ્રયત્નથી છે, કે જીવના સ્વયં પુરૂષાર્થથી છે, તે આગળ વિચારીશું.

અહિં એક વાત એ પણ સમજવી જરૂરી છે કે મરણ અને જન્મસ્વરૂપ થતા દેહપલ્ટામાં નવા પ્રાપ્ત થતા શરીરનું પ્રમાણ, નાના મોટું હોવા છતાં તેમાં સમાઈજવા માટે જીવને પોતાના આત્માના અણુ સમૂહમાં તો જરા પણ ન્યૂનાધિકતા કરવી પડતી નથી. છતાં પણ સ્થૂલ શરીરમાંથી છૂટેલો આત્મા, સૂક્ષ્મ શરીરમાં કેવી રીતે સમાઈ જાય છે, એ હકીક્તની સ્પષ્ટતા પણ આગળ આગળ વિચારીશું

**રોમન સમ્રાટે સ્વીકારેલો પુનર્જન્મનો સિદ્ધાંત :-**

રોમન તત્ત્વજ્ઞાની સમ્રાટ માર્કસ ઓરિલિયસે ઈ. સ. ૧૬૧ થી ઈ. સ. ૧૮૦ સુધી શાસન કર્યું હતું. એના મૃત્યુ બાદ કેટલીયે શતાબ્દિઓ પછી એના લેખોની હસ્તપ્રત મળી આવી હતી, એ પુસ્તકરૂપે પ્રગટ થઇ છે. "સુપ્રસિદ્ધ રોમન તત્ત્વજ્ઞાની સમ્રાટ માર્કસ ઓરેલિયસનું આત્મચિંતન નામે ગુજરાતી અનુવાદ રૂપે પણ તે પુસ્તક સન. ૧૯૫૬ માં પ્રકાશિત થયું છે.

તેણે એક એવી પણ નોંધ લખી છે કે-આપણે મીણ-માંથી જેવી ઇચ્છીએ તેવી મૂર્તિઓ બનાવીએ છીએ. પ્રકૃતિ પણ જાતજાતની વસ્તુઓ બનાવે છે, બગાડે છે, અને બગાડેલી ચીજોમાંથી ફરીથી નવી નવી રચના કર્યા કરે છે. હમણાં જે ઘોડો બન્યો હોય, એ થોડા સમય પછી એક ઝાડ રૂપે પણ ઉગી નીકળે છે. પાછળથી ઝાડ તે માણસના રૂપમાં પણ ફેરવાઈ જઇ શકે છે. સૌને અલ્પ વખત મળ્યો છે. લાકડામાંથી એક પેટી બનાવવામાં આવે છે. એ જૂની થઇ જાય ત્યારે એને તોડીને પાછા લાકડાના ટુકડા કરવામાં આવે છે. પણ પેટી ચૂપ રહે છે. પોતાનામાં થયેલા ફેરફારની બાબતમાં એ નથી હર્ષ પ્રગટ કરતી કે શોક દર્શાવતી. એ રીતે તમો પણ મૃત્યુ પાસે આવે ત્યારે ચિંતા ન કરશો. ઉદાસ ન રહેશો. એ જ મોટું જ્ઞાન છે.

વળી તેણે એવું પણ નોંધ્યું છે કે જીવ ( આત્મા )

શરીરનું સંચાલન કરે છે. મર્યા પછી જીવ, બીજા શરીરમાં ચેતન આપે છે. એટલે કે શરીરનો અંત આવે છે, પણ તેની સાથે જીવનો અંત નથી આવતો. તે તો માત્ર ખોળીયાં જ બદલે છે. એક જીવ જન્મોજન્મ જુદાં જુદાં ખોળીયાંને ચેતન આપે છે. આજે તે ઘોડામાં હોય તો બીજા જન્મમાં તે ઝાડમાં હોઈ શકે. અને ત્રીજા જન્મે તે મનુષ્યમાં પણ હોઈ શકે છે.

આ ઉપરથી સાબિત થાય છે કે ઈ. સ. ૧૬૧ માં પણ રોમના સમ્રાટ માર્કસ ઓરેલિયસને પણ જીવના વિવિધ રીતે થતા પુનર્જન્મની હકીકત દ્વારા જીવ ( આત્મા )ની નિત્યતાનો સ્વીકાર કર્યો હતો.

**જાતિસ્મરણની સમજ :—**

સત્યના ગવેષકો જરૂર સમજી શકશે કે પૂર્વજન્મના અનુભવને કારણે જ કોઇ કોઈક આત્માને પૂર્વજન્મના દૃઢ સંસ્કારો વર્તમાન જન્મમાં પણ જાગૃત થાય તો તે સ્મરણ-શક્તિથી યાદ કરીને આપણા આશ્ચર્ય વચ્ચે તેવાઓ ચમત્કારભરી હકીકત કહી બતાવે છે. આવી સ્મરણ શક્તિને જાતિસ્મરણ જ્ઞાન કહેવાય છે.

**જાતિસ્મરણ જ્ઞાન એટલે શું ?**

જૈનદર્શનમાં જાતિસ્મરણ જ્ઞાનને ધારણા નામે, મતિ જ્ઞાનના એક પ્રકાર તરીકે ઓળખાવેલ છે. અનંતજ્ઞાન એ આત્માનું લક્ષણ છે. ઇંદ્રિયોની સહાય વિના પણ જગતની

રૂપી અને અરૂપી સર્વ વસ્તુઓને જાણી શકવાની અમોઘ શક્તિ, પ્રત્યેક આત્મામાં રહેલી છે. આવા અનંત જ્ઞાનના ધારક એવા આત્માની તે જ્ઞાનશકિત, જ્ઞાનાવરણીયનામે કર્મ પુદ્દગલના આવરણથી અવરાઈ ગયેલી છે. જ્યાં સુધી આ જ્ઞાનાવરણીયનામે કર્મપુદ્દગલનું આવરણ આત્મામાં ચાલુ રહે છે, ત્યાં સુધી જગતમાં રહેલી કોઈપણ વસ્તુને આ આત્મા, ઇન્દ્રિયપરોક્ષરીતે જાણી શકતો નથી. ઇન્દ્રિય અને મન વડે કરીને જાણવું તે મતિજ્ઞાન કહેવાય છે. જ્ઞાનાવરણીય કર્મથી આચ્છાદિત આત્મા, ઇન્દ્રિયપ્રત્યક્ષ વસ્તુના સ્વરૂપને જ જાણી–અનુભવી શકે છે. માટે તેવા જ્ઞાનને મતિજ્ઞાન કહેવાય છે.

કોઈપણ વસ્તુ ઇન્દ્રિય પ્રત્યક્ષ થયા બાદ મતિજ્ઞાન વડે જાણેલી તે વસ્તુઅંગેના સંસ્કારો આત્મામાં રક્ષિત થાય છે. એટલે ઇન્દ્રિય પ્રત્યક્ષ અનુભવેલ વસ્તુ, ઇંન્દ્રિયપરોક્ષ થયા બાદ પણ વસ્તુ અંગેના તે રક્ષિત સંસ્કારો દ્વારા તે વસ્તુના સ્વરૂપને જીવ અનુભવી શકે છે. માટે ઇંદ્રિયપરોક્ષ અવસ્થામાં પણ વસ્તુસ્વરૂપને અનુભવવામાં, ઇન્દ્રિય પ્રત્યક્ષ સમયે પ્રાપ્ત કરેલા, પૂર્વના સંસ્કારો જ કારણરૂપ છે. તે સંસ્કારો પ્રગટ થવાથી પૂર્વે અનુભવેલ વસ્તુનો વૃત્તાંત જીવને યાદ આવે છે. દાખલા તરીકે અગ્નિની ઉષ્ણતાને, કેરીના રસને, ગુલાબના ફૂલની સુગંધને, દિલ્હીની બજારને કે માલકોશ રાગની તર્જને એક વખત ઇંદ્રિય પ્રત્યક્ષ થયા બાદ, કેટલોક દીર્ઘ સમય વીત્યે છતે તેની પ્રત્યક્ષતાના

અભાવમાં પણ તે તે વિષયોને જીવ વિચારી શકે છે. અગર તે વસ્તુ ઇંદ્રિયગોચર થતાં જ તે વસ્તુનો પૂર્વ અનુભવ તે આત્મામાં જાગૃત બને છે. તેવી રીતે એક ભવમાં અનુભવેલ વિષય, બીજા ભવમાં પણ યાદ આવી શકે છે. કારણ કે ઇન્દ્રિય પ્રત્યક્ષ અનુભવેલ વિષયોના સંસ્કારો આત્મામાં જ રક્ષિત થાય છે. તે સંસ્કારો મરણ બાદ અન્ય ભવમાં પણ આત્માની સાથે જ રહે છે. આ સંસ્કારો દેહમાં રક્ષિત નહિં થતાં આત્મામાં રક્ષિત થયેલા હોય છે. એટલે પદાર્થને ઇંદ્રિયોથી પ્રત્યક્ષ રીતે અનુભવ કરવાવાળો તો આત્મા જ છે. નહિ કે ઇંદ્રિયો. એ ઇન્દ્રિયો તો અનુભવ કરવામાં આત્માનું સાધન છે. માટે સાધન બદલાઈ જાય પણ અનુભવ કરનાર કંઈ બદલાતો નથી. તેથી ભિન્ન દેહને ધારણ કરનાર આત્મા, પૂર્વે અનુભવેલ વસ્તુને સંસ્કારો દ્વારા યાદ લાવી શકે છે. આવી રીતે સંખ્યાત–અસંખ્યાત કાળ સુધી ધારી રખાયેલા તે સંસ્કારોને જૈનશાસ્ત્રમાં "વાસના" તરીકે ઓળખાવ્યા છે. આ વાસના દ્વારા ભવાંતરે પણ આત્માને જે વસ્તુસ્વરૂપ યાદ આવે તેને જાતિસ્મરણ જ્ઞાન કહેવાય છે. આ જાતિ-સ્મરણ તે પૂર્વે ઇન્દ્રિય પ્રત્યક્ષ અનુભવેલ વિષયોનું જ જ્ઞાન હોવાથી જૈનદર્શનમાં તેને મતિજ્ઞાનનો જ પ્રકાર ગણ્યો છે. જાતિસ્મરણને શ્રી પતંજલિએ પણ યોગ શાસ્ત્રમાં આ રીતે સમજાવ્યું છે. "संस्कार साक्षात्करणात् पूर्व जातिज्ञानम् । ૩. । ૧૮. આની ઉપર વ્યાસભાષ્ય આ પ્રમાણે છે. तादित्यं संस्कार साक्षात् करणात् पूर्व जातिज्ञानं उत्पद्यते योगिनः पर त्राप्येवमेव संस्कार साक्षात्करणात् परमजाति संवेदनम् ।

અર્થાત્ એ રીતે પોતાના સંસ્કાર સાક્ષાત્ થઈ જવાથી યોગી પુરૂષ પોતાના પાછળના જન્મવૃત્તાંતને માલુમ કરી લે છે. વળી બીજાઓને પણ સંસ્કારનો સાક્ષાત્ થઈ જાય તો તે પણ પાછલા જન્મોના વૃત્તાંતને માલુમ કરી શકે છે. સારાંશ એ છે કે જાતિસ્મરણ થવાનો ઉપાય સંસ્કારની ભેટ છે.

વળી આમાં એમ પણ બને છે કે અમુક કાળે ભૂત-કાળની ઘટના યાદ આવે, બાદ ભૂલાઈ પણ જાય. વળી એમ પણ બને કે અમુક વર્ષોની કે પહેલાંની વાત યાદ આવે અને પછીના વર્ષોની કે પછીના ભવની વાત સ્મૃતિમાં ન પણ રહે. આમાં મતિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમની વિચિત્રતા જ કારણ રૂપ છે. હવે જાતિસ્મરણ શી રીતે થાય છે, તે અંગે કહે છે :

ब्रह्मचर्येण तपसा, सद्वेदाध्ययनेन च ।
विद्यामंत्राविशेषण, सत्तीर्थासेवनेन च ॥

पित्रोः सम्यगुपस्थानाद्, ग्लानभैषज्य दानतः ॥
देवादि शोधनाच्चैव, भवेज्जाति स्मरः पुमान् ॥

ભાવાર્થ–બ્રહ્મચર્ય, તપ, સદ્ આગમ અભ્યાસ, વિદ્યા, મંત્રવિશેષ, સત્ તીર્થનું આસેવન, માતપિતાનું સમ્યક્ પૂજન, ગ્લાનાદિને ઔષધદાન, અને દેવ–ગુર્વાદિકની શુદ્ધિ, ઈત્યાદિથી જીવ, પૂર્વભવનું સ્મરણ કરનાર થાય છે. આ યોગવિશેષો જ જાતિસ્મરણ જ્ઞાન થવામાં અંતરંગ કારણો

કોઈને પરલોકમાંથી બધાનું આગમન હોવા છતાં બધાંને જાતિસ્મરણ થતું નથી. આ વાતને સ્પષ્ટ કરતાં કહે છે કે–

अत एव न सर्वेषा, मेतदागमनेऽपि हि ।
परलोकाद्य थैकस्मात्, स्थानात्तनुभृतामपि ॥

ભાવાર્થ–જેમ એક સ્થાનમાંથી બીજા સ્થાને જતાં બધાંને માર્ગભાન નથી થતું, તેવી રીતે પરલોકથી આગમન સિદ્ધ હોય, તો પણ આવનાર બધાને જાતિસ્મરણ ન થાય. કારણ કે બ્રહ્મચર્યાદિ રૂપ યોગ વિશેષ તેમાં પ્રબલ નિમિત્ત છે. જેમ કોઈ મોટા નગરથી આવતા ઘણા મુસાફરો હોય, તેમાં બધાને પૂર્વાનુભૂત અર્થની સ્મૃતિ થતી નથી, પણ અમુકને જ થાય છે. તેમ ભવાંતરથી આવેલ વ્યક્તિઓમાંય બધાંને ભવાંતર સ્મરણ ન થાય. પણ અમુકને જ થાય છે. જોકે એક ગામથી બીજે ગામ જનારાઓમાં તો વધુ સંખ્યામાં યાદ કરનારા હોય છે. અને પરલોકથી આવનાર બહુ વિરલને જ સ્મરણ થાય. પરંતુ અહિં તો માત્ર સ્મરણ કરનારનો સંભવ જ દૃષ્ટાંત દ્વારા સાબિત કરવાનો છે. સર્વથા ઉભયનું સાધર્મ્ય હોય જ નહિં.

આવા જાતિ સ્મરણવાળા જીવોના સંવાદિવચનથી ય જીવ અને કર્મ વગેરે અતીન્દ્રિય અર્થનો વાસ્તવ નિર્ણય થઇ શકે છે. વર્તમાનકાળમાં પણ બનેલ જાતિસ્મરણવાળા-ઓની હકીકત પ્રત્યક્ષ પ્રમાણથી યથાર્થ હોવાથી પરલોકાદિની પણ સિદ્ધિ થઇ જાય છે.

જીવે કંઈ અહીં પહેલ વહેલો જ જન્મ લીધો નથી. આની પહેલાં પણ અનેક જન્મ જીવના થઇ ચૂક્યા છે. અને હવે પછી પણ અનેક જન્મ થશે. આ રીતે શરીરથી ભિન્ન પરલોકાનુયાયી ચેતનતત્ત્વ સિદ્ધ થાય છે. એટલે કે ચૈતન્યનું અસ્તિત્વ શાશ્વત છે.

આ ઉપરથી સ્પષ્ટ સમજી શકાય છે કે આત્મા છે, આત્મા શાશ્વત છે, આત્માનો પુનર્જન્મ પણ છે. એ પુનર્જન્મના હિસાબે દરેક જીવનું સંસારમાં વારંવાર જન્મ-મરણ થયા જ કરે છે. જીવની આવી સ્થિતિ અનાદિકાળથી ચાલ્યા કરે છે.

# સંખ્યાની વિવિધ સમજપૂર્વક સર્વ જીવોનું સંખ્યા પ્રમાણ

વિશ્વના તમામ જીવોની સંખ્યા તથા પ્રત્યેક જીવના આત્મપ્રદેશની સંખ્યા કેટલી છે, તે જાણવા–સમજવા માટે પ્રથમ તો જૈનદર્શનમાં કહેલ ગણિતની સમજ ખાસ આવશ્યક છે. જૈનદર્શને બતાવેલ સંખ્યા (ગણિત)ને સમજવા માટે તીક્ષ્ણ બુદ્ધિ અને અધ્યવસાયની જરૂર છે. જૈનશાસ્ત્રમાં જે ગણિતનો ઉપયોગ કર્યો છે, તે ગણિત, લૌકિક ગણિતથી વધુને વધુ આગળ વધે તેવું છે. જ્યાં લૌકિક ગણિતની સમાપ્તિ થાય છે, ત્યાંથી આગળની સંખ્યાને આ જૈન શાસ્ત્રમાં કહેલ ગણિત બહુ જ સુંદર રીતે સમજાવે છે. ગણિતનું આવું સર્વાંગી વર્ણન જૈનશાસ્ત્રોમાં જ મળી શકે છે.

જૈનશાસ્ત્રમાં પદાર્થની સંખ્યા, તે સંખ્યાત, અસંખ્યાત, અને અનંતરૂપે ગણાવી તે દરેકના વિવિધ પ્રકારો બતાવ્યા છે. સો, હજાર, લાખ, કરોડ, અબજ વિગેરે સંખ્યાઓ તો સંખ્યાતી જ કહેવાય. ત્યારબાદ સંખ્યાતમાં પણ તેથી આગળ વધુ સમજાવી આગળ અસંખ્યાત અને અનંતની સંખ્યાઓને સરલતાથી સમજવા માટે વિવિધ દૃષ્ટાંતો દ્વારા તેની ગણત્રી આપી છે.

જે સંખ્યાને બતાવવા માટે લૌકિક ગણિતમાં કંઈપણ સંજ્ઞા નથી, તેવી સંખ્યાની સૂક્ષ્મતા બતાવવા માટે આધુનિક વિજ્ઞાનને પણ અમુક દૃષ્ટાંતદ્વારા પ્રયત્ન કરવો પડયો છે.

સંખ્યાની સૂક્ષ્મતા દર્શાવતાં, વર્તમાન વિજ્ઞાન કહે છે કે એક ગ્લાસમાં સોડાવોટર ભરવા વખતે જે નાની નાની બુંદ ( પરપોટી ) થાય છે, તેમાંથી એક બુંદના પરમાણુઓની ગણત્રી કરવા માટે સંસારના ત્રણ અરબ વ્યક્તિઓ ખાધા–પીધા–સુવા વિના લગાતાર પ્રતિમિનિટે ત્રણસોની સંખ્યા પ્રમાણ પરમાણુઓ ગણતા જાય તો તે બુંદના પરમાણુઓની સમસ્ત સંખ્યાને ગણવા વડે સમાપ્ત કરતાં ચાર મહિના લાગે.

પોતાના વાળને ઉખેડતી વખતે વાળની જડ ઉપર લોહીની જે બુંદ નીકળે છે, તેને અણુવીક્ષણની તાકાતથી છ અગર સાત–સત વ્યાસ પ્રમાણ વધારી જોવામાં આવે તો બુંદની અંદરના પરમાણુનો વ્યાસ ૧–૧૦૦૦ ઈંચિ જ હોઇ શકે છે. એક અધોળ જેટલા હાઈડ્રોજનમાં ૧૬ ઉપર ૨૪ મીંડાં સંખ્યા પ્રમાણ પરમાણુ હોય છે.

આ રીતે સંખ્યાની સૂક્ષ્મતા બતાવવામાં વર્તમાન વિજ્ઞાન કરતાં પણ જૈનદર્શન આગળ વધે છે. વિજ્ઞાને બતાવેલ સંખ્યાની પદ્ધત્તિ સમજી શકનારને, જૈનદર્શને બતાવેલ સંખ્યાની પદ્ધત્તિને સમજવામાં જરા પણ મુશ્કેલી કે અવિશ્વાસ નહિં જ રહે. આવી, જૈનદર્શને કહેલ સંખ્યાને, સમજવા

માટે જિજ્ઞાસુઓએ ચોથા કર્મગ્રંથમાં દર્શાવેલ સંખ્યાત, અસંખ્યાત અને અનંતાની હકીકત સમજી લેવી.

જૈનશાસ્ત્રમાં સંખ્યાતા, અસંખ્યાતા અને અનંતાના સ્થૂલ પણે અનુક્રમે ૩+૯+૯ મળી કુલ–૨૧ ભેદ દર્શાવ્યા છે. પરંતુ સૂક્ષ્મપણે તો સંખ્યાતી સંખ્યાના સંખ્યાત પ્રકાર, અસંખ્યાતી સંખ્યાના અસંખ્ય પ્રકાર, અને અનંતી સંખ્યાના અનંત પ્રકાર બતાવ્યા છે. સ્થૂલદ્રષ્ટિએ આવી સૂક્ષ્મ બાબત, આજના બાળજીવોને અંતઃકરણમાં એકદમ ઉતરી શકે નહિં. પરંતુ યુક્તિથી વિચાર કરવામાં આવે તો અતીન્દ્રિય સંખ્યાના અસંખ્યાત કે અનંત પ્રકાર માટે જરૂર, હૃદયની કબૂલાત થઈ જશે.

એકંદર ગણિતના વિષય તરફ દૃષ્ટિ કરીએ તો અનંતની સંખ્યાના અનંત ભેદો છે. આજના જીવોને એ વાત હૃદયમાં જલ્દી ઉતરવી મુશ્કેલ છે. પરંતુ આપણા ઉપયોગમાં આવતી સેંકડોની, હજારોની કે લાખો વગેરેની સંખ્યાનો વિચાર કરીશું, તેના ભેદો વિચારીશું તો અનંત સંખ્યાના અનંત પ્રકારો માનવામાં જરાપણ આનાકાની નહિં થાય.

આપણને કોઈ પૂછે કે સેંકડોની સંખ્યાના કેટલા પ્રકાર ? અહીં ગણિતના વિષયમાં કુશળ ગણાતો મનુષ્ય, તરત જ બોલશે કે સેંકડો.

એક, બે, ત્રણ–યાવત્ નવાણું સુધીની સંખ્યા, સેંકડોમાં નહિં ગણાય. પરંતુ ૧૦૦ ની સંખ્યા, સેંકડોમાં ગણાશે. ૧૦૧ ની સંખ્યા પણ સેંકડોમાં. એમ એકોત્તર

વૃદ્ધિથી વધતાં વધતાં ૯૯૯ ની સંખ્યા સુધી સર્વ, સેંકડોની સંખ્યા તરીકે ગણાશે. ત્યારબાદ ૯૯૯ માં એકની સંખ્યા ઉમેરતાં ૧૦૦૦ થાય, એટલે તે રકમ માટે સેંકડો શબ્દનો પ્રયોગ નહિં થઈ શકે. પરંતુ હજાર શબ્દનો પ્રયોગ શરૂ થશે.

અહિં ૧૦૦ ની સંખ્યા, એ, જઘન્ય અર્થાત્ ઓછામાં ઓછી સંખ્યા છે. ૯૯૯ ની સંખ્યા, એ મોટામાં મોટી અર્થાત્ ઉત્કૃષ્ટ સેંકડોની સંખ્યા છે. અને ૧૦૧ થી ૯૯૮ સુધીના બધાય આંકડાઓ મધ્યમ સેંકડોની સંખ્યામાં ગણવામાં આવે છે. સેંકડોની સંખ્યાના કુલ આંકડા ૯૦૦ થાય છે. એટલે સેંકડોના સેંકડો પ્રકાર છે.

એ જ પ્રમાણે હજારની સંખ્યાના હજારો પ્રકારો છે. ૧૦૦૦ થી હજારની સંખ્યાનો પ્રારંભ થશે અને ૯૯૯૯૯ (નવાણું હજાર નવસો નવાણું) સુધી હજારની ગણાશે.

સેંકડોની સંખ્યા માફક હજારની સંખ્યામાં પણ જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એ ત્રણેય વિભાગ સમજવાના છે. ૧૦૦૦ (સહસ્ત્ર)ની સંખ્યા તે ઓછામાં ઓછી અર્થાત્ જઘન્ય હજાર (સહસ્ત્ર) કહેવાય છે. ૯૯૯૯૯ ( નવાણું હજાર નવસો નવાણું ) તે મોટામાં મોટી અર્થાત્ ઉત્કૃષ્ટ હજાર (સહસ્ત્ર) કહેવાય. અને ૧૦૦૧ થી ૯૯૯૯૮ સુધીની બધી સંખ્યાઓ મધ્યમ હજારના પ્રકારમાં આવે છે. કુલ હજારની સંખ્યાના આંકડાઓ ૯૯૦૦૦ થાય છે. અર્થાત્ સેંકડોની સંખ્યાના જેમ સેંકડો પ્રકાર થયા, તે પ્રમાણે

હજારની સંખ્યાના હજારો પ્રકાર થઈ શકે છે. તેજ પ્રમાણે લાખની સંખ્યાના લાખો પ્રકાર, ક્રોડની સંખ્યાના ક્રોડો પ્રકાર, અબજની સંખ્યાના અબજો પ્રકાર, યાવત્ સંખ્યાતી સંખ્યાના સંખ્યાતા પ્રકાર, અસંખ્યાતી સંખ્યાના અસંખ્ય પ્રકાર, અને અનંતી સંખ્યાના અનંતપ્રકાર, બુધિગમ્ય જરૂર થઈ શકે છે.

સર્વજીવોનું સંખ્યા પ્રમાણ :—

અખિલ વિશ્વમાં સર્વ આત્માની–જીવોની સંખ્યા અનંત છે. તેમાં સૂક્ષ્મપણે તો અનંતાના અનંત ભેદો છે. પરંતુ જૈનશાસ્ત્રોમાં સ્થૂલપણે બતાવેલા અનંતાના નવ ભેદો પૈકી, સર્વજીવોની કહેવાતી અનંત સંખ્યા તે આઠમા અનંતે છે.

આઠમા અનંતાની સંખ્યા પ્રમાણ સર્વજીવો પૈકી અભવ્ય જીવોની સંખ્યા, ચોથા અનંતે, ભવ્યજીવો આઠમા અનંતે, સિદ્ધિના જીવો પાંચમા અનંતે અને સર્વ જીવોની સંખ્યા પણ આઠમા અનંતે છે.

અહિં ભવ્ય જીવોની સંખ્યા, તથા સર્વ જીવોની સંખ્યા એ બન્નેને આઠમા અનંતે હોવાનું કહેવાથી તે બન્ને સંખ્યાને સરખી સમજી લેવાની ભૂલ થવી ન જોઇએ. કારણ કે આઠમા અનંતાના તો અનંત ભેદો હોવાથી ભવ્ય જીવોની કહેલી અનંત સંખ્યા અને સર્વ જીવોની કહેલી અનંત સંખ્યા, તે ભિન્ન ભિન્ન સમજવી.

મનુષ્યો સંખ્યાતી સંખ્યા પ્રમાણ છે. દેવો અને નારકો વગેરે અસંખ્યાતી સંખ્યા પ્રમાણ છે. અને નિગોદાદિ તિર્યંચો વગેરે અનંતી સંખ્યા પ્રમાણ છે.

સંખ્યાતી સંખ્યાવાળા ભાવોને આપણા જેવા સામાન્ય જ્ઞાનીઓ જાણી શકે. સંખ્યાતી તેમજ અસંખ્યાતી સંખ્યાવાળા ભાવોને અવધિ, મનઃપર્યવી કે શ્રુત–કેવલી વગેરે જાણી શકે. અને સંખ્યાત, અસંખ્યાત, તેમજ અનંત ભાવોને તો સર્વજ્ઞ ભગવંતો જ જાણી શકે.

અનંતભાવોને જાણવા એ કેવલી ભગવંતનો જ વિષય છે. સર્વ કેવલીઓના કેવલજ્ઞાનમાં સમાનતા હોય છે. સયોગી કેવલી હોય, અયોગી કેવલી હોય, કે સિદ્ધ કેવલી હોય, પરંતુ એ ત્રણેયના કેવલજ્ઞાનમાં જરાપણ તરતમતા નથી. કારણ કે ક્ષયોપશમભાવે પ્રગટ થયેલ ગુણમાં જ તરતમતા હોઈ શકે. પરંતુ ક્ષાયિકભાવે પ્રગટ થયેલા ગુણમાં તરત–મતાનો લેશપણ સંભવ નથી.

ક્ષયોપશમમાં ગુણોની ન્યૂનતા છે. અર્થાત્ ઓછાશ છે. તે ન્યૂનતા પણ સર્વજાતના ક્ષયોપશમમાં કંઈ એક સરખી જ હોઈ શકે નહિ. કોઇમાં ન્યૂનતા ઓછી હોય અને કોઇમાં ન્યૂનતા અધિક હોય. અર્થાત્ ન્યૂનતા પણ વિવિધ પ્રકારની હોઇ ક્ષયોપશમપણું પણ વિવિધ પ્રકારનું હોઇ શકે.

ક્ષાયિકભાવે પ્રગટ થતા ગુણોમાં પૂર્ણતા છે. પૂર્ણતા ત્યારે જ કહેવાય કે કંઇપણ બાકી કે ઓછાશ ન રહે.

એટલે પૂર્ણતા તો સર્વને સરખી જ હોય. માટે ક્ષાયિકપણું તો એક જ પ્રકારનું હોઇ શકે. એવા ક્ષાયિકભાવે પ્રગટ થયેલ ગુણોવાળા સર્વ ગુણીઓના ગુણમાં તરતમતા સંભવી શકે જ નહિં. માટે જ ઉપર જણાવેલ ત્રણેયના કેવલજ્ઞાનમાં સમાનતા હોવાના કારણે સર્વ કેવલીઓનું કથન, ત્રણેયકાળમાં એક સરખું જ હોય. લેશમાત્ર પણ ભેદ ન જ હોય.

અહિં સર્વ જીવોનું તથા પૃથક્ પૃથક્ જાતિના જીવોનું સંખ્યાપ્રમાણ વિચારી હવે પ્રત્યેક જીવના આત્મપ્રદેશની સંખ્યાનું પ્રમાણ કહેવાય છે.

## આત્મ પ્રદેશની સંખ્યા
## અને
## વર્ત્તમાન આત્મસ્થિતિ

વસ્તુના અવિભાજ્ય અંશને જૈન પારિભાષિક શબ્દમાં પ્રદેશ કહેવાય છે. એવા અનેક અંશના સમૂહયુક્ત પદાર્થો પણ જગતમાં વિદ્યમાન હોય છે. વિશ્વના સર્વ પદાર્થોનું વિભાજન બે રીતે થઈ શકે છે. (૧) જડ અને (૨) ચેતન. ચેતન તે જીવ, આત્માને કહેવાય છે.

આધુનિક વિજ્ઞાન જેને મેટર કહે છે, તેને જૈનદર્શન, પુદ્ગલ સંજ્ઞાથી ઓળખાવે છે. પુદ્ગલદ્રવ્ય તે દ્રશ્યજગતમાં વિવિધરૂપે દૃષ્ટિગોચર થાય છે. વિવિધ રીતે દૃષ્ટિગોચર થતા આ દરેક પુદ્ગલ પદાર્થો તે સરખી સંખ્યા પ્રમાણ પ્રદેશયુક્ત હોતા નથી. અર્થાત્ કોઇ પુદ્ગલ પદાર્થ, ઓછા અંશરૂપ પ્રદેશયુક્ત અને કોઇ પુદ્ગલ પદાર્થ, વધુ અંશરૂપ પ્રદેશયુકત હોય છે.

વિવિધ પ્રમાણવાળા અંશયુક્ત આ દરેક પદાર્થોની પ્રદેશસંખ્યા પણ સદાના માટે એક સરખી ચાલુ રહેતી નથી. તેમાં પણ ભરતી–ઓટ તો ચાલુ રહે છે. એક ફકત આત્મદ્રવ્ય જ એવું છે કે એક વિવક્ષિત આત્માની અને વિવિધ આત્માની પ્રદેશ સંખ્યા સદાના માટે એકસરખી

જ રહે છે. તેમાં કયારે ય પણ ન્યૂનાધિકતા થઈ શકતી જ નથી. આ આત્મદ્રવ્યમાં પ્રદેશસંખ્યા કેટલી છે, અને તેટલી સંખ્યાપ્રમાણ આત્મદ્રવ્યના તે આત્મપ્રદેશો કેવી રીતે સંકુચિત અને વિસ્તૃતપણે રહી શકે છે, તે અંગે અહિં વિચારીએ.

દરેક આત્માઓ પોતાના સ્વરૂપે અનંતજ્ઞાનમય છે. જગતમાં વિવિધ આત્માઓ પૈકી પ્રત્યેક આત્માના આત્મ પ્રદેશો અસંખ્ય છે. અર્થાત્ પ્રત્યેક આત્મા અસંખ્ય આત્મ-પ્રદેશ યુકત હોય છે. દરેક આત્માની આત્મપ્રદેશોની સંખ્યા સમાન છે. કીડીના આત્મપ્રદેશોની સંખ્યા ઓછી અને કુંજર (હાથી)ના આત્મપ્રદેશની સંખ્યા વધારે, એમ સમજવાનું નથી.

સંસારની ચોરાસીલાખ જીવાયોનિ પૈકી ગમે તે જીવાયોનિમાં આત્મા, કર્મયોગે ઉત્પન્ન થયેલો હોય, નરકમાં હોય કે નિગોદમાં હોય, દેવ હોય કે દાનવ હોય, એકેન્દ્રિય હોય કે પંચેન્દ્રિય હોય, અંગુલના અસંખ્યભાગ જેટલું શરીર હોય કે હજારયોજનનું અગર લાખ યોજનનું હોય, પરંતુ હરકોઈ આત્માના આત્મપ્રદેશોની સંખ્યા સમાન જ હોય.

ચૌદરાજલોકમાં વ્યાપીને રહેલા ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, લોકાકાશ, અને એક આત્મા, એ ચારેયની પ્રદેશસંખ્યા સમાન જ હોય છે.

કર્મયોગે નાનું શરીર પ્રાપ્ત થાય તો તેમાં સંકુચિત થઇને આત્મા રહે છે. કોઇને હાથી જેવું મોટું શરીર પ્રાપ્ત થાય તો આત્માના પ્રદેશો તેમાં વિસ્તૃતપણે રહે છે. રૂ,

તેનું તેજ હોય, ગાંસડીમાં બાંધ્યું ન હોય અને છૂટું પડેલું હોય ત્યારે ઘણી જગ્યા રોકે છે. એનું એજ રૂ, પ્રેસમાં દબાય એટલે નાની ગાંસડીમાં સમાઈ જાય. એકનો એક દીપક નાના ઓરડામાં હોય, તો તે ઓરડામાં સ્વચ્છ પ્રકાશ આપે છે. અને તેનો તેજ દીપક, મોટા ઓરડામાં વચ્ચે મૂકાય તો તે મોટા ઓરડામાં ઓછો ઓછો પણ સર્વત્ર પ્રકાશ આપે છે.

કીડી, મંકોડી વગેરેનું શરીર નાનું અને તેના અંગોપાંગોમાં આત્મપ્રદેશોનું સઘનપણું વધારે હોય છે. કીડી-મંકોડીના કોઈપણ ( પગ સિવાય ) અવયવોને નુકસાન પહોંચે એટલે પ્રાયઃ તુરત તે મૃત્યુ પામે છે. કારણ કે તે અવયવમાં આત્માપ્રદેશોનો જથ્થો વધારે હોય છે. તેના ઉપર આઘાત લાગવાથી તેનું મરણ થાય છે. મોટા શરીરવાળા જીવો માટે એમ નથી બનતું. મર્મસ્થાન ઉપર ઘા વાગે તો જ મોટાં શરીરવાળાનું મરણ થાય છે. પણ મર્મસ્થાન સિવાયના અવયવો ઉપર આઘાત-પ્રત્યાઘાત લાગવા માત્રથી પ્રાયઃ મૃત્યુ થવાનો પ્રસંગ આવતો નથી. તાત્પર્ય એ છે કે શરીર સ્થૂલ હોય કે સૂક્ષ્મ હોય, અને કર્મયોગે ગમે તે જીવાયોનિમાં આત્મા વર્તતો હોય, પરંતુ આત્માના પ્રદેશોની સંખ્યા, ત્રણેય કાળમાં સમાન છે. એટલે સદાના માટે સર્વ જીવના આત્મપ્રદેશની સંખ્યા અસંખ્યાતી હતી. અસંખ્યાતી છે, અને અસંખ્યાતી રહેવાની. જેથી એ અસંખ્ય આત્મ પ્રદેશોમાં એક પણ આત્મપ્રદેશનો નથી વધારો થતો, કે

નથી ઘટાડો થતો. એટલું જ નહિં પણ એ અસંખ્ય આત્મ-પ્રદેશમાંથી એક પણ આત્મપ્રદેશ કોઈ કાળે છૂટો ય પડતો નથી.

પુદ્ગલ સ્કંધમાંથી તો પ્રદેશ છૂટોય પડે અને નવા પ્રદેશો તેમાં આવીનેય મળે. પુદ્ગલમાં ભેદ અને સંઘાત બન્ને છે. પણ આત્માના પ્રદેશોમાં એ પ્રમાણે બનતું નથી.

એક ચાર હાથના કપડાના બે પાંચ કે તેથી વધારે ટુકડા થશે. પરમાણુ સિવાય પુદ્ગલ માત્રના વિભાગો થઈ શકશે; પણ આત્મ પ્રદેશોનો વિભાગ તો નહિં જ થઈ શકે. આત્માનું છેદન-ભેદન થતું જ નથી.

તીર્થંકર ભગવંતના કલ્યાણકાદિ પ્રસંગોમાં સૌધર્મેન્દ્ર વગેરે દેવો, પાંચ પાંચ ઉત્તર વૈક્રિય શરીરો બનાવે છે. એ રીતે એક જ આત્માએ વિકુર્વેલા દરેક ઉત્તર વૈક્રિય શરીરો, ભિન્ન ભિન્ન દેખાવા છતાં, તે વિવિધ ઉત્તર વૈક્રિયમાં વિકુર્વક આત્માના આત્મપ્રદેશોનો વિભાગ પડેલો હોતો નથી.

તીર્થંકર દેવોના કલ્યાણક ઉત્સવના પ્રસંગે ઈન્દ્ર મહારાજ પોતાના સ્વાભાવિક શરીરથી તો સૌધર્મ દેવલોકમાં હોય છે. અને ત્યાં ભિન્ન ભિન્ન પ્રવૃત્તિ ચાલે છે. એ જ ઈન્દ્રમહારાજા ઉત્તર વૈક્રિયશરીરવડે તીર્થંકર ભગવંતનો જન્મ મહોત્સવ ઉજવવા મનુષ્ય લોકમાં આવે છે, અને અહિં પણ પાંચ શરીરો-સ્વરૂપો બનાવે છે.

આવા પ્રસંગોમાં એમ સમજવું જરૂરી છે કે દેવલોકમાં જ્યાં ઈન્દ્રમહારાજ પોતાના મૂળશરીરથી રહેલા છે,

ત્યાંથી અહીં મનુષ્ય લોકસુધી તેમના આત્મપ્રદેશોની પંક્તિ તેમણે બનાવેલા પાંચેય ઉત્તરવૈક્રિય શરીરો સાથે સંબંધવાળી છે. મોટા શહેરોમાં સો-બસો કદમને આંતરે વીજળીના થાંભલાઓ હોય છે. અને દરેક થાંભલાઓ પાવર હાઉસથી શરૂ થયેલા વીજળીના તારવડે અનુસંધાનવાળા જેમ હોય, તેજ પ્રમાણે કોઇ પણ ઇન્દ્રાદિ એક જીવ, વૈક્રિય લબ્ધિવડે ગમે તેટલાં જુદાં જુદાં શરીરો વિકુર્વે, લાખ યોજનના જંબુદ્વીપને બાળક બાળીકાઓના રૂપોવડે ભરી દે, તો તે દરેક રૂપોવાળા ઉત્તરવૈક્રિય શરીરોની સાથે,મૂળ શરીરમાંથી નીકળેલ આત્મ પ્રદેશોની પંક્તિઓનું અનુસંધાન તો અવશ્ય હોય છે. મૂળ શરીરમાં જે આત્મા હોય છે, તેજ આત્મા, પોતે વિકુર્વેલા-બનાવેલા ભિન્ન ભિન્ન અનેક શરીરોમાં વ્યાપીને રહેલો હોય છે. અને મૂળ શરીર તેમજ વિકુર્વિત શરીરો વચ્ચે તેજ આત્માના પ્રદેશોની પંક્તિનું અનુસંધાન પણ હોય છે. તાત્પર્ય એ છે કે-ગમે તેવા પ્રસંગોમાં પણ આત્માના અસંખ્યપ્રદેશોમાંથી એકપણ આત્મપ્રદેશ કોઇ કાળે છૂટો પડતો નથી.

અસંખ્ય પ્રદેશી પ્રત્યેક આત્માના પ્રત્યેક આત્મપ્રદેશમાં અનંતજ્ઞાનાદિ શક્તિ ભરેલી છે. અનંત જ્ઞાનાદિ શક્તિનો આવિર્ભાવ એ આત્માનો પરિપૂર્ણ શુદ્ધ પર્યાય છે. આત્માની એ જ અનંતજ્ઞાનાદિ શક્તિનો તિરોભાવ એ આત્માનો અશુદ્ધ પર્યાય છે.

અનાદિથી આત્મા, વિવિધ કર્મના યોગે અશુદ્ધ છે.

શ્રી આનંદઘનજી મહારાજે શ્રી પદ્મપ્રભુ સ્વામીની સ્તવના કરતાં કહ્યું છે કે :–

કનકોપલવત પયડી પુરૂષતણી રે, જોડી અનાદિ સ્વભાવ;
અન્ય સંયોગે જીહાં લગે આતમા રે, સંસારી કહેવાય.

એક આત્માના અસંખ્ય પ્રદેશો અને તે પ્રત્યેક આત્મપ્રદેશ ઉપર અનંતાનંત કર્મ વર્ગણા ( કર્મપણે પરિણામ પામી શકવાવાળી પુદ્ગલ સમૂહની જાત )ના સ્કંધો (જથ્થાઓ) રહેલા છે. તે એક એક કાર્મણ સ્કંધમાં અનંતાઅનંત પ્રદેશો છે. અને એક એક પ્રદેશમાં ઓછામાં ઓછાં પણ સર્વ જીવાન્તગુણરસના અવિભાગો છે.

આ વાત સૂક્ષ્મ હોવાથી બાળજીવો જલ્દી સમજી ન શકે તે સ્વાભાવિક છે. પરંતુ એટલી વાત તો નક્કી છે કે જેમ સોનું સ્વયં શુદ્ધ છતાં માટીના કે અન્ય ધાતુના મિશ્રણથી અશુદ્ધ બને છે, તે જ પ્રમાણે આત્મરૂપી સુવર્ણમાં મોહનીયાદિ કર્મરૂપી માટીનો અનાદિ સંબંધ હોવાથી આત્માપણ અનાદિથી અશુદ્ધ છે. શુદ્ધ સોનાનું જે તેજ અને ચળકાટ હોય છે, તે ચળકાટ અને તેજ ( ચળકાટ ), અશુદ્ધ સોનામાં નથી હોતાં. અને સુવર્ણના પ્રમાણ કરતાં માટીનું કે અન્ય ધાતુઓનું પ્રમાણ ઘણું જ વધારે હોય, ત્યારે તો એ સોનામાં પ્રાયઃ જરાય તેજ નથી રહેતું. તે સોનાનો અંશ પણ માટી જેવો લાગે છે.

આપણા આત્માની પણ એ જ દશા છે. આપણા

આત્માઓ અનંતજ્ઞાન જ્યોતિમય છતાં, માટી જેવા બની ગયા છે. આત્માનો શુદ્ધ ચૈતન્યમય પ્રકાશ લગભગ હીન-દશાને પામ્યો છે.

આત્માની દુર્દશા કરનાર જો કોઇ હોય તો મોહનીય જન્ય મિથ્યાત્વ તથા અજ્ઞાન અને અવિરતિ સિવાય કોઇ નથી. એ મિથ્યાત્વ, અજ્ઞાન અને અવિરતિ, તે આત્માના કટ્ટર શત્રુઓ છે. આત્માની સંપત્તિનું લીલામ કરનારા જાલીમ દુશ્મનો છે. એમ છતાં એમને દુશ્મનો તરીકે હજુ આત્માએ ઓળખ્યા નથી. બલકે એ શત્રુઓમાં મિત્રતાની બુદ્ધિ આત્મા રાખે છે. અને પોતાના મન, વાણી અને કાયાના વ્યાપારો, તે મિત્ર મનાએલા શત્રુઓના પોષણ માટે જ મોટે ભાગે ચાલ્યા કરે છે.

સંસારી જીવને કેવલજ્ઞાન પ્રાપ્ત ન થાય, ત્યાં સુધીમાં પ્રત્યેક જીવના જ્ઞાનમાં પૂર્ણતા નથી. પરંતુ ઓછો કે વધુ જ્ઞાનનો ઉઘાડ તો હોય જ છે. તે ઉઘાડ પોતાના સ્વરૂપે નિર્મળ અને જે ભાવો જે સ્વરૂપે હોય, તેને તે પ્રમાણે જણાવનાર અને મનાવનાર છે.

જે કોઈ જ્ઞાન પ્રકાશ છે, તે અવિકારી હોવા છતાં, તે જ્ઞાનપ્રકાશની સાથે મિથ્યાત્વમોહનીય નામે કર્મનો ઉદય મળવાથી અવિકારી જ્ઞાનપ્રકાશ પણ વિકારી બની ગયો છે. તેથી આત્માની દશા, કારમી અંધારા જેવી થાય છે. અને જે કંઈ જાણે છે, જુવે છે, તેમાં પણ અવળાઈ હોય છે. માદક મદિરાનું પાન કરનાર ઉન્માદી મનુષ્ય જેવી

એ વિકારી આત્માની દુર્દશા છે. એ વિકારનું નામ જ મિથ્યાત્વ છે.

તે (મિથ્યાત્વ) થી થતું અવળું જાણપણું તે અજ્ઞાન છે. અને અવળી પ્રવૃત્તિ તે અવિરતિ છે.

મિથ્યાત્વના ઉદયથી બાહ્યપદાર્થોમાં વ્યવહારથી તેમજ નિશ્ચયથી મારાપણાની માન્યતા તે અજ્ઞાન છે. અને મારાપણું માન્યાબાદ રાત્રિદિવસ તે બાહ્યભાવોમાં રમણુતા, તે અવિરતિ છે.

## વિવિધ શરીરધારક આત્મા

પ્રત્યેક જીવ (આત્મા), પોતાના શરીરમાં સર્વાંગ વ્યાપ્ત છે. કમલનાલમાં જેવી રીતે તેનો દોરો નીચેથી ઉપર બરાબર ભરેલો રહે છે, તેવી રીતે આત્મા, આ શરીરમાં પગના અંગૂઠાથી માંડીને મસ્તક સુધી સર્વાંગે ભરેલો છે. કમલ–નાલમાં દોરો જેમ નીચેથી ઉપર સુધી રહે છે, પરંતુ મૂળ અને પાંદડાંમાં તે દોરો નથી રહેતો, તેવી રીતે આ આત્મા આ શરીરમાં પગથી માથા સુધી સર્વાંગ વ્યાપ્ત છે; પરંતુ નખ અને કેશમાં તે નથી. શરીરના કોઈ પણ પ્રદેશમાં સ્પર્શ કરાય, કે ચીમટી ભરાય તો ઝટ ખબર પડે છે. અથવા વેદના થાય છે. કેમ કે ત્યાં અનુભવ કરનારો આત્મા રહેલો છે. પરંતુ નખ અને કેશને સ્પર્શ કરવાથી, ચીમટી ભરવાથી કે કાપી નાખવાથી વેદના થતી નથી. કારણ કે તે અંશમાં આત્મા નથી.

કમલનાલ જેવી રીતે વધે છે, તેવી રીતે અંદરનો દોરો પણ વધતો જ રહે છે. એ રીતે બાલ્યકાળથી જ્યારે આ શરીર વધીને જુવાન થાય છે, ત્યારે તેમાં રહેલો આત્મા પણ તે પ્રમાણે ફેલાતો જ જાય છે.

*કમલનાલ મેલા કાંટાયુક્ત હોવાથી કઠોર જરૂર છે,* પરંતુ અંદરનો દોરો મૃદુ, નિર્મલ અને સરલ છે. આ રીતે

અત્યંત અપવિત્ર એવા રક્ત, ચર્મ, માંસ, હાડકાં, આદિ વાળા આ શરીરમાં આત્મા રહેવા છતાં પણ તે પોતે અત્યંત પવિત્ર છે.

કોઈ ચીજની અંદર ભરેલી હવાને દબાવી શકાય છે. પરંતુ કોઈ કોથળી વગેરે ન હોય તો તે હવાને દબાવી શકાતી નથી. તેવી રીતે શરીરની અંદર જ્યાં સુધી આ આત્મા રહે છે, ત્યાં સુધી જ રોગાદિકની પીડા તે અનુભવે છે.

જ્યારે અગ્નિ, લોઢામાં પ્રવેશે છે, ત્યારે લુહાર તેને હથોડાથી ટીપે છે. પરંતુ જ્યારે લોઢામાંથી અગ્નિ બહાર નીકળી જાય ત્યારે તેને કોણ ટીપી શકે? એવી રીતે આત્મા શરીરધારી છે, તેને જ બાધા-પીડા થાય છે. શરીર રહિત બનતાં આત્માને કોઈ બાધા-પીડા રહેતી જ નથી.

બહારનું આ શરીર સાત ધાતુમય છે. એની અંદર બીજાં બે શરીર આવેલાં છે. તે અતિ સૂક્ષ્મ છે. તેને તૈજસ અને કાર્મણ કહે છે. આ રીતે ત્રણ પરકોટાથી વેષ્ટિત કારાગૃહમાં આ આત્મા નિવાસ કરે છે.

બાહ્ય દેખાતા સાત ધાતુમય શરીરને ઔદારિક નામથી ઓળખાય છે. પરંતુ અંદરનું કાર્મણ શરીર તે કાલકૂટ વિષ સમાન છે. ભયંકર છે, અને તે અષ્ટ કર્મસ્વરૂપ છે.

આત્મપ્રદેશો સાથે લાગેલા કર્મપરમાણુઓનો સમૂહ તે કાર્મણશરીર છે. આ કાર્મણશરીર તે નવા અને જુના કર્મના સમૂહરૂપ છે. આત્માની સાથે એકાકાર થયેલ આઠે કર્મની અનંત વર્ગણાના પિંડનું નામ જ કાર્મણ શરીર છે.

ખાધેલ આહારાદિને પકવવામાં કારણભૂત જે શરીર તે તૈજસશરીર કહેવાય છે. શરીરમાં રહેલી ગરમી યા જઠરાગ્નિ તે જ આ તૈજસશરીર છે.

મીઠું, અનાજ, પાણી કે અન્ય કોઈ આહારરૂપ પદાર્થના સાત ધાતુ રૂપે થતા પરિણમન કાર્યમાં આપણે વિચારવું પડશે કે શરીરમાં પરિણામાન્તર કરનાર કોઈ પાક ક્રિયા છે. પકવવાની તાકાતવાળી ચીજ જ પરિણામાન્તર કરી શકે. જેમ અગ્નિમાં પકાવ્યા વિના, માટીનો ઘડો પાણીને ભરવા યોગ્ય થઇ શકતો નથી, તેવી રીતે પકવવાની તાકાતવાળી વસ્તુ વિના મૂલપદાર્થનું પરિપકવપણું થઈ શકતું નથી. જો પકવવાની તાકાતવાળી ચીજ ન હોય તો શરીરમાં પડેલું મીઠું તે મીઠું જ રહે છે. માટી તે માટીપણે જ રહે. સંગ્રહણીનો વ્યાધિ જેને થયો હોય તે ખોરાક લે છે, પણ પચાવી શકાતો નથી. કેમકે દુન્યવી દ્રષ્ટિએ કહેવાય છે કે તેની જઠરમાં અગ્નિનું જોર નથી.

પકવવાની તાકાતવાળી ચીજ હોય તો જ શરીરમાં ગયેલ આહાર પરિણામાન્તર પામે અને સાત ધાતુ રૂપે પરિણમે. આવું પરિણામાન્તર કરનાર તેજ તૈજસ શરીર છે. લીધેલ ખોરાકને પકવ દશામાં લાવવું, પરિણામાન્તર કરવું તે કામ, તૈજસ શરીરનું છે. આ તૈજસ શરીર તે જીવની સાથે વળગેલી ભઠ્ઠી છે. દરેક સંસારી જીવની સાથે તૈજસ ભઠ્ઠી રહે જ છે. જેમ અગ્નિનો સ્વભાવ છે કે બળતણને પકડે, અને પોતે ટકે છે પણ બળતણથી જ. તેવી રીતે જીવની

સાથે રહેલી તૈજસ ભઠ્ઠી ખોરાકને ખેંચે છે અને ખોરાકથી ટકે છે. તૈજસ શરીર પણ અનેક પ્રકારનું હોય છે. આપણને ઝીણી કાંકરી પચાવવી મુશ્કેલ પડે છે, અને કબુતર ઝીણી કાંકરી ખાય તો ય પચી જાય છે. આમ બનવાનું કારણ જઠરની તાકાતમાં ન્યૂનાધિક્તા છે. મનુષ્યમાં પણ મંદ જઠરવાળો, હલકો ખોરાક યા પ્રવાહી ખોરાક જ પચાવી શકે છે. અને સારી જઠરવાળો એકલા વાલ ખાય તો પણ હરકત આવતી નથી. બાહ્યશરીર દેખાવમાં મજબુત હોવા છતાં અંદરની તૈજસ ભઠ્ઠી મંદ હોય તો ભારે ખોરાક કે વધુ ખોરાક પચી શકતો નથી. તેવાઓને તે ભઠ્ઠી પ્રદીપ્ત રાખવા માટે વારંવાર ખોરાક લેવો પડે છે. તેઓ વધુ ટાઈમ ક્ષુધા સહન કરી શકતા નથી. જ્યારે કેટલાકનું બાહ્ય શરીર દુબળું-પતલું હોવા છતાં તૈજસની ભઠ્ઠી તીવ્ર હોવાના કારણે ગમે તેવો ભારે ખોરાક પણ પચાવી શકે છે. લાંબો ટાઈમ ક્ષુધા પણ સહન કરી શકે છે. માટે દરેક પ્રાણીના શરીરમાં રહેલી આવા પ્રકારની અગ્નિ જ, તૈજસ શરીર તે કાયમ હોવાના વ્યાપક પુરાવા રૂપે છે.

આ તૈજસ શરીરરૂપ અગ્નિનો અપચય કે ઉપચય થવામાં નિમિત્તભૂત ભલે અન્ય હોય, પરંતુ પરભવથી આવતા જીવને જઠરાગ્નિરૂપ આ તૈજસ શરીર તો સાથે જ હોય છે, કારણ કે પરભવમાંથી આવતાં, પહેલા સમયે આહારને લાયક સામગ્રીને પાચન કરવાની શક્તિવાળી કોઈ ચીજ તો પોતાની પાસે જ હોવી જોઈએ. આ ચીજ તેજ તૈજસ શરીર છે.

તૈજસ શરીરમાં અપચય અને ઉપચય તો થયા જ કરે છે. બાળક જેમ જેમ મોટું થતું જાય છે, તેમ તેમ તેનું તૈજસ શરીર, આખા શરીરમાં નવાં નવાં તૈજસ પુદ્ગલોથી બનતું રહી ફેલાતું જાય છે.

મૃત્યુ પામેલા પ્રાણિના બાહ્ય સ્થૂલ શરીરમાં તૈજસ શરીર હોતું નથી. મૃત્યુકાળના અમુક ટાઈમ પહેલાં તેના બાહ્ય શરીરના અવયવોરૂપ હાથ પગમાં ફેલાયેલા તૈજસ શરીરરૂપ ગરમી, ધીમે ધીમે હટવા માંડે છે, હાથ પગ ઠંડા પડે છે, ત્યારે મરનારના સંબંધીઓ સમજી શકે છે કે મૃત્યુ નજીક છે. શરીરમાંથી જીવ ચાલ્યો જાય છે, એટલે મૃત શરીરના કોઈ પણ ભાગમાં લેશમાત્ર ગરમી રહેતી નથી. કારણ કે ગરમી રાખનાર તૈજસ શરીર તો જીવની સાથે જ ચાલ્યું જાય છે. તેવા સમયે હાથપગની નાડીઓનાં કંપનનો કે હૃદયના ધબકારાનો પૂરો ખ્યાલ પામી ન શકાય તો, ડૉક્ટર કે હોશિયાર વૈદ્યના અભાવે ગ્રામ્યલોકો મૃત્યુ પામતા મનુષ્યના મસ્તક ઉપર થીજું ઘી મૂકીને શરીરની ગરમીને તપાસે છે. તે દ્વારા શરીરમાં ગરમીનો બિલકુલ અભાવ જણાય તો માની લે છે કે જીવ ચાલ્યો ગયો. કારણ કે ગરમીરૂપ તે તૈજસ શરીર, બાહ્યશરીરમાં જીવ વિના એકલું ટકતું નથી.

જૈનદર્શનમાં કથિત આ તૈજસશરીર અંગેની હકીકત વૈજ્ઞાનિક દ્રષ્ટિએ પણ સિદ્ધ થઈ ચૂકી છે. શરીરશાસ્ત્રીઓ કહે છે કે ગરમીના પ્રમાણને નિયંત્રિત રાખનાર એક યંત્ર

આ બાહ્યશરીરમાં રહે છે, જેને હાઈપોથૈલ્મસ કહેવાય છે. એ યંત્રદ્વારા માનવશરીર ભારે દક્ષતાપૂર્વક કામ કરે છે. એ યંત્ર. શરીરની પ્રત્યેક અંગની આવશ્યક્તા અનુસાર તાપમાનને સંતુલનમાં રાખે છે. પરંતુ જ્યારે શરીરમાં વિકાર અને વિજાતીય તત્ત્વ, પૂરતા પ્રમાણમાં વધી જાય છે, ત્યારે એ હાઈપોથૈલ્મસના હાથ બહારની વાત થઈ જાય છે. તે તાવ દ્વારા સૂચન આપે છે કે શરીર પર શત્રુઓનું આક્રમણ થયું છે. એટલે તેને બહારથી આવશ્યક સહાય પહોંચાડવામાં આવે છે.

આ પ્રમાણે દરેક જીવની સાથે અનાદિ સંબંદ્ધ રહીને, ભુક્ત એટલે લીધેલા આહારના પાચનઆદિમાં સહાયક થનારૂં તૈજસશરીર છે.

તૈજસશરીર અંગે વધુ જાણવા જેવી હકીકત એ છે કે તૈજસશરીર તે આહારાદિના પાચનનું કારણ હોવા ઉપરાંત, અમુક જાતના તપોનુષ્ઠાનથી તૈજસલબ્ધિ પ્રાપ્ત કરનાર મનુષ્યો, તૈજસ શરીરમાંથી શ્રાપ નિમિત્તે તેજોલેશ્યા અને ઉપકાર કરવા નિમિત્તે શીતલેશ્યાનો પ્રયોગ કરી, તેજોલેશ્યા વડે સામેની વસ્તુને બાળી નાંખે છે, અને શીતલેશ્યાવડે બળતી વસ્તુને ઠંડી કરી શકે છે.

બાહ્ય દેખાતા સ્થૂલ શરીરને છોડીને અન્ય શરીરમાં જન્મ પામ્યા પહેલાં વિગ્રહ ગતિમાં (એક ભવથી છૂટી બીજા ભવમાં જતાં વાટે વહેતાં) જ્યારે આત્મા ગમન કરે છે,

ત્યારે તેને તૈજસ અને કાર્મણ આ બે શરીર તો સાથે જ રહે છે.

મનુષ્ય અને પશુ-પક્ષીપણામાં જન્મ પામેલ જીવો, મરણ ટાઈમે ઔદારિક નામે બાહ્ય સ્થૂલ શરીરમાંથી, અને દેવ-નારકીપણામાં જન્મ પામેલ જીવો, મરણ ટાઈમે વૈક્રિય નામે બાહ્ય સ્થૂલ શરીરમાંથી, મુક્ત બને છે. ત્યારબાદ ફરી ફરી જન્મ લેવા ટાઈમે, દેવ-નારકીનો ભવ પામવા ટાઈમે વૈક્રિય શરીરની અને મનુષ્ય તથા તિર્યંચપણાનો ભવ પામવા ટાઈમે ઔદારિક શરીરની પ્રાપ્તિ કરે છે. પરંતુ આ બધા જીવો પૈકી કોઈ પણ જીવને મરણ થયા છતાં તૈજસ અને કાર્મણ શરીર તો આત્માની સાથે જ બરાબર લાગ્યાં જ રહે છે. આ રીતે આ શરીરમાં દરેક જીવને એક ભવથી છૂટી બીજા ભવમાં ઉત્પન્ન થતાં સુધીમાં બે, અને ઉત્પન્ન થયા બાદ ત્રણ શરીર હોય છે.

તૈજસ અને કાર્મણ શરીરમાંથી સર્વથા મુક્ત નહિ બનેલો આત્મા, ઔદારિક અને વૈક્રિય શરીરરૂપી કોથળીની અંદર જ્યાં સુધી રહે છે, ત્યાં સુધી તેને જીવન કહેવાય છે. અને તે કોથળીને છોડવાથી મરણ કહેવાય છે. નવી થેલીરૂપ ઔદારિક કે વૈક્રિય શરીરને ધારણ કરવાથી જન્મ થયો કહેવાય છે. તે નવા પ્રાપ્ત શરીરમાં જીવ જ્યાં સુધી ટકી રહે છે, તેટલા કાળને આયુષ્ય કહેવાય છે. આ શરીર કારાગૃહવાસ છે, આયુષ્ય તે હાથકડી છે. વૃદ્ધાવસ્થા, જન્મ, મરણ, આદિ અનેક અવસ્થાઓ ત્યાં કષ્ટરૂપ છે.

બહુરૂપીઓ જેવી રીતે અનેક વેષોને ધારણ કરીને લોકોમાં બહુરૂપો દર્શાવે છે, તેવી રીતે આ આત્મા વિશ્વમાં બહુ પ્રકારે શરીર ધારણ કરીને ભ્રમણ કરે છે. એક સ્થૂલ શરીરને છોડે છે, તો બીજું શરીર ધારણ કરે છે. તેને પણ છોડે છે તો ત્રીજું ધારણ કરે છે. આ રીતે શરીરથી લે-મૂક કરીને આ સંસારરૂપી નાટકશાળામાં જીવ, ભિન્ન-ભિન્ન રૂપે જોવામાં આવે છે.

પોતાનું મહત્ત્વપૂર્ણ સ્વરૂપ નહિં સમજવાથી જ આ આત્મા, નાહક શરીર દ્વારા કષ્ટ પામી રહ્યો છે, એ મહા દુઃખની વાત છે. આ શરીર નાશવંત છે. આત્મા અવિનશ્વર છે. શરીર તે જડરૂપે છે. આત્મા ચેતનરૂપ છે.

અગ્નિ, પથ્થર, અસ્ત્ર, શસ્ત્રાદિકના આઘાતથી આ ઔદારિક શરીર બગડે છે, અને નષ્ટ પણ થાય છે. પરંતુ તૈજસ અને કાર્મણ શરીર તો તેવા કોઈપણ પ્રકારના આઘાતથી નાશ થતાં નથી. આ બન્ને શરીર તો ધ્યાનાગ્નિથી જ બળે છે. એ રીતે બન્નેના સંબંધનો સદાના માટે આત્માથી વિયોગ થવા વડે જ આત્માની વાસ્તવિક મુક્તિ થાય છે. કાર્મણ શરીરથી બની રહેલા સંબંધના કારણે જ બાકીનાં શરીરોથી જીવને વિટાઈ રહી દુઃખની પરંપરા ભોગવવી પડે છે.

જે વૃક્ષનું મૂળીયું અધિક ફેલાયેલું રહે છે, તેના નાશનું કારણ પોતે જ બને છે. તેવી રીતે તૈજસ અને કાર્મણ શરીરનો ફેલાવજ આ આત્માના અહિતનું કારણ

બને છે. માટે સૌથી પહેલાં આત્માનુભવરૂપી અગ્નિથી કાર્મણ શરીરના વિસ્તારને બાળી નાંખવો જોઇએ. તે પછી તૈજસ અને બાહ્ય ઔદારિક શરીર બધું ય સ્વતઃ નાશ પામવાથી ફરીથી જીવને દેહરૂપી કારાગૃહવાસ ધારણ કરવો પડતો નથી.

આ આત્મા ક્યારેક રાજા થાય છે, તો ક્યારેક રંક થાય છે. ક્યારેક સ્વામી થાય છે, તો ક્યારેક સેવક બને છે. કોઇ વખતે ભિખારી તો કોઇ વખતે શ્રીમંત બને છે. ક્યારેક પુરૂષનારૂપે તો ક્યારેક સ્ત્રીનારૂપે બને છે. વિશેષ શું ? આ સંસારમાં આ આત્મા, તે નર, સુર, ખગ, મૃગ, વૃક્ષ, નારકાદિ અનેક યોનિયોમાં ભ્રમણ કરતો થકો દુઃખ ભોગવે છે. આ બધાનું કારણ આત્માની સાથે સંબંધિત બની રહેલું કાર્મણશરીર જ છે. અજ્ઞાનઅવસ્થાવંત આત્મા, આ કાર્મણ શરીરના અમુક અમુક અંશો પ્રતિસમય આત્માથી નષ્ટ કરતો હોવા છતાં, નષ્ટ પામતા તે અંશો કરતાં અનંત ગુણા અન્ય અંશોનો આ કાર્મણ શરીરમાં વધારો થાય છે પરંતુ મિથ્યાત્વદશા અનુભવતા આત્માને આની કંઈ દરકાર કે સમજ જ હોતી નથી. તેના સંસ્કારો તો, ભૌતિક સામગ્રીની અનુકૂળતા પ્રાપ્ત કરવાના અને પ્રાપ્ત થયેલ તેની અનુકૂળતાના સંયોગોમાં અભિમાની બની રહેવાના જ હોઈ, પોતાના આત્માની આંતરિક સ્થિતિ કેવી સર્જાઈ રહી છે, તેનો વિચાર કરવાની તેને જરાપણ પડી નથી.

મિથ્યાત્વના કેફમાં તેને એ પણ ભાન નથી હોતું કે શરીર શુદ્ધાં સર્વ બાહ્ય સામગ્રી સંયોગિત જ છે. સંયોગિત

વસ્તુનો વિયોગ તો અવશ્ય હોય. સંયોગિત વસ્તુ ઉપર મૂર્છાવંત બનેલો આત્મા, તે વસ્તુના વિયોગ ટાઇમે ઝૂરે છે. શિર કૂટે છે. રૂદન કરે છે. અને એ રીતે આર્ત્ત રૌદ્ર ધ્યાની બની દુર્ગતિના દુઃખોની પરંપરા પોતાના જ માટે સ્વયં સર્જે છે.

શ્રીમદ્ રાજચંદ્રે ગુર્જર ભાષાના સુગમ કાવ્યમાં સુંદર રીતે દર્શાવ્યું છે કે–

સુખપ્રાપ્ત કરતાં સુખ ટળે છે, લેશ એ લક્ષે રહો;
ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે, કાં અહો રાચી રહ્યો;
લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું તે તો કહો ?
શું કુટુંબ કે પરિવારથી, વધવાપણું એ નય ગ્રહો.

વળી પણ કહ્યું છે કે–

સાહ્યબી સુખદ હોય, માનતણો મદ હોય;
ખમાખમા ખુદ હોય, તે તે કશા કામનું ?
જુવાનીનું જોર હોય, એશનો અંકોર હોય;
દોલતનો દોર હોય, એ તો સુખ નામનું.
વનિતા વિલાસ હોય, પ્રૌઢતા પ્રકાશ હોય;
દક્ષ જેવા દાસ હોય, હોય સુખ ધામનું.
વદે રાયચંદ એમ, સદ્ધર્મને ધાર્યા વિના;
જાણી લે જે સુખ એ તો, બે એ જ બદામનું.

કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજી મહારાજ સાહેબે કહ્યું છે કે–

अन्तः पिहित ज्योतिः संतुष्यात्मनोऽन्यतोमूढ ।
तुष्यत्यात्मन्ये बहि, बहिर्निवृत्त भ्रमोज्ञानी ॥

જેની આત્મજ્યોતિ, આવરણને લીધે ઢંકાએલી છે, એવા મૂઢ અને અવિવેકીજનો આત્માથી અન્ય બાહ્ય વિષયમાં સંતોષ પામે છે. પરંતુ બ્રાહ્ય વિષયોમાં જેની સુખની ભ્રાન્તિ દૂર થયેલી છે, એવા જ્ઞાની પુરૂષો તો આત્માને વિષે જ સંતુષ્ટ થાય છે.

સ્વ અને પરથી અજ્ઞાત મોહાંધ માનવી, દેહ તથા દેહને અનુકૂળ સામગ્રીના રાગમાં ફસાઈ જઈ એવો વિલાસ-મગ્ન બની રહે છે કે તેને સારાસારનો કે હિતાહિતનો વિવેક જ હોઈ શકતો નથી.

માટે દુન્યવી સામગ્રીને નશ્વર અને પરરૂપે જાણી, આત્મસ્વરૂપ અને તેના સાચા સુખની સમજ, સદ્ગુરૂ દ્વરા સત્ શાસ્ત્રોમાંથી પ્રાપ્ત કરી, સાંસારિક અનુકૂળ કે પ્રતિકૂળ સંયોગોમાં ઉદાસીન વૃત્તિથી રહી, સર્વ જીવો પ્રત્યે માધ્યસ્થ ભાવે રહી, આત્મ હિત માટે હેય અને ઉપાદેય (ત્યાગ અને ગ્રહણ) ના વિવેકપૂર્વક વર્તવાથી જ જીવ, પરમ-શાંતિને પામી શકે છે. એવા જ જીવો, આત્મસ્વરૂપની સાચી સમજને સમજી શકે છે.

જબ જાણ્યો નિજ રૂપકો, તબ જાણ્યો સબ લોક;
નહિં જાણ્યો નિજ રૂપકો, સબ જાણ્યો સો ફોક.

આપ આપકું ભૂલ ગયે, ઈનસેં ક્યા અંધેર;
સુમર સુમર અબ હસત હૈ, નહિં ભૂલેંગે ફેર.
છૂટે દેહાધ્યાસ તો, નહિં કર્ત્તા તું કર્મ;
નહિં ભોક્તા તું તેહનો, એહિ જ ધર્મનો મર્મ.
એ જ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષ સ્વરૂપ;
અનંત દર્શન જ્ઞાનનું, અવ્યાબાધ સ્વરૂપ.
શુદ્ધ બુદ્ધ ચૈતન્ય ઘન, સ્વયં જ્યોતિ સુખધામ;
બીજું કહીયે કેટલું, કર વિચાર તો પામ.

## જીવની વિવિધ દશાસર્જક તત્વ

વાર અનંતી ચૂકીયા ચેતન, ઈણ અવસર મત ચૂક;
માર નિશાન મોહરાયકી, છાતીમાં મત ઉક.
પર પુદ્ગલ રાગી થઈ ચેતન, કરવા મહા સંગ્રામ;
છલબલ કરી એમ ચિંતવે, રાખું આપણું નામ.
ધન્ય ધન્ય જગમાં જે પ્રાણી, જેહ પ્રતિજ્ઞા ધારે,
પ્રાણ જાય પણ ધર્મ ન મુકે, શુદ્ધ વચન અનુસારે.
પુદ્ગલ સંગ વિના ચેતનમેં, કર્મ કલંક ન હોય;
જેમ વાયુ સંયોગ વિના. જળમાંહી તરંગ ન હોય.

કોઈ પણ જીવની જીંદગી કાયમ રહેતી જ નથી. જીવનને કાયમી ટકાવી રાખવા માટે વિશ્વની કોઈ પણ સામગ્રી કદાપિ સહાયભૂત નીવડતી નથી, નીવડી નથી, અને નીવડવાની પણ નથી.

બાદશાહ સિકંદરે જગતમાં હાહાકાર મચાવી દીધો હતો. લોકો તેનાથી ત્રાસિત થઈ ગયા હતા. જ્યારે તે મૃત્યુની શય્યામાં સૂતો હતો, ત્યારે ધન્વંતરી વૈદ્યોને બોલવવામાં આવ્યા. વૈદ્યોએ કહી દીધું કે :—

"રાજન્! નાડ અબ ઘડી દો ઘડીકી હૈ. અબ આપકા મૃત્યુકાલ નજદીક મેં આ ગયા હૈ. તબ બાદશાહ

સિંકંદર બોલતા હૈ, ક્યા! મેં મર જાઉંગા? તબ વૈદ્ય કહતે હૈ, આપ તો ક્યા, આપકા બાપ ઔર બાપકા બાપ ભી મર ગયે. રાજન્! તુટીની બુટ્ટી નહીં હૈ. અબ કુછ અલ્લાકી બંદગી કર લો."

ત્યાર બાદ સિકંદરને એના ધર્મ ગુરૂઓ ધર્મ સંભળાવી રહ્યા છે. તે વખતે એ બધું સાંભળીને સિકંદરને પોતે જીંદગીમાં કરેલાં ઘોરાતિઘોર પાપ કર્મોનો પશ્ચાતાપ થાય છે. તે પોતાના સેવકોને ચાર ફરમાન લખાવે છે.

તેમાં પહેલા ફરમાનનો સાર એ છે કે–મૃત્યુ સમયે મારી બધી મિલ્કત અહિં મારા મૃતશરીરની આગળ એકઠી કરાવજો, અને મારી નનામી સાથે તેને કબ્રસ્તાનમાં પણ લાવજો. આ ફરમાન લખાવવાનો ઉદ્દેશ એ છે કે, લોકો આનાથી સમજી શકે કે આટ–આટલી મિલ્કત હોવા છતાં સિકંદર ખાલી હાથે ચાલ્યો જાય છે.

બીજું ફરમાન લખાવવાનો સાર એ છે કે લાખોની સંખ્યામાં, આખા જગતને જીતી લેનારૂં લશ્કર હોવા છતાં સિકંદરને મૃત્યુના પંજામાંથી કોઈ છોડાવી શકયું નહી. માનવી ગમે તેવો બળવાન હોય પણ તે મૃત્યુની આગળ નિર્બળ પુરવાર થવાનો જ. આ રીતનું લક્ષ, લોકોને આપવા માટે સિકંદરે પોતાના મૃતદેહને આગળ રાખીને તેની પાછળ હથીયારબંધ લશ્કર દોડાવવાનું ફરમાન કર્યું હતું.

વળી સિકંદરની પાસે પાંચસો ધનવંતરી વૈદ્યો સદાય એની સારવારમાં રહેતા. જેથી સિકંદરે ત્રીજા ફરમાનમાં

લખાવ્યું કે મારો જનાજો પણ એ વૈદ્યોના ખભે જ ઉંચકાવજો. એટલે લોકો બોધ પામે કે કપડાં અને સુતરની દોરી આદિ સાંધી શકાય છે, પણ આયુષ્યની દોરી સાંધી શકાતી નથી. ગમે તેવા હોશિયાર વૈદ્યો પણ તૂટીની બૂટી કરી શકતા નથી.

ચોથા ફરમાનમાં ખુલ્લી મુઠીવાળા પોતાના ખુલ્લા હાથોની જગતને દર્શાવતી હકીકત હતી. એ હકીકત દર્શાવતું ચોથું ફરમાન એ હતું કેઃ—

મૂઠી વાળીને રાખતા, જીવો જગતમાં આવતા;
અને ખાલી હાથે આ જગતથી સૌ ત્યજી ચાલ્યા જતા.
યૌવન ફના જીવન ફના, જર જમીન ને જોરૂં ફના;
પરલોકમાં પરિણામ મળશે, પુણ્યના કાં પાપના.

આ ઉપરથી સમજવું જરૂરી એ જ છે કે જીવનને ટકાવી રાખવા અનેક પૌષ્ટિક ખાન–પાનનો ઉપયોગ કરવામાં આવે, આરોગ્ય સાચવવા બરાબર કાળજી રખાય, ભયંકરમાં ભયંકર દર્દને નાબુદ કરવા માટે વિજ્ઞાન દ્વારા અનેક ઔષધિઓ યા તો ઇંજેક્શનની શોધખોળ થાય, દર્દના નિદાનની પરીક્ષા કરી તે દર્દનું ઉન્મૂલન કરવાની આવડતવાળા નિષ્ણાત વૈદ્ય, ડૉક્ટરો કે હકિમો જગતભરમાં વસતા હોય, મોટા રાજાધિરાજ, રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, અગ્રગણ્ય દેશનેતાઓ કે મહર્દ્ધિકોને ઉપરોક્ત સામગ્રીઓ પૈકી કોઈની પણ કચાશ નહિં હોવા છતાં, તેવાઓનીયે જીવનલીલા ઘડીભરમાં સંકેલાઈ જતાં વિલંબ થતો નથી.

પાસે ખડા રહેનારાઓ ટગર ટગર જોયા કરે, છતાં કોઈનું કાંઈ પણ ન ચાલે. જગતની કોઈપણ સત્તા તેને રોકી શકે નહિં. આ શું ? અનેક મહર્દ્ધિકો, ચક્રવર્તીઓ વિગેરે આમ ચાલ્યા ગયા. તેનું શું કારણ ? સાધન-સામગ્રીની તેમને ન્યૂનતા હતી ? નહિ, નહિ, માનવું જ પડશે કે છતી સારવારે, છતી સામગ્રીયે પણ જીવનલીલા સંકેલાઇ જવામાં કંઇક અદ્રશ્ય કારણ છે જ. એ કારણ તે અન્ય કંઈ નહિં પણ "કર્મ" જ છે.

સંસારમાં વર્તતા સમસ્ત જીવોનું આત્મત્વપણું સમાન હોવા છતાં કોઈ દેવ છે, કોઇ જાનવર છે, કોઈ મનુષ્ય છે. એમ વિવિધભેદે એમાં વિચિત્રતા છે.

વળી મનુષ્યત્વ સર્વ મનુષ્યમાં સમાન હોવા છતાં કોઈ સત્તાધીશ અગર શ્રીમંત છે, તો કોઇ રંક છે. કોઈ પંડિત છે, કોઇ મૂર્ખ છે. કોઈ રોગી છે. કોઇ નિરોગી છે. કોઈ સ્વરૂપવાન છે, કોઇ બેડોળ યા કુરૂપી છે.

વળી અનેકનાં ઉદ્યમ, સાહસ, પ્રતાપ વિગેરે સમાન હોવા છતાં અમુકને જ ઇચ્છિત કાર્યસિદ્ધ થાય છે. જ્યારે કેટલાકને નિષ્ફળતા જ સાંપડે છે. આ રીતની વિવિધતા હોવામાં પણ કોઇક તત્ત્વ માનવું જ પડશે. અને એ તત્ત્વ તે અન્ય કંઇ નહિં પણ "કર્મ", જ છે. કર્મની સત્તા ઘણી પ્રબલ છે. કોઈનું ત્યાં ચાલી શકતું નથી. કર્મથી જ આત્મા દુઃખી થઈ રહ્યો છે.

ભારતના સર્વમાન્ય સિદ્ધાન્ત પ્રમાણે જીવનું દરેક કાર્ય, દરેક શબ્દ, દરેક વિચાર, દૃષ્ટ કે અદૃષ્ટ ફળ આપે જ છે. તે એનું ઈનામ કે સજા છે. તે ફળ, જીવને એના એય ભવમાં ય મળે છે, પરંતુ ઘણાખરા પ્રસંગોમાં તો પછીના ભવોમાં જ મળે છે. જીવનાં કર્યાં કર્મનો સરવાળો એના નવા ભવના કારણભૂત બની રહે છે. મૃત્યુ પછી થવાના ભવના પરિમાણ અને પ્રકાર એ કર્મથી જ નક્કી થાય છે. એક ભવ સમાપ્ત થયા પછી કરેલ કર્મ ભોગવવા માટે બીજો ભવ (જન્મધારકતા) લેવો જ પડે છે. એ રીતે કર્મની સાથે કર્મનાં ફળોનો પણ ચોક્કસ સંબંધ છે. ભૂતકાળના સંચિત કર્મના પ્રતાપે જ જીવ, વર્તમાન અવસ્થા ભોગવે છે.

જીવ પ્રત્યેક ભવમાં જે જે સંયોગો પ્રાપ્ત કરે છે, તે પૂર્વકૃત કર્મનું ફળ છે. વર્તમાન સંયોગ તે પૂર્વકૃત કર્મનું ફળ છે. અને વર્તમાન કર્મ, તે ભવિષ્યમાં પ્રાપ્ત થવાના સંયોગનું કારણ છે. પોતાનું સારૂં કે નરસું ભવિષ્ય, ભલા કે બુરા કાર્યોથી જીવ સ્વયં જ બનાવે છે.

કર્મના યોગે જ જીવ, પુનઃ પુનઃ જન્મ–મરણના ચકાવામાં ઘૂમ્યા કરે છે. અને નવાં નવાં શરીર ધારણ કરે છે. વિવિધ શરીર ધારણ કરવા માટે જીવ, વિવિધ ગતિમાં જન્મ પામે છે. ગતિ (મનુષ્ય–જાનવર–દેવ–નારકી) પામનારને શરીર, અને શરીર પામનારને ઈંદ્રિયો ઉત્પન્ન થાય જ છે.

એ રીતે તેમાં અનુકૂલ સંયોગ પ્રાપ્ત થવામાં કારણ-ભૂત જે કર્મ બને છે, તે કર્મને "પુણ્ય" અને પ્રતિકૂલ સંયોગ પ્રાપ્ત થવામાં કારણભૂત બનનાર કર્મને "પાપ" કહેવાય છે.

માણુસ, રાત દિવસ ગમે તેટલી મહેનત ઉઠાવે, અનીતિ પ્રપંચ કરે, પરંતુ ભૌતિક અનુકુળતાના સંયોગો ટકી રહેવાનો આધાર તો તેના પુણ્યસ્વરૂપ શુભકર્મને અનુલક્ષીને જ હોય છે. મદાંધ માનવી આ વાતનો અવિ-શ્વાસુ બની પોતાની અક્કલ હોશિયારી અને તાકાતથી જ બધું પ્રાપ્ત કરવા દ્વારા બીજાને પરાજીત બનાવી શકવાની માન્યતાવાળો હોવા છતાં, જ્યારે તેનું પૂર્વકૃત કર્મ ખલાસ થઈ જાય છે, ત્યારે કીડા પડેલા કુતરાને ઘેરઘેરથી હડસેલી કાઢવા જેવી સ્થિતિ, તેની પણ સર્જાય છે.

આ કર્મશાસ્ત્રનો ઉપદેશ કોઇને પણ અરૂચિકર હોય, છતાં તેની સચ્ચાઈમાં જરાપણ અંતર પડી શકતું નથી. બૂરા વિચાર અને બૂરી પ્રવૃત્તિની અનર્થતાને તો કર્મશાસ્ત્ર જ બતાવી શકશે. માટે કોઈપણ મનુષ્યને કર્મનું અસ્તિત્વ માન્યા વિના ચાલે એમ જ નથી. કર્મના અસ્તિત્વ વિષે શંકા ધરાવતા વર્ગને પણ તેમના જીવનમાં કેટલીક વખતે ઇચ્છિત સંયોગો માટે અનેકવિધ પ્રયત્નો કરવા છતાંય જ્યારે વિપરીતપણું પામે છે, ત્યારે યેનકેન પ્રકારે પણ તેમના હૃદયમાં કર્મ અંગેની શ્રદ્ધા જરૂર ઉદ્ભવે છે.

સંસારી જીવની વિવિધ દશા સર્જક કર્મોનો ઉપેક્ષક માનવી, અહંભાવી બની ઇંદ્રિયોની અનુકુળતાના જ સંયોગો શોધે છે. તેમાં જીંદગીની સફલતા સમજે છે. આથી નૈતિક મૂલ્યોનો દિન-પ્રતિદિન હ્રાસ થાય છે. માનવ-માનવ વચ્ચેની મૈત્રીભાવની શૃંખલા તૂટી જાય છે. માનવ સ્વાર્થાન્ધ બને છે. અને તેથી રાષ્ટ્રિય, કૌટુંબિક અને સામાજીક શાંતિ પણ જોખમાય છે. અરે ! એટલુંજ નહિં પણ વિશ્વયુદ્ધોય સર્જાય છે.

આજે પાપો કરનારા કેટલાક મનુષ્યોને સુખી થતા જોઇને અને ધર્મીજીવોને દુઃખી થતા જોઇને અનેક અજ્ઞાની મનુષ્યો, ધર્મને નિષ્ફળ ગણે છે. પરંતુ તેવાઓ સમજતા નથી કે વર્તમાન ધર્મી કે પાપી જીવોનું વર્તમાન સુખ, તે પૂર્વકૃતપુણ્યનું ફળ છે. અને વર્તમાન દુઃખ તે પૂર્વકૃતપાપનું ફળ છે. વર્તમાન સમયે કરાતા ધર્મથી ભવાન્તરમાં સુખ અને વર્તમાનમાં થતા પાપથી ભવાન્તરમાં દુઃખ મળે છે.

આ જન્મમાં અધમ આચરણ કરનારને પણ તેણે પૂર્વજન્મમાં કરેલાં શુભ કર્મના ફળરૂપે સુખ-વૈભવ મળે છે, તે એક "બેન્ક બેલેન્સ" જેવી સીધી સાદી અને સમજાય તેવી વાત છે. આગલી પૂંજી ખૂટે નહિં ત્યાં સુધી ગમે તેવી ઉડાઉગીરી પણ નભે છે. દીવામાં દીવેલ ખૂટયા પછી એ આપોઆપ બુઝાઈ જાય છે. એમ સત્કર્મ સંચય પૂરો થયા પછી માણસને એનાં દુષ્ટ કર્મનો પ્રભાવ સાંપડે જ છે.

પૃથ્વીના વિવિધ ભાગોમાં વિવિધ દર્શનકારોએ પોતાની પ્રરૂપણામાં કર્મવાદ સ્વીકાર્યો છે, પરંતુ ભારતીય દર્શનોમાં તેનું સ્થાન વિશેષપણે છે. ભારતીય દર્શનોમાં અન્ય વિષયો અંગે અનેકવિધ ભિન્નતા અને વિરૂદ્ધતા હોવા છતાં, કર્મવાદ વિષે બધા પ્રાયઃ એકમત છે. અર્થાત્ મનુષ્ય જે કંઈ વાવે એનાં જ ફળ એ મેળવે એ સંબંધે ભારતીય દર્શનો પૈકી કોઈનો વિરોધ નથી.

દિગંબર જૈન સંઘમાં પૂર્વે થઈ ગયેલા આચાર્ય જિનસેને પોતે રચેલ મહાપુરાણ ગ્રંથમાં જણાવ્યું છે કે—

विधि स्रष्टा विधाता च, दैवंकर्म पुराकृतम् ।
ईश्वरश्चेति पर्याया, विज्ञेर्या कर्म मेव सः ॥

વિધિ, સૃષ્ટા, વિધાતા, દૈવ, પુરાકૃત, કર્મ અને ઈશ્વર એ સર્વે, કર્મનાંજ પર્યાયવાચી નામ છે.

માટે સંસ્કાર, વાસના, અવિજ્ઞપ્તિ, માયા, અપૂર્વ અને કર્મ, એવાં નામો પૈકી કોઈપણ નામે કર્મનું માનવાપણું તો દરેકમાં છે. કર્મ તે પુદ્ગલ દ્રવ્ય છે. કે ગુણ છે કે, **બીજી** કંઈ સ્વતંત્ર દ્રવ્ય છે, એ બાબતનો દાર્શનિકોમાં વિવાદ છતાં વસ્તુગતે ખાસ વિવાદ નથી, એ તો સ્પષ્ટ જણાઈ આવે છે. આમ છતાં તેના અસ્તિત્ત્વ અંગે અશ્રદ્ધા રાખનાર આત્માએ પોતાનું દુર્ભાગ્ય જ ગણવું જોઈએ.

એક વેદપંથી કવિ શિહલના મિશ્રે કહ્યું છે કે :–

आकाश मुत्पततु गच्छतु वा दिगन्त;
अम्भोनिधिं विशतु तिष्टतु वा यथेष्टम् ।

जन्मातरार्जित शुभाशुभ कृन्नराणां;
छायेंव न त्यजति कर्म फलानुबन्धि ॥

આકાશમાં ઉડી જાઓ, દિશાઓની પેલી પાર જાઓ, દરીયાના તળીયે જઇને બેસો, મરજીમાં આવે ત્યાં જાઓ પણ જન્માંતરમાં જે શુભાશુભ કર્મ કર્યાં હોય છે, તેનાં ફળતો છાયાની જેમ તમારી પાછળ જ આવવાનાં, એ તમારો ત્યાગ નહિં કરે. કવિ ગંગે પણ કહ્યું છે કેઃ—દિન છૂપે તિથિ વાર ઘટે ઔર, સુરજ છુપત હય ગ્રહણ છાયો; ગજરાજ છુપત હય સિંહકો દેખત, ચંદ્ર છૂપત અમાવાસ આયો; પાપ છુપત હરિનામકો જાપત, કુળ છૂપે હય કપૂત કો જાઓ; કવિ ગંગ કહે સુન શાહ અકબર, કર્મ ન છૂપેગો છુપો છુપાયો.

કરેલ કર્મનું ફળ અવશ્ય ભોગવવું જ પડશે, તે દર્શાવતું એક કવિનું કથન છે કે—

ભલે ઉગે ભાણુ, આથમણી દિશામાં ભલે;
ભલે ખીલે જ્યાં પહાડ, કમળદળનગ શિખરે.
ડોલે મૂળથી મેરૂ કે, અંગારા અમૃત ઝરે;
પણ નહિં ફાર કે ફેર, પડે ભાવિની રેખામાં.

વળી પણ મહાપુરૂષોએ કહ્યું છે કે—

अवश्यमेव भोक्तव्यं, कृतं कर्म शुभाशुभम् ।
न मुक्त क्षीयते कर्म कल्पकोटिशतैरपि ॥

અર્થાત્—શુભ યા અશુભ કરેલું કર્મ, અવશ્ય ભોગવવું

જ પડશે. સેંકડો કોટિ પ્રયત્ને પણ ભોગવ્યા વિના કર્મ, ક્ષય થતું જ નથી.

આજના વિજ્ઞાને પક્ષીની માફક આકાશમાં ઉડી શકવાનાં અને માછલીની માફક પાણીમાં તરી શકાય તેવાં સાધનો દ્વારા માણસને આકાશ અને પાણીમાં સરળતાથી સફર કરી શકવાની સ્થિતિનું નિર્માણ ભલે કરી આપ્યું, પરંતુ માનવ-જાતે આ ધરતી ઉપર માનવ તરીકે કેવી રીતે રહેવું જોઇએ, તે આજના વિજ્ઞાને જરાપણ શીખવાડયું નથી. સાચી માનવતા કેવા પ્રકારનું જીવન જીવવામાં છે, તેની સમજતો સમગ્ર વિશ્વને ભારતનો કર્મવાદ જ આપી શકશે.

વિમાનો દ્વારા આકાશમાં ઉડવાથી, સબમરીનદ્વારા પાણીમાં રહેવાથી, સુપરજેટ અને રોકેટની ઝડપમાં મહાલ-વાથી કંઈ વિશ્વમાં શાંતિ પ્રસરવાની નથી. વ્યાવહારિક, ધાર્મિક અને આધ્યાત્મિક જીવનમાં શાંતિ, પ્રસન્નતા અને મૈત્રીનો મીઠો આનંદ અનુભવવા માટે દરેક મનુષ્યે કર્મ-શાસ્ત્રની સમજને પોતાના જીવનમાં પ્રાપ્ત કરવાની અનિવાર્ય આવશ્યક્તા છે.

કર્મની શુભાશુભતા તેનાં ઉત્પન્ન થવાનાં કારણો, તથા તે કર્મોને વિસર્જન કરવાની પ્રક્રિયાને બરાબર સમજી, સ્વીકારી, તે મુજબ જીવન વ્યતીત કરવામાં જ પોતાના ભાવિ જન્મ–જન્માંતરનું હિતકારી સર્જન કરી શકાય છે.

બાળજીવો કર્મબંધ થવામાં હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ, ભૌતિક સામગ્રીની બીનજરૂરી સંગ્રહવૃત્તિ, ઇત્યાદિ

બાહ્ય કારણોને જ સમજી શકે છે. પરંતુ વાસ્તવિક રીતે તો એ બાહ્ય કારણોદ્વારા વર્તતા જીવના રાગ–દ્વેષાદિ ભાવસ્વરૂપ આંતરિક કારણોથી જ કર્મ બંધાય છે.

આત્માની સાથે અગ્નિલોહવત્ યા સુવર્ણ–મૃત્તિકાવત્ સંબંધિત બની રહેતાં કર્મો, એ એક જડપદાર્થની જ અવસ્થા છે. અમુક પ્રકારના જડપદાર્થમાંથી જ કર્મસ્વરૂપે તેનું સર્જન થાય છે. જેમાંથી કર્મનું સર્જન થાય છે, તે આ બ્રહ્માંડમાં સર્વત્ર જગ્યાએ સૂક્ષ્મ સ્વરૂપે વર્તી રહેલ અને સામાન્ય માનવીને દ્રષ્ટિગોચર થઈ ન શકે તેવી જડપદાર્થની વિવિધ જાતો પૈકીની એક જાત છે. તે જાતને "કાર્મણવર્ગણા"ની સંજ્ઞાથી જૈનદર્શનમાં સમજાવી છે. આ હકીકત કેવળ જૈન-શાસ્ત્રોમાંથી મળી શકે છે. સામાન્ય બુદ્ધિવાળાને અગમ્ય લાગે તે સ્વાભાવિક છે, પરંતુ પૂર્વગ્રહ છોડી આ વિષયના જ્ઞાતા પાસેથી આ હકીકત સમજવાનો પ્રયત્ન કરનારને તે બાબત તર્કસિદ્ધ અને બુદ્ધિગમ્ય બની શકે તેવી અને રસપ્રદ છે. આ વિષય અતિ વિશાલ અને ગહન હોવાથી તેને સ્પષ્ટપણે અને વિસ્તૃત રીતે જૈનદર્શનનાં શાસ્ત્રો અને તેના જ્ઞાતા પાસેથી સમજવો જરૂરી હોવાનો અહિં તો માત્ર સામાન્યપણે જ અંગુલિનિર્દેશ કરાયો છે.

કર્મો તે આત્માના ગુણોને આવરીને જીવને કષ્ટ પહોંચાડી રહ્યાં છે. રાગ અને દ્વેષ એ ભાવકર્મ છે. કર્મસ્વરૂપે પરિણામ પામી આત્માની સાથે સંબંધિત બની રહેલ, "કાર્મણ

વર્ગણા"ની પુદ્ગલ રજકણો તે દ્રવ્ય કર્મ છે. ચામડાનું આ શરીર તે નોકર્મ છે. આ રીતે આ ત્રણ કર્મકાંડ છે.

ભાવકર્મોદ્વારા આ આત્મા દ્રવ્યકર્મોને બાંધે છે. અને દ્રવ્યકર્મો દ્વારા નોકર્મને ધારણ કરે છે. તેનાથી જન્મ, મરણ, રોગ, શોકાદિને પામીને આ આત્મા દુઃખી થાય છે.

જેવી રીતે સર્પ, પોતાની મેળે જ પોતાની જાતને વીંટી દે છે. તેવી રીતે આત્માપણ તે તે ભાવમાં પરિણમવાના કારણે પોતે પોતાની મેળે કર્મથી બંધાય છે.

સ્ફાટિકમણી જાતે શુદ્ધ છે, ઉજ્જવલ છે, પણ તે બીજા રંગની ઉપાધિને લઈને કાળો, રાતો વગેરે રૂપે દેખાય છે. તેવી રીતે આત્મા જાતે નિર્મલ છે, નિર્વિકારી છે, પણ પુણ્ય અને પાપના સંસર્ગથી રાગી અને દ્વેષી થાય છે.

આ રીતે આત્મા, પુનર્જન્મ, પુન્ય, પાપ, વગેરે હકીકતો સત્ય જ છે. કોઈ કદાગ્રહી મનુષ્ય, સત્યવસ્તુને કદાગ્રહથી અસત્ય માને, તેથી કરીને સત્ય વસ્તુ, અસત્યરૂપે કદાપી થઈ જતી નથી.

જે મનુષ્યો, ધન-શરીર આદિ બાહ્ય વિભૂતિયોમાં જ આત્મબુદ્ધિવાળા છે, અર્થાત્ જડમાં જ અહંત્વ માની બાહ્યદ્રષ્ટિવંત બની રહ્યા છે, તેવા બહિરાત્મભાવ સંસ્કારોથી વાસિત મનુષ્યોને કર્મવિષયનું વિજ્ઞાન રૂચિકર ન હોય, તેથી કરીને કર્મની સત્યતામાં તો કંઈ પણ ફેર પડતો જ નથી.

# પુણ્ય-પાપ સ્વરૂપે કર્મનું વિભાજન
# અને
# તેની ચતુર્ભંગી

આ વિશ્વમાં વિવિધ કર્મફળના પરિણામે જ જીવને વિવિધ સંયોગોની પ્રાપ્તિ થતી હોવાથી, અનુકુળ સંયોગોની પ્રાપ્તિ કરાવનારૂં કર્મ તે પુણ્યકર્મ છે, અને પ્રતિકુળ સંયોગોની પ્રાપ્તિ કરાવનાર તે પાપકર્મ છે. આ પ્રમાણે ગમ્ય કે અગમ્ય પ્રાપ્ત સંયોગોમાં કારણભૂત, કર્મ હોવા છતાં તે કર્મોના શુભ યા પુણ્ય, અને અશુભ યા પાપસ્વરૂપે ભિન્નતા હોય છે.

વર્તમાન સુખ યા દુઃખ તે પૂર્વકૃત પુણ્ય-પાપકર્મોનું ફળ છે, અને વર્તમાન સમયે કરાતાં સત્ કૃત્યો, સદ્‌વિચાર, દુર્વિચાર, સદાચાર કે દુરાચાર, એ ભવાન્તરમાં જીવને અનુકુળ અને પ્રતિકુળતાના સર્જક છે. માટે સુખના ઇચ્છકે સદાચારી-સદ્ધર્મી-વિવેકશીલ સચિંતક અને પરોપકારી જીવન જીવવું જોઇએ. આ રીતે જીવનારનું જ મનુષ્યત્વ સાર્થક છે.

જીવને સુખ સામગ્રીના સંયોગો પ્રાપ્ત કરાવનાર, પુણ્ય હોવાથી, પુણ્યનું ફળ એ શ્રેષ્ઠ વસ્તુ છે. પરંતુ તેમાં

પ્રમાદ થઇ જાય તો તે પુણ્યનું ફળ દુર્ગતિમાં લઇ જવાવાળી વસ્તુ છે અને પુણ્યના ફળસ્વરૂપ પ્રાપ્ત અનુકુળ સામગ્રીથી આત્મસ્વરૂપ પ્રાપ્તિની આરાધનામાં જીવ ઉદ્યમશીલ બની રહે, તો તે પુણ્યફળ જીવને ઉચ્ચ શ્રેણીમાં લઇ જવાવાળું બને છે.

મનુષ્યભવ, શરીરની નિરોગીતા, રાજ્યરૂદ્ધિ, સ્વજન-કુટુંબ, સત્તાનું સ્થાન, શારીરિકબળ, શારીરિકરૂપ, પાંચે ઇંદ્રિયોની અનુકુળતા, બુદ્ધિ, આ બધાની પ્રાપ્તિ પુણ્યોદયથી જ થાય છે. આ પુણ્યોદય પચાવી શકે તો અમૃત છે, નહિં તો ઝેર છે. એટલે પુણ્યના અજીર્ણથી સર્વ સમૃદ્ધિમાં ઉન્મત બની જઇ ધર્મ અને અધર્મનો, કૃત્ય અને અકૃત્યનો વિવેક ચૂકી જનારાઓ દુર્ગતિના જ મુસાફરો બને છે.

આજના ભૌતિકવાદી યુગમાં પ્રાપ્ત પુણ્ય સામગ્રીઓથી કેટલાક મનુષ્યો દેવમંદિર યા ધર્મસ્થાનકોને ભૂલી જઈ સીનેમાગૃહના શોખીન બની રહે છે. અધ્યાત્મપૂર્ણ ગાયનો ગાવાનું ભૂલી જઈ ચલચિત્રોની તર્જ ગાવામાં જ મશગુલ બને છે. અધ્યાત્મી ગુરૂ પ્રત્યેનો આદર છોડી દઈ, વાણી વિલાસ અને કૃત્રિમ અધ્યાત્મ ઢોંગી પ્રત્યે આદર ભાવ રાખે છે; ધર્મ કથાઓ અને તત્ત્વજ્ઞાનનું વાંચન છોડી દઇ હોટલો અને રેસ્ટોરેન્ટનો આહાર પસંદ કરે છે. પરલોક, પુણ્ય, પાપ, આત્મા, અને મોક્ષ આદિના લક્ષ્યને મૂર્ખતા ગણી કેવળ આ ભવમાં વિલાસી જીવન જીવવામાં જ આનંદ માને

છે. અધ્યાત્મજ્ઞાનની ઉપેક્ષા કરી ભૌતિક જ્ઞાનની પ્રાપ્તિમાં વિદ્રતા લેખે છે. આ બધી ઉલ્ટી માન્યતાઓ તે જ પુણ્યનું અજીર્ણ છે.

આ પુણ્યોદયથી પ્રાપ્ત સામગ્રી, આ રીતની વિવેક હીનતાથી જીવને સંસારચક્રમાં ભટકાવી દુર્ગતિમાં ધકેલે છે.

જેવી રીતે પૂર્વકૃત પાપ તે વર્તમાનમાં દુઃખ આપનાર છે, તેવી રીતે ઉપરોક્ત પુણ્યશાલિઓનું પુણ્ય તે ભવિષ્યના માટે દુઃખદાઈ બને છે. જેથી દીર્ઘદ્રષ્ટિથી વિવેક પૂર્ણ બુદ્ધિએ વિચારવું જોઈએ કે આવા પ્રકારના પુણ્યની, પાપ કરતાં શું વિશેષતા છે ? મતલબ કે કંઈ નહિં. માટે સમજવું જરૂરી છે કે જ્ઞાન દ્રષ્ટિવાળાને, પુણ્ય, બંધનકર્તા નથી. પણ અવિવેકીને તો પુણ્ય બંધનકર્તા છે. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજે ફરમાવ્યું છે કે :--

इत्थमेक त्वमापन्नं फलतः पुन्यपापयोः ।
मन्यते यो न मूढात्मा, नान्तस्तस्य भवोदधेः ॥

અર્થાત્—આ પ્રમાણે ફળથી એકપણાને પામેલ પુણ્ય અને પાપને જે એકરૂપ ગણતો નથી, તે મૂઢાત્મા ભવસમુદ્રના પારને પામી શકતો નથી. માટે જેની જ્ઞાનદશા જાગૃત છે, તેનું પુણ્ય પ્રશંસનીય છે.

જ્ઞાનિયોએ તો કહ્યું છે કે પુણ્ય તે અતિ ઉત્તમ છે, પરંતુ તેની મીઠાશ અતિ ભયંકર છે. પુણ્યફળને પચાવવાનું કામ કાચાપારા સમાન છે. એટલે જો પુણ્યને પચાવી શકાય

તો તે પુણ્યફળસ્વરૂપ પ્રાપ્ત સામગ્રીથી નવું પુણ્ય પ્રાપ્ત કરી જીવ પોતાના આત્માનો ઉત્કર્ષ સાધે છે. અને જો પુણ્યને પચાવી ન શકાય તો તે પુણ્ય સ્વરૂપ પ્રાપ્ત સામગ્રીથી જીવ નવું પાપ બાંધી દુર્ગતિગામી બને છે.

ઉપરોક્ત કારણોને અનુલક્ષીને જૈન દર્શનકારોએ (૧) પુણ્યાનુબંધિ પુણ્ય અને (૨) પાપાનુબંધિ પુણ્ય, એ રીતે પુણ્યને બે પ્રકારનું દર્શાવ્યું છે. તેમાં પુણ્યદ્વારા પ્રાપ્ત સામગ્રીથી નવું પુણ્ય ઉપાર્જન કરાવનાર પુણ્યને "પુણ્યાનુબંધિ પુણ્ય" કહેવાય છે. અને પુણ્યોપાર્જિત સામગ્રીથી નવા પાપોપાર્જક પુણ્યને "પાપાનુબંધિ પુણ્ય" કહ્યું છે.

ઉદયકાળમાં આત્માને સંસારી સુખોમાં વિરક્તદશા પ્રાપ્ત કરાવી મોક્ષમાર્ગની આરાધનામાં સહાયક બની રહેનાર પુણ્ય તે "પુણ્યાનુબંધિ પુણ્ય" છે. અને સંસારી સુખોમાં આસક્ત બનાવી પાપ પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત બનાવનાવાળું પુણ્ય તે " પાપાનુબંધિ પુણ્ય " છે. પુણ્યાનુબંધિ પુણ્ય તે ઉપાદેય (આચરણ કરવા લાયક) છે. અને પાપાનુબંધિપુન્ય તે ત્યાજ્ય છે.

પુણ્યાનુબંધિ પુન્ય અને પાપાનુબંધિ પુન્ય એ બન્ને પ્રકારો પુન્યના જ હોવા છતાં બન્નેમાં સંસ્કારની ભિન્નતાનું કારણ પુણ્યબંધના સમયે થતા ધર્મકાર્યોમાં વર્તતા અધ્યવસાય જ છે. જેથી એક પુન્યશાલી આત્માની વૃત્તિ, સુકૃત્યો કરવાની બની રહે છે, જ્યારે બીજાની વૃત્તિ દુષ્કૃત્યો કરવાની હોય છે.

દાનાદિ ધર્મકાર્યોમાં મોટાઈની મહત્વાકાંક્ષા હોય, અથવા અન્ય કોઈપણ ફળની આકાંક્ષા હોય, તો તે ધર્મકાર્યોથી,યા, સત્ પ્રવૃત્તિથી ઉપાર્જિત પુણ્યબંધ, આશંસા દોષવાળો હોવાથી જીવને ચાર ગતિમાં રખડાવે છે. માટે તેને "પાપાનુબંધિ પુન્ય" કહેવાય છે. આવા પાપાનુબંધિ પુન્યના ઉદય વખતે જીવ ઉન્મત્ત બને છે અને તે પુન્યોદયના જોરે ઘોર પાપોનું ઉપાર્જન કરી દુર્ગતિગામી બને છે.

આશંસાદોષરહિત અર્થાત્ કોઈપણ પ્રકારની આકાંક્ષા રહિત થત દાનાદિ ધર્મથી 'પુણ્યાનુબંધિ પુણ્ય" ઉપાર્જન થાય છે. આસ્તિક દર્શનોમાં મનુષ્ય ભવની જે મહત્તા દર્શાવી છે, તે પુણ્યાનુબંધિ પુણ્યવાળા મનુષ્યપણાથી જ સમજવી. પાપાનુબંધિ પુણ્યવાળાના વિચારો તે પ્રબલ રાગદ્વેષ અને મોહથી ભરપૂર હોય છે. જેથી અનેક કષ્ટોથી પ્રાપ્ત મનુષ્ય–ભવની સાર્થકતા તેઓ કરી શકતા નથી.

લક્ષ્યની શુદ્ધાશુદ્ધતાના હિસાબે જ ઉપાર્જિત એક પુણ્ય તે પુણ્યના અનુબંધવાળું અને બીજું પુણ્ય તે પાપના અનુબંધવાળું બને છે. પુણ્ય એ સારૂં છે, સૌને ગમે છે,તેમ છતાં પણ તે પુણ્ય, પાપના અનુબંધવાળું છે કે પુન્યના અનુબંધવાળું છે? તેનો વિવેક પુણ્ય કાર્યો કરવાના ટાઈમે જીવ ચૂકી જાય તો તે પુણ્યથી ભવાંતરમાં પ્રાપ્ત થતી અનુકુળ સામગ્રી પણ જીવને મદિરા પાનથી ભાન ભૂલેલા માનવીની માફક મદાંધ બનાવી દઈ,ઇંદ્રિયોના વિષયોની ગુલામીમાં જકડી

દઇ અંતે દુર્ગતિમાં ઘસડી જાય છે. માટે પુણ્યબંધ સમયે લક્ષ્યશુદ્ધિનું ભાન અવશ્ય હોવું જોઇએ.

પુણ્યબંધનાં બાહ્ય કારણો દાન-તપ આદિ શુભ કાર્યોને જૈન પારિભાષિક શબ્દોમાં શુભ યોગ તરીકે ઓળખાવ્યાં છે. અને તે બાહ્ય શુભકાર્યોરૂપ શુભયોગ સમયે વર્તતા જીવના શુભાશુભ લક્ષ્યને શુભાશુભ ઉપયોગ તરીકે જણાવ્યો છે. યોગ એ બાહ્ય પ્રવૃત્તિરૂપ હોય છે. અને ઉપયોગ તે અભ્યંતર પ્રવૃત્તિરૂપ અર્થાત્ જીવના અંતરના પરિણામ યા ભાવના સ્વરૂપ છે.

જૈન શાસનમાં યોગની શુદ્ધિ માટે જેટલો ભાર મૂકવ માં આવ્યો છે, તેનાથી પણ વધુ પ્રમાણમાં ભાર, ઉપયોગની શુદ્ધિ ઉપર આપવામાં આવેલ છે. એકલો યોગમાં અર્થાત્ પ્રવૃત્તિમાં ધર્મ હોય પણ ઉપયોગમાં અર્થાત્ પરિણતિમાં ધર્મ ન હોય તો, યોગનો ધર્મ તે અમુક સમય પુરતું જ સાંસારિક સુખ આપતો હોવા છતાં સંસારના પરિભ્રમણનો અંત લવતો નથી.

યોગધર્મની સાથે જો ઉપયોગમાં પણ ધર્મ હોય તો, તેનાથી બાહ્ય સુખ મળે છે, પણ તે પ્રાસંગિક હોય છે. ખરેખર તો તેનાથી સંસારનું પરિભ્રમણ ઘટે છે. અને અંતે મોક્ષ સુખ મળે છે. એ જ ધર્મનું મુખ્ય ફળ છે.

માટે પુણ્યાનુબંધિપુણ્યના ઇચ્છકે નિરાશંસભાવે અહંભાવ છોડી પુણ્યનાં કૃત્ય કરવાં જોઇએ. આશંસાભાવ યા ભૌતિક લક્ષ્ય તે અશુભ હોવાથી તેવો લેશમાત્ર ભાવ પણ પુણ્યને દુષિત બનાવે છે.

જેમ અનેક પૌષ્ટિક વસ્તુથી મિશ્ર દુધપાકનું ભોજન તે લેશમાત્ર વિષના બિંદુથી દુષિત બની ગયું હોય તો, તે જમવા ટાઇમે સ્વાદ આપતું હોવા છતાં અન્તે જીવલેણનું અર્થાત્ મૃત્યુનું કારણ બની જાય છે. તેવી રીતે અશુભ ઉપયોગ–અધ્યવસાય યા લક્ષ્યવાળા પુણ્ય કૃત્યનું ફળ તેના વિપાક ટાઇમે અમુક સમય પુરતું સુખકારી હોવા છતાં અન્તે મહાન દુઃખના સર્જક એવા પાપાનુબંધનું કારણ બની જીવને દુઃખની દીર્ઘ પરંપરામાં ધકેલનારૂં થાય છે.

જૈન દર્શન કહે છે કે અંતરની શુભ ભાવનાના પ્રયત્નમાં મોહનીય કર્મની મંદતા છે. અને અશુભ ભાવનાના પ્રવર્તનમાં મોહનીય કર્મની તીવ્રતા છે. દાન તપ આદિ ધર્મ કૃત્યોમાં ફળની આકાંક્ષા રહિતપણું યા વિશુદ્ધ પરિણામ તે મોહનીય કર્મની મંદતાથી, અને ફળની આકાંક્ષા યા અશુદ્ધ પરિણામ તે મોહનીય કર્મની તીવ્રતાથી હોય છે. મોહનીય કર્મની મંદતાએ બંધાતુ પુણ્ય તે “પુન્યાનુબન્ધિ પુણ્ય” અને મોહનીયકર્મની તીવ્રતાએ બંધાતુ પુણ્ય તે “પાપાનુબંધિ પુણ્ય” કહેવાય છે.

દાન, શીલ, તપ વગેરે કોઈપણ સુવિહિત ધર્માચરણ, આત્મહિતને લક્ષમાં રાખીને કરવામાં આવે ત્યારે, મન–વાણી અને કાયાના યોગમાં જેમ શુભપણુ હોય છે, તેમ ઉપયોગ-અધ્યવસાયમાં પણ અમુક પ્રમાણમાં વિશુદ્ધિ હોય છે. આમાં શુભયોગ તે પુણ્યબંધનું કારણ છે, જ્યારે ઉપયોગની વિશુદ્ધિ તે મોહનીય કર્મની સ્થિતિ અને રસની પ્રબલ મંદતાનું કારણ હોવાથી તે સમયે બંધાતા પુણ્યાનુબંધિ પુણ્યના,

અન્ય ભવોમાં વર્તતા ઉદય પ્રસંગે (ફળ પ્રાપ્તિના સમયે) મોહના ઉદયની મંદતા હોય છે. તેથી અંતરાત્મામાં સમ્યગ્દર્શન વગેરે સદ્ગુણોનું સ્થાન હોવાથી એ આત્મા, પુણ્યોદયથી પ્રાપ્ત થયેલ માનવ જીવન, શારીરિક બળ, ધન, દોલત વગેરે સામગ્રીનો ગુલામ બનતો નથી. પરંતુ શક્ય હોય તેટલો તે સામગ્રીનો વધુ ને વધુ પ્રમાણમાં સદુપયોગ કરે છે. જેના પરિણામે જીવ અલ્પસંસારી બની સદ્ગતિનો ભાજન થાય છે.

સુવિહિત ધર્માચરણો, ભૌતિક હેતુઓને લક્ષ્યમાં રાખી કરવામાં આવે, ત્યારે યોગમાં તો શુભપણું છે, પણ ઉપયોગમાં અવિશુદ્ધિ, મલિનતા હોય છે. તેથી શુભ યોગના કારણે પુણ્ય બંધાતું હોવા છતાં ઉપયોગની મલિનતા તે મોહનીય કર્મની સ્થિતિ અને રસમાં તીવ્રતા પેદા કરતી હોવાથી, તે સમયે બંધાતા પાપાનુબંધિ પુણ્યના, અન્ય ભવોમાં વર્તતા ઉદય સમયે મોહનીયકર્મના ઉદયની પ્રબલતા હોય છે. તેથી અંતરમાં મિથ્યાત્વાદિ દોષોનો ગાઢ અંધકાર હોવાથી એ આત્મા, પુણ્યોદયજન્ય સુખસંપત્તિનો ગુલામ બની જાય છે. જેથી મળેલી અનુકુળ સામગ્રીનો દુરૂપયોગ કરી સંસાર વૃદ્ધિ થવા દ્વારા દુર્ગતિમાં ચાલ્યો જાય છે.

પાપના અનુબંધવાળા પુણ્યકાર્યમાં બદલાની આશા છે. હું અમુક સારાં કર્મો કરૂં કે જેનાથી પુણ્ય બંધાય, અને પુણ્યના ફળમાં હું આગળ સુખી થાઉં. આવાં પુણ્ય કાર્યો તે બદલો માંગવા જેવાં હોવાથી લેવડદેવડના વ્યાપાર

જેવાં છે. તેમાં દુનિયાના સુખની આકાંક્ષા હોય છે. પુણ્ય-કાર્ય કર્યાનું અભિમાન હોય છે. આવા આશયના કારણે તે શુભ કાર્યો આત્મામાંથી કર્માવરણુને તોડનાર નહિ બનતાં કર્માવરણનાં સર્જક બને છે.

શુભ કર્તવ્યોથી આત્મલક્ષી જીવોને રિદ્ધિ-સિદ્ધિ તો મળે છે, પરંતુ તે રિદ્ધિ-સિદ્ધિ પ્રાપ્ત જીવોનું મૂળ લક્ષ્ય તો આત્મ વિશુદ્ધિ ઉપર જ હોય છે. છતાં જેમ અનાજ નિમિત્તે અનાજ વાવવા છતાં ઘાસ આદિની પ્રાપ્તિ તે તો સ્વાભાનિક-અનિચ્છાએ પણ થાય છે જ. તેમ આત્મશુદ્ધિ કરવાના પ્રયત્નમાં પુણ્યકર્મ તો સ્વાભાવિક બંધાય છે. અને તેને લીધે અનુકુળ સામગ્રીઓ મળી જ આવે છે. છતાં મૂળ ઉદ્દેશ તો આત્મિક વિશુદ્ધતાનો જ હોવો જોઇએ. જે સત્કૃત્યોથી તેના સાક્ષાત્ ફળસ્વરૂપે સમ્યગ્દર્શનાદિ ગુણોને મેળવવાની અને પરંપરાએ મોક્ષ મેળવવાની ઇચ્છા વર્તતી હોય, તે જ કૃત્યોને ધર્મના કૃત્યો કહી શકાય.

માટે જ જ્ઞાની પુરૂષોનું કહેવું છે કે તમે સત્કાર્યો ભલે કરો પણ તેના બદલા તરીકે ફળની આશા રાખ્યા વિના કરો. લોકો તમને સારા કહેશે એવી ઇચ્છા વિના કરો. મતલબ કે કોઈપણ જાતના માન, મહત્ત્વ કે બદલાની આશા રાખ્યા વિના કરો. તો તે કારણોથી તમને કર્મબંધન કરનારાં બીજ નશ પામશે. અને તમે તમારી ફરજ બજાવી ગણાશે. પણ કોઈ આશા કે ઇચ્છા રાખીને અભિમાનથી કે અજ્ઞાન દશાથી દોરવાઇ ને કાર્યની શરૂઆત કરશો, તો તમે જરૂર કર્મથી

બંધાવાના જ. માટે સત્કાર્યો-ધર્મકાર્યો કરતી વખતે આત્મા, સાવચેત રહે તો કર્મ છૂટે. અને આત્મા અસાવધ રહે તો કર્મ આત્માને છોડે જ નહિં. જે જીવો ધર્મ માટે ધર્મ કરે છે, સમ્યગ્દર્શનાદિ ગુણો માટે ધર્મ કરે છે, તે જીવો અલ્પ સંસારી છે. સંસારના સુખ રૂપે ફળ ઇચ્છનારા જીવનાં ધર્મકાર્યો તે પાપબંધ કરનારાં હોય છે.

પાપના અનુબંધવાળું પુણ્ય તે (૧) પરિણામથી (૨) પરિતાપથી (૩) સંસ્કારથી અને (૪) ગુણવૃત્તિના વિરોધથી દુઃખરૂપ બને છે.

(૧) રૂધિરનું પાન કરતી વખતે જળો જેમ સુખ માને છે, પણ અંતે અતિ ભયંકર દશાને પામે છે. તેવી રીતે પુણ્યથી પ્રાપ્ત સુખના કારણે અનેક જાતના વિષય-કષાયો સેવાય છે. તેના પરિણામે નઠારાકર્મ બંધાતાં છેવટે દુઃખની જ પ્રાપ્તિ થાય છે.

(૨) પુણ્યથી પ્રાપ્ત સુખ સમયે સુખમાં આસક્ત બનેલા જીવને સુખની તૃપ્તિ નહિં થતાં. વિશેષ સુખ મેળવવાને હૃદયમાં પરિતાપ રહ્યા કરે છે. તેવે સમયે પ્રાપ્ત સુખ, ગૌણ બની જઈ પરિતાપનું દુઃખ મુખ્ય બની જાય છે. તીવ્ર અગ્નિના સંયોગથી પાણીને શોષી લેનારા લોઢાની, જેવી તપ્તતા હોય છે, તેવી ઇંદ્રિયોના વિષયની ઉત્કંઠાની તપ્તતા હોય છે. હંમેશાં ઇંદ્રિયો પોતપોતાના વિષયો મેળવવાને ઉત્સુક રહ્યા કરે છે. તેવા ઉત્સુકપણાથી હૃદયને પરિતાપ થયા જ કરે છે. એવો પરિતાપ જ્યાં હોય ત્યાં

સુખ ક્યાંથી હોય? આવી રીતે પરિતાપથી પુણ્યનું સુખ, દુઃખરૂપ બની જાય છે. વળી જ્યાં પોતાના વિરોધી ઉપર સદા દ્વેષનો ઉલ્લાસ રહ્યા કરે છે. ત્યાં સુખ સામગ્રીની પ્રાપ્તિના સમયમાં પણ મન પરિતાપથી હણાયેલું રહે છે.

(૩) જેમ એક કાંધ ઉપરથી બીજે કાંધ લેતાં ભાર ઓછો લાગે છે, પણ વસ્તુતાએ ભાર ઓછો થતો નથી. તેમ ઇંદ્રિયોને આનંદ થતાં સુખ લાગે છે, પણ દુઃખનો સંસ્કાર નિવૃત્ત થતો નથી.

(૪) સુખ–દુઃખ અને મોહ એ ત્રણે, દુઃખની જાતિને ઉલ્લંઘન કરી શકતી નથી, તેથી વિરૂદ્ધપણે વર્તે છે. અહિં ગુણવૃત્તિના વિરોધથી પણ પુણ્યજનિત સુખ તે પરિણામે દુઃખરૂપ થાય છે.

પુણ્યાનુબંધિ પુણ્યવાળા જીવો સંયમના અનુરાગી હોવા છતાં, સંયમ માર્ગને ગ્રહણ કરવાને અશક્ય સંયોગવાળા સમ્યક્ત્વી મનુષ્યો, પોતાના સાંસારિક વ્યવહારો ચલાવવામાં અનુકુળતા પૂરતી જ લક્ષ્મી આદિને પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા હોવા છતાં પણ, પોતાના હૃદયની ભાવનાને શબ્દોમાં ઉતારવા વડે પ્રતિવર્ષ નૂતન વર્ષના પ્રારંભે શરૂ કરાતા ચોપડામાં લખે છે કે રૂદ્ધિ મળે તો શાલિભદ્રજીની રૂદ્ધિ જેવી મળજો. આની સાચી સમજવાળાઓનું તો આ રીતે લખવામાં લક્ષ્ય એ જ હોય છે કે સંસારના બંધનથી છૂટી નહિં શકવાથી સંસાર વ્યવહાર ચલાવવો તો પડશે જ. અને તેના માટે રૂદ્ધિની જરૂરીયાત રહેશે જ. એ

રૂઢિની પ્રાપ્તિ માટે પ્રયત્ન પણ કરવો જ પડશે. પરંતુ એ રીતે થતા પ્રયત્ન દ્વારા રૂદ્ધિઆદિ મળી જાય તો પણ એ રૂદ્ધિ આદિ મને વિષયાસક્ત, અભિમાની અનીતિકારક કે સ્વાર્થી બનાવી દે એવી નહિં મળતાં, નીતિના માર્ગથી પ્રાપ્ત થઈને તેનો ભોગવટો અનાસક્ત અને વૈરાગ્યભાવે ભોગવતાં અંતે શાલિભદ્રજીની માફક આત્મસ્વાતંત્રતાના માર્ગે લઈ જનારી બને એવી મળજો.

આ જીવ, પૂર્વભવોમાં અનેક વખત રૂદ્ધિવંત બન્યો હશે. અનેક દેવાંગનાઓનો સ્વામી પણ બન્યો હશે. પરંતુ તેવી રૂદ્ધિની પ્રાપ્તિમાં મારૂં જીવન, છળ-પ્રપંચ-હિંસા-અસત્ય અને વિષયાસક્ત બની રહેલું હોવાથી જ વારંવાર જન્મ--મરણ કરવા વડે મારૂં સંસાર ભ્રમણ હજુ પણ ચાલુ જ રહ્યું છે. આ રીતની સમજવાળો-વિવેકવાળો અને તે સમજ પ્રમાણે રૂદ્ધિપ્રાપ્ત સંયોગોમાં પણ શાલિભદ્રજીનો આદર્શ, દ્રષ્ટિ સન્મુખ બનાવી રાખનાર જ વાસ્તવિક રીતે શાલિભદ્રજીની રૂદ્ધિ કેવી હતી તે સમજ્યો ગણાય. બાકી તો લોકસંજ્ઞાએ ગતાનુગતિએ "શાલિભદ્રજીની રૂદ્ધિ મળજો" બાહુબલજીનું બળ હોજો, એમ કહેનાર કે લખનાર અજ્ઞાન જ ગણાય. એવાઓને કંઈ લખવા માત્રથી રૂદ્ધિ કે બળ મળી જતાં નથી. અને કદાચ પાપના અનુબંધવાળા પૂર્વકૃત પુન્યના વિપાકોદયે મળી જાય તો પણ એ રૂદ્ધિ અને બળ, તેને વિષયાસક્ત તથા મદાંધ બનાવી માનવતાથી ભ્રષ્ટ કરી અનેક પાપાચરણો કરાવી દુર્ગતિમાં જ ખેંચી જશે. બાકી સમજણ વાળો આ રીતે ચોપડામાં લખવાના સમયે શાલિ-

ભદ્રજીની રૂઢિ જેટલી રૂદ્ધિ પ્રાપ્ત કરવાના લક્ષ્યવાળો નથી. એનું લક્ષ્ય તો એ જ છે કે રૂદ્ધિ મળે કે ન મળે પરંતુ કદાચ મળી જાય, અને જરૂરીયાત કરતાં ય વધુ મળી જાય તો શાલિભદ્રજીના સંસ્કારો મારામાં ઉત્પન્ન કરાવે તેવા મળજો. આવા પ્રકારના લક્ષ્યવાળા અને ભાવનાવાળાને પ્રાપ્ત થતાં રૂદ્ધિ–બળ વગેરે તે "પુણ્યાનુબંધિ"નાં ગણાય. અને તે પ્રશસ્ત ગણાય. જ્યારે એથી વિપરીત લક્ષ્ય અને ભાવનાવાળાને પ્રાપ્ત થતાં રૂદ્ધિ બળ વગેરે તે "પાપાનુબંધિ પુણ્ય"નાં ગણાય. અને તે પુણ્યને અપ્રશસ્ત ગણાય. જેમ પાપના ઉદયવાળા દીન–દુઃખીઓ તે અનુકંપાને પાત્ર છે, તેમ પાપાનુબંધિ પુણ્યના ઉદયવાળા જીવો પણ જ્ઞાનીઓની દ્રષ્ટિએ અનુકંપાને જ પાત્ર છે. કારણ કે તેવા બિચારાઓની આ સુખ સમૃદ્ધિ તેમના મનુષ્યપણાને નિષ્ફળ બનાવી દુર્ગતિમાં લઈ જાય છે. આવા જીવો થોડાં ઘણાં કોઈ પરમાર્થનાં કાર્યો કરે તો પણ તેમાં તેઓનું લક્ષ્ય, કીર્ત્તિ–મોટાઈ કે કોઈ ભૌતિક લાલસાવાળું હોઈ તેમના આત્મહિતને માટે નહિં થતાં તે પણ પુનઃ "પાપાનુબંધિ પુણ્ય"નું સર્જક બને છે.

આ રીતે પુણ્યના અનુબંધવાળા અને પાપના અનુબંધવાળા એમ બે પ્રકારના પુણ્યનું સ્વરૂપ જણાવ્યું. હવે પુણ્યના અનુબંધવાળા અને પાપના અનુબંધવાળા એમ બે પ્રકારના પાપકર્મનું સ્વરૂપ વિચારીએ.

જીવનમાં સુવિહિત ધર્માચરણ ન હોય, યા અલ્પપ્રમાણમાં હોય, પરંતુ ધર્મ–પ્રવૃત્તિના બદલે સાંસારિક

પ્રવૃત્તિ અને તે પ્રસંગે પાપ સ્થાનકોનું સેવન હોય. તેમાં ય કેટલીક પાપક્રિયા એવી હોય છે કે કરવાની ખાતર કરાતી ન હોય, પરંતુ ન છૂટકે સંયોગવશાત્ કરવી પડતી હોય અગર થઈ જતી હોય. એમ છતાં સંમ્યગ્દર્શન હોવાના કારણે એ પાપસ્થાનકોના સેવન પાછળ દીલમાં તીવ્ર પશ્ચાતાપ-ડંખ વગેરેનો સદ્ભાવ હોય. આવી પ્રવૃત્તિમાં યોગ અશુભ છે. પણ ઉપયોગ વિશુદ્ધ છે. અહિં અશુભયોગના કારણે પાપ તો બંધાય છે, પણ ઉપયોગની વિશુદ્ધિના કારણે તેમાં સ્થિતિ અને રસની તીવ્રતા નહિ હોવાથી બંધાતા તે પાપને "પુન્યાનુબંધિ પાપ" કહેવાય છે. આ રીતે બંધાતા પાપના (ભોગવટાના) ઉદય સમયે ભોગવનાર જીવની ભાવના શુદ્ધપણે વર્તે છે. ઉદયમાં આવેલા દુઃખમાં તેને સમભાવ વર્તે છે. દુઃખ પ્રાપ્તિના નિમિત્તો પ્રત્યે દ્વેષભાવી નહિં બનતાં દુઃખપ્રાપ્તિમાં પૂર્વકૃત પાપોનો જ દોષ વિચારે છે. દુઃખી અવસ્થામાં દીન નહિં બનતાં વીર્યોલ્લાસથી દુઃખના સંયોગોને સહન કરવામાં કર્મરાજાના કરજમાંથી કરજમુક્ત થવાનો આનંદ અનુભવે છે. વિકટ આપત્તિ સમયે પણ આપત્તિજન્ય સયોગોને ગૌણ બનાવી, આત્મચિંતવન, પરોપકાર, દેવગુરૂની ભક્તિ આદિ સદ્ભાવમાં વર્તી નવું પુણ્ય ઉપાર્જન કરતો હોઈ તેનું ભોગવાતુ તે પાપ "પુણ્યાનુબંધિ પાપ" કહેવાય છે. કેટલાક ઉત્તમકોટિના જીવોને તો આવા પાપોદયનો સંયોગ, મોક્ષપ્રાપ્તિનો હેતુ પણ બની જાય છે. એવા જીવોને તો પ્રાણાંતકષ્ટ પણ એવી જાગૃતિ આપે છે કે, હે આત્મન્! જરા પણ ખેદનો વિચાર

કર્યા વિના આવેલ કષ્ટને સહન કરવામાં શૂરવીર બની જા. સ્વાધીન અવસ્થામાં કષ્ટ અને ઉપસર્ગ સહન કરવાનો અવસર પ્રાપ્ત થવો એ અત્યંત દુર્લભ છે. નરક–નિગોદ જેવા સ્થાનોમાં પરાધીનપણે ગમે તેટલું સહન કર્યું, પરંતુ તેનાથી આત્માને જરા પણ લાભ થયો નહિં. આ મનુષ્યભવ જ, કષ્ટોને સમભાવે સહન કરી કર્મની નિર્જરા કરવાની ઉત્તમ તક છે. આવા ઉત્તમ પરિણામના યોગે ઉત્તમ આત્માઓ ક્ષપક શ્રેણિ (કર્મને જડ મૂળથી ખંખેરી નાખવાનો અપૂર્વ પ્રયત્નકાળ) ઉપર આરૂઢ થઇ, ઘાતી કર્મોનો ક્ષય કરી કેવલજ્ઞાન તેમ જ કેવલદર્શન પ્રાપ્ત કરી અંતકૃત કેવલી થઈ મુક્તિપુરીમાં પહોંચી ગયાનાં દ્રષ્ટાંતો પણ શાસ્ત્રોમાં અનેક જોવામાં આવે છે.આ રીતના "પુણ્યાનુબંધિ પાપ"ના સ્વરૂપને વિચારી હવે "પાપાનુબંધિ પાપ"ના સ્વરૂપને વિચારીએ.

જ્યાં પ્રવૃત્તિ એટલે યોગમાં સદાચાર અને સુવિહિત ધર્માનુષ્ઠાનના બદલે પાપસ્થાનકોનું સેવન છે. અને સાથે સાથે ઉપયોગમાં અર્થાત્ આંતરિક લક્ષ્ય અને પરિણામમાં પણ તે પ્રવૃત્તિના સેવન અંગે પશ્ચાતાપના સ્થાને પ્રમોદ–હર્ષ હોય છે. એટલે યોગ અને ઉપયોગમાં આવી અશુભતાના અવસરે જીવ જે પાપ બાંધે છે, તેની પરંપરા અનેક ભવોપર્યંત ચાલે છે. તેથી તેને "પાપાનુબંધિ પાપ" કહેવામાં આવે છે. આ રીતે અનુબંધની દૃષ્ટિએ પુણ્ય–પાપમાં શુભાશુભતા વિચારવાપૂર્વક તે પુણ્ય–પાપની ચતુર્ભંગી થઈ.

## ભગવદ્ ગીતાની પરિભાષામાં
## પુન્યકર્મની શુભાશુભતા

જૈનદર્શનમાં કહેલ પુણ્યાનુબંધિપુણ્ય અને પાપાનુબંધિપુણ્યથી પ્રાપ્ત સામગ્રીને શ્રીમદ્ ભગવદ્ ગીતામાં અનુક્રમે દૈવિકસંપદા અને આસુરીસંપદાના નામથી બતાવી છે. આ બન્ને પ્રકારની સંપદાને પ્રાપ્ત જીવોની જીવનચર્યા, તથા તે બન્ને પ્રકારની સંપદા પ્રાપ્ત કરાવનાર પુણ્યના બંધ સમયે વર્તતા જીવના અધ્યવસાયોને અનુક્રમે સત્વગુણ અને રજોગુણ બતાવી ગીતાના અધ્યયન સોળમામાં તેનું સ્વરૂપ નીચે મુજબ સમજાવ્યુ છે.

શ્રી કૃષ્ણુ અર્જુનને કહે છે કે હે અર્જુન ! દૈવી સંપદા જેને પ્રાપ્ત થઈ છે, તે પુરૂષોનાં, અને આસુરી સંપદા જેને પ્રાપ્ત થઈ છે, તે પુરૂષોનાં લક્ષણો હું જુદાં જુદાં કહું છું. તેમાંથી પ્રથમ દૈવિસંપદાને પામેલ પુરૂષોનાં લક્ષણ કહે છે.

નિર્ભયતા, સત્ત્વશુદ્ધિ અર્થાત્ વ્યવહારમાં જૂઠ કપટ ઈત્યાદિ અવગુણો છોડી દઈને શુદ્ધ ભાવથી આચરણ કરવું તે, યોગમાં વિશેષ સ્થિતિ અર્થાત્ ઇંદ્રિયાદિના નિગ્રહથી ચિત્તને એકાગ્ર કરીને જાણેલા પરમ પદાર્થોનો સાક્ષાત્કાર

અથવા અનુભવ કરી જ્ઞેય પરમાત્મામાં તન્મયતા હોવી તે, દાન, ઈંદ્રિયનિગ્રહ, યજ્ઞ, સ્વાધ્યાય, તપ, સરલતા. ॥૧॥

અહિંસા, સત્ય, અક્રોધ, ત્યાગ, અંતઃકરણની શાંતિ, ચાડી નહિ કરવાપણું, ભૂતો પર દયા, અલોલુપતા, મૃદતા, લજ્જા, અચંચળતા ॥૨॥

તેજ, ક્ષમા, ધીરજ, પવિત્રતા, અદ્રોહ અને અત્યંત અમાનીપણું, આ છવ્વીસ ગુણો હે ભારત! દૈવિસંપત્તિને ઉદ્દેશી જન્મેલા હોય છે. ॥૩॥

હવે આસુરી સંપદાનાં લક્ષણ બતાવતાં કહે છે કે—

दंभो दर्पोऽभिमानश्च, क्रोधः पारुष्यमेव च ।
अज्ञानं चाभिजातस्य, पार्थ ! संपदमासुरीम् ॥

અર્થ—હે પાર્થ! ધર્મ ઢોંગીપણું, ગર્વ, અભિમાન, ક્રોધ, કઠોરતા, અને અજ્ઞાન (આ અવિદ્યાના ગુણો) આસુરી સંપત્તિને ઉદ્દેશી જન્મેલના હોય છે.

દૈવિસંપદાને પામેલા મનુષ્યનો સ્વભાવ દેવોના જેવો અને આસુરી સંપદાને પામેલા મનુષ્યનો સ્વભાવ અસુરોના જેવો બતાવી વિસ્તારપૂર્વક તે સ્વભાવોની હકીકત દર્શાવતાં કહે છે કેઃ—

द्वौ भूतसर्गौ लोकेऽस्मिन, दैव आसुर एव च ।
दैवो विस्तरशः प्रोक्त, आसुर पार्थ मे शृणु ॥

प्रवृत्तिं च निवृत्तिं च, जना न विदुरासुराः ।
न शौचं नापि चाचारो, न सत्यं तेषु विद्यते ॥

અર્થ—આ લોકમાં દૈવી તથા આસુરી એમ બે પ્રાણીઓની સૃષ્ટિ છે. તેમાં દૈવિસૃષ્ટિ વિસ્તારથી કહી; આસુરી સૃષ્ટિને તું મારીપાસે સાંભળ. આસુરી મનુષ્યો પ્રવૃત્તિને તથા નિવૃત્તિને જાણતા નથી. તેઓમાં પવિત્રતા, સદાચાર અને સત્ય પણ હોતાં નથી.

આવા જીવો કદીયે તૃપ્ત નહિં થનારી કામનાનો આશ્રય કરીને પાખંડ, માન અને મદથી યુક્ત થયેલા અને અપવિત્ર વ્રતોવાળા તેઓ મોહથી ખોટા આગ્રહો પકડીને પ્રવૃત્તિ કરે છે. મરણ સુધી અમાપ ચિંતાને ધારણ કરનાર, વિષય ભોગોને જ શ્રેષ્ઠ માનનારા, આટલો જ પુરૂષાર્થ છે એવા નિશ્ચયવાળા, સેંકડો આશારૂપી પાસોથી બંધાયેલા તથા કામ ક્રોધમાં પરાયણ રહેનારા તે લોકો વિષયભોગો માટે અન્યાયથી ધનના સમૂહોને મેળવવા ઇચ્છે છે.

મેં આજે આ મેળવ્યું અને હવે આ મનોરથ પ્રાપ્ત કરીશ, આ ધન મારૂં છે, અને મારૂં થશે, આ શત્રુને મેં માર્યો, બીજાઓને પણ હું મારીશ, હું બળવાન છું, સુખી છું, ધનાઢ્ય છું, કુળવાન છું, તથા મોજ કરીશ, આવા અજ્ઞાનથી મોહિત થયેલા, ચિત્તના અનેક સંકલ્પોથી ભ્રાંતિવાળા, મોહ જાળથી વીંટાયેલા અને કામભોગથી આસક્ત થયેલા તે લોકો નરકમાં પડે છે.

પૂર્વભવમાં બંધાયેલ "પુણ્યાનુબંધિ પુણ્ય"ના ફળસ્વરૂપ વર્તમાનકાળે પ્રાપ્તસંપદાને "દૈવિસંપદા"ના નામથી અને "પાપાનુબંધિ પુણ્ય"ના ફળસ્વરૂપ વર્તમાનકાળે પ્રાપ્ત

સંપદાને "આસુરી સંપદા"ના નામથી ઓળખાવી તે સંપદાઓને ભોગવનાર જીવોની ભોગવટા સમયે વર્તતી બાહ્ય અને આંતરિક જીવનચર્યા દર્શાવી, તે જીવનચર્યાની ભિન્નતા હોવાના કારણરૂપે, પ્રાપ્ત સામગ્રીવાળા ભવથી પૂર્વભવમાં પુણ્યબંધ સમયે પુણ્ય બંધકના લક્ષ્યની શુભાશુભતાને, શ્રીમદ્ ભગવદ્ ગીતામાં અનુક્રમે સાત્વિક અને રાજસ તથા તામસ તરીકે દર્શાવતી હકીકતને ગીતાના અધ્યયન સત્તરમામાં ૧૪ થી ૨૨ સુધીના નવ શ્લોકોમાં કહ્યું છે કે–

દેવતા, દ્વિજ, ગુરૂ અને જ્ઞાનીઓનું પૂજન, વળી પવિત્રતા, સરલતા, બ્રહ્મચર્ય અને અહિંસા એ શારીરિક તપ કહેવાય છે.

ઉદ્વેગ ન કરે તેવું સત્ય–પ્રિય અને હિતકર વચન તથા સ્વાધ્યાય ( અર્થાત્ સર્વોત્તમ કર્તવ્ય–પ્રાપ્તવ્યમાં પ્રેરે અને જોડે એવા ગ્રંથો ઈત્યાદિનું શ્રવણ–પાઠન–પાઠન ) એ વાણીમય તપ કહેવાય છે.

મનની પ્રસન્નતા, સૌમ્યતા, મૌન, મનોનિગ્રહ અને ભાવશુદ્ધિ ( નિષ્કપટપણું ), એ માનસિક તપ કહેવાય છે.

ફળની આકાંક્ષા વિનાના સાવધાન મનુષ્યોએ પરમશ્રદ્ધાથી આચરેલા એ ત્રણે પ્રકારના તપને સાત્વિક કહે છે.

સત્કાર, માન કે પૂજા માટે તેમજ દંભવડે જે તપ કરાય છે, તે અસ્થિર અને નાશવંત તપને રાજસ કહેલું છે.

વિવેક રહિત આગ્રહથી પોતાને પીડીને અથવા બીજાના નાશને માટે જે તપ કરાય છે, તેને તામસ કહેલું છે.

દાનદેવું જોઇએ એમ સમજીને દેશ-કાળ અને પાત્રમાં, સામો ઉપકાર નહિં કરનારને જે દાન દેવાય છે, તેને સાત્વિક કહેલું છે.

પરંતુ જે દાન સામા ઉપકાર માટે અથવા ફળને ઉદ્દેશીને અને કલેશપૂર્વક દેવાય છે, તે દાનને રાજસ કહ્યું છે.

અને અયોગ્ય દેશકાળમાં અપાત્રોને, સત્કાર વિના, અવજ્ઞાવાળું જે દાન દેવાય છે, તેને તામસ કહેલું છે.

આ પ્રમાણે શુભાશુભ લક્ષ્યપૂર્વક થતા તપ, દાનાદિનું વર્ણન સમજાવી તે ધર્માનુષ્ઠાનો કેવા લક્ષ્યપૂર્વક કરવાં જોઇએ તેનો ગીતાના અધ્યયન અઢારમાના છઠ્ઠા શ્લોકમાં નીચે મુજબ નિર્દેશ છે.

एतान्यपि तु कर्माणि, संगं त्यक्त्वा फलानि च ।
कर्तव्यानीति मे पार्थ, निश्चितं मतमुत्तमम् ॥

અર્થ-આ કર્મો પણ ફળ તથા આસક્તિ તજીને કરવાં જોઇએ, હે પાર્થ ! એવો મારો નિશ્ચિત ઉત્તમ મત છે.

સાત્વિક વૃત્તિથી કરાતાં શુભ કાર્યો વડે બંધાતા પુણ્ય કર્મનું ફળ, દૈવીસંપદા પ્રાપ્ત કરાવવાવાળું, અને તેથી વિપરીત વૃત્તિથી કરાતાં શુભ કાર્યો વડે બંધાતા પુણ્યનું ફળ, આસુરી સંપદાને પ્રાપ્ત કરાવવાવાળું બતાવી, તે બન્ને સંપદાઓનું ફળ બતાવતાં ગીતાના સોળમા અધ્યાયના પાંચમા શ્લોકમાં કહ્યું છે કે :-

दैविंसपद्विमोक्षाय निबंधीयासुरी मता ।
मा शुचः संपदं दैवी, ममिजातोऽसिपांडव ॥

અર્થ–દૈવી સંપત્તિ તે મોક્ષ માટે અર્થાત્ બંધનથી છોડાવવા માટે થાય છે, અને આસુરી સંપત્તિ બંધન માટે થાય છે. હે પાંડવ ! તું દૈવી સંપત્તિને ઉદ્દેશીને જન્મેલો છે. માટે શોક ન કર.

આ પ્રમાણે ભગવદ્ ગીતામાં દર્શાવેલ પુણ્ય બંધનાં બાહ્ય કારણો દાન–તપ આદિ શુભ કાર્યોને જૈન પારિભાષિક શબ્દોમાં શુભયોગ તરીકે ઓળખાવ્યાં છે અને તે બાહ્ય શુભ કાર્યોરૂપ શુભયોગ સમયે વર્તતા જીવનું શુભાશુભ લક્ષ્ય કે જેને ગીતામાં સાત્વિક, રાજસ અને તામસપણારૂપે દર્શાવ્યું છે, તેને જૈનદર્શનમાં શુભાશુભ ઉપયોગ તરીકે જણાવ્યો છે. યોગ એ બાહ્ય પ્રવૃત્તિરૂપ છે. અને ઉપયોગ તે અભ્યંતર પ્રવૃત્તિરૂપ અર્થાત્ જીવના અંતરંગ પરિણામ યા ભાવનાસ્વરૂપ છે.

## પુણ્ય-પાપની ચતુર્ભંગી અંગે
## એક અજૈન વિચારકની વિચારદ્રષ્ટિ

જૈન દર્શનમાં દર્શાવેલ પુન્ય-પાપની ચતુર્ભંગીને, ઇકબાલખાન નામે કોઈ વિચારકે કહેલ હકીકતથી સમજીએ.

(૧) મનુષ્ય નીચકુળમાં જન્મ્યો હોય અને આખોય જન્મ નીચકૃત્યો કરવા પાછળ જ મશગુલ બની રહે, એ તિમિરમાંથી આવ્યો અને તિમિરમાં જશે.

(૨) હીનકુળમાં જન્મ્યો હોવા છતાં આખી જીંદગી મનસા, વાચા અને કર્મણા, સત્કર્મમાં પ્રવૃત્ત રહે, એ તિમિરમાંથી જ્યોતમાં જવાનો

(૩) ઉચ્ચકુળમાં જન્મેલો અને બળવાન તથા રૂપવાન હોવા છતાં મન, શરીર અને વાણીથી જીંદગીભર દુરાચરણ જ કરતો રહે, એ જ્યોતિમાંથી તિમિરમાં જશે.

(૪) ઉચ્ચકુળમાં જન્મી સર્વદા સદાચરણ કરતો રહે તે જ્યોતમાંથી જ્યોતમાં જવાનો.

ઉપરોક્ત રીતે ચારે બાબતો તે અનુક્રમે (૧) પાપાનુબંધિ પાપ (૨) પુણ્યાનુબંધિ પાપ (૩) પાપાનુબંધિ પુણ્ય અને (૪) પુણ્યાનુબંધિ પુણ્ય સમજવું.

ઉપરોક્ત હકીકતમાં તિમિર તે પાપસ્વરૂપે અને જ્યોત તે પુણ્ય સ્વરૂપે સમજવું. હીનકુળ અને ઉચ્ચકુળ તે અનુક્રમે પૂર્વકૃત પાપના ફળસ્વરૂપે અને પુણ્યના ફળ સ્વરૂપે પ્રતિકુળતા અને અનુકુળતા સર્જક કુટુંબો સમજવાં.

જો કે કુળ–જાતિ–રૂદ્ધિ–બળ–રૂપ–ઐશ્વર્ય–શ્રુત અને લાભ, એ આઠેયની અનુકુળતા પુણ્યોદયથી જ પ્રાપ્ત થતી હોવા છતાં, તેમાં કુળ સિવાય શેષ સાતેયની અનુકુળતા-પોષક તો ઉચ્ચકુળ જ હોવાથી, જન્મ પ્રાપ્તિમાં પુણ્યોદયની મુખ્યતા તો ઉચ્ચકુળની પ્રાપ્તિમાં જ છે. કુળ સિવાય શેષ સાતેયની અનુકુળતા હોવા છતાં એ સાતેને સંસ્કાર પોષક તો ઉચ્ચકુળ જ બની રહે છે.

પુણ્ય–પાપ – આત્મા–પરમાત્મા – મોક્ષ- પુનર્જન્મ, એ વગેરેના ખ્યાલ પૂર્વક થતી જીવનચર્યા તે અધ્યાત્મક છે. અને તેવા આધ્યાત્મિક વિકાસમાં સહાયક સંસ્કારોને જ સુસંસ્કાર કહેવાય છે. તેવા સુસંસ્કારોનું પોષક જે કુળ તેને ઉચ્ચકુળ કહેવાય છે. જેમ જેમ પોષક તત્ત્વો વધારે તેમ તેમ તે કુળની ઉચ્ચતા વિશેષ ગણાય છે.

સુસંસ્કાર વિકસાવતાં પણ નીચકુળના સંયોગો અંતરાય ભૂત થાય છે. હરિબળમચ્છી, પ્રત્યાખ્યાનમાં પહેલો મત્સ્ય છોડી મૂકવાનો નિયમ કરે છે. પણ જીવદયાનું સ્વરૂપ સમજાયા છતાં, સર્વથા મત્સ્ય નહિં પકડવાનો નિયમ તે ગ્રહણ કરી શકતો નથી. એટલે હીનકુળમાં એટલી બધી મુશ્કેલીઓ હોય છે, કે ધાર્યું કરી શકાતું નથી.

**કુળની ઉચ્ચતામાં પુણ્ય પ્રાપ્તિની મુખ્યતા :—**

આસ્તિક ગણાતા આત્માનું ધ્યેય તો કર્મનો સંપૂર્ણ ક્ષય કરવા દ્વારા મોક્ષ પ્રાપ્તિનું જ હોય છે. તે ધ્યેય સિદ્ધ કરવા માટે ધર્મનું આચરણ દરેક જીવ કરી શકે છે. દરેકને કરવાનો હક્ક છે. તેમ છતાં પણ તે આરાધના માટે અનુકૂળ સંયોગોની પ્રાપ્તિ જરૂર હોવી જોઈએ. ધર્મારાધનાની ઇચ્છા હોવા છતાં પણ સંયોગોની અનુકૂળતાના અભાવે આરાધના થવી મુશ્કેલ છે.એકેન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય સુધીના દરેક જીવો ધર્મારાધના સરખી રીતે કરી શકતા નથી. કારણ કે દરેકના સંયોગમાં ફેરફાર છે. પંચેન્દ્રિયમાં પણ ધર્મારાધનાના સુલભ સંયોગો તો ખાસ મનુષ્યમાં જ હોય છે. મનુષ્યોમાં પણ આર્યભૂમિમાં જન્મ, ઉચ્ચકુળમાં જન્મ, અધ્યાત્મી કુટુંબમાં જન્મ, દેવ–ગુરૂનો યોગ, શ્રવણેચ્છા–શ્રવણનો યોગ, દેવ–ગુરૂ અને ધર્મની સામગ્રી વગેરે ઉત્તરોત્તર સંયોગો, ધર્મપ્રાપ્તિ માટે સુલભ અને ઉચ્ચકક્ષાના છે. મનુષ્યપણું અને આર્યક્ષેત્ર મળવા છતાં પણ તેમાં ઉચ્ચગોત્રની પ્રાપ્તિ, એ ધર્મારાધનાની પ્રાપ્તિનું ઉત્તમ સાધન છે. ધર્મારાધનાને ઉચ્ચ સંસ્કારી જ કરી શકે છે. અને ઉંચ્ચગોત્રમાં જ તે સંભવી શકે. એટલે ઉચ્ચગોત્ર–કુળની પ્રાપ્તિ પુણ્યથી જ થઈ શકે છે

સુખી અને સાધન સંપન્ન પરિવાર, ધન–મોટર–બંગલો અને બિલકુલ અદ્યતન રહેણીકરણી, સરસ મઝાના કિંમતી રાચરચીલાની અપટુડેટ સાજસજાવટ, વ્યાવહારિક શિક્ષણથી

સમગ્રકુટુંબ શિક્ષિત, છોકરીઓ પણ મોર્ડન અને ચપોચપ કે ફટાફટ ઇંગ્લીશ બોલવાની આવડતવાળી, જુવાન અને રંગીન છોકરાઓ તથા છોકરીઓ પતંગીઆની જેમ ઉડાઉડ કરવા-વાળા–હરતાફરતા અને કલબો તથા નાટક સીનેમા જોવાની મોજ માણવાવાળા હોય, એ રીતે ભૌતિક સામગ્રી અને રહેણીકરણીની પ્રચુરતા માત્રથી કુળની ઉચ્ચતા, અને ઉપરોક્ત સામગ્રીની ન્યૂનતા માત્રથી કુળની હીનતા અહીં માની લેવાની નથી. પરંતુ તે સામગ્રીમાં પણ નિરાભિમાની, દીન દુઃખીઓ પ્રત્યે અનુકંપાભાવી, સંત અને સજ્જનો પ્રત્યે સન્માનભાવી, પરમાર્થ કાર્યમાં ઉત્સુકતાભાવી તથા સર્વ જીવો પ્રત્યેના કલ્યાણ ભાવી બની રહી તે સામગ્રીમાં મોહલુબ્ધ અને અહંકાર નહિં બની જતાં નિષ્પાપી અને ધર્મપરાયણ જીવન વ્યતીત કરવાના સંસ્કારપોષક કુટુંબવાળું કુળ, તે ઉચ્ચકુળ કહેવાય છે.

જ્યાં ધર્મનાં સાધનો, સામગ્રીઓ, સંસ્કારો જન્મથી જ પ્રાપ્ત હોય અને શુદ્ધ સંસ્કારનો વારસો જન્મતાં જ પ્રાપ્ત થઈ શકે તેવા સંયોગવાળું અનુકૂળ જન્મસ્થાન યા કુળને ઉચ્ચકુળ કહેવાય.

જ્યાં આત્માને પાપના સંતાપનો ખ્યાલ જ ન હોય, હિંસા–જુઠ–ચોરી વગેરે મોટાં પાપોની તેમની પાસે પાપરૂપે ગણના જ ન હોય, હિંસા કરવી એ તો તેમને રમત થઇ ગઇ હોય, દુરાચારના ભયથી બિલકુલ રહિત જ હોય, નબળાને પીડા પમાડવામાં બળજબરી યા હોંશિયારી મનાતી હોય તેવા સ્થાનોને હીનકુળ કહી શકાય.

અજ્ઞાનદશામાં પણ સદાચાર પ્રાપ્ત થાય, અનાચાર ન દેખાય તે તમામ ઉત્તમ કુળને આભારી છે. ઘરે આવેલ અતિથિને દાન દેવાથી શું લાભ છે? તેનું જ્ઞાન–સમજ નાનાં બાળકોને નહિં હોવા છતાં ઘરઆંગણે સંતપુરૂષોનાં પગલાં થતાં દેખીને નમસ્કાર કરે છે. આદરમાન દીએ છે. તે ઉત્તમ કુળના સંસ્કારો છે. અજાણપણે પણ ઉત્તમ આચાર પ્રાપ્ત થવાથી સુસંસ્કારી કુટુંબનાં બાળકો માંસ દારૂથી દૂર નાસે છે. માટે ઉત્તમ આચારોમાં ટકાવનાર કે વધારનાર ઉત્તમકુળ છે. માટે જ જ્ઞાની મહર્ષિઓએ ઉત્તમકુળને પુણ્ય-પ્રકૃતિમાં ગણ્યું છે. ઉચ્ચકુળના સંસ્કારો ધર્મને અંગે સહાયક છે. જલ્દી ફળે છે. સંસ્કાર અને સદાચારને પોષક અનુકૂળતા અને પ્રતિકૂળતાના હિસાબે ઉચ્ચ–નીચના ભેદ છે.

રાજાને ઘેર જન્મેલ પુત્ર રાજ્યને તથા શ્રીમંતના ઘેર જન્મેલ પુત્ર પૈસાને મેળવવા ગયા નથી; રાજ્યનો તથા ધનનો વારસો તે જન્મતાં જ ઉચ્ચ ગોત્રમાં મળે છે. સાધુ ભગત વગેરેને ત્યાં રહેલો પોપટ "રામરામ–સીતારામ" વગેરે બોલતો શીખ્યો હોય, જ્યારે ચોર–લૂંટારાને ત્યાં રહેતો પોપટ "મારો–લૂંટો" એમ બોલે છે. કેમકે તે તેવું બોલતાં શીખ્યો છે. ઉચ્ચકુળમાં સારા સંસ્કારો છે, જ્યારે નીચ કુળમાં નરસા સંસ્કારો છે. નીચ કુળમાં સુસંસ્કાર–સદાચાર–ધર્મ વગેરે પામે જ નહિં એમ સમજી લેવાનું નથી. પણ પામવામાં મુશ્કેલી છે.

૧૧

લોઢામાં સુવર્ણ થવાની યોગ્યતા થાય તો સુવર્ણપણું પામે. સુવર્ણમાં તો સ્વાભાવિક સુવર્ણપણું છે જ. તેમ ઉચ્ચ-કુળમાં સ્વભાવથી જ ઉચ્ચ સંસ્કારો સાંપડે છે. ત્યાં તો ધર્મના સંસ્કારો જન્મથી જ સિદ્ધ છે. ધર્મ કરવા માટેના સુસંસ્કાર સદાચાર અને ધર્માચરણ કરવા માટેની અનુકૂળતાઓ ઉચ્ચ-કુળમાં તો સંકળાયેલી જ છે. બહારથી લાવવી પડતી નથી.

શ્રીમંતને ઘેર જન્મેલો ગરીબ પણ થાય. અને ગરીબને ત્યાં જન્મેલો શ્રીમંત પણ થઇ જાય. આ બધું જાણવા છતાં શ્રીમંતના ઘેર જન્મેલા છોકરાને જન્મ સમયે ભાગ્યવાન ગણીયે છીએ. અને દરિદ્રના ઘેર જન્મેલા છોકરાને ભાગ્યહીન દુર્ભાગી માનીએ છીએ.

જાતિ–કૂળ–રૂદ્ધિ–બળ–રૂપ–ઐશ્વર્ય–શ્રુત અને લાભ એ આઠેયની અનુકૂળતા તે પુણ્યથી જ પ્રાપ્ત થતી હોવા છતાં, ઉચ્ચકુળ યા ગોત્રમાં જન્મેલાની શેષ સાતે અનુકૂળ-તાઓ આધ્યાત્મિક જીવનના વિકાસમાં સહાયક એવી સુસં-સ્કારપોષક બની રહેતી હોવાના કારણે પુણ્યપ્રાપ્ત તે અનુ-કૂળતાઓ, નવીન પુણ્યબંધના નિમિત્તભૂત બની રહે છે. પરંતુ કુળ–ગોત્ર જો આધ્યાત્મિક સંસ્કૃતિહીન હોય તો જાતિ–રૂદ્ધિ–બળ–રૂપ ઐશ્વર્ય–શ્રુત અને લાભ એ સાતેની અનુકૂળતાઓ વિપરીતપણે પરિણમે છે, અગર તે પ્રાપ્ત અનુકૂળતામાં અભિમાની બની રહેવાય છે.

આ રીતે ઉપરોક્ત અનુકૂળતામાં ઉચ્ચકુળવાળાને તે

અનુકૂળતા, પુણ્યના અનુબંધવાળા પુણ્યના કારણે, અને નીચ-કુળવાળાની એ અનુકૂળતાઓ તે પાપના અનુબંધવાળા પુણ્યના કારણે હોઇ, તે અનુક્રમે (૧) પુણ્યાનુબંધિ પુણ્ય અને (૨) પાપાનુબંધિ પુણ્ય તરીકે ઓળખાય.

ઉચ્ચકુળમાં જન્મેલા કે હીનકુળમાં જન્મેલા, એ બન્નેને જાતિ, બળ, રૂદ્ધિ, સાહ્યબી, આદિની પ્રાપ્તિ તે પૂર્વકૃત પુણ્યોદયથી જ હોવા છતાં ઉચ્ચકુળના સંસ્કારી જ્ઞાનદૃષ્ટિવાળાને તે પુણ્યસામગ્રી બંધનકર્તા નથી. પણ હીન-કુળના સંસ્કારી અવિવેકીને તે પુણ્યોદય બંધનકર્તા થાય છે.

ઉચ્ચકુળના સંસ્કારી હંમેશાં સારી પરિણતિવાળા રહેવા જોઇએ અને તેઓમાં નીચપરિણતિ ન જ હોય એમ તો સર્વમાં ન પણ બને. પરંતુ તેવામાં અવિવેક, દુરાચાર, દુર્વ્યસનના સંસ્કારો ઉડતા આવેલા છાંટારૂપે હોય. મૂળરૂપે હોય નહિં. હીરાની ખાણમાં ઉગ્યા છતાં બધા કંઇ હીરા નથી હોતા. પત્થરો પણ હોય છે. તેમ છતાં તે ખાણ, હીરાની જ કહેવાય છે. તેમ ઉચ્ચકુળ અંગે પણ સમજી લેવું.

ઉચ્ચકુળની જીવન સંસ્કૃતિ, ધર્મ–અર્થ–કામ અને મોક્ષ એ ચારે પાયા ઉપરની હોય છે. માત્ર અર્થ અને કામને જ અનુસરતું જીવન, ઉચ્ચકુળમાં હોતું નથી. ધર્મ–અર્થ–કામ અને મોક્ષ એ ચારે પુરૂષાર્થના જીવનના ધોરણે જીવતા ઉચ્ચકુળવાળાની જીવન વ્યવસ્થા, આધ્યાત્મિક આદર્શોને સુવ્યવસ્થિત રાખવા પૂર્વક જ ગોઠવાયેલી હોય છે. એટલે જ

ઉચ્ચકુળમાં રહેલા માનવીઓને આધ્યાત્મિક જીવન જીવવાનો લાભ અણઇચ્છાએ પણ મળતો જ રહે છે, એજ ઉચ્ચ-કુળની મહત્તા છે.

ફક્ત, અર્થ અને કામના જ ધ્યેયવાળી સંસ્કૃતિ યુક્ત જીવન જીવવાવાળો વર્ગ, ભૂતકાળમાં આ ભારત વર્ષની અંદર અલ્પ હતો. તેવો વર્ગ, ચાર પુરૂષાર્થના ધોરણે જીવનાર કરતાં નીચી કક્ષાનો ગણાતો. હીનકુળમાં જન્મેલા પૈકીના કોઈ કોઈ આત્મા, અમુક સમયે તે જ ભવમાં ઉચ્ચ કુળવંતાના આત્મા જેવા પણ બની જતા. કેમકે હીનકુળમાં જન્મ પામેલા જીવો હીન જ રહેવા પામે અને કદાપિ ઉચ્ચ થવા ન પામે એવું ધ્યેય, ઉચ્ચકુળના સંસ્કારમાં સંસ્કારી બનેલા આત્માઓનું પણ ન હતું. જેથી સંસ્કારમાં પરિવર્તન પામતા આત્મામાં તથા ઉચ્ચગોત્રીય આત્મામાં સમાનતા પ્રવર્તતી. તેવી સમાનતાને સૌ કોઇ સત્કારતું. પણ સંસ્કારપરિવર્તનને પામતા આત્માઓ અતિ અલ્પ પ્રમાણમાં હતા.

હીનકુળવાળા માણસાઈમાં નથી કે જીવપણામાં નથી, એમ માનવા માટે અગર તો તેવા કુળવાળા પરત્વે તિરસ્કાર ભાવના રાખવા માટે કુળના અંગે ઉચ્ચ અને હીનતાનું અહિં નિરૂપણ નથી. પરંતુ ઉચ્ચકુળ સિવાય સુસંસ્કારોનું પોષણ પ્રાયઃ અસંભવિત અને અશકય છે, તે જાણવા–સમજવા અને બુદ્ધિમાં ઉતારવા માટે આ નિરૂપણ છે.

વળી જેમ કોઈ મનુષ્ય કોઈની હિંસા કરે–ઘાત કરે તો તેમ કરનારો ભવાંતરમાં સેંકડો વખત ઘાતને પામે છે, તેની પોતાની હિંસા કરે છે. તેમ અહીં જો કોઈ મનુષ્ય, જાતિ–કૂળ-બળ–રૂપ-સમૃદ્ધિ-શ્રુત–ઐશ્વર્ય અને લાભ પ્રાપ્તિનું અભિમાન કરી બીજાને હલકો પાડનારો આત્મા, જે જે દ્વારા અભિમાન કર્યું હોય તે તે દ્વારા તેમાં હલકી હાલતવાળો થાય છે. શાસ્ત્રકારો જણાવે છે કે हीनानि लभते जनः । માટે દરેક જીવો પ્રત્યે ગુણાનુરાગી બની ગુણહીન જીવો પ્રત્યે પણ મૈત્રી–અનુકંપા અને મધ્યસ્થ ભાવનાવાળા બની રહેવું.

# સુખ–દુ:ખ પ્રાપ્તિની સાચી સમજ

સંસારના સર્વ જીવો સુખને જ ચાહે છે. અને દુ:ખથી ડરે છે. તેમ જ દુ:ખથી છૂટવાનો ઉપાય કરે છે. પરંતુ તે ઉપાય, અજ્ઞાનવશ વિપરીત હોવાથી સુખપ્રાપ્તિના બદલે દુ:ખની જ પરંપરાને વધારનાર થાય છે. સાચા અને શાશ્વત ( કાયમી ટકી રહેનાર ) સુખની સમજના અભાવે જ પ્રાણીઓ દુ:ખી થાય છે.

સુખ બે પ્રકારનું છે (૧) સ્વાભાવિક અને (૨) સંયોગિક. તેમાં પુણ્યકર્મના નિમિત્તથી પ્રાપ્ત સુખ તે સંયોગિક સુખ છે. અને સ્વપરના વિવેકવડે પરભાવને રોકી આત્માના –સ્વરૂપની રમણતામાં લીન બની રહેવું તે આત્માનું સ્વાભાવિક સુખ છે.

શરીર, ઘરબાર, કુટુંબ, લક્ષ્મી, ઇન્દ્રિયસુખ અને તેને અનુકૂળ વિષયોની પ્રાપ્તિ, યશ, માન, પ્રતિષ્ઠા વગેરે દેખાતું બાહ્યસુખ તે સંયોગિક સુખ કહેવાય. સંયોગિક વસ્તુનો વિયોગ અવશ્ય હોવાથી તે સંયોગિક સુખ સ્વાધીન નથી. પણ પરાધીન છે. માગીને લાવેલ વસ્તુના જેવું છે. આત્માની પોતાની ચીજ નથી. કંચન–કામિની–કુટુંબ અને કાયા એ સર્વ સંયોગિક યા માંગેલી ચીજ જેવાં છે.

પૂર્વકૃત કંઈક પુણ્યકર્મના યોગે જ તે સર્વ બાહ્યવસ્તુનો, આત્માની સાથે સંયોગ બની રહે છે. પરંતુ તે સંયોગ, કાયમી ટકી રહેનાર નથી. પુણ્યકર્મ ખલાસ થઈ જાય એટલે તે સર્વ સંયોગોનો વિયોગ આપોઆપ થઈ જાય છે. પછી તે સંયોગને ક્ષણમાત્ર પણ ટકાવી રાખવાની વિશ્વના કોઈ પણ પ્રાણીની તાકાત નથી. અજ્ઞાની માણસ પોતાની અક્કલ હોશિયારી યા શૂરવીરતાથી આવી સંયોગ પ્રાપ્તિનું અભિમાન ભલે રાખે, પણ તે દીર્ઘદ્રષ્ટિથી વિચારે તો તેને સમજાશે કે, અક્કલ–હોશિયારી અને શૂરવીરતામાં લેશમાત્ર ન્યૂનતા નહિં થવા છતાં પણ, તે સંયોગોને કાયમી કોઈ ટકાવી શક્યું નથી.

વળી અમુક ટાઈમ ટકી રહેવાના સંયોગમાં પણ મનની સારી સ્થિતિમાં આનંદજનક લાગતી વસ્તુ, આપત્તિના વખતમાં સંતાપજનક લાગે છે. મનુષ્ય જ્યારે નિરોગી હોય, ભૂખથી પીડાતો ન હોય, ત્યારે જ તેને કામભોગ રૂચે છે. પરંતુ કોઇ અતિપ્રિય વસ્તુના વિયોગે શોકગ્રસ્ત હોય, અગર- પેટમાં જ્યારે અત્યંત અસહ્ય ભૂખ લાગી હોય, ત્યારે તેનું ચિત્ત, કામભોગમાં લાગી શકતું નથી. માટે ટકી રહેતા સંયોગના કાળમાં પણ અમુક ટાઇમે એક વસ્તુ જે આનંદ- જનક લાગે છે, તેજ વસ્તુ અન્ય કોઈ ટાઇમે અરૂચિકર પણ બની જવા પામે છે.

ક્ષણમાત્ર શાંતિ અર્પનાર બાહ્ય સામગ્રીના સંયોગમાં તે સામગ્રીના રક્ષણ માટેનો અને છેવટે વિયોગનો ભય તો

સદાના માટે જ ઉપસ્થિત બની રહેતો હોઈ તેની પ્રાપ્તિનું સુખ તે ભયની ચિંતામાં ગૌણ બની જાય છે.

આવી રીતે અનુકૂળ માની લીધેલી વસ્તુ તે ક્યારેક પ્રતિકૂલ ભાસે અને અનુકુળતાના ટાઇમમાં પણ તેના વિયોગનો ભય પ્રાણીને સતત પીડયા જ કરે છે. તેવી વસ્તુને સુખદાયી માનવી તેમાં શું જીવની અજ્ઞાનતા નથી!

પ્રતિકુળતા સર્જક વસ્તુનો સંયોગ તે પૂર્વકૃત પાપોદયના કારણે જ હોવાથી તેનાથી અનુભવાતું દુઃખ તે વર્તમાનકાલીન છે. જ્યારે પૂર્વકૃત પુણ્યોદયે પ્રાપ્ત સુખ તે પ્રાપ્ત વસ્તુના વિયોગ ટાઇમે દુઃખજનક બની રહેતું હોવાના કારણે ભવિષ્યકાલીન દુઃખ છે. આમ પુણ્ય અને પાપોદયમાં એકથી તો પાછળ દુઃખ છે, અને બીજાથી પહેલું જ દુઃખ છે. પહેલું દુઃખ ભોગવવા કરતાં, પહેલું સુખ પામીને પછી ભોગવવાનું દુઃખ તે વિકટ બની રહે છે, એતો સૌને અનુભવસિદ્ધ છે.

એ રીતે જે સંયોગોમાં યા જેની પ્રાપ્તિમાં પહેલું કે પછી પણ દુઃખ હોય તેને સુખ માની શકાય જ નહિં. જેથી પુણ્યજન્ય સુખસામગ્રી કે પાપજન્ય દુઃખસામગ્રી એ બન્નેને વસ્તુતાએ તો સુખ કહેવાય જ નહિં. માટે ઇંદ્રિયજન્ય સુખ કે દુઃખમાં, કંઇ ભિન્નતા છે જ નહિં. કારણકે સુખ ભોગવતાં દુઃખ આવી પડે છે. અથવા સુખને લઇને ઇંદ્રિયોના અનુકુળ વિષયો ભોગવતાં પાછું દુઃખરૂપ કર્મ

બંધાતું હોવાથી જ્ઞાનીઓએ તો સુખ અને દુઃખમાં ભેદ ગણ્યો જ નથી.

ઈંદ્રિયજન્ય સુખ અને દુઃખ, એ સર્વ, વાસના માત્ર છે. આ પદાર્થ મને પસંદ છે, અથવા તે ઉપકારી અને ઈષ્ટ છે. જ્યારે પેલો પદાર્થ મને પસંદ નથી, અથવા તે અનુપકારી અને અનિષ્ટ છે. એવા પ્રકારનો જે વિભ્રમ મનુષ્યને થાય છે, તેને જ વાસના કહેવાય છે. દેહાદિક પદાર્થ જીવને કંઈ ઉપકારક નથી, તેમ અપકારક પણ નથી. એટલે પરમાર્થથી તો તે ઉપેક્ષણીય છે. પરંતુ એવું પરમાર્થ તત્ત્વજ્ઞાન જેને થયું નથી, એવા જીવો જ તેને ઉપકારક અને ઇષ્ટ, અથવા તો અપકારક અને અનિષ્ટ માને છે. વિભ્રમથી આવા સંસ્કાર ઉત્પન્ન થાય છે, તે ફક્ત વાસના છે. પણ સ્વાભાવિક નથી.

ઇન્દ્રિયજન્ય સુખ એ વાસના ન હોય તો એક વખત સુખમય અને બીજી વખત દુઃખમય ન લાગત. એટલે સુખદુઃખનો ભાવ, વાસનાથી જ ઉત્પન્ન થાય. માટે ખરેખર રીતે સુખ અને દુઃખ એ દેહધારીની કલ્પના માત્ર છે. સમભાવસ્વરૂપ આત્માનું સ્વાભાવિક સુખ જ વાસ્તવિક સુખ છે. વાસનાને લીધે જીવો સુખમાં હસે છે, અને દુઃખમાં રડે છે.

પ્રતિકુળ સંયોગોમાં અનિષ્ટતાના કારણે થતો દ્વેષભાવ, તે જ દુઃખજનક છે. પરંતુ તે દુઃખનું મૂળકારણ તો અનુકૂળતાનો રાગ છે. રાગના કારણે જ દ્વેષનું અસ્તિત્વ છે. જ્યાં

રાગની સંભવના નથી, ત્યાં દ્વેષની ઉત્પત્તિ સંભવે જ નહિં. અને દ્વેષની ઉત્પત્તિ વિના દુઃખ પણ સંભવે જ નહિં. રાગ તે પ્રીતિજનક છે. જ્યારે દ્વેષ તે અપ્રીતિજનક છે.

સારાં કે શુશોભિત કપડાં અગર અન્ય કોઈ વસ્તુના ઉપભોગમાં જો તેની પ્રાપ્તિનો હર્ષ હોય તો જ તે વસ્તુ, જીર્ણ થતાં બગડી જતાં અગર તેનો સર્વથા વિયોગ થતાં દુઃખ થાય, અગર બગડી જવાનો કે નાશ થવાનો ભય રખાય.

જન્મમાં હર્ષ છે, તો તે હર્ષ જ મરણ ટાઇમે શોકનું કારણ છે. સ્વજનના જન્મ-મરણમાં જે હર્ષ-શોક થાય છે, તે પરાયાના માની લીધેલા જન્મ-મરણમાં થતો નથી. એજ બતાવી આપે છે કે સ્વજનમાં રાગ છે, અને પરજનમાં રાગનો અભાવ છે. ત્યાં ભલે દ્વેષ ન હોય પણ રાગનો અભાવ હોવાથી તે વસ્તુ પલટાતાં દુઃખ થતું નથી. દુઃખ તો જેને તેના પ્રત્યે રાગ હોય તેને જ થાય છે.

પરણવામાં જ સુખ માનવારૂપ રાગવાળાને જ પરણિત દશા નષ્ટ પામી જવાના ભયનું, અગર પરણિતદશા ખંડિત થયાનું, અગર કુંવારાપણાનું દુઃખ છે. તેવી જ રીતે વિશાળ કુટુંબ, પુત્રની બહુલતા અગર અન્ય કોઈ પણ પ્રકારની અનુકૂળ સામગ્રીની પ્રાપ્તિમાં જેને રાગ છે, તેને તે તે સંયોગો અંગે ઉપર મુજબ દુઃખની જ વૃત્તિ ઉદ્ભવે છે.

જે જે સંયોગોમાં જેટલા જેટલા પ્રમાણમાં રાગ,

ત્યાં ત્યાં તે સંયોગોના વિયોગોમાં અન્તે તેટલા પ્રમાણુમાં દ્વેષ સ્વરૂપ અરૂચિથી દુઃખની જ પ્રાપ્તિ છે. અહીં રાગ તે સુખરૂપ અને દ્વેષ તે દુઃખરૂપ મનાતો હોવાં છતાં, જ્ઞાનીઓની દ્રષ્ટિએ તો દુઃખનું મૂળ જ રાગ છે. જેથી દુઃખથી છૂટવાનો ઉપાય, સંયોગિક વસ્તુ પ્રત્યે રાગરહિત જ બની રહેવામાં છે.

જ્ઞાનીઓ તો રાગજનક નિમિત્તમાં જ ઉદાસીન વૃત્તિએ રહેતા હોવાથી, દુઃખ જનક નિમિત્તમાં લેશમાત્ર પણ રંજ અનુભવતા નથી. આ રીતે સુખ અને દુઃખ એ બન્ને સ્થિતિમાં તેઓ સમભાવ ધારણ કરતા હોઈ, પરમશાંતિ સુખને અનુભવે છે.

પ્રશમરતિ ગ્રંથમાં કહ્યું છે કે :—

**स्वर्ग सुखानि परोऽक्षाण्यऽत्यऽन्त–परोक्षमेव मोक्षसुखम् ।**
**प्रत्य–ऽक्षं प्रशमसुखं, न पर–वशं, न व्ययप्राप्तम् ॥**

અર્થ—સ્વર્ગનાં સુખો આપણે અનુભવી શકતા નથી કે આજે જોઈ શકતા નથી. વળી મોક્ષનું સુખ તે ઘણું જ દૂર હોવાથી તેના અનુભવની તો વાત જ શી ! ત્યારે શાંતિનું સુખ તો આપણે જાતે જ અનુભવી–માણી શકીએ તે સ્થિતિમાં છે.તે સુખ બીજાને આધિન નથી. પરંતુ આપણે પોતાને જ સ્વાધીન છે. અને કોઈ પણ જાતનો પૈસાનો ય ખર્ચ કર્યા વિના મફત મળી શકે છે.

સમભાવ એ જ પરમશાંતિ સ્વરૂપ આત્માનું પોતાનું

—સ્વથી ઉત્પન્ન થતું અને પરાઈ ઓશિયાળ વિનાનું સ્વાધીન તથા ઇન્દ્રિયોને અગોચર સુખ છે. કહ્યું છે કે—

**परस्पृहा महादुःखं, निस्पृहत्वं महासुखम् ।**
**एतदुक्तं समासेन, लक्षणं सुखदुःखयोः ॥**

અર્થ—પરની આશા–લાલસા કરવી તે મહા દુઃખ છે. અને નિસ્પૃહપણું તે મહાસુખ છે. એ સંક્ષેપથી સુખ અને દુઃખનું લક્ષણ કહ્યું છે.

એક જૈનમહાત્માએ પણ ગુર્જર ભાષામાં આ હકીકતને અંગે એક સજ્ઝાય (કાવ્ય)માં કહ્યું છે કે—

પરકી આશા સદા નિરાસા, એ હે જગજન પાસા;
વો કાટનકું કરો અભ્યાસા, લહો સદા સુખવાસા.
આપ સ્વભાવમાંરે અવધુ સદામગનમેં રહેના.

ગુર્જર ભાષીય કાવ્યની આ એક જ કડીમાં સુખપ્રાપ્તિનો સરલ ઉપાય કાવ્યકર્તાએ દર્શાવી દીધો છે. પરંતુ આ રીતના સુખઅંગેની વિપરીત સમજવાળા અજ્ઞાની જીવો પૌદ્ગલીક યા સંયોગીક પદાર્થની અનુકૂળતાને જ ઇષ્ટ ગણી તેમાં રાગ કરે છે. અને પ્રતિકુળતાને અનિષ્ટ માની દ્વેષ કરે છે. તે રાગ–દ્વેષને લીધે જ કર્મ લાગે છે. જેમ તેલથી ચોળેલા શરીર ઉપર રજવડે રંગ લાગે છે, તેમ રાગ–દ્વેષથી યુક્ત એવા આત્માને કર્મનો બંધ થાય છે. જેમ લોઢું, ચુંબક પાષાણુની પાસે પોતાની ક્રિયાથી ખેંચાય છે, તેમ રાગી અને દ્વેષી આત્માની પાસે કર્મનાં અણુઓ વિચિત્ર રીતે આકર્ષાઇને આવે છે.

નેતરાં (રસી–દોરી) ની ખેંચતાણથી રવૈયો, છાશની ગોળીમાં ઘૂમ્યા જ કરે છે, તેમ જીવાત્મા પણ રાગ–દ્વેષરૂપી બે નેતરાંથી ખેંચાઈને આ ભવાબ્ધિમાં (સંસાર સમુદ્રમાં) અજ્ઞાનતાથી ઘૂમ્યા જ કરે છે. ભવભ્રમણ કર્યા જ કરે છે. જેવી રીતે સર્પ પોતાની મેળે જ પોતાની જાતને વીંટી દે છે, તેવી રીતે આત્મા પણ રાગ–દ્વેષના ભાવમાં પરિણમવાના કારણે પોતે પોતાની મેળે કર્મથી બંધાય છે. જેમ રેશમનો કીડો પોતાના તંતુઓથી પોતાને બાંધે છે, તેવી રીતે આત્મા, પોતાના રાગાદિ પરિણામથી પોતાને બાંધે છે. અર્થાત્ કર્મથી બંધાઈને દુઃખી થાય છે. જેથી જન્મ-મરણ–રોગ–શોકાદિને પામી દુઃખી બની રહી આ સંસાર ચક્રમાં ફર્યા જ કરે છે.

કર્મજન્ય સુખ અને દુઃખ એ તો બદલાતી સાપેક્ષ સ્થિતિ છે. આવા સુખ અને દુઃખને માનવ પોતાની જાતે જ તૈયાર કરે છે. સુખ મેળવવાની અને દુઃખને ટાળવાની ઇચ્છા હોવા છતાં પ્રમાદના કારણે સુખ મળતું નથી, અને અજ્ઞાનના કારણે દુઃખ ટળતું નથી. પરંતુ સુખની પાછળ દુઃખની પ્રાપ્તિની તૈયારી થતી જ રહે છે. પુણ્ય અને પાપના સંબંધ વિનાના, સ્વાધીન અને શાશ્વત એવા આત્મિક સુખની પ્રાપ્તિ પછી જ સદાને માટે દુઃખનો અંત આવશે. માટે અંતર્મુખ થઈને જ્યાં સુખનું મૂળ છે, ત્યાં ચિત્તને લગાડી, માત્ર તે સુખ પ્રાપ્તિના જ લક્ષ્યવાળા બની પ્રયત્નશીલ થવું જોઈએ.

સમભાવ ગર્ભિત પરમશાંતિ સુખના અનુભવી અને આત્મસ્વરૂપના માર્ગમાં ચાલનાર સંત મહાત્માઓના સમાગમવિના પરમશાંતિ સુખના ખરા રસ્તાને જીવ પામી શકતો નથી. વળી હૃદયની ઉંડી લાગણીવાળી પ્રવૃત્તિ વિના શાંતિ–સમભાવ, સુખ પ્રાપ્તિનાં સત્ય તત્ત્વો, પ્રગટ પણ થઈ શકતાં જ નથી.

પુણ્ય અને પાપની સાથે આત્મસંયોગ તે જ સંસાર હોવાથી તે બંને જાતના કર્મ, જીવોને માટે બેડી. સમાન છે. અર્થાત્ સોનાની હોવા છતાં પણ છે તો બેડી તેનાથી આત્માને બંધન તો છે જ. શાશ્વત સુખને પ્રાપ્ત કરવા માટે તો પાપ અને પુણ્ય એ બંને ત્યાજ્ય છે. પુણ્યથી પ્રાપ્ત સુખ, સંસારી જીવોની દ્રષ્ટિમાં ચાહે તેટલું ઉત્તમ હોય તો પણ નશ્વર જ છે. સ્થાયી નથી. માટે જ એવાં સુખોને પણ જ્ઞાનીઓએ તો દુઃખરૂપ જ બતાવ્યાં છે. જેથી સાંસારીક સુખ અને દુઃખ એ બન્નેય ત્યાજ્ય હોવાથી બન્નેયની પ્રાપ્તિમાં કારણભૂત પુણ્યકર્મ અને પાપકર્મ પણ ત્યાજ્ય છે. એ બન્ને પ્રકારના કર્મોની મુક્તિથી જ જીવ, સત્ય અને શાશ્વત સુખનો ભોક્તા બની શકે છે. તો પણ અમુક સમયના માટે પુણ્યની પણ આવશ્યકતા છે, અને તે પણ માત્ર પુણ્યાનુબંધી પુણ્યની જ.

પુણ્યાનુબંધી પુણ્યથી પ્રાપ્ત સામગ્રી જીવને અનુકૂળતા સર્જક હોવા છતાં તે સામગ્રીના અસ્તિત્ત્વનો રાગ કે અભિમાન જીવમાં વર્તતો નથી. આવા પુણ્યોદયવાળા જીવો,

મોક્ષમાર્ગની સાધનામાં અવરોધ કરનારા વિકટ સંયોગોને યા પ્રતિકુળતાઓને હટાવવામાં જ, પ્રાપ્ત પુણ્યસામગ્રીનો સાધનરૂપે ઉપયોગ કરવાના લક્ષ્યવાળા હોય છે. તેઓ ભોગ ઉપભોગની અનુકુળ સામગ્રીમાં લોલુપી નહીં બની રહેતાં તે સામગ્રી પ્રત્યે વૈરાગ્યભાવી બની રહે છે.

આત્મગુણોને પોષણ મળે તેવી આવરણ વિનાની સ્થિતિમાં આગળ વધતા જીવના પ્રયત્નને આ પુણ્યાનુબંધિ પુણ્ય, સહારો આપનાર છે. આત્મા, સંપૂર્ણ અને શાશ્વત શાંતિને પામી નિરાવરણ બની, શુદ્ધદશાને પ્રાપ્ત કરે ત્યાં સુધી આ પુણ્યાનુબંધી પુણ્ય, વળાવા ( ભોમિયા ) જેવું બની રહે છે. ઇચ્છિતસ્થાને પહોંચ્યા પછી જેમ વિકટ રસ્તાઓનો ભોમિયો યા વળાવો, પાછો વળી જાય છે, તેમ શાશ્વત સુખના સ્થાનમાં જીવને પહોંચાડીને તે પુણ્યાનુબંધિ પુણ્યરૂપ ભોમિયો આપોઆપ જીવના સંબંધથી મુક્ત બની જાય છે.

જે જીવો પુણ્યાનુબંધી પુણ્યના સહારાથી આત્મ-શુદ્ધિની પ્રાપ્તિના માર્ગમાં આગળ વધવાના લક્ષ્યવાળા બની રહે છે, તે જીવોને આત્મવિકાસમાં અવરોધ કરનારા વિપરીત યા દુઃખદાઈ પ્રસંગો આવી મળતાં પણ ધૈર્યને છોડતા નથી. દ્વેષભાવી બની આર્ત્ત અને રૌદ્રધ્યાની ન બની જવાય તેની આ પુણ્યના બળે સાવચેતી રાખે છે. સદ્દવિચાર દ્વારા વિષમને પણ સમરૂપે પરિણમાવે છે. દુઃખમાંથી પણ સુખ

શોધી કાઢે છે. પૂર્વ કર્મનો ઉદય જાણી પ્રારબ્ધ કર્મને આકુળતા–વ્યાકુળતા રહિતપણે વેદે છે.

આ રીતે જીવની સાવધાનીના કારણે પ્રતિકુળતા સર્જક એવા પાપના અનુબંધથી તે જીવ સદાના માટે મુક્ત બની જાય છે. અને પુણ્યાનુબંધી પુણ્ય તો, કોઇ પાપોદયના કારણે જીવની આત્મસાધનામાં વિઘ્ન ઉપસ્થિત કરનાર સંયોગોને હટાવવામાં જીવને મદદરૂપ બની, જીવના સ્વગુણોની પૂર્ણતા પ્રગટ થયેથી સ્વયં વિદાય લે છે. આ રીતે પુણ્ય અને પાપના સંયોગથી સદાના માટે જીવ મુક્ત બની પરમ અને શાશ્વત શાંતિનો ભોક્તા બને છે.

પુણ્યથી પ્રાપ્ત અનુકુળ સંયોગો કે પાપથી પ્રાપ્ત પ્રતિકૂળ સંયોગો તે જીવને સંસારના વિકટ દુઃખોથી પરેશાન કરનારા નથી. પરંતુ તે અનુકુળતા કે પ્રતિકૂળતામાં ઉદ્ભવતી રાગ–દ્વેષની વૃત્તિ જ જીવને સંસારચક્રમાં રખડાવી ત્રાસ આપનારી બને છે. રાગ–દ્વેષથી જ સંસાર છે. અને સંસારથી જ જન્મ–મરણ છે. અને જન્મ–મરણથી જ દુઃખ છે. માટે દુઃખનું મૂળકારણ તો રાગ અને દ્વેષ જ હોવાથી રાગ અને દ્વેષને જ આત્મામાંથી હટાવવાનો પ્રયત્ન હોવો જોઈએ.

ધર્મ–અર્થ–કામ અને મોક્ષ એ ચાર પુરૂષાર્થો પૈકી અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ તો ધર્મપુરૂષાર્થના આધારે જ છે.' ધર્મપુરૂષાર્થ સિવાય કોઈપણ જીવ, અર્થ–કામ અને મોક્ષને સાધી શકતો જ નથી.

અર્થ, કામ અને મોક્ષ એ ત્રણેની પ્રાપ્તિ ધર્મ-

પુરૂષાર્થથી જ હોવા છતાં તે ધર્મપુરૂષાર્થની પ્રવૃત્તિમાં સાધ્ય તો માત્ર મોક્ષ હોવામાં જ જીવનું હિત છે. અર્થ અને કામ સાધ્ય નથી. પરંતુ તે પ્રાપ્યની કોટિમાં છે. પ્રાપ્ય એટલે મળી જતી ચીજ. ધર્મપુરૂષાર્થથી અર્થ અને કામ મળી જતાં હોવા છતાં તે સાધ્યપણામાં લેવાય નહિં. ખેડુત અનાજ વાવે ત્યારે વચમાં ઘાસ તો થાય જ. અને પછી દાણો થાય. અહિં અનાજ વાવ્યા પછી વચમાં ઘાસ થવાનું છે. પણ તેને ધારણામાં ન લેવાય. ધારણામાં તો દાણો જ લેવાય. તેવી રીતે ધર્મપુરૂષાર્થથી અર્થ અને કામ પ્રાપ્ય હોવા છતાં ધારણા તો મોક્ષની જ રખાય. મોક્ષ એટલે અનાદિકાળથી સંબંધિત રહેલા રાગ અને દ્વેષથી આત્માનો સર્વથા અને સદાના માટે છૂટકારો.

માટે ધર્મ તે રાગ–દ્વેષને હટાવવામાં જ રહેલો છે. જેનાથી રાગદ્વેષ મંદ પડે, હટી જાય યા સર્વથા આત્મામાંથી છૂટી જાય, તેવી બાહ્ય યા આંતરિક કોઇપણ રીતની પ્રવૃત્તિને–પુરૂષાર્થને જ ધર્મ કહેવાય છે. સારી કહેવાતી યા ધર્મરૂપે મનાતી બાહ્યપ્રવૃત્તિ ગમે તેટલી કાયકષ્ટવાળી હોય, પણ તે જો રાગ–દ્વેષને હટાવવાના લક્ષ્યવાળી ન હોય તો તે પ્રવૃત્તિને ધર્મ કહી શકાય જ નહિ. માટે જ કોઈપણ પ્રવૃત્તિ યા પુરૂષાર્થને ધર્મસ્વરૂપે ઓળખવા કે માનવા કે આદરવા પહેલાં રાગ–દ્વેષને બુરા માની તેને હટાવવાનું લક્ષ્ય પહેલું હોવું જોઈએ,

રાગ–દ્વેષને પાપસ્થાનકમાં બતાવી શાસ્ત્રોમાં તેને ત્યા-

જ્ય કહ્યા છે. મોહદૃષ્ટિનો ત્યાગ કરી, જ્ઞાનદૃષ્ટિ રાખવાનું કહ્યું છે. તો પણ રાગ, બે પ્રકારના છે.

(૧) પ્રશસ્ત રાગ અને (૨) અપ્રશસ્તરાગ. દુનિયાદારીની વસ્તુઓ પ્રત્યે જે રાગ વર્તે છે, તે અપ્રશસ્ત રાગ છે. અપ્રશસ્તરાગથી પાપ બંધાય છે. અને પ્રશસ્તરાગથી પુણ્ય બંધાય છે. દેવ-ગુરૂ અને ધર્મ પ્રત્યે જે રાગ વર્તે છે, તે પ્રશસ્તરાગ છે. કોઇ પણ જાતના આશંસાદોષરહિત, દેવ-ગુરૂ-ધર્મ પ્રત્યે પ્રવર્તિત રાગ તે "પુણ્યાનુબંધી પુણ્ય"નું કારણ બને છે.

બંને પ્રકારનો રાગ, આત્મામાંથી છૂટી ગયા બાદ જ આત્માનો છૂટકારો સંસારમાંથી થઇ શકે છે. પરંતુ જીવનો સ્વભાવ, અનાદિકાળથી રાગ-દ્વેષમાં એટલો બધો સુદૃઢ બની ગયો છે કે તે રાગ અને દ્વેષને ત્યાજ્ય માનવા છતાં પણ ત્યાગ થઈ શકતો નથી. માટે જ રાગ-દ્વેષથી મુક્ત થવાને માટે સર્વ પ્રથમ અપ્રશસ્તરાગ હટાવી પ્રશસ્તરાગનો આશ્રય લેવો જરૂરી છે. જીવને અપ્રશસ્તરાગમાં લિપ્ત બનાવી રાખનાર મિથ્યાત્ત્વના સંબંધને આ પ્રશસ્તરાગથી જ તોડી શકાય છે.

જે મનુષ્ય રાગને એકાંતે ત્યાગ માની, રાગત્યાગની અશક્ત અવસ્થામાં, પ્રશસ્ત રાગનો આશ્રય લેતો નથી, તે જીવ દિનપ્રતિદિન અપ્રશસ્ત રાગની જાળમાં ફસાતો રહી દુર્ગતિનો ભોક્તા બને છે.

પ્રશસ્ત રાગથી જીવ, કૃતજ્ઞ અને ગુણાનુરાગી બને

છે. ગુણાનુરાગથી આત્માના ગુણોનું ભાન થાય છે. આત્માના ગુણોનું ભાન થવાથી તે ગુણોના રોધક તત્ત્વો પ્રત્યે તિરસ્કાર ભાવ જાગે છે. તિરસ્કાર ભાવથી તે રોધક તત્ત્વોને હટાવવાનો પ્રયત્ન કરાય છે. આત્મગુણોને રોધક તત્ત્વોને હટાવવાનો જેમ જેમ પ્રયત્ન કરાય તેમ તેમ તે તત્ત્વોનો હ્રાસ થતો રહી સ્વગુણો પ્રગટ થતા જાય છે. એ રીતે ક્રમે કરીને આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્યગુણોની પૂર્ણતા પ્રગટ થતાં, આત્મા કૃતકૃત્ય બને છે.

અપ્રશસ્ત રાગનો તથા દ્વેષનો ઉદય વર્તવા સમયે, આત્મિક ગુણોની ઉપેક્ષા અને અજ્ઞાન હોવાના કારણે તેવા ગુણી પુરૂષોના સંસર્ગથી અને તેમના ગુણાનુરાગથી જીવ વંચિત રહે છે. ગુણી પુરૂષોના સંસર્ગ અને ગુણાનુરાગના અભાવે જીવના જ્ઞાનાદિ ગુણોનાં રોધક તત્ત્વો ઓછાં થવાને બદલે વૃદ્ધિ પામી જીવની વિષમ પરિસ્થિતિનાં સર્જક બને છે. જેથી જીવને દુઃખની પરંપરામાં વૃદ્ધિ થાય છે.

અપ્રશસ્તરાગથી જીવને મુક્ત બનાવી સમ્યકત્વાદિ આત્મગુણોની પ્રાપ્તિ–પુષ્ટિ અગર સ્થિરતા કરતાં કરતાં અંતે વાસ્તવિક સર્વવિરતિભાવ અને અપ્રમાદાદિની પરાકાષ્ટાએ પહોંચાડી, પ્રશસ્તરાગ સ્વયં છૂટી જાય છે. આત્મામાંથી મુક્ત બની જાય છે.

જ્યાં સુધી આત્મા ઉપર અપ્રશસ્ત રાગનો પ્રભાવ ચાલુ રહે છે, ત્યાં સુધી આત્મા દુઃખી થાય છે. તે અપ્રશસ્તરાગને છોડાવનાર તો પ્રશસ્તરાગ જ છે. પશસ્તરાગથી બંધાતું પુણ્યાનુબંધી પુણ્ય, જીવને ભવાંતરમાં મોક્ષસાધક સાધનોને

પ્રાપ્ત કરાવી તે સાધનો દ્વારા સાધ્ય સિદ્ધ થયેથી આત્મામાંથી અલગ બની જાય છે.

રાગ અને દ્વેષવાળી જીવની દશા, એ આત્માની વિકૃતિ યા બિમારીરૂપ છે. તેની જડ આ આત્મામાં એટલી બધી બની રહી છે કે તેનો જડમૂળથી નાશ કરવો એ અસાધ્ય તો નહિ જ, પરંતુ અત્યંત મુશ્કેલીનું કામ તો છે જ. તે માટેનો પ્રયત્ન શરૂ થતાંની સાથે જ તેનો ધ્વંસ થઇ શકતો નથી. તે માટે તો કેટલાય દીર્ઘકાળ સુધી પુરૂષાર્થ ચાલુ રાખવો પડે છે. આ અંગે એક જ ભવમાં કરાતા પુરૂષાર્થ માત્રથી સફલતા મળી જવાની નથી. છતાં અધુરી સફલતામાં પણ કરેલો પુરૂષાર્થ વ્યર્થ બની જતો નથી. એ પ્રયત્નનું અનુસંધાન, અન્ય ભવમાં કરાતા પુરૂષાર્થમાં જોડાઈ જાય છે.

કઠીન લોઢાના ટૂકડાને કાપવા માટે મજબુત પણ ઘણ (હથોડો)ના ઘા કેટલાય મારવા પડે છે, ત્યારે જ તે કપાય છે, એકાદ–બે ઘા મારીને નિરાશ થઇ બેસી રહેવાથી તે લોઢાના ટૂકડા થઈ શકતા નથી. તેવી રીતે રાગદ્વેષની વૃત્તિઓને હટાવવા માટે દીર્ઘ આત્મપ્રયત્ન ચાલુ રાખવો જ પડે છે. જેમ લોઢાના ટૂકડા થવામાં પાછળથી થતા ઘણના ઘામાં પૂર્વે થયેલા ઘણના ઘાનો હિસ્સો છે, તેમ પછીના ભવમાં રાગ–દ્વેષને હટાવવાના થતા પ્રયત્નમાં પૂર્વભવે કરાયેલ પ્રયત્નનો પણ હિસ્સો હોય જ છે.

જ્યાં સુધી આત્મા, મિથ્યાત્વસ્વરૂપ અજ્ઞાન–અંધકારથી આચ્છાદિત હોય છે, ત્યાં સુધી આત્માને આ રાગ–દ્વેષ,

ત્યાજ્ય સમજાતા જ નથી. એ મિથ્યાત્વ મંદપડે, રાગ-દ્વેષને ત્યાજ્ય સમજાય, તેનાથી છૂટવાનો તીવ્ર ઈચ્છાપૂર્વક પુરૂષાર્થ પ્રારંભાય, તેમ છતાં તે વૃત્તિઓથી જીવ, છૂટી શકતો નહી હોવા છતાં પણ, પોતાને ઉદ્ભવતી તે વૃત્તિઓ પ્રત્યે તેને નફરત અને તિરસ્કાર ભાવ વર્તે છે, ત્યારે તે રાગ-દ્વેષના અંશો તે આત્મામાંથી નિર્મૂળ થવા લાગે છે. ત્યારબાદ નવા અંશોના સંબંધનો નિરોધ થતો હોવાથી તેનો અનુબંધ નહિં થતો હોવાના કારણે પોતાનો સ્વભાવ નિરસપણે આત્માને બતાવી સંચિતકર્મઅણુઓ આત્માના સંબંધથી મુક્ત બનતા જાય છે. એ રીતે ધીમે ધીમે પણ તે રાગ-દ્વેષના અંશો-અણુઓથી આત્મા, સદાના માટે સર્વથા મુક્ત બની સ્વસ્વભાવમાં રમણ કરે છે.

## વિવિધ દાર્શનિકોની માન્યતાનો સમન્વય

જુદાં જુદાં દર્શનો અગર વિવિધ આત્મચિંતકો, આત્માને, કર્મને, અને કર્મસંયોગને ભલે ભિન્ન ભિન્ન નામોથી સંબોધે, તો પણ વસ્તુતો સિદ્ધ જ છે. યુક્તિથી વસ્તુની સિદ્ધિ થતી હોય તો માત્ર નામભેદથી બાધક બની શકતી નથી.

> पुरुषः क्षेत्र विज्ज्ञान, मिति नाम यदात्मनः ।
> अविद्या प्रकृतिः कर्म, तदन्यस्य तु मेदतः ॥

આત્માનાં પુરૂષ, ક્ષેત્રવિત્ યા જ્ઞાન, એ પ્રકારે નામો, અને આત્માથી અન્ય જડરૂપ કર્મનાં અવિદ્યા, પ્રકૃતિ, કર્મ, આદિ નામો ભિન્ન ભિન્ન છતાં બાધક નથી.

જૈન અને વેદાન્તિઓ આત્માને "પુરૂષ" માને છે. સાંખ્યો "ક્ષેત્રવિત્" માને છે. અને બૌદ્ધો "જ્ઞાન" રૂપ માને છે. આ રીતે આત્માના નામભેદ છે.

આત્માથી અન્ય જે તત્ત્વ, જે જડરૂપ કર્મને, વેદાન્તિક મતે "અવિદ્યા" સાંખ્યમતે "પ્રકૃતિ," અને જૈન મતે "કર્મ", આ રીતે નામભેદ છે.

એવી રીતે કર્મસંયોગને વેદાન્તિ તે "ભ્રાન્તિ" નામે,

સાંખ્ય તે "પ્રવૃત્તિ" નામે અને જૈનો તે "બંધ" નામે સ્વીકારે છે.

દાર્શનિકોએ કર્મના પ્રકાર વિવિધ રીતે કર્યાં છે. તો પણ પુણ્ય અને પાપ, શુભ અને અશુભ, ધર્મ અને અધર્મ, એ રીતે કર્મના ભેદો તો બધા દર્શનોમાં માન્ય છે. એટલે એમ કહી શકાય કે કર્મના પુણ્ય અને પાપ, અથવા તો શુભ અને અશુભ એવા જે બે ભેદો પાડવામાં આવે છે, તે પ્રાચિન છે.

પ્રાણિને જે કર્મનું ફળ અનુકુળ જણાય છે તે પુણ્ય, અને પ્રતિકુળ જણાય છે તે પાપ, એવો અર્થ કરવામાં આવ્યો છે. અને એ રીતના ભેદો ઉપનિષદ્, જૈન, સાંખ્ય બૌદ્ધ, યોગ, ન્યાય વૈશેષિક, એ બધામાં મળે છે.

આમ છતાં વસ્તુતઃ બધાં દર્શનોએ પુણ્ય હોય કે પાપ, એ બન્ને કર્મને બંધન જ માન્યાં છે. અને એ બન્નેથી છૂટકારો પ્રાપ્ત કરવો એ ધ્યેય સ્વીકાર્યું છે. આથી જ કર્મજન્ય જે અનુકુલ વેદના છે, તેને પણ વિવેકીજનો સુખ નહિં કિન્તુ દુઃખ જ માને છે.

દરેક આસ્તિક દર્શનોની એ જ માન્યતા છે કે જીવ અને કર્મના સંબંધને લીધે જ બંધ, વિશ્વપ્રપંચ છે. અને તેમના વિયોગને લીધે જ જીવોનો મોક્ષ છે. બંધની તરતમતાને આધારે જ મનુષ્ય, દેવ નારક અને પશુ–પક્ષીની કલ્પના છે; અને આ ભવનું પરભવ સાથે સાદ્રશ્ય છે કે નહિં, એ શંકાનો આધાર પણ જીવ અને કર્મનો

સંબંધ જ છે. સંક્ષેપમાં સંસાર અને મોક્ષની કલ્પના પણ જીવ તથા કર્મની કલ્પના ઉપર જ આધાર રાખે છે.

જગતમાં જીવ અને જડ એ બેનું તોફાન છે. જડની સંગતિથી આત્મા દુઃખી થઇ રહ્યો છે. એ સંગતિ ટાળવા માટે આત્મા અને કર્મની ઓળખાણ કરવી આવશ્યક છે. પરંતુ એ ઓળખાણ કરવા પહેલાં તેના અસ્તિત્ત્વની શ્રદ્ધા પહેલી પ્રગટ થવી જોઈએ. કર્મની સત્તા ઘણી પ્રબલ છે. કોઇનું ત્યાં ચાલી શકતું નથી. એમ સમજી કર્મ–બંધનાં કારણોથી દૂર રહેવા પ્રયત્નશીલ બની રહેવું, એ જ દરેક આસ્તિક દર્શનોનો ઉપદેશ છે.

તાત્પર્ય એ છે કે આત્મા, કર્મસંયોગ અને વિયોગાદિ તત્ત્વોનું જૈનદર્શનમાં જેમ વિસ્તૃત વર્ણન છે, તેમ તેના કરતાં કંઈ સંક્ષેપરૂપે પણ ઇતરદર્શનોમાંય તેનું વર્ણન તો છે જ. પરંતુ તેને યથાર્થ સમજવા માટે સમ્યગ્દ્રષ્ટિ (વિવેકદ્રષ્ટિ) હોવી જોઈએ.

વિવિધ દાર્શનિકોની આત્મા અંગેની માન્યતામાં તે આત્મા કોઇના મતે સર્વવ્યાપક હોય, અગર અન્યના મતે અવ્યાપક હોય, કોઇ તેને (આત્માને) એકરૂપ કહે, અગર કોઇ એને અનેકરૂપ કહે, કોઇનું મન્તવ્ય ક્ષણિકત્વ વિષયક હોય, અગર કોઇનું નિત્યત્વ વિષયક હોય, પરંતુ તે સર્વને પુનર્જન્મ અને તેના કારણરૂપે અજ્ઞાન આદિ કંઈકને કંઈક તો માનવું જ પડે છે.

સાંખ્ય-યોગદર્શન તે, આત્મા-પુરૂષની સાથે પ્રકૃતિનો, ન્યાય-વૈશેષિક દર્શન પરમાણુઓનો, બ્રહ્મવાદી-વેદાન્તી તે અવિદ્યા-માયાનો, બૌદ્ધદર્શન તે ચિત્તનામની સાથે રૂપનો, અને જૈનદર્શન તે જીવની સાથે કર્માણુઓનો, સંસારકાલીન વિલક્ષણ સંબંધ માને છે. આ રીતે વર્તતો સંબંધ, તે જ જીવના પુનર્જન્મ અને સુખ-દુઃખનું મુખ્ય કારણભૂત તત્ત્વ છે.

પુનઃ પુનઃ થતા જન્મના કારણભૂત આ તત્ત્વનો આત્માની સાથે સંબંધ ક્યારથી શરૂ થયો? વળી તે સંબંધ આત્માની સાથે અનાદિકાલીન હોય તો તે અનાદિનો નાશ કેવી રીતે થઈ શકે? વળી અનાદિકાળનો તે સંબંધ, એક વાર આત્માથી સર્વથા દૂર થયા પછી ફરીને સંબંધ કેમ થઈ ન શકે? અપુનરાવૃત્તિરૂપ મોક્ષને માનવાવાળા સર્વ દાર્શનિકોએ આ રીતના પ્રશ્નોનો ઉત્તર, પોતપોતાની જુદી જુદી પરિભાષાઓમાં પણ વસ્તુતઃ એકરૂપે જ પ્રદર્શિત કર્યો છે.

સર્વ દાર્શનિકોએ આત્માની સાથે જન્મના અને સુખ-દુઃખના કારણભૂત એવા તત્ત્વના સંબંધને અનાદિકાલીન જ માન્યો છે. તેઓ સર્વ કહે છે કે તે સંબંધ, અમુક સમયથી જ શરૂ થયો તે બતાવવું અસંભવ જ છે.

જન્મના મૂળ કારણભૂત તે તત્ત્વને વિવિધ દાર્શનિકો અજ્ઞાન, અવિદ્યા, વાસના, કર્મ, દ્રષ્ટ, ભાગ્ય, દૈવ, યા પુરૂષ-પ્રકૃતિભેદ આદિના નામથી વિવિધ રીતે ભલે ઓળ-

ખાવે, પરંતુ સ્વસંમત આત્માતત્ત્વની સાથે સૂક્ષ્મતમ એવા કોઈ ને કોઇ પ્રકારના એક મૂર્ત્તતત્ત્વના એ રીતના વિચિત્ર સંબંધને તો સર્વ માને છે. માટે જ સર્વ દાર્શનિકોના મતે, અમૂર્ત્ત એવા આત્મા અને કોઇ મૂર્ત્તપદાર્થનો પારસ્પરિક સંબંધ નિર્વિવાદ છે.

જેવી રીતે અજ્ઞાન તે અનાદિકાલીન હોવા છતાં પણ નષ્ટ થઈ શકે છે, તેવી રીતે ઉપરોક્ત અનાદિ સંબંધ પણ અજ્ઞાનનો નાશ થતાંની સાથે નષ્ટ પામે છે. વળી પૂર્ણ જ્ઞાનની પ્રાપ્તિ થયા પછી દોષનો સંભવ સર્વથા નહિ હોઈ શકવાથી અજ્ઞાન આદિનો ઉદય કોઈ પણ રીતે સંભવિત હોઇ શકે જ નહિં, એ રીતે અમૂર્ત અને મૂર્તનો સંબંધ તે અજ્ઞાન જન્ય હોવાના કારણે અજ્ઞાનના અભાવે તેનો પણ પ્રાદુર્ભાવ થઈ શકે જ નહિં.

આ રીતે આત્માની સાથે જે મૂર્ત પદાર્થનો અનાદિકાલીન પારસ્પરીક સંબંધ બની રહેલ છે, અને જેના કારણે જ જીવને પુનઃ પુનઃ જન્મ–મરણના ચકાવામાં ઘૂમી ઘૂમીને પરેશાન થવું પડે છે, તે મૂર્ત પદાર્થ, જૈનદર્શનની માન્યતાનુસાર, જીવના મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ સ્વરૂપ અશુદ્ધ ભાવોથી આકર્ષાઈ, આત્માની સાથે ક્ષીરનીરવત્ યા લોહાગ્નિવત્ વળગી રહેલ, કાર્મણવર્ગણા (કર્મરૂપે પરિણમન પામવાની યોગ્યતાવાળા અને વિશ્વમાં સર્વત્ર અતિસૂક્ષ્મ સ્વરૂપે વર્તતા પુદ્ગલ દ્રવ્યના અણુ-

સમુહો )ના અણુસમુહમાંથી પરિણમન પામેલ "કર્મ" નામે ઓળખાતી એક પુદ્ગલ ( મૅટર )ની જાત છે.

આત્મપ્રદેશમાં થતા આ કર્મસમૂહના નવા આગમનને રોકી, પૂરાણા વળગી રહેલાને આત્મપ્રદેશોમાંથી છૂટા પાડી, આત્માને સર્વથા કર્મસંબંધ રહિત બનાવવાનો વિવિધ રીતે થતો જીવનો જે પ્રયત્ન, તેને ધર્મ કહેવાય છે. અને એવા ધર્મ દ્વારા અન્તે આત્માની વિશુદ્ધતાને પ્રાપ્ત કરવી તેને મોક્ષ કહેવાય છે.

આત્માના પુરૂષાર્થ દ્વારા કર્મ અંગે થતી વિવિધ પ્રક્રિયાઓને જૈનદર્શનમાં નીચે મુજબ હકીકતથી દર્શાવી છે.

કામર્ણવર્ગણાના પુદ્ગલ સમૂહમાંથી કર્મરૂપે થતા પરિણમનને "આશ્રવ" કહેવાય છે. આત્માની સાથે કર્મના ક્ષીરનીરવત્ થતા સંબંધને "બંધ" કહેવાય છે. આવા નવા થતા સંબંધને રોકવો તેને "સંવર" કહેવાય છે, જૂના વળગેલા કર્મસમૂહને ધીમે ધીમે અમુક અંશે આત્માથી અલગ કરવો તેને "નિર્જરા" કહેવાય છે. અને તે કર્મ-સંબંધથી સર્વથા આત્માને મુક્ત કરવો તેને "મોક્ષ" કહેવાય છે.

ઉપરોક્ત પ્રક્રિયાઓ પૈકી સંવર, નિર્જરા અને મોક્ષ માટે થતા પ્રયત્નને જ ધર્મ કહેવાય છે.

લોકોમાં કહેવાતા વિવિધ ધાર્મિક અનુષ્ઠાનો પૈકી જે અનુષ્ઠાનોથી સંવર, નિર્જરા અને મોક્ષને સાધી શકાય, તેને જ સાચાં ધાર્મિક અનુષ્ઠાનો કહેવાય છે. આવી સાધ-

નામાં જ આત્માના વાસ્તવિક સુખની પ્રાપ્તિ છે. એ રીતની સમજ, અનુષ્ઠાનકારકોને અવશ્ય હોવી જ જોઈએ.

ભારતીય સર્વ દાર્શનિકોનું કહેવું એ જ છે કે, શાશ્વત સુખ પ્રાપ્તિના ઇચ્છકોએ સદ્-ચિદ્ અને સિદ્ધ-બુદ્ધ અવસ્થા પ્રાપ્તિના ધ્યેયવાળા બની રહેવું જોઈએ. એ ધ્યેયથી જ આધ્યાત્મિક વિકાસમાં ક્રમે ક્રમે આગળ વધી અન્તે આત્મા પરમ સુખની પરાકાષ્ટાએ પહોંચી શકે છે. વ્યક્તિ ચાહે ગૃહસ્થ હોય યા સાધુ હોય, તેના જીવનની દિશા આ ધ્યેય તરફ જ હોવી જોઈએ. આત્મવિજ્ઞાનની જાણકારીની સફલતા ઉપરોક્ત ધ્યેયમાં જ છે. તેમાં જ અધ્યાત્મ પ્રાપ્તિની પૂર્ણતા સાધી શકાય છે. આ ધ્યેયની સાથે સાથે જીવનને પહેલું તો સદાચારી બનાવવું જોઇએ. સદાચાર એટલે પાપકાર્યો અને તેવાં પાપકાર્યોને ઉપસ્થિત કરાવનાર જીવન-ચર્યાથી દૂર રહેવું. જ્યાં પાપકર્મોની સમજ અને તેનાથી છૂટવાનો પ્રયત્ન હોતો નથી, ત્યાં વાસ્તવિક જીવનશાંતિ અને પરમ શાશ્વત સુખસ્થિતિની સંભવના હોઇ જ શકતી નથી.

# આત્મશુદ્ધિનો પરમ માર્ગ

જીવની વિવિધ દશા પૈકી કર્મસંબંધવાળી દશા તે સંસાર અને કર્મ સંબંધરહિત આત્મદશા તે મોક્ષ છે. સંસારી દશા તે વિભાવદશા છે, અને મુક્તદશા તે સ્વભાવ દશા છે. સ્વભાવ દશા તે શાશ્વત સુખવાળી દશા છે. અને વિભાવ દશા તે જીવને કષ્ટકારી છે. વિભાવદશામાં વર્તતા જીવને સાંસારિક સામગ્રી અંગે અનુકુળતાની પ્રાપ્તિમાં પૂર્વકૃત પુન્યકર્મ છે. અને પ્રતિકૂળતાની પ્રાપ્તિમાં કારણભૂત પૂર્વકૃત પાપકર્મ છે. પ્રત્યેક ભવમાં જીવ, જે સંયોગો પ્રાપ્ત કરે છે, તે પૂર્વકૃત પુન્ય અને પાપકર્મનું ફળ છે. વર્ત્તમાન કૃત પુણ્ય અને પાપ, તે ભવિષ્યમાં થનાર શુભાશુભ સંયોગનું કારણ છે. પોતાનું ભલું યા બુરૂં ભવિષ્ય તે જીવ પોતે જ ભલા–બુરા કાર્યથી સ્વયં સર્જે છે. પ્રત્યેક આત્મા પોતાની ભાવી દશા પોતે જ સરજતો હોવાથી શ્રી મહાવીરદેવે ફરમાવ્યું છે કે :—

**अप्पा कत्ता विकताय, सुहाण क दुहाण य ।**
**अप्पा मित्तममित्तं च सुपट्ठिय दुपट्ठियो ॥**

ઉત્તરાધ્યયન સૂત્રમાં

સુપ્રયુક્ત અને દુષ્પ્રયુક્ત આત્મા, પોતે જ પોતાના સુખ અને દુઃખનો કર્ત્તા તથા વિકર્ત્તા છે. અને તેથી પોતે જ પોતાનો મિત્ર અને અમિત્ર છે.

સંસારી જીવોથી પુન્ય તો થાય કે ન પણ થાય. પરંતુ પાપ તો થયા જ કરે છે. પાપ ભલે થયા કરે એની ચિંતા રાખ્યા વિના પાપના ફળસ્વરૂપ દુઃખ પ્રત્યે તો દરેક જીવને અણગમો જ છે. જે વસ્તુ પ્રત્યે અણગમો હોય તેનો સંયોગ નહિં થવા દેવા માટે અણગમતાની પ્રાપ્તિમાં કારણભૂત તત્ત્વથી પોતે દૂર જ રહેવું જોઈએ. માટે પુન્યકરણીનું આસેવન અને પાપકરણીનો ત્યાગ, એ બન્ને બાબતોનું લક્ષ હોવું જોઇએ.

પુન્યકર્મ કરવું સહેલ છે, જ્યારે પાપ ત્યાગનું કાર્ય મુશ્કેલ છે. હજારો કે લાખો ખરચીને પુન્યકાર્ય કરનારાઓ સેંકડો નીકળશે, પરંતુ પાપવૃત્તિથી વિરામ પામનારા ઓછા નીકળશે. કારણ કે પુન્યકાર્યોથી પ્રવૃત્તિ કરતાં પાપકાર્યોની નિવૃત્તિનું કાર્ય બહું જ મુશ્કેલ છે. એટલે જ નવકારમંત્રમાં પંચ પરમેષ્ઠિને કરેલ નમસ્કારના ફળમાં અન્યફળની ઇચ્છા નહિં દર્શાવતાં "સવ્વપાવપ્પણાસણો" કહેવામાં આવ્યું છે.

પુન્ય કરનારો પણ પાપ ઓછાં થાય માટે પુન્ય કરે તો તો પાપ ઘટે. પરંતુ પાપ પ્રવૃત્તિની ઉપેક્ષા કરી કેવળ પુન્યકાર્યોમાં જ પ્રવૃત્ત બની રહેવા માત્રથી દુઃખમુક્ત બની શકાતું નથી.

પાપકાર્યથી નિવૃત્ત બનવામાં ઉપેક્ષાવૃત્તિવાળા જીવોની પુન્યકાર્યોની પ્રવૃત્તિ, તે પૂર્વકૃત પાપના ફળરૂપે વર્ત્તમાનકાળે પ્રાપ્ત દુઃખને દૂર કરવાના લક્ષ્ય પૂરતી જ હોય છે. તેવા મનુષ્યો દેવ પાસે જાય, ગુરૂ પાસે જાય, દાનાદિ કૃત્યો કરે,

યા તપ–જપ આદિ વિવિધ અનુષ્ઠાનો કરે, તે બધા કાર્યોમાં તેમનું મુખ્ય ધ્યેય તો પ્રાપ્ત આપત્તિને દૂર કરવાનું, દુશ્મનને હટાવવાનું, પાપકાર્યને છૂપાવી સજ્જનતા–શ્રીમંતાઇ અને ધર્મી તરીકે પંકાઇ મોટાઇમાં ગણાવાનું કે ભોગ્ય સામગ્રીની પ્રાપ્તિનું જ હોય છે. તેમને ખબર નથી હોતી કે મનોવૃત્તિને પાપરહિત બનાવ્યા વિના, થઈ ગયેલ પાપને છૂપાવ્યા વિના, તે પ્રત્યે તિરસ્કાર ભાવ પેદા કર્યા વિના, દુર્વ્યસનો–અનીતિ અને દુરાચાર વડે મલિન થતાં વાણી વિચાર અને વર્તનને અટકાવ્યા વિના, થતાં પુન્યકાર્યોથી કંઇપણ શ્રેય થવાનું નથી.

પાપ પ્રવૃત્તિની ઉપેક્ષાવંત (બેપરવાઈ રાખનાર) જીવને પુન્ય કરવાથી થોડા સમય માટે સુખ મળે ખરૂં, પણ એ સુખ એવું હોય કે જેનાથી પરંપરાએ તે વધુ દુઃખનું સર્જક બને છે. માટે દુઃખથી મુક્ત બનવાની ઇચ્છાવાળાએ તો સદાના માટે પાપભીરૂ બની રહી, પાપ પ્રવૃત્તિથી મુક્ત રહેવાનો યથાશકય પ્રયત્ન કરવો જોઇએ.

પુન્યનું ફળ સુખ છે, એમ "પાપાનુબંધી પુન્ય" તરીકે ઓળખાતા પુન્યનું ફળ દુઃખ પણ છે. જ્યારે પાપ ત્યાગનું ફળ એકાન્ત સુખ પ્રાપ્તિ છે. સર્વ વિરતિધર સાધુ ભગવંતોની સાધુતા મુખ્યત્વે તો પાપ ત્યાગના જ અભિગ્રહ વાળી છે. પાપ પ્રવૃત્તિથી નિવૃત્ત બની રહેવારૂપ સમતારસમાં જ સદા ઝીલનારા તે મુનિભગવંતોને ઇંદ્ર અને ચક્રવર્તીઓ પણ પૂજ્ય અને સર્વશ્રેષ્ઠ પુરૂષ માની તેમના

ચરણમાં શિર ઝુકાવે છે. મહાપુરૂષોએ શ્રેણીક રાજાની સર્વ રાજ્યરૂદ્ધિને પુણિયા શ્રાવકના સામાયિક આગળ તુચ્છ ગણી છે. એ દેશવિરતિ સામાયિક અને સર્વવિરતિ સામાયિક પૈસાથી ખરીદી શકાતું હોત તો ઈંદ્રો અને ચક્રવર્તીઓ તુરત જ મોક્ષ પ્રાપ્ત કરી શકત. પરંતુ એ દેશવિરતિ અને સર્વવિરતિ તો પાપપ્રવૃત્તિના ત્યાગમાં જ છે, એ ભૂલાવું ન જોઈએ. આ બધી હકીકત આપણને મુખ્યત્વે કરીને તો વિરતિ (પાપ પ્રવૃત્તિનો ત્યાગ કરવાના શપથ) ને જ આદરવામાં ધર્મ સૂચવે છે.

બીમાર માણસને પૌષ્ટિક દવા આપતાં પહેલાં હોશિયાર વૈદ્ય પ્રથમ તો દર્દીના મળને સાફ કરવાની દવા આપે છે. કારણ કે મળ સાફ કર્યા વિના તે દવા નિષ્ફળ જાય છે. કદાચ દર્દ વધારનારી પણ બની જાય છે. એ રીતે પાપ-મળને આત્મામાંથી ઓછો યા સર્વથા દૂર કર્યા વિના પુન્યરૂપી ઔષધ વાસ્તવિક સુખશાંતિને આપી શકતું નથી. આ હકીકતને અનુલક્ષીય પાપકાર્યોની પૂરી સમજણ પ્રાપ્ત કરી પાપવિહોણું જીવન બનાવવા ઉત્સુક બની રહેવું જોઇએ.

હિંસા–અસત્ય–ચોરી-અબ્રહ્મ પરિગ્રહ–ક્રોધ–માન–માયા –લોભ–રાગ–દ્વેષ–કલહ–અભ્યાખ્યાન (જુઠું આળ)–પૈશુન્ય (ચુગલી)–રતિ–અરતિ (હર્ષ–વિશાદ)–પરપરિવાર (નિંદા)–માયામુષાવાદ (કપટ પૂર્વક અસત્ય બોલી અન્યને છેતરવા પણું)-મિથ્યાત્વશલ્ય (તત્ત્વ અંગેની વિપરિત સમજણ), એ અઢાર અશુભ કાર્યોને પાપ કહેવાય. માટે એ પાપસ્થાનક

છે. પાપ પ્રવૃત્તિનાં એ અઢાર સ્થાનો છે. પાપના એ માર્ગો છે. આ પાપ પ્રવૃત્તિઓના પચ્ચકખાણ (શપથ-સોગને) ને જૈનશાસ્ત્રમાં વિરતિ કહેવાય છે. સર્વથા નિવૃત્ત ન થઈ શકે તેવાઓ માટે દેશવિરતિ કહેવાય છે. અર્થાત્ અંશથી વિરતિ પણ થઈ શકે છે. આ પાપ પ્રવૃત્તિઓથી સર્વથા નિવૃત્ત રહેનાર તે સર્વ વિરતિધર કહેવાય છે. આ રીતે વિરતિ એજ મુખ્ય ધર્મ છે.

હવે એક બાબત સમજવી જરૂરી છે કે શાસ્ત્રમાં પાપસ્થાનકો તો હિંસા વિગેરે અઢાર ગણાવ્યાં હોવા છતાં પ્રતિજ્ઞા તો પહેલા પાંચની જ બતાવી છે. કારણ કે પહેલાં પાંચ તે બાહ્ય પ્રવૃત્તિમય હોવાથી તેની પ્રતિજ્ઞાનું પાલન શકય છે. જ્યારે છેલ્લાં તેર તો અભ્યંતર અને વચન તથા વિચાર સ્વરૂપ હોવાથી તેની પ્રતિજ્ઞા અશકય નહિ તો દુઃશકય તો જરૂર છે. માટે પહેલાં પાંચની પ્રતિજ્ઞાપૂર્વક છેલ્લાં તેરમાં વિવેક રાખનારો અવિરતિથી તો મુકત જ ગણાય છે. અર્થાત્-વિરતિધારક રહી શકે છે. અને એ રીતે અવિરતિથી મુકત થનાર મનુષ્યનું મન, શેષ તેર પાપ-સ્થાનકના વિચારમાં કદાચ ભટકે તો પણ તે કોઇ કાર્યને નિપજાવવા સમર્થ થતું નથી. કારણ કે એ તેર વડે થતો અનર્થ તો પહેલા પાંચમાં પ્રવર્તવા વડે જ થાય છે. જેથી પ્રથમનાં પાંચના પચ્ચક્ખાણી જીવોમાં તેરના ઉત્પાતને તો દુધના ઉભરાની માફક બેસી જતાં વાર લાગતી નથી. માટે પાંચનાં પચ્ચક્ખાણ તે તેરની કિલ્લેબંધી છે. જેમ પાણી

નાખવાથી ઉભરાતું દુધ બહાર નીકળી શકતું નથી. અને અંદરને અંદર જ સમાઇ જાય છે, તેવી રીતે તેર પાપસ્થાનકરૂપ દુધના ઉભરામાં પહેલા પાંચનાં પચ્ચક્ખાણ (પ્રતિજ્ઞા–શપથ) રૂપ પાણી નાખવાથી તે ઉભરો જલ્દી બેસી જાય છે. માટે જ જ્ઞાનિઓએ કહ્યું છે કે અઢારે પાપસ્થાનકોને જીવનમાંથી હટાવવા માટે પહેલાં પાંચની પ્રતિજ્ઞા કરી લેવાનું અત્યંત જરૂરી છે.

દુશ્મનોને નિઃશસ્ત્ર બનાવવાથી દુશ્મનો કાયર બની છેવટે ભાગી જ જાય છે. તેવી રીતે પહેલાં પાંચ પાપસ્થાનક તે શેષ તેર પાપરૂપી દુશ્મનોનાં શસ્ત્રો છે. તે શસ્ત્ર પડાવી લેવાથી પાપરૂપી દુશ્મનની ટોળકી હતાશ બની જાય છે. અને આત્મ સ્વરાજ્યમાં નુકસાન કરવા અશક્ત બને છે.

આત્મસ્વરાજ્યમાં પ્રથમનાં પાંચ પાપસ્થાનકોથી નુકસાન થવાપણું તો રાગદ્વેષ ઉપર જ અવલંબિત છે. તેથી જ પ્રતિક્રમણ સમયે रागेण वा दोषेण वा દરેક વ્રતોને અંગે બોલાય છે. આત્માને થતું નુકસાન રાગદ્વેષ ઉપર જ અવલંબિત ન હોત તો સાધુને નદી ઉતરવામાં, મૃગલાં વીગેરે જાનવરો અંગે પુછનાર શિકારીને ઉલ્ટો માર્ગ બતાવવામાં, અને સાધુને ઓઘો મુહપત્તિ વીગેરે ચરિત્રનાં ઉપકરણો રાખવામાં અનુક્રમે હિંસા, અસત્ય અને પરિગ્રહનું પાપ લાગત.

પરંતુ એ રીતે વર્તવામાં કોઈપણ સમજુ માણસ અધર્મ કહી શકે જ નહિ. એટલે હિંસાદિ પાંચ કાર્યો દ્વારા કર્મબંધ સ્વરૂપે આત્માને થતું નુકસાન, મુખ્યત્વે તો રાગ

દ્વેષને જ અવલંબીને છે. આ પાંચ કાર્યોમાં મૈથુન (અબ્રહ્મ) સિવાય ચારમાં અપવાદ છે. કેવલ મૈથુન અપવાદીક નથી. કેમકે મૈથુનનું કાર્ય રાગ દ્વેષ વિના સંભવી શકતું નથી. ઉપરોક્ત હકીકતના કારણે સર્વ પાપસ્થાનકોનો સમાવેશ રાગ અને દ્વેષમાં કરી લેવાથી રાગ અને દ્વેષ એમ બે પ્રકારે પાપને ઓળખાવી શકાય.

અનાદિકાળથી જીવને જન્મ-મરણના ચક્રદ્વારા આ સંસારમાં રઝળાવી-રખડાવી દુઃખી-દુઃખી બનાવી રાખનાર તે રાગ અને દ્વેષ જ છે આ રાગ અને દ્વેષરૂપ વાસનાઓએ જ આત્માની અસલ શક્તિ અને સ્વરૂપને આચ્છાદિત બનાવી દીધાં છે. પોતે કોણ છે અને પોતાની અસલી ચીજ શું છે, તેનો ખ્યાલ ચૂકી જઇ રાગ દ્વેષની વૃત્તિવંત જીવ. અહંતા અને મમતાની શૃંખલામાં જબ્બર જકડાઇ ગયો છે.

અહંતા એટલે મિથ્યાભિમાન; અને મમતા એટલે પોતાની નહિ, અર્થાત્ કાયમી માલીકી સ્વરૂપે નહિ રહેનાર વસ્તુ પ્રત્યે મારાપણાની બુદ્ધિ, તેવી વસ્તુ અંગેની રૂચિ-આસક્તિ તે રાગ, અને તેમાં પ્રતિકુળતા સર્જક તત્ત્વો પ્રત્યે વર્તતો દુર્ભાવ તે દ્વેષ કહેવાય છે.

રાગ-દ્વેષને ઉત્પન્ન કરનાર મમતા છે. અને મમતાને ઉત્પન્ન કરનાર અહંતા (મિથ્યાભિમાન) હોઇ સર્વ દુઃખનું મૂળ જ અભિમાન છે.

"અહં અને મમ" એ આત્માના સ્વાસ્થ્યને હણનાર

વિષ છે. જ્યારે "नाहं न तु मम" એ અહંતા અને મમતાને હણનાર જાંગુલી મંત્ર છે. આ જાંગુલી મંત્રનો ઉપયોગ કરનાર વિવેકીજનો જ રાગ–દ્વેષથી બચી જઈ આત્મિક શાંતિને અનુભવે છે. આ રાગ દ્વેષસ્વરૂપ ભાવથી વિરામ પામવું તેને જ ચારિત્ર કહેવાય છે.

રાગ દ્વેષની વૃત્તિથી જ આત્મામાં કર્મનો પ્રવાહ વૃદ્ધિ પામી સંલગ્ન બની રહે છે. અને કાળપરિપકવતાએ તે સંચિતકર્મ, પ્રારબ્ધસ્વરૂપે જીવને પોતાનો સ્વભાવ દર્શાવવાનું શરૂ કરે છે. તે સમયે પુનઃ જીવ રાગી–દ્વેષી બની રહેતો હોવાથી ફેર નવાં કર્મોનું આગમન આત્મામાં થવા પામે છે. વળી પણ તે કર્મના પરિપાક અનુસાર નવાં રાગાદિ ભાવોની સૃષ્ટિ, જીવમાં પેદા થાય છે. જ્યાં સુધી જીવ, પોતાના વિવેક અને ચારિત્રથી રાગાદિ ભાવોને નષ્ટ કરી શકતો નથી, ત્યાં સુધી એ પ્રમાણે રાગાદિ ભાવ અને કર્મના સંબંધનું ચક્ર ચાલુ જ રહે છે.

સારાંશ એ છે કે જીવની રાગ–દ્વેષાદિ વાસનાઓ અને કર્મબન્ધની ધારા, તે બીજ–વૃક્ષની સંતતિની માફક અનાદિ કાળથી ચાલુ છે. કર્મના ઉદય સમયે રાગ અને દ્વેષ ઉત્પન્ન થાય છે. અને તત્કાળે જીવની જે આસકિત હોય છે, તે જ નવો કર્મબંધ કરાવે છે.

આ પ્રમાણે જ્યારે પૂર્વબદ્ધ કર્મથી રાગાદિ, અને રાગાદિથી નવાં કર્મ બંધાતાં જ રહેતાં હોય તો તો પછી રાગાદિ ભાવ અને નવા કર્મસંબંધનું ચક્ર ક્યારે ય પણ

ઉચ્છેદ થઈ શકે નહિં. અને તેનો ઉચ્છેદ થયા વિના જીવ, શાશ્વતસુખને પામી શકે જ નહિં. એવી આશંકા કોઇને ય થાય તે સ્વાભાવિક છે. પણ તે આશંકા વ્યર્થ છે. કારણ કે અહીં સમજવું જરૂરી છે કે કેવળ પૂર્વબદ્ધ કર્મફળને ભોગવવામાં નવો કર્મબંધ નથી થતો. પરંતુ તે ભોગ્યકાળે જો નવા રાગાદિ ભાવ ઉત્પન્ન થાય તો જ તેનાથી કર્મબંધ થાય છે. સમ્યગ્દૃષ્ટિ (તત્ત્વાતત્ત્વના વિવેકી) જીવો તે પૂર્વકર્મના ભોગસમયે નવા રાગાદિભાવો નહિ કરતા હોવાથી તેમને માટે ઉદિત અવસ્થાને પ્રાપ્ત પૂર્વબદ્ધકર્મ તે નિર્જરા ( છૂટી જવાનું ) નું કારણ બને છે. જ્યારે મિથ્યાદૃષ્ટિ એટલે તત્ત્વાતત્ત્વના અવિવેકીજનો તો નવા રાગાદિને આધિન બની પુનઃ પુનઃ નવો કર્મબંધ કરતા રહે છે.

સમ્યગ્દૃષ્ટિ જીવ, પૂર્વબદ્ધ કર્મોદય સમયે ઉપસ્થીત થતા રાગાદિ ભાવોને પોતાના વિવેકથી શાન્ત કરી દે છે. અને તેમાં નવી આસક્તિ થવા દેતા નથી. એ કારણથી તેમનાં જુનાં કર્મો પોતાનું ફળ બતાવીને આત્મામાંથી ખરી પડે છે—નિર્જરી જાય છે—છૂટાં પડી જાય છે. અને તેની જગ્યાએ નવાં કર્મનો બંધ થઇ શકતો નથી. એ રીતે સમ્યગ્દૃષ્ટિ જીવ દરેક રીતે સમતાવંત બની ચાલે છે. અને મિથ્યાદૃષ્ટિ જીવ હંમેશાં નવી વાસના અને આસક્તિના કારણે કર્મબન્ધનોમાં વધુ જકડાતા જાય છે.

રાગ અને દ્વેષ તે જૈનપારિભાષિક શબ્દમાં કષાય

કહેવાય છે. એટલે ટુંકમાં કહીયે તો કષાય જ પાપસ્વરૂપ છે. સર્વ પાપસ્થાનકો તેમાં અંતર્ગત બની જાય છે. વસ્તુ પ્રત્યે રાગ-દ્વેષની વૃત્તિના કારણે જીવ જે ભાવે પરિણમે છે, તે ભાવોને જ કષાય કહેવાય છે. અહીં કષ એટલે સંસાર અને આય એટલે લાભ જે અપાવે તે કષાય, અર્થાત્ સાંસારિકભાવો અપાવે તે કષાય. આ કષાયો, ક્ષમા-સરલતા -નમ્રતા અને નિર્લોભતાના (અનાશકિત) ભાવોને ઢાંકી દઇ ક્રોધાદિક ભાવોનું વેદન કરાવે છે. તે ક્યારેક ક્રોધ સ્વરૂપે, ક્યારેક માન (અભિમાન) રૂપે, ક્યારેક માયાપણે અને ક્યારેક લોભપણે વર્તે છે.

૧. ગુસ્સો, કજીયો, ઇર્ષ્યા, પરસ્પરમત્સર, ખેદ, ઉગ્ર રોષ, હૈયાનો ઉકળાટ, રીસાળપણું, બળાપો, એ વિગેરે દ્વારા કોઈનો તિરસ્કાર કરવો, ઠપકો આપવો, સાથે ન રહી શકવું, સામાના ઉપકારને વિસરી જવો, બીજાની સાથે સમાનપણે નહિં વર્તવું, વિગેરે ઘણી લાગણીઓનો ક્રોધમાં સમાવેશ થાય છે.

૨. અહંતા (જાત્યાદિમદ), બીજાઓની હલકાઇ અને પોતાની પ્રશંસા બોલવી, બીજાઓનો પરાભવ કરવો, પરની નિંદા, બીજાઓ પ્રત્યે અસદ્ભાવ ઉપરાંત બીજાઓને વગોવવા, કોઈનો ઉપકાર ન કરવો, બીજાના ગુણોને ઢાંકવા, પોતાની મોટાઇની લાગણી વિગેરેને માન કહેવાય છે.

૩ વક્રતા, ગુપ્ત પાપાચાર, કુડકપટ, બીજાને ઠગવા, હૃદયના ભાવને છૂપાવવો, પોતાના સ્વાર્થ માટે ગાંડામાં

ગણાવું, મૂર્ખની ચેષ્ટા કરવી, ગુપ્ત આચરણ, વક્રબુદ્ધિ, વિશ્વાસઘાત, બહારનો દેખાવ કૃત્રિમ કરવો, બીજાને ઠગવાની યુક્તિઓ કરવી, બીજા ઉપર તરાપ મારવાનો પ્રપંચ કરવો, શબ્દની મીઠાસ રાખી વિપરીત વર્તન કરવું, વિગેરેનો માયામાં સમાવેશ થાય છે.

૪ એકઠું કરવાનો સ્વભાવ, કઠોરતા, અતિમમતા, કૃપણતા, છતી સામગ્રીએ ભૂખ્યા રહેવું, ત્રણલોકની વસ્તુ પોતાને મળી જાય તો સારૂં એમ ઈચ્છવું, વિગેરે લોભનાં રૂપો છે.

આ ક્રોધાદિ ચારે, તીવ્ર અને મંદાદિરૂપે અસંખ્યાત ભેદે વર્તે છે. પરંતુ તે લક્ષમાં ન આવી શકે માટે તે દરેકને અનન્તાનુબંધી. અપ્રત્યાખ્યાનીય, પ્રત્યાખ્યાનીય અને સંજ્વલન એમ સ્થૂલપણે ચારેભેદે શાસ્ત્રમાં બતાવ્યા છે.

એ અનન્તાનુબંધી આદિ ચારભેદે વર્તતા ક્રોધ-માન -માયા અને લોભ કષાયોનું સ્વરૂપ કેવું છે, અને કયો કષાય કયા આત્મિકગુણનો ઘાત કરનાર છે, તથા તે પ્રત્યેક કઈ કઈ જાતની તીવ્રતા મંદતાવાળા છે. તેનું વિશદ વર્ણન, જૈનદર્શનના કર્મસાહિત્યમાં બહુ જ સુંદર રીતે જોવા મળે છે. વળી મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે બાળ-જીવોને સરલતાથી બોધ પામવા માટે ક્રોધાદિ ચાર કષાયો ઉપર દરેકની માત્ર પાંચ પાંચ ગાથાની તથા અઢારે પાપ સ્થાનકોની સજ્ઝાયો બનાવેલી છે. ક્રોધાદિ ચારે ઉપર અનુક્રમે ચંડકૌશિક નાગ, રાવણ, મલ્લીનાથ ભગવાનનો જીવ, અને સુભુમ ચક્રવર્તીનાં દૃષ્ટાંતો દ્વારા કષાયથી થતા નુકસાનનું સુંદર વર્ણન દર્શાવ્યું છે.

સર્વજાતના કષાયો પૈકી અનન્તાનુબંધી સિવાયના અન્ય કષાયો, પાપભીરૂ આત્માઓને અશક્ય સંયોગના કારણે પાપ કાર્યોની વિરતિ, અંશે યા સર્વાંશે ન થવા દે. સર્વાંશે વિરતિધારકને પણ ક્યારેક મૂંઝવે.

પરંતુ અનંતાનુબંધી કષાયો તો આ પાપ સ્થાનકોની હકીકત અને તેથી આત્માને થતા નુકશાનની માન્યતાને પણ સ્વીકારવા દેતા નથી. જો કે આ વાસ્તવિક માન્યતારૂપ આત્માના સમ્યગ્દર્શન ગુણનું આવરણ કરનાર તો મિથ્યા-મોહનીય નામનું કર્મ છે, પરંતુ તેમાં સહાયક અનંતાનુબંધી કષાયો છે. તે સમ્યગ્દર્શનમાં સહાયક આચરણોને કરવા દેતા નથી.

અહિં એક વાત સ્પષ્ટ કરવી જરૂરી છે કે પાપની વિરતિ અને પાપની આલોચના, એને જ મુખ્યધર્મ કહેવાથી પુન્ય કાર્યનો નિષેધ થઈ જવાની ગેર સમજ નહીં થવી જોઈએ. કારણ કે પાપની વિરતિ કરવા અને પાપથી બચી જવા માટે અનુકૂળ સામગ્રીની પ્રાપ્તિમાં પુન્યધર્મની ખસ જરૂર રહે છે. પણ પુન્યકાર્યમાં લક્ષ્ય તો પાપનિવૃત્તિનું જ હોવું જોઈએ. પાપવૃત્તિને રોકવાની ઉપેક્ષા કરી માત્ર પુન્યકાર્ય કરવા માત્રથી આત્મશુદ્ધિ થઈ શકતી નથી. એ ભૂલવું ન જોઈએ. સર્વજીવો પાપથી નિવૃત્ત બની, પૂર્વ સંચિત પાપોની નિર્જરા માટે આલોચના–પશ્ચાતાપ અને પ્રાયશ્ચિત દ્વારા આત્મશુદ્ધિને વરી, શાશ્વત સુખ સ્થાનરૂપ પરમપદ મોક્ષને પામો એજ શુભેચ્છા.

**સમાપ્ત**

## હવે પછી ગ્રંથ પ્રકાશનની મારી ભાવના

જૈનદર્શન એ લોકોત્તર આસ્તિક દર્શન છે. તેનું તત્ત્વજ્ઞાન ખરેખર લોકોત્તર છે. એ લોકોત્તર તત્ત્વજ્ઞાનના, આત્મવાદ–કર્મવાદ અને સ્યાદ્વાદ, એમ ત્રણ કેન્દ્રો છે. આ ત્રણેયનું સાંગોપાંગ જ્ઞાન, એ જ વાસ્તવિક વિજ્ઞાન છે. જૈનદર્શનના આ ત્રણેયનું તત્ત્વજ્ઞાન, એ જ ખરો આસ્તિકવાદ છે. માટે જ આ વિજ્ઞાનને જીવનમાં જાણવા–માણવા માટે આસ્તિક આત્માઓ સદા ઉત્સુક હોય છે.

ઉપરોક્ત ત્રણેય તત્ત્વજ્ઞાનના વિષયને સરલતાથી સમજાવતાં સાત પુસ્તકો, મારી અલ્પ બુદ્ધિ અનુસાર લખી, પ્રકાશિત કર્યા બાદ હવે "જૈનદર્શનનું પદાર્થ વિજ્ઞાન" પુસ્તક પ્રકાશિત કરવાની મારી ભાવના છે. આ પુસ્તકમાં જિનકથિત દ્રવ્યો (મૌલિક તત્ત્વો), તેના ગુણ અને પર્યાય, પુદ્‌ગલ દ્રવ્યના વિવિધ સ્વરૂપની વિચારણા, ચર્મનયનથી નહીં દેખી શકાતાં અને વર્તમાન વૈજ્ઞાનિકોનું વિજ્ઞાન પણ પહોંચી ન શકે તેવા પરમાણુનું વર્ણન, કાર્યોત્પત્તિનાં પાંચ સમવાય કારણો, પ્રારબ્ધ અને પુરૂષાર્થ, આધ્યાત્મિક વિકાસક્રમ, ભાવપંચક, ઈત્યાદિ વિષયોનું વિશદ વર્ણન, સૈદ્ધાન્તિક પ્રમાણો–બુદ્ધિગમ્યતર્કો, અનુમાનો અને દૃષ્ટાંતોથી વર્ણવામાં આવેલ છે.

પ્રથમનાં પુસ્તકોની જેમ, આ પુસ્તક માટે આર્થિક અનુકુળતા અમને જેટલી વહેલી મળી જશે, તેટલું વહેલું આ પુસ્તક છપાવી શકાશે. તત્ત્વજ્ઞાનરસિક સદ્‌ગૃહસ્થો, આ પુસ્તક પ્રકાશનની આર્થિક અનુકુળતામાં જલદી સહાયક બની રહે એ જ શુભેચ્છા.

લી. : **ખુબચંદ કેશવલાલ પારેખ. મુ. વાવ**
(બનાસકાંઠા–ઉ. ગુ.) પીન. ૩૮૫૫૭૫